૧. નવા એસ. ટી. સ્ટેન્ડ બહાર નિકળવાના વળાંકથી સંતરામ મંદિર તરફ જતો તમામ વાહનવ્યવહાર ;

૨. પીજ ભાગોળથી જયંત શાહ હોસ્પિટલ તરફ જતો તમામ વાહનવ્યવહાર ;

૩. માઇ માતા મંદિરથી નડીઆદ શહેર તરફ આવતો તમામ વાહનવ્યવહાર;

૪. વૈશાલી સિનેમા રેલ્વે નાળાથી નડીઆદ શહેર તરફ આવતો તમામ વાહનવ્યવહાર ;

૫. પિપલગ રેલ્વે ફાટકથી સંતરામ મંદિર તરફ આવતો તમામ વાહનવ્યવહાર ;

૬. મહાગુજરાત હોસ્પિટલ ચાર રસ્તાથી સંતરામ મંદિર તરફ આવતો વાહનવ્યવહાર;

૭ રબારી વાડ ત્રણ રસ્તાથી ગ્લોબ સિનેમા તરફ આવતો તમામ વાહન વ્યવહાર;

૮. ડુમરાલ બજારથી સંતરામ મંદિર તરફ આવતો તમામ વાહનવ્યવહાર;

૯. સંતરામ વકીલ સોસાયટી તરફથી સંતરામ મંદિર તરફ તમામ વાહન વ્યવહાર.

ઉપરોકત જણાવેલ તમામ જાહેર માર્ગો ઉપરનો વાહન વ્યવહાર ઉપર પ્રતિબંધ મુકવામાં આવે છે. અને નીચે જણાવ્યા મુજબના માર્ગો ઉપરથી પસાર કરવાના રહેશે.



INDEX

૧. નવા તથા જુના એસ. ટી. સ્ટેન્ડમાંથી બહાર નિકળતો તમામ વાહન વ્યવહાર સરદાર પ્રતિમા થઈ સોશ્યલ કલબ થઈ, કનીપુરા નાકા-ચકલાથી ભાગોળ તરફ જશે.

૨. મહાગુજરાત હોસ્પિટલ ચાર રસ્તા તથા ડાકોર રોડ તરફથી આવતો તમામ વાહન વ્યવહાર કનીપુરા નાકા તરફ થઈ નડીઆદ શહેરમાં આવશે.

૩. સંતરામ વકીલ સોસાયટી તરફથી આવતો વાહન વ્યવહાર વિઠ્ઠલ કન્યા વિદ્યાલય થઈ પારસ સિનેમા તરફ જશે.

ઉપર્યુકત મુદ્દાઓમાં દર્શાવેલ પ્રતિબંધો માંથી પોલીસ ફાયર બ્રીગેડના વાહનો તેમજ એમ્બ્યુલન્સને આથી બાકાત રાખવામા આવે છે.

આ હુકમ તારીખ ૫મી ફેબ્રુઆરી ૧૯૯૩ થી તારીખ ૭મી ફેબ્રુઆરી ૧૯૯૩ (સુધી બંને દિવસો સુધ્ધાંત) અમલમાં રહેશે.

મેં, આજ તારીખ ૧લી ફેબ્રુઆરી ૧૯૯૩ના રોજ મારી સહી તથા સિકકો કરી આપ્યો.

પી. પી. ગઢવી,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા.

---

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA

INDEX

Extra No. 22

REGISTERED No. G-BA-14-E

C

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIV] THURSDAY, FEBRUARY 4, 1993 / MAGHA 15, 1914

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

# PART I

# SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

## અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

### હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયેનો.

નંબર પીઓએલ / વશી / ૪૯૯ / ૯૩.—તાજેતરમાં અયોધ્યા ખાતે બનેલ બનાવોને અનુસંધાનમાં જિલ્લાની પરિસ્થિતિને ધ્યાને લઈ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને જિલ્લાના સંવેદનશીલ અને અતિસંવેદનશીલ વિસ્તારોમાં તેના અનુસંધાનમાં કોઈ અવળા પ્રત્યાઘાત ન પડે તે માટે ઉકત કાયદાની કલમ-૩૭ (૧) મુજબ જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

વાસ્તે, હું, જે. એમ લુણી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા, સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૧)થી મને મળેલ અધિકારની રૂએ, સમગ્ર ખેડા જિલ્લામાં તારીખ ૩જી ફેબ્રુઆરી ૧૯૯૩ થી તારીખ ૧૬મી ફેબ્રુઆરી, ૧૯૯૩ સુધી (બંને દિવસો સુધ્ધાંત) નીચેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું :—

(૧) હથિયાર, તલવાર, ભાલા, ધોકા, બંદુક, છરા, લાકડી કે લાઠી, સળગતી મશાલ અથવા બીજા હથિયારો કે જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું;

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું;

(૩) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તે વસ્તુઓ ફેંકવાના કે ધકેલવાના યંત્રો અથવા સાધનો સાથે લઈ એકઠા તથા તૈયાર કરવાનું;

(૪) મનુષ્યો અથવા શબ તેમજ પુતળાં દેખાડવાનું;

(૫) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવાનું અથવા અશ્લીલ ગીતો ગાવાનું;

(૬) જેનાથી સુરુચી અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાનું તથા તેવા ચિત્રો, પ્રતિકો, કે ખ્રેકાર્ડો અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાનું, બનાવવા અથવા ફેલાવો કરવાનું.

વિસ્તાર.—સમગ્ર ખેડા જિલ્લો.

અપવાદ.—આ હુકમ ખંડ (૧) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં. :-

(૧) સરકારી નોકર કે કામ કરતી કોઈ પણ વ્યકિત કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટ, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, જિલ્લા પોલીસ અધિકારી કે તેમણે અધિકૃત કરેલા કોઈપણ પોલીસ અધિકારી જેને શારીરિક અશકિતને કારણે લાકડી કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની, કલમ-૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૨જી ફેબ્રુઆરી, ૧૯૯૩ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

જે. એમ. લુણી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા.



PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 23 REGISTERED No. G—BA-14-E

C

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIV ] FRIDAY, FEBRUARY 5, 1993 / MAGHA 16, 1914

**Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation**

## PART–I
## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

### જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭ (૩) અન્વયે.

નંબર પીઓએલ/વશી/૫૮૦.—તાજેતરમાં અયોધ્યા ખાતે બનેલ બનાવોના અનુસંધાનમાં જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને જિલ્લાના સંવેદનશીલ અને અતિસંવેદનશીલ વિસ્તારોમાં તેના અનુસંધાને કોઈ અવળા પ્રત્યાઘાતો ન પડે તે માટે ઉકત કાયદાની કલમ-૩૭ (૩) મુજબનું જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

વાસ્તે, હું, પી. પી. ગઢવી, આઈ. એ. એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ ખેડા મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨માં), ની કલમ-૩૭ (૩) મુજબ અને મળેલ સત્તાની રૂઈએ ફરમાવું છું કે સમગ્ર ખેડા જિલ્લામાં તારીખ ૩જી ફેબ્રુઆરી ૧૯૯૩ થી તારીખ ૧૬મી ફેબ્રુઆરી ૧૯૯૩ (બંને દિવસો સુધ્ધાંત) ચાર કરતાં વધુ માણસોએ એકત્ર થવું નહી. ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં અથવા સરઘસ કાઢવું નહીં.

વિસ્તાર :—સમગ્ર ખેડા જિલ્લો.

ખુલાસો :—આ વિસ્તારમાં રસ્તાઓ/ રસ્તાની ટપાથો તથા ગલીઓ તથા પેટ-ગલીઓનો પણ સમાવેશ થાય છે.

અપવાદ :—આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય, હોમગાર્ડઝ હોય, જેઓ ફરજ ઉપર હોય તેમને તથા મરણોત્તર તેમજ લગ્ન અંગેના સરઘસને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫ હેઠળ અથવા ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ ના ૪૫માં અધિનિયમ) ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૨જી ફેબ્રુઆરી ૧૯૯૩ના રોજ મારી સહી તથા સિકકો કરી આપ્યો.

પી. પી. ગઢવી,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા.

— — —



PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 24 REGISTERED No. G-SA-14-B

C

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIV ] SATURDAY, FEBRUARY 6, 1993 / MAGHA 17, 1914

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

# PART I
# SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

## અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭ (૧) અન્વયે.

નંબર પીઓએલ/જાહેરનામું/૩૭/(૧)/વશી/૯૩.—હાલમાં બનેલા કોમી તોફાનોના કારણે ઉપસ્થિત થયેલ તંગદીલી તથા વિવિધ પક્ષો તરફથી આવારનવાર આપવામાં આવતા કાર્યક્રમોના અનુસંધાને સમગ્ર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે તકેદારીના પગલાં રુપે નીચે મુજબનો હુકમ કરવો જરૂરી છે.

વાસ્તે, હું, શ્રી સી. જે. ચાવડા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો, હિંમતનગર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની, કલમ ૩૭(૧)થી મને મળેલ અધિકારની રએ તારીખ ૧લી ફેબ્રુઆરી ૧૯૯૩ ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૫મી ફેબ્રુઆરી ૧૯૯૩ના કલાક ૨૪-૦૦ સુધી સમગ્ર જિલ્લામાં નીચેના કૃત્યોની મનાઈ ફરમાવું છું.

૧. શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, ટોટા, બંદુક, ચપ્પુ, લાઠી કે લાકડી જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે ફરવાનું;

૨. પથ્થરો, પદાર્થો અથવા સ્ફોટક પદાર્થો સાથે ફરવાનું;

૩. પથ્થરો, અથવા બીજા શસ્ત્રો, અથવા તે ફેંકવાના કે નાખવાના કે ઘકેલવાના શસ્ત્રો, અથવા સાધનો સાથે લ ઈ જવાનું, ફરવાનું કે એકઠા કરવાનું તથા તૈયાર કરવાનું;

૪. કોઈ સરઘસમાં જલતી કે પેટાવેલી મશાલ લઈ જવાનું;

૫. વ્યકિતઓ અથવા તેનું શબ, આકાર અથવા પુતળાં દેખાડવાનું, સુત્રો પોકારવાનું અથવા અશ્લીલ ગીતો ગાવાનું;

૬. અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવાનું, જેનાથી સુરુચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાનો તથા હાવભાવ અથવા ચેષ્ટા કરવાનું તથા પત્રો, પત્રીકાઓ, પ્લેકાર્ડો અથવા તેનો ફેલાવો કરવાનું.

અપવાદ:—

આ હુકમનો ખંડ-૧ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં;

૧. સરકારી નોકર કે કામ કરતી વ્યકિતઓ કે જેના ઉપરી અધિકારીએ આવું કોઈ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈ હથિયાર સરકારી ફરજ બજાવવા સાથે રાખવાનું આવશ્યક હોય;

૨. જિલ્લા મેજિસ્ટ્રેટ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સબ-ડિવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, અથવા તેઓએ અધિકૃત કરેલા કોઈપણ અધિકારીએ જેને શારીરિક અશકતિના કારણે લાકડી કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓ.

૩. કોઈ ધાર્મિક તહેવારની ઉજવણી માટે આ જાહેરનામામાં ઉલ્લેખ કરેલ હથિયારો પૈકીના હથિયારો ધાર્મિક રીવાજોને અનુરૂપ ઉપયોગ કરવા માટે જિલ્લા પોલીસ અધિકારીશ્રી, અથવા જે તે વિસ્તારના સબ-ડિવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી કે એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, એ અગાઉથી લેખિત મંજૂરી આપી હોય તેવી સંસ્થાઓ કે વ્યકિતઓ.



INDEX

આ જાહેરનામાંનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર અથવા કરાવનાર શખ્સો ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫(૧) હેઠળ ઓછામાં ઓછી ચાર માસ કે વધુમાં વધુ એક વર્ષની કેદની સજા અને દંડને પાત્ર થશે.

આજ તારીખ ૩૦મી જાન્યુઆરી ૧૯૯૩ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

સી. જે. ચાવડા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા,
હિંમતનગર.

———

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયેનું.

નંબર પીઓએલ/જાહેરનામું/૩૭(૩)/વશી/૯૩.—હાલમાં બનેલા કોમી તોફાનોના કારણે ઉપસ્થિત થયેલ તંગદીલી તથા વિવિધ પક્ષો તરફથી અવારનવાર આપવામાં આવતા કાર્યક્રમો અનુસંધાને સમગ્ર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે તકેદારીના પગલાં રૂપે નીચે મુજબનો હુકમ કરવો જરૂરી છે.

વાસ્તે, હું, સી. જે. ચાવડા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા, હિંમતનગર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૩)થી મને મળેલ અધિકારની રૂએ આથી સાબરકાંઠા જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તારીખ ૧લી ફેબ્રુઆરી ૧૯૯૩ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૫મી ફેબ્રુઆરી ૧૯૯૩ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહીં અથવા કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં તેમજ સરઘસ કાઢવું નહીં.

ખુલાસો.—

આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ કે જેઓ સરકારી ફરજ પર હોય તેમને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ અથવા ભારતના ફોજદારી આધનિયમ સને ૧૮૬૦ના ૪૫માં અધિનિયમની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૩૦મી જાન્યુઆરી ૧૯૯૩ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

સી. જે. ચાવડા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા,
હિંમતનગર.

———

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 25 REGISTERED No. G-BA-14-E

C

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIV] THURSDAY, FEBRUARY 11, 1993 / MAGHA 22, 1914

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

# PART I
# SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

## અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭ (૩) અન્વયે બહાર પાડેલ.

ક્રમાંક એમ.એજી/વશી/૧૦૬૪ થી ૧૦૯૬/૯૩.—વડોદરા જિલ્લામાં અયોધ્યા ખાતેના બાબરી મસ્જીદના બનાવથી ઉપસ્થિત થયેલ અશાંત પરિસ્થિતિ અને પડેલા પ્રત્યાઘાતોના તેમજ પ્રવર્તમાન પરિસ્થિતિના અનુસંધાને તેમજ ૧૯મી ફેબ્રુઆરી ૧૯૯૩ના રોજ મહાશિવરાત્રીના ધાર્મિક તહેવારને ધ્યાને લેતા જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે વડોદરા જીલ્લાના પોલીસ કમિશનર, વડોદરા (શહેર) ની હકુમત હેઠળ સિવાયના વિસ્તાર એટલે કે વડોદરા જીલ્લાના સમગ્ર ગ્રામ્ય વિસ્તારમા સુલેહશાંતી અને સલામતિ જાળવણી અત્યંત જરૂરી હોય વ્યકિતઓની મંડળી સરઘસની મનાઈ કરવાનું મને જરૂર જણાયું છે.

તેથી, હવે, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈના ૨૨માં) અધિનિયમની કલમ-૩૭ પેટા કલમ (૩) થી મને મળેલી સત્તાની રૂએ હું, જે. એન. અમીન, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ વડોદરા ઉપરોકત વિસ્તારોમાં તારીખ ૧૦મી ફેબ્રુઆરી ૧૯૯૩ના રોજ ૦૦-૦૦ કલાકથી તારીખ ૨૦મી ફેબ્રુઆરી ૧૯૯૩ ના રોજ ૨૪-૦૦ કલાકના સમય દરમ્યાન (બન્ને દિવસો સહિત):—

(૧) ચાર કરતાં વધુ વ્યકિતઓએ ભેગા થવું નહીં:—

(૨) સભા ભરવી નહીં કે બોલાવવી નહીં.

વધુમાં હું આદેશ કરૂં છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહીં:-

(૧) સરકારી નોકરીમાં અથવા રોજી પર હોય તે વ્યકિતને,

(૨) કોઈ લગ્નના વરઘોડાને,

(૩) ફરજ પર હોય તેવી ગૃહ રક્ષક દળની વ્યકિતઓને,

(૪) કોઈપણ સ્મશાન યાત્રાને,

(૫) કોઈપણ રાષ્ટ્રીય કાર્યક્રમને.

આ હુકમમાંથી સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી તેઓના મુખ્ય મથક વિસ્તાર માટે તથા તાલુકા એકઝીકયુટીવ મેજિસ્ટેટશ્રી તેઓના તાલુકા વિસ્તાર માટે મુકિત આપી શકાશે. એટલે કે સરઘસ તથા સભા અંગેની પરવાનગી અંગેની સ્થાનિક પરિસ્થિતિ તથા પોલીસ ખાતાનો અભિપ્રાય મેળવી આપવાનો રહેશે.

આ હુકમનો કોઈપણ ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સદરહુ અધિનિયમની કલમ ૧૩૫ ની પેટા કલમ (૩) મુજબ અને ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ ના (સને ૧૯૬૦ના ૪૫માં) ની કલમ-૧૮૮ મુજબ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૩જી ફેબ્રુઆરી ૧૯૯૩ના રોજ મારી સહી સિકકા હેઠળ આપ્યો.

જે. એન. અમીન,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વડોદરા.



PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 26 REGISTERED No. G-BA-14 E

C

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIV ] MONDAY, FEBRUARY 15, 1993 / MAGHA 26, 1914

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

# PART I
# SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

## જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૩ (૧) (એ) અન્વયેનો.

નંબર પી.ઓએલ/૬૭૪/૯૩ .—કમાન્ડીંગ ઓફિસર ગુજરાત બટાલીયન એન. સી. સી. વલ્લભ વિદ્યાનગરએ તેઓના તારીખ ૧લી ફેબ્રુઆરી ૧૯૯૩ના પત્રથી જણાવ્યાનુસાર જુદી જુદી કોલેજના એન. સી. સી. ના કેડેટસ તરફથી તારીખ ૧૫મી ફેબ્રુઆરી ૧૯૯૩ થી તારીખ ૧૭મી ફેબ્રુઆરી ૧૯૯૩ સુધી અહીમાં ગામના કોતરોમાં ૩૦૩ રાયફલ તથા આઇ. એમ. જી. ફાયરની પ્રેકટીસ રાખેલ હોઇ જાહેર જનતાની સલામતી સારૂ ફાયરીંગ બટ વિસ્તારમાં અવરજવર બંધ કરવા જાહેરનામું પ્રસિધ્ધ કરવા વિનંતી કરી છે.

વાસ્તે, હું, પી. પી. ગઢવી, આઇ. એ. એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા, સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (એફ) થી મને મળેલ સત્તાની રૂએ મોજે અહીમા, તાલુકા આણંદ ખાતેના અહીમા ગામની સીમના કોતરોમાં બટ ખાતેના ફાયરીંગ કેમ્પ દરમ્યાન મનુષ્યો, જાનવરો વિગેરેની જાનહાની ન થાય તે માટે ઉકત સ્થળ, તારીખ ૧૫મી ફેબ્રુઆરી ૧૯૯૩ થી ૧૭મી ફેબ્રુઆરી ૧૯૯૩ સુધી અવર જવર તથા જાહેર ઉપયોગ માટે બંધ કરવા હુકમ કરૂ છું.

સદરહુ કેમ્પ દરમ્યાન જાહેર જનતાને ફાયરીંગ રેન્જમાં ગોળીબાર પ્રેકટીસ દરમ્યાન વગર પરવાનગીએ પ્રવેશ કરવો નહીં. તથા પોતાના આશ્રિત પશુઓ વિગેરેને આ સ્થળથી દુર રાખવા તથા સદર જગ્યામાં પશુઓ અવરજવર કરે નહીં તેની તકેદારી રાખવી તથા ગોળીબારની પ્રેકટીસ સમય દરમ્યાન બહારના કોઇપણ માણસ ટોર વિગેરે પ્રવેશે નહી. તેની તકેદારી રૂપે જરૂરી ગાર્ડની વ્યવસ્થા ફાયરીંગ કેમ્પના આજુબાજુના વિસ્તારમાં રાખવાની રહેશે.

સદરહુ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૧૨મી ફેબ્રુઆરી ૧૯૯૩ ના રોજ મારી સહી તથા સિકકો કરી આપ્યો.

પી. પી. ગઢવી,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા.



PRINTED AT THE GOVERNMENT PRESS, BARODA.

INDEX

Extra No. 27 REGISTERED No. G-BA-14-K

C

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIV ] SATURDAY, FEBRUARY, 20, 1993 / PHALGUNA 1, 1914

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

# PART I
# SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

## પોલીસ કમિશનર દ્વારા

### હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨મા અધિનિયમની કલમ ૩૭ (૧) અન્વયે કાઢેલ.

ક્રમાંક એસ. બી./ઉગપક/જાહેરનામું/૬૫૨/૯૩.–મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ ના ૨૨માં અધિનિયમ)ની કલમ ૩૭(૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું, હીરાલાલ (આઈ.પી.એસ.), પોલીસ કમિશનર, વડોદરા શહેર.

વડોદરા શહેરની હાલની પરિસ્થિતિને લક્ષમાં રાખી જાહેર સુલેહ શાંતિ જાળવવા સારુ આથી હું ફરમાવું છું કે વડોદરા શહેરનો સમગ્ર વિસ્તાર એટલે કે પોલીસ કમિશનર વિસ્તારમાં તારીખ ૧૬મી ફેબ્રુઆરી ૧૯૯૩ના કલાક ૦૦.૦૦ થી તારીખ ૨૮મી ફેબ્રુઆરી ૧૯૯૩ ના કલાક ૨૪-૦૦ સુધી કોઈએ.—

(ક) કોઈ પ્રકારના શસ્ત્રો, તલવાર, ભાલા, લાકડી, બંદૂક અને તેવા સાધનો કે જે ચીજથી હીંસા થઈ શકે તેવી કોઈ વસ્તુ લઈ જવી કે કબજામાં રાખવી નહી ;

(ખ) કોઈ ભાયાનક પદાર્થ કે સ્ફોટક પદાર્થ લઈ જવો નહિ;

(ગ) પથ્થરો અથવા ફેંકવાના સાધનો એકત્રીત કરવા કે તૈયાર કરવા નહી;

(ઘ) કોઈ શબ આકૃતિ કે પૂતળા દેખાડવા નહી;

(ચ) સરઘસમાં સળગતી મશાલ લઈ જવી નહી;

(છ) અપમાન કરવાના ઈરાદાથી બદનામ કરવાના ઈરાદાથી જાહેરમાં સૂત્રો પોકારવા નહી. અથવા ટોળામાં ફરવું નહી;

(જ) જેનાથી સૂરચિ અથવા ભંગ થાય તેવી ચેષ્ટા કરવી નહી તેવા ચિત્રો કે પ્લેકાર્ડો કે પત્રિકાઓ અથવા કોઈ ચીજ વસ્તુ કે પદાર્થ તૈયાર કરવો નહી, અગર ફેલાવો કરવો નહી.

આ હુકમનો ભંગ ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડતો નથી.—

૧. સરકારી નોકર કે તેવું કામ કરતી વ્યકિતીઓ કે તેવું કામ ઉપરી અધિકારીએ આવું કોઈ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય અગર હથિયાર લઈ જવાની ફરજ હોય તેમજ પરવાનેદાર વ્યકિતને.

૨. જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા અધિકૃત કરેલ કોઈ અધિકારીઓ જેની શારીરિક અશકિતને કારણે લાકડી લઈ જવાની પરવાનગી આપેલ હોય તે વ્યકિતને.

આ જાહેરનામાનો કોઈપણ ખંડ અથવા ઉલ્લંઘન કરનારને ઈ.પી.કો. કલમ ૧૮૮ મુજબ એક માસની સજા અથવા રૂા. ૨૦૦/-દંડને પાત્ર થશે.

મેં આજ તારીખ ૧૫મી ફેબ્રુઆરી ૧૯૯૩ના રોજ મારી સહી કરી સીક્કો મારેલ છે.

હીરાલાલ,
પોલીસ કમિશનર, વડોદરા શહેર.



INDEX

હુકમ

મુંબઈ પોલીસ અધીનિયમન સને ૧૯૫૧ ના ૨૨માં અધિનિયમની કલમ ૩૭(૧) મુજબનો.

ક્રમાંક એસ. બી. /ઉગપક/ જાહેરનામું/૬૫૩/૯૩.—વડોદરા શહેરમાં પોલીસ કમિશનરની હકુમત હેઠળ વડોદરા શહેરના નીચેના વિસ્તારોમાં જાહેર સુલેહ શાંતિ જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે, હું, હીરાલાલ (આઈ.પી.એસ.), પોલીસ કમિશનર, વડોદરા શહેરની મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માં) અધિનિયમની કલમ ૩૭(૧) (૩) થી મને મળેલ અધિકારની રુએ ફરમાવું છું કે નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૧૬મી ફેબ્રુઆરી ૧૯૯૩ના ક. ૦૦.૦૦ થી તારીખ ૨૮મી ફેબ્રુઆરી ૧૯૯૩ ના ક. ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે વ્યકિતઓ ભેગા થવું નહી અગર સભા ભરવી કે બોલાવવી નહી તેમજ કોઈ સરઘસ કાઢવું નહી.

વિસ્તાર.—વડોદરા શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

ખુલાસો.—રસ્તાની ફૂટપાથનો પણ આમાં સમાવેશ થાય છે.

અપવાદ.—આ હુકમમાંથી જેઓને અત્રેની કચેરીએથી ધાર્મિક વરઘોડાની પરવાનગી તેમજ જે માણસ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ લગ્નનાં વરઘોડા અને સ્મશાન યાત્રાને લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમન કલમ ૧૩૫ હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમન સને ૧૯૬૦ ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

મેં, આજ તારીખ ૧૫મી ફેબ્રુઆરી ૧૯૯૩ ના રોજ મારી સહી કરી સિક્કો મારેલ છે.

હીરાલાલ,
પોલીસ કમિશનર, વડોદરા શહેર.

---

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમન સને ૧૯૫૧નાં ૨૨માં અધિનિયમનની કલમ ૩૭(૧) બી મુજબનો.

ક્રમાંક એસ.બી. /ઉગપક/જાહેરનામું/૬૫૪/૯૩.—વડોદરા શહેરમાં ધાર્મિક તહેવારો આવતા હોય શહેરમાં કેટલાક ઈસમો, બાળકો છોકરાઓ, કોમી સંવેદનશીલ વિસ્તારમાં સલામતી જોખમાય તે રીતે ક્રિકેટની રમત રમી રમાડી શેરીઓ, ગલીઓમાં કે જાહેરમાર્ગો ઉપર ટ્રાફીકને અડચણ થાય તે રીતેનું વ્યવહાર વર્તન કરતા હોય તેના કારણે સુલેહશાંતિ જોખમાય તે સંભવ હોય આથી આ કૃત્ય અટકાવવું ખુબ જ જરુરી હોય તેથી.,

હું, હીરાલાલ (આઈ.પી.એસ.), પોલીસ કમિશનર, વડોદરા શહેર મુંબઈ પોલીસ અધિનિયમની સને. ૧૯૫૧ની કલમ. ૩૭ (૧) બી મુજબ મને મળેલ સત્તાની રુએ ફરમાવું છું કે શહેરનાં પોલિસ કમિશનર વિસ્તારમાં તારીખ ૧૬મી ફેબ્રુઆરી ૧૯૯૩ ના કલાક ૦૦-૦૦થી તારીખ ૨૮મી ફેબ્રુઆરી ૧૯૯૩ ના ક. ૨૪-૦૦ સુધી કોઈ પણ ઈસમો, બાળકો, છોકરાઓ, વિગેરે સરીયામ રોડ રસ્તા કે જાહેર માર્ગો, ગલીઓમાં ક્રિકેટની રમત રમવી કે રમાડવી નહી અથવા તેવી કોઈ પ્રવૃત્તિ કરવી નહીં.

મેં આજ તારીખ ૧૫મી ફેબ્રુઆરી ૧૯૯૩ નાં રોજ મારી સહી કરી સીકો મારેલ છે.

હીરાલાલ,
પોલીસ કમિશનર, વડોદરા શહેર.

---

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 28

REGISTERED No. GBA-14

C

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIV] SATURDAY, FEBRUARY 20, 1993 / PHALGUNA 1, 1914

**Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation**

# PART I

# SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

## જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧)(એફ)અન્વયેનો.

નંબર પી.ઓ.એલ. વશી-૬૯૫/૯૩.— જિલ્લા પોલીસ વડાશ્રી, ખેડા એ તેમના તારીખ ૧૫મી ફેબ્રુઆરી ૧૯૯૩ ના પત્રથી જણાવ્યા અનુસાર ખેડા એચ. એન્ડ ડી. પારેખ હાઈસ્કુલના વિદ્યાર્થીઓનું પોઈન્ટ ટુ-ટુ ફાયરીંગ પ્રેકટીસ તારીખ ૧૭મી ફેબ્રુઆરી ૧૯૯૩ ના રોજ ખેડા હેડ ક્વાર્ટર, ખેડા ખાતે આવેલ શોર્ટ રેન્જ ફાયરીંગ બટ વિસ્તારમાં રાખવામાં આવેલ છે. અને જાહેર જનતાની સલામતી સારું ફાયરીંગ બટ વિસ્તારમાં અવર-જવર બંધ કરવા જાહેરનામું પ્રસિદ્ધ કરવા વિનંતી કરેલ છે.

વાસ્તે, હું, પી. પી. ગઢવી, આઈ. એ. એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૩ (૧) (એફ) થી મને મળેલ સત્તાની રૂએ ખેડા હેડ ક્વાર્ટર ખાતે આવેલ શોર્ટ રેન્જ ફાયરીંગ બટ વિસ્તારમાં મનુષ્યો, જાનવરો, વિગેરેની જાનહાની ન થાય તે માટે ખેડા હેડ ક્વાર્ટર શોર્ટરેન્જ ફાયરીંગ બટ વિસ્તારમાં તારીખ ૧૭મી ફેબ્રુઆરી ૧૯૯૩ના રોજ સવારે ૮-૦૦ થી ૧૪-૦૦ કલાક સુધી અવર-જવર તથા જાહેર ઉપયોગ માટે બંધ કરવા હુકમ કરું છું.

સદરહું કેમ્પ દરમ્યાન જાહેર જનતાને ફાયરીંગ રેન્જના ગોળીબાર પ્રેકટીસ દરમ્યાન વગર પરવાનગીએ પ્રવેશ કરવો નહીં. તથા પોતાના આશ્રિત પશુઓ વિગેરેને આ સ્થળથી દુર રાખવા તથા સદર જગ્યામાં પશુઓ અવર-જવર કરે નહીં તેની તકેદારી રાખવી તથા ગોળીબારની પ્રેકટીસ દરમ્યાન બહારના કોઈપણ માણસ, ઢોર, વિગેરે પ્રવેશે નહીં. તેની તકેદારી રૂપે જરૂરી ગાર્ડની વ્યવસ્થા ફાયરીંગ કેમ્પના આજુબાજુના વિસ્તારમાં રાખવાની રહેશે.

સદરહું, જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૧૬મી ફેબ્રુઆરી ૧૯૯૩ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

પી. પી. ગઢવી,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા.

---

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭ (૩) અન્વયેનો.

નંબર પી.ઓએલ.-વશી-૮૨૮/૯૩.—તાજેતરમાં અયોધ્યા ખાતે બનેલ બનાવોના તથા આગામી દિવસોમાં મહાશીવરાત્રી અને હોળી, ધુળેટીના તહેવાર આવતો હોઈ તેના અનુસંધાનમાં જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને કોઈ



INDEX

અનિચ્છનીય બનાવ ન બને અને જિલ્લાના સંવેદનશીલ અને અતિ-સંવેદન શીલ વિસ્તારોમાં તેના અનુસંધાને કોઇ અવળા પ્રત્યાઘાત ન પડે તે માટે ઉકત કાયદાની કલમ-૩૭(૩) મુજબનું જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

વાસ્તે, હું, પી. પી. ગઢવી, આઈ. એ. એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨માં) ની કલમ-૩૭ (૩) મુજબ મને મળેલ સત્તાની રૂઈએ ફરમાવું છું કે, સમગ્ર ખેડા જિલ્લામાં તારીખ ૧૮મી ફેબ્રુઆરી ૧૯૯૩ થી તારીખ ૩જી માર્ચ ૧૯૯૩ (બન્ને દિવસો સુદ્ધાંત) ચાર કરતાં વધુ માણસોએ એકત્ર થવું નહીં, ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં અથવા સરઘસ કાઢવું નહીં.

વિસ્તાર : સમગ્ર ખેડા જિલ્લો.

ખુલાસો : આ વિસ્તારમાં રસ્તાઓ/રસ્તાની ફુટપાથો તથા ગલીઓ, પેટા-ગલીઓનો પણ સમાવેશ થાય છે.

અપવાદ : આ હુકમ જે વ્યકિતઓ સરકારી ફરજ પરની કામ-ગીરીમાં હોય, ફરજ પરના હોમગાર્ડઝ, મરણોત્તર તેમજ લગ્ન અંગેના સરઘસને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૧૩૫ હેઠળ અથવા ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ના ૪૫ માં અધિનિયમ) ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૧૭મી ફેબ્રુઆરી ૧૯૯૩ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

પી. પી. ગઢવી,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા.

---

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

REGISTERED No. G-BA-14-E

Extra No. 29

C

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVI ] SATURDAY, FEBRUARY 20, 1993 / PHALGUNA 1, 1914

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

# PART I

# SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

## અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયેનો.

નંબર પીઓએલ-વશી-૭૬૬.—તાજેતરમાં અયોધ્યા ખાતે બનેલ બનાવો તથા મહાશિવરાત્રી, હોળી, ધુળેટીના તહેવાર આવતા હોઇ, જિલ્લાની પરિસ્થિતિને ધ્યાને લઇ કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે અને કોઇ અનિચ્છિય બનાવ ન બને અને જિલ્લાના સંવેદનશીલ અને અતિ સંવેદનશીલ વિસ્તારોમાં તેના અનુસંધાનમાં કોઇ અવળા પ્રત્યાઘાત ન પડે તે માટે ઉકત કાયદાની કલમ-૩૭(૧) મુજબ જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

વાસ્તે, હું જે. એમ. લુણી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૧) થી મને મળેલ અધિકારોની રૂંઇએ સમગ્ર ખેડા, જિલ્લામાં તારીખ ૧૮મી ફેબ્રુઆરી ૧૯૯૩ થી તારીખ ૩જી માર્ચ ૧૯૯૩ સુધી ( બંને દિવસો સુધ્ધાંત ) નીચેના કૃત્યો કરવાની મનાઇ ફરમાવું છું.

૧. હથિયાર, તલવાર, ભાલા, ધોકા, બંદુક, છરા, લાકડી કે લાઠી, સળગતી મશાલ અથવા બીજા હથિયારો કે જેનાથી શારીરિક ઇજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું ;

૨. કોઇપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું;

૩. પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તે વસ્તુઓ ફેંકવાના કે ધકેલવાના યંત્રો અથવા સાધનો સાથે લઇ એકઠા તથા તૈયાર કરવાનું ;

૪. મનુષ્યો અથવા શબ તેમજ પુતળાં દેખાડવાનું;

૫. અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવાનું અથવા અશ્લીલ ગીતો ગાવાનું ;

૬. જેનાથી સુરૂચિ અથવા નીતીનો ભંગ થાય તેવું ભાષણ કરવાનું તથા તેવા ચિત્રો, પત્રિકા કે પ્લેકાર્ડો અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાનું, બનાવવા તથા ફેલાવો કરવાનું.

વિસ્તાર.—સમગ્ર ખેડા જિલ્લો.

અપવાદ. —આ હુકમનો ખંડ (૧) નીચેના વ્યકિતઓને લાગુ પડશે નહીં:

૧. સરકારી નોકર કે કામ કરતી કોઈપણ વ્યકિત કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર સાથે લઈ જવાનું ફરમાવ્યું હોય, અથવા કોઇ હથિયાર સાથે લઈ જવાની જેની ફરજ હોય;



INDEX

૨. જિલ્લા મેજિસ્ટ્રેટ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટશ્રીઓ, એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીઓ, જિલ્લા પોલીસ અધિકારીશ્રી કે તેમણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારી જેને શારીરિક અશક્તિને કારણે લાકડી કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

આ જાહેરનામાંના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૧૭મી માહે ફેબ્રુઆરી ૧૯૯૩ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

જે. એમ લુણી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા.

———

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA

INDEX

Extra No. 30 REGISTERED No. G—BA-14-E

C

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIV ] WEDNESDAY, FEBRUARY 24, 1993 / PHALGUNA 5, 1914

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

# PART I

# SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

## અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે.

ક્રમાંક એમ. એ. જી. / વશી.—૧૪૬૬ થી ૧૪૯૯ / ૯૩.— મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (મુંબઈના ૨૨માં) અધિનિયમની કલમ-૩૭(૧)(ક) અન્વયે મળેલ સત્તાની રૂએ, હું, જે. એન. અમીન, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા વડોદરા, જિલ્લામાં અયોધ્યા ખાતેના બાબરી મસ્જિદના બનાવથી ઉપસ્થિત થયેલી અશાંત પરિસ્થિતી અને પડેલ પ્રત્યાઘાતો તેમજ તારીખ ૨૫મી ફેબ્રુઆરી ૧૯૯૩ના રોજ ભાજપ તરફથી દિલ્હી ખાતે રેલોનું આયોજનના કાર્યક્રમ તથા આગામી હોળી ધુળેટીના તહેવારને ધ્યાનમાં લેતાં જાહેર શાંતિ અને સલામતી જાળવવા ફરમાવું છું કે, વડોદરા જિલ્લાના પોલીસ કમિશનરશ્રી, વડોદરા (શહેર) ની હકુમત સિવાયના વિસ્તાર એટલે કે વડોદરા જિલ્લાના સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં તારીખ ૨૨મી ફેબ્રુઆરી ૧૯૯૩ના રોજ ૦૦-૦૦ કલાકથી તારીખ ૮મી માર્ચ ૧૯૯૩ના રોજ ૨૪-૦૦ કલાક સુધી કોઈએ.—

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, બંદુક, છુરા, લાકડી કે લાઠી અને શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું કોઈપણ સાધન લઈ જવું નહીં;

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહીં;

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ ફેંકવાના કે ધકેલવાના યંત્રો, સાધનો લઈ જવા નહીં કે એકઠા કરવા નહીં અથવા તૈયાર કરવા નહીં;

(ઘ) મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવા નહીં;

(ઙ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી બિભત્સ સૂત્રો પોકારવા નહીં, અશ્લીલ ગીતો ગાવા નહીં અથવા ટોળામાં ફરવું નહીં;

(ચ) જેનાથી સૂરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહીં, તેવા હાવભાવ કરવા નહીં, તથા તેવા ચિત્રો, પત્રિકા, રેકોર્ડ અથવા બીજા કોઈ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવી નહીં, તેનો ફેલાવો કરવો નહીં.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં:—

(૧) સરકારી નોકરીનું કામકાજ કરતી કોઈ વ્યકિત તેના ઉપરી અધિકારીઓ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા તેવું કોઈ હથિયાર લઈ જવાની ફરજ હોય;

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી અથવા જિલ્લા પોલીસ અધિકારીશ્રી તેમના અધિકૃત કરેલ કોઈ પોલીસ અધિકારી કે શારીરિક અશકિતના કારણે લાકડી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત;



INDEX

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર (૪) માસ અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા થશે. અને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૧૩૫ (૧) મુજબ દંડની પણ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૨૦મી ફેબ્રુઆરી, ૧૯૯૩ના રોજ મારી સહી અને સિક્કો માર્યો.

જે. એન. અમીન,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વડોદરા.

---

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયે.

ક્રમાંક એમ. એ. જી. / વશી - ૧૫૦૦ થી ૧૫૩૩ / ૯૩.— વડોદરા જિલ્લામાં અયોધ્યા ખાતેના બાબરી મસ્જિદના બનાવથી ઉપસ્થિત થયેલી અશાંત પરિસ્થિતિ અને પડેલા પ્રત્યાઘાતોના તેમજ તારીખ ૨૫મી ફેબ્રુઆરી ૧૯૯૩ના રોજ ભા. જ. પ. તરફથી દિલ્લી ખાતે રેલીના આયોજનના કાર્યક્રમ તથા આગામી હોળી ધુલેટીના તહેવારને ધ્યાને લેતાં જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે વડોદરા જિલ્લાના પોલીસ કમિશનરશ્રી, વડોદરા ( શહેર ) ની હકુમત હેઠળ સિવાયના વિસ્તાર એટલે કે વડોદરા જિલ્લાના સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં સુલેહશાંતિ અને સલામતી જાળવવી અત્યંત જરૂરી હોય વ્યકિતઓની મંડળી-સરઘસની મનાઈ કરવાનું મને જરૂરી જણાયું છે.

તેથી, હવે, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ( સને ૧૯૫૧ના ૨૨મા અધિનિયમ) ની કલમ-૩૭ની પેટા-કલમ-(૩) થી મને મળેલી સત્તાની રુઈએ હું, જે. એન. અમીન, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા ઉપરોકત વિસ્તારમાં તારીખ ૨૨મી ફેબ્રુઆરી ૧૯૯૩ના રોજ ૦૦-૦૦ કલાકથી તારીખ ૮મી માર્ચ ૧૯૯૩ના રોજ ૨૪-૦૦ કલાકના સમય દરમ્યાન (બંને દિવસો સહિત ).—

૧. ચાર કરતાં વધુ વ્યકિતઓએ ભેગા થવું નહીં.
૨. સભા ભરવી નહીં કે બોલાવવી નહીં.

વધુમાં હું આદેશ કરું છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહીં.

૧. સરકારી નોકરીમાં અથવા રોજી પર હોય તે વ્યકિતને,
૨. કોઈ લગ્નના વરઘોડાને,
૩. ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતઓને,
૪. કોઈપણ સ્મશાન યાત્રાને,
૫. કોઈપણ રાષ્ટ્રીય કાર્યક્રમને.

આ હુકમમાંથી સબ-ડિવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, તેઓના મુખ્ય મથક વિસ્તાર માટે તથા તાલુકા એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી તેઓના તાલુકા વિસ્તાર માટે મુકિત આપી શકશે. એટલે કે સરઘસ તથા સભા અંગેની પરવાનગી અંગે સ્થાનિક પરિસ્થિતિ તથા પોલીસ ખાતાનો અભિપ્રાય મેળવી આપવાનો રહેશે.

આ હુકમનો કોઈપણ ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા-કલમ-(૩) મુજબ અને ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ના (સને ૧૯૬૦ના ૪૫માં)ની કલમ-૧૮૮ મુજબ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૨૦મી ફેબ્રુઆરી, ૧૯૯૩ના રોજ મારી સહી સિક્કા હેઠળ આપ્યો.

જે. એન. અમીન,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વડોદરા.

---

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 31 REGISTERED No. G—BA-14-E

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

[ PUBLISHED BY AUTHORITY ]

Vol. XXXIV ] THURSDAY, FEBRUARY 25, 1993 / PHALGUNA 6, 1914

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in or erdthat it may be filed as a separate compilation

# PART-I

# SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

## અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયેનું.

નંબર પીઓએલ/જાહેરનામું-૩૭(૧) વશી. ૨/૯૩.—હાલમાં બનેલા કોમી તોફાનોના કારણે ઉપસ્થિત થયેલ તંગદીલી તથા વિવિધ રાજકીય પક્ષો તરફથી અવારનવાર આપવામાં આવતા કાર્યક્રમોના અનુસંધાને તથા મહાશિવરાત્રીનો તહેવાર આવતો હોઈ સમગ્ર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે તકેદારીના પગલાં રુપે નીચે મુજબનો હુકમ કરવો જરુરી છે.

વાસ્તે, હું, શ્રી સી. જે. ચાવડા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સાબરકાંઠા જિલ્લો, હિમતનગર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૧) થી મને મળેલ અધિકારની રુએ તારીખ ૧૭મી ફેબ્રુઆરી ૧૯૯૩ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૨૮મી ફેબ્રુઆરી ૧૯૯૩ ના કલાક ૨૪-૦૦ સુધી સમગ્ર જિલ્લામાં નીચેના કૃત્યોની મનાઈ ફરમાવું છું.

૧. શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, ટોટા, બંદુક, ચપ્પુ, લાઠી કે લાકડી જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે ફરવાનું;

૨. પથ્થરો, પદાર્થો અથવા સ્ફોટક પદાર્થો સાથે ફરવાનું;

૩. પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે ફેંકવાના કે નાખવાના ફેંકેલવાના શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાનું, ફરવાનું કે એકઠા કરવાનું તથા તૈયાર કરવાનું,

૪. કોઈ સરઘસમાં જલતી કે પેટાવેલી મશાલ લઈ જવાનું,

૫. વ્યકિતઓ અથવા તેનુ શબ, આકાર અથવા પુતળા દેખાડવાનું, સુત્રો પોકારવાનું અથવા અશ્લીલ ગીતો ગાવાનું;

૬. અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવાનું જેનાથી સુરુચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાનો તથા હાવભાવ અથવા ચેષ્ટા કરવાનું તથા પત્રો, પત્રીકાઓ, પ્લેકાર્ડો અથવા તેનો ફેલાવો કરવાનુ.

અપવાદ.—

આ હુકમનો ખંડ-૧ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં:

૧. સરકારી નોકર કે કામ કરતી વ્યકિતઓ કે જેના ઉપરી અધિકારીએ આવું કોઈ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈ હથિયાર સરકારી ફરજ બજાવવા સાથે રાખવાનું આવશ્યક હોય.

૨. જિલ્લા મેજિસ્ટ્રેટ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી અથવા તેઓએ અધિકૃત કરેલા કોઈ પણ અધિકારીએ જે તે શારીરિક અશકિતના કારણે લાકડી કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓ.

૩. કોઈ ધાર્મિક તહેવારની ઉજવણી માટે આ જાહેરનામામાં ઉલ્લેખ કરેલ હથિયારો પૌકીના હથિયારો ધાર્મિક રીવાજોને અનુરુપ ઉપયોગ કરવા માટે જિલ્લા પોલીસ અધિકારીશ્રી અથવા



INDEX

જે તે વિસ્તારના સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી કે એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રીએ, અગાઉથી લેખીત મંજુરી આપી હોય તેવી સંસ્થાઓ કે વ્યકિતઓ.

આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર અથવા કરાવનાર શખ્સો ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫(૧) હેઠળ ઓછામાં ઓછી ચાર માસ કે વધુમાં વધુ એક વર્ષની કેદની સજા અને દંડને પાત્ર થશે.

આજ તારીખ ૧૬મી ફેબ્રુઆરી ૧૯૯૩ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

સી. જે. ચાવડા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સાબરકાંઠા, હિંમતનગર.

---

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭(૩) અન્વયેનું.

નંબર પીઓએલ/જાહેરનામું/૩૭(૩)/વશી. ૨/૯૩.—હાલમાં બનેલા કોમી તોફાનોના કારણે ઉપસ્થિત થયેલ તંગદીલી તથા વિવિધ રાજકીય પક્ષો તરફથી અવારનવાર આપવામાં આવતા કાર્યક્રમોના અનુસંધાને તથા મહાશિવરાત્રીનો તહેવાર આવતો હોઈ સમગ્ર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે તકેદારીના પગલા રૂપે નીચે મુજબનો હુકમ કરવો જરૂરી છે.

વાસ્તે, હું, સી. જે. ચાવડા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા હિંમતનગર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૭(૩) થી મને મળેલ અધિકારની રૂએ આથી સાબરકાંઠા જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં તારીખ ૧૭મી ફેબ્રુઆરી ૧૯૯૩ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૨૮મી ફેબ્રુઆરી ૧૯૯૩ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહી અથવા કોઈ સભા ભરવી કે બોલાવવાની નહી તેમજ કોઈ સરઘસ કાઢવું નહીં.

ખુલાસો:—

આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ કે જેઓ સરકારી ફરજ પર હોય તેને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલિસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ અથવા ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ના ૪૫મા અધિનિયમની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૧૬મી ફેબ્રુઆરી ૧૯૯૩ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

સી. જે. ચાવડા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સાબરકાંઠા, હિંમતનગર.

---

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 32 REGISTERED No. G—BA-14-E

C

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIV] THURSDAY, FEBRUARY 25, 1993 / PHALGUNA 6, 1914

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

## PART I
## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

### કલેકટર દ્વારા
જાહેરનામું

ગુજરાત ગૌણ ખનીજ નિયમો, ૧૯૬૬.

નંબર ઉમકગ-ક્યુએલ-રીગ્રાન્ટ-રેતી-૧૮૨.—જે અર્થે શ્રી જયરામભાઈ લાખાભાઈ રબારી, શ્રી વાઘેચા માધાજી રામજી તથા શ્રી મેમાભાઈ વાહજીભાઈ રબારી, રે. બાસણને રેતી ગૌણ ખનીજ ખોદવા માટે કચેરીલીઝ આ કચેરીના હુકમ નંબર મસૂગા/ક્યુઅલ/રેતી/૧૮૨/૫૬૯, તારીખ ૧૧મી ફેબ્રુઆરી ૧૯૮૫થી એક વર્ષની મુદત માટે મંજૂર કરવામાં આવેલ જે વખતોવખત રીન્યુ કરવામાં આવેલ.

| ગામ | તાલુકો | જિલ્લો | સર્વે નંબર | વિસ્તાર |
|---|---|---|---|---|
| | | | | હેકટર |
| બાસણ | ગાંધીનગર | ગાંધીનગર | ૨, ૬, ૭ અને ૮ ને લાગુ નદીપટ | ૦૬ ૦૦ ૦૦ |

ઉપરોકત લીઝનું છેલ્લું કરારખત તારીખ ૨૫મી એપ્રિલ ૧૯૮૬ના રોજ કરવામાં આવેલ. પટેદારે કરારખતના નિયમ (૬)ના ખંડ ૫ નું ઉલ્લંઘન કરતાં પટેદારની સદરહુ લીઝ રદ કરવામાં આવેલ.

જેથી હું, શ્રી એમ. એસ. ડાગુર, કલેકટર, ગાંધીનગર, ગુજરાત ગૌણ ખનીજ નિયમ, ૧૯૬૬ના નિયમ ૧૮(૧)(સી) અન્વયે મને મળેલ સત્તાની રૂએ, પરિશિષ્ટમાં દર્શાવેલ વિસ્તાર ફરીથી રેતી ખાણકામ માટે પ્રસિધ્ધ થાય ત્યારથી ફરીથી રેતી ખાણકામ માટે ગેઝેટમાં પ્રસિધ્ધ થાય ત્યારથી એક માસ બાદથી ઉપલબ્ધ થયાનું આથી જાહેર કરું છું

ગાંધીનગર, તારીખ ૯મી ઓકટોબર ૧૯૯૨.

એમ. એસ. ડાગુર,
(આઈ.એ.એસ.), કલેકટર,
ગાંધીનગર.

32/1

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.



INDEX

(જ) જેનાથી સુરૂચિ અથવા ભંગ થાય તેવી ચેષ્ટા કરવી નહીં. તેવા ચિત્રો કે પ્લેકાર્ડો કે પત્રીકાઓ અથવા કોઈ ચીજ વસ્તુ કે પદાર્થ તૈયાર કરવો નહીં. અગર ફેલાવો કરવો નહીં.

આ હુકમ ભંગ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડતો નથી.

(૧) સરકારી નોકર કે તેવું કામ કરતી વ્યકિતઓ કે તેવું કામ ઉપરી અધિકારીઓએ આવું કોઈ હથીયાર લઈ જવા ફરમાવ્યું હોય અગર હથીયાર લઈ જવાની ફરજ હોય તેમ જ પરવાનેદાર વ્યકિતને,

(૨) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, અથવા અધિકૃત કરેલ કોઈ અધિકારી જેની શારીરિક અશકતિના કારણે લાકડી લઈ જવાની પરવાનગી આપેલ હોય તે વ્યકિતને.

આ જાહેરનામાંના કોઈપણ ખંડનો ભ'ગ અથવા ઉલ્લંઘન કરનારને ઈ. પી. કોડની કલમ ૧૮૮ મુજબ એક માસની સજા અથવા રૂા. ૨૦૦ દંડને પાત્ર થશે.

મેં આજ રોજ તારીખ ૨૮મી ફેબ્રુઆરી ૧૯૯૩ના રોજ મારી સહી કરી સિક્કો મારેલ છે.

પી. એલ. જાની,
અધિક પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

---

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમન (સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમ)ની કલમ ૩૭(૧) મુજબનો.

ક્રમાંક એસ. બી./ઉગપક/જાહેરનામું/૭૫૭/૯૩.—વડોદરા શહેરમાં પોલીસ કમિશનરની હકુમત હેઠળ વડોદરા શહેરના નીચેના વિસ્તારમાં જાહેર સુલેહ શાંતિ જાળવવા સારું જરૂર જણાય છે.

વાસ્તે, હું, પી. એચ. જાની (આઈ. પી. એસ.), અધિક પોલીસ કમિશનર, વડોદરા શહેરની મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માં) અધિનિયમની કલમ ૩૭(૧) થી મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૧લી માર્ચ ૧૯૯૩ના કલાક ૦૦·૦૦થી તારીખ ૧૫મી માર્ચ ૧૯૯૩ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતા વધારે વ્યકિતઓએ ભેગા થવું નહિ અગર સભા ભરવી કે બોલાવવી નહીં તેમજ કોઈ સરઘસ કાઢવું નહીં.

વિસ્તાર.—વડોદરા શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

ખુલાશો.—રસ્તાની ફુટપાથનો પણ આમાં સમાવેશ થાય છે.

અપવાદ.—આ હુકમમાંથી જેઓને અત્રેની કચેરીથી ધાર્મિક વરઘોડાની પરવાનગી તેમજ જે માણસ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ લગ્નના વરઘોડા અને સ્મશાન યાત્રાને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમન સને ૧૯૬૦ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૨૮મી ફેબ્રુઆરી ૧૯૯૩ના રોજ મારી સહી કરી સિક્કો મારેલ છે.

પી. એલ. જાની,
અધિક પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

---

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 33 REGISTERED No. G-BA-14-E

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIV ] TUESDAY, MARCH 2, 1993 / PHALGUNA 11, 1914

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

## PART I

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

### અધિક પોલીસ કમિશનર દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમન, સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ ૩૭(૧) (બી) મુજબનો.

ક્રમાંક એસબી/૩૧૫૬/જાહેરનામું/૭૫૪ / ૯૩.—વડોદરા શહેરમાં ધાર્મિક તહેવારો આવતાં હોઈ શહેરમાં કેટલાક ઈસમો, બાળકો, છોકરાઓ કોમી સંવેદનશીલ વિસ્તારોમાં સલામતી જોખમાય તે રીતે ક્રિકેટની રમત રમી રમાડી શેરીઓ, ગલીઓમાં કે જાહેર માર્ગો ઉપર ટ્રાફીકને અડચણ થાય તે રીતનું વ્યવહાર વર્તન કરતા હોય તેના કારણે સુલેહ શાંતિ જોખમાય તે સંભવ હોય આથી આ કૃત્ય અટકાવવું ખુબજ જરૂરી હોય તેથી.

હું, પી. એલ. જાની (આઈ. પી. એસ.), અધિક પોલીસ કમિશનર, વડોદરા શહેર, મુંબઈ પોલીસ અધિનિયમન સને ૧૯૫૧ની કલમ ૩૭(૧) (બી). મુજબ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે શહેરના પોલીસ કમિશનર વિસ્તારમાં તારીખ ૧લી માર્ચ ૧૯૯૩ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૫મી માર્ચ ૧૯૯૩ના કલાક ૨૪-૦૦ સુધી કોઈપણ ઈસમ બાળકો, છોકરાઓ, વિગેરે સરીયામ રોડ, રસ્તા કે જાહેર માર્ગો કે ગલીઓમાં ક્રિકેટની રમત રમવી કે રમાડવી નહી અથવા તેવી કોઈ પ્રવૃત્તિ કરવી નહી

મેં આજ તારીખ ૨૮મી ફેબ્રુઆરી ૧૯૯૩ના રોજ મારી સહી કરી સિક્કો મારેલ છે.

પી. એલ. જાની,
અધિક પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

---

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ ૩૭(૧) અન્વયે કાઢેલ.

ક્રમાંક એસ. બી./૩૧૫૬/જાહેરનામું/૭૫૫/૯૩.—મુંબઈ પોલીસ અધિનિયમન સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ ૩૭(૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું, પી. એલ. જાની ( આઈ. પી. એસ.), અધિક પોલીસ કમિશનર, વડોદરા શહેર,

વડોદરા શહેરની હાલની પરિસ્થિતિને લક્ષમાં રાખી જાહેર સુચેહ શાંતિ અને સલામતિ જાળવવા સારૂં આથી હું ફરમાવું છું કે વડોદરા શહેરમા સમગ્ર વિસ્તાર એટલે કે પોલીસ કમિશનર વિસ્તારમાં તારીખ ૧લી માર્ચ ૧૯૯૩ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૫મી માર્ચ ૧૯૯૩ના કલાક ૨૪-૦૦ સુધી કોઈએ,.

(ક) કોઈ પ્રકારના શસ્ત્રો, તલવાર, ભાલા, લાકડી, બંદુક, અને તેવા સાધનો કે જે ચીજથી હિંસા થઈ શકે તેવી કોઈ વસ્તુ લઈ જવી કે કબ્જામાં રાખવી નહીં,

(ખ) કોઈ ભયાનક પદાર્થ કે સ્ફોટક પદાર્થ લઈ જવો નહીં;

(ગ) પથ્થરો અથવા ફેંકવાના સાધનો એકત્રીત કરવા કે તૈયાર કરવા નહીં.

(ઘ) કોઈ શત્ર આકૃતિ કે પુતળાં દેખાડવા નહીં.

(ચ) સરઘસમાં સળગતી મશાલ લઈ જવી નહીં.

(છ) અપમાન કરવાના ઈરાદાથી કે બદનામ કરવાના ઈરાદાથી જાહેરમાં સુત્રો પોકારવા નહીં અથવા ટોળામાં ફરવું નહીં.



INDEX

(જ) જેનાથી સુરૂચિ અથવા ભંગ થાય તેવી ચેષ્ટા કરવી નહીં. તેવા ચિત્રો કે પ્લેકાર્ડ કે પત્રીકાઓ અથવા કોઇ ચીજ વસ્તુ કે પદાર્થ તૈયાર કરવો નહીં. અગર ફેલાવો કરવો નહીં.

આ હુકમ ભંગ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડતો નથી.

(૧) સરકારી નોકર કે તેવું કામ કરતી વ્યકિતઓ કે તેવું કામ ઉપરી અધિકારીઓએ આવું કોઈ હથીયાર લઈ જવા ફરમાવ્યું હોય અગર હથીયાર લઈ જવાની ફરજ હોય તેમ જ પરવાનેદાર વ્યકિતને,

(૨) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, અથવા અધિકૃત કરેલ કોઈ અધિકારી જેની શારીરિક અશકતિના કારણે લાકડી લઈ જવાની પરવાનગી આપેલ હોય તે વ્યકિતને.

આ જાહેરનામાંના કોઇપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઈ. પી. કોડની કલમ ૧૮૮ મુજબ એક માસની સજા અથવા રૂા. ૨૦૦ દંડને પાત્ર થશે.

મેં આજ રોજ તારીખ ૨૮મી ફેબ્રુઆરી ૧૯૯૩ના રોજ મારી સહી કરી સિક્કો મારેલ છે.

પી. એલ. જાની,
અધિક પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

---

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમન (સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમ)ની કલમ ૩૭(૧) મુજબનો.

ક્રમાંક એસ. બી./૩૭૫૬/જાહેરનામું/૭૫૭/૯૩.—વડોદરા શહેરમાં પોલીસ કમિશનરની હકુમત હેઠળ વડોદરા શહેરના નીચેના વિસ્તારમાં જાહેર સુલેહ શાંતિ જાળવવા સારૂં જરૂર જણાય છે.

વાસ્તે, હું, પી. એલ. જાની (આઈ. પી. એસ.), અધિક પોલીસ કમિશનર, વડોદરા શહેરની મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માં) અધિનિયમની કલમ ૩૭(૧) થી મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૧લી માર્ચ ૧૯૯૩ના કલાક ૦૦-૦૦થી તારીખ ૧૫મી માર્ચ ૧૯૯૩ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતા વધારે વ્યકિતઓએ ભેગા થવું નહિ અગર સભા ભરવી કે બોલાવવી નહીં તેમજ કોઈ સરઘસ કાઢવું નહીં.

વિસ્તાર.—વડોદરા શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

ખુલાશો.—રસ્તાની ફૂટપાથનો પણ આમાં સમાવેશ થાય છે.

અપવાદ.—આ હુકમમાંથી જેઓને અત્રેની કચેરીથી ધાર્મિક વરઘોડાની પરવાનગી તેમજ જે માણસ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ લગ્નના વરઘોડા અને સ્મશાન યાત્રાને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમન સને ૧૯૬૦ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૨૮મી ફેબ્રુઆરી ૧૯૯૩ના રોજ મારી સહી કરી સિક્કો મારેલ છે.

પી. એલ. જાની,
અધિક પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

---

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 34 REGISTERED No. G-BA-14-E

C

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIV ] FRIDAY, MARCH 5, 1993 / PHALGUNA 14, 1914

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

# PART I
# SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

## કલેક્ટર દ્વારા

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનીજ નિયમો, ૧૯૬૬.

નંબર ઉમકવલ/એજીઓએલ/ક્યુએલ/રીગ્રાન્ટ/૯૩/૧૧૩૬.—વલસાડ જિલ્લામાં નીચેની વિગતે દર્શાવેલ ક્વોરીલીઝના વિસ્તારો આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦(ત્રીસ) દિવસ પછી જાહેર જનતા માટે ફરીથી ઉપલબ્ધ જાહેર કરવામાં આવે છે.

| અનુ. નંબર | અગાઉ જેના નામે મંજુર થયેલ તેનું નામ તથા ફાઈલ નંબર | ખનીજ | તાલુકો | ગામ | સ./બ્લોક નંબરો | મંજુર થયેલ વિસ્તાર હેકટરમાં | ઉપલબ્ધ વિસ્તાર હેકટરમાં | નોંધ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૧ | શ્રી જયંતીભાઈ ગાંડાભાઈ પટેલ રીન્યુ-૧૩૬/૮૫ | સા.રેતી | ધરમપુર | અંભેટી | ૪૭૫ની સામે કોલક નદી પટ | ૧ ૦૦ ૦૦ | ૧ ૦૦ ૦૦ | મુદત પુરી |
| ૨ | શ્રી ધીરૂભાઈ બાબરભાઈ પટેલ રીન્યુ-૧૮૬/૯૦ | ,, | ધરમપુર | બરૂમાળ | ૮૦, ૮૧ ની સામે માન નદી પટ | ૨ ૦૦ ૦૦ | ૨ ૦૦ ૦૦ | રીવોક |
| ૩ | શ્રી ઈશ્વરભાઈ પરાગજી પટેલ ૬૭/૮૭ | ,, | ધરમપુર | અંભેટી | ૨૪૬, ૨૪૭ ની સામે કોલક નદી પટ | ૦ ૬૩ ૭૪ | ૦ ૬૩ ૭૪ | મુદત પુરી |
| ૪ | શ્રી ભીમાભાઈ લલ્લુભાઈ પટેલ ૮૯/૮૫ | ,, | ધરમપુર | બામટી | ૩૬૭, ૩૬૮ની સામે માન નદી પટ | ૧ ૦૦ ૦૦ | ૧ ૦૦ ૦૦ | મુદત પુરી |
| ૫ | શ્રી આસીફખાન એ. પઠાણ ૪૪/૯૦ | ,, | ધરમપુર | વેરીભવાડા | ૬૫૮ની સામે પાર નદીપટ | ૦ ૯૬ ૦૦ | ૦ ૯૬ ૦૦ | રીવોક |



INDEX

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | શ્રી દિપકકુમાર બચુભાઈ પટેલ ૧૨૩/૮૬ | સા.રેતી | ધરમપુર | ફલવાડી | ૨૧, ૨૨ની સામે લાવરી નદી પટ | ૧ ૦૦ ૦૦ | ૧ ૦૦ ૦૦ | મુદત પુરી |
| ૭ | શ્રી નારણભાઈ એમ. ઓડ ૪૧/૮૮ | ,, | પારડી | પંડોર | ૧૨૪, ૧૨૯ ની સામે કોલક નદી પટ. | ૧ ૦૦ ૦૦ | ૧ ૦૦ ૦૦ | નામંજુર-બાકી લેણાંને કારણે |
| ૮ | શ્રી અમૃતલાલ બી. પટેલ ૧૪૧/૮૬ | ,, | પારડી | ગોઈમા | ૫૯૯ની સામે કોલક નદી પટ. | ૧ ૦૦ ૦૦ | ૧ ૦૦ ૦૦ | મુદત પુરી |
| ૯ | શ્રી ધીરુભાઈ કરસનભાઈ ઓડ ૬૫/૮૭ | ,, | ગણદેવી | ગણદેવી | ૨૪૧૨, ૨૪૧૩ની સામે અંબિકા નદી પટ. | ૧ ૭૨ ૮૦ | ૧ ૭૨ ૮૦ | મુદત પુરી |
| ૧૦ | શ્રી ગોવિન્દભાઈ બી. ઢીમર રીન્યુ-૧૯૯/૮૭ | ,, | ગણદેવી | ખાપરીયા | ૫૯૩, ૫૯૪, ૫૯૨ની સામે અંબિકા નદી પટ. | ૧ ૦૦ ૦૦ | ૧ ૦૦ ૦૦ | નામંજુર |
| ૧૧ | શ્રી નીરૂબેન છગનભાઈ પટેલ રીન્યુ-૩૬/૯૦ | ,, | વલસાડ | જુજવા | ૭૬, ૮૦ની સામે ઔરંગા નદી પટ. | ૦ ૪૦ ૦૦ | ૦ ૪૦ ૦૦ | દફતરે |
| ૧૨ | શ્રી સુર્યકાન્ત સી. કલવાડીયા કલવાડીયા ૮૧/૮૪ | ,, | વલસાડ | કલવાડા | ૮૩૪, ૧૨૯૭ ની સામે ઔરંગા નદીપટ. | ૦ ૫૭ ૦૦ | ૦ ૫૭ ૦૦ | મુદત પુરી |
| ૧૩ | મણીબેન જી. પટેલ રીન્યુ-૮૪/૮૯ | ,, | નવસારી | સુપા | ૨૬૬ની સામે પૂર્ણા નદીપટ. | ૦ ૮૬ ૦૦ | ૦ ૮૬ ૦૦ | નામંજુર-કબજો પરત |
| ૧૪ | શ્રી તેજાભાઈ આર. દેસાઈ | બ્લેકટ્રેપ | નવસારી | પુણી | ૩૮, ૪૧, ૪૨ની સામે અંબિકા નદીપટ. | ૨ ૫૬ ૦૦ | ૨ ૫૬ ૦૦ | મુદત પુરી |

નોંધ.—ઉપરના વિસ્તારો પૈકી નદી પટના વિસ્તારો નદી કાંઠાથી ૧૫ (પંદર) મીટરની હદમર્યાદા છોડ્યા પછી બાકી રહેતા વિસ્તારો જ ઉપલબ્ધ રહેશે. તથા મહેસૂલી ખાતાનો રેવન્યુ અભિપ્રાય પણ અરજી મળ્યા બાદ મેળવવા ની શરતે વિસ્તારો ઉપલબ્ધ રહેશે,

ઉપરોકત વિસ્તારો માટેની કવોરીલીઝની અરજીઓ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ (ત્રીસ) દિવસ પછીના કચેરીના કામકાજના દિવસથી સ્વીકારવામાં આવશે. તે પહેલા મળેલી તમામ અરજીઓ રદબાતલ ગણાશે,

વલસાડ, તારીખ ૨૩મી ફેબ્રુઆરી ૧૯૯૩,

ઓ. રવિ,
કલેકટર, વલસાડ.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 36 REGISTERED No. G-BA-64-E

C

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIV ] SATURDAY, MARCH 6, 1993 / PHALGUNA 15, 1914

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

# PART I
## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭ (૩) અન્વયેનો.

નંબર પીઓએલ/વશી/૧૦૪૫.—આગામી દિવસોમાં હોળી, ધુળેટીના તહેવાર આવતા હોઈ તથા ન્યુ એસ.એસ.સી પરીક્ષા શરૂ થનાર હોઈ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને જિલ્લાના સંવેદનશીલ અને અતિસંવેદનશીલ વિસ્તારોમાં તેના અનુસંધાનમાં કોઈ અવળા પ્રત્યાઘાત ન પડે તે માટે ઉકત કાયદાની કલમ-૩૭ (૩) મુજબ જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

વાસ્તે હું, પી. પી. ગઢવી, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨ મા) ની કલમ ૩૭ (૩) મુજબ મને મળેલ સત્તાની રૂએ, ફરમાવું છું કે, સમગ્ર ખેડા જિલ્લામાં તારીખ ૫મી માર્ચ ૧૯૯૩થી તારીખ ૧૮મી માર્ચ ૧૯૯૩ સુધી (બંને દિવસો સુધ્ધાંત) ચાર કરતાં વધુ માણસોએ એકત્ર થવું નહીં. ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં, અથવા સરઘસ કાઢવું નહીં.

વિસ્તાર.—સમગ્ર ખેડા જિલ્લો.

ખુલાસો.—આ વિસ્તારમાં રસ્તાઓ/ રસ્તાની ફુટપાથો તથા ગલીઓ તથા પેટા-ગલીઓનો પણ સમાવેશ થાય છે.

અપવાદ.—આ હુકમ જે વ્યકિતઓ સરકારી ફરજ પરની કામગીરીઓ હોય, ફરજ પરના હોમગાર્ડઝ, મરણોત્તર તેમજ લગ્ન અંગેના સરઘસને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ની કલમ ૧૩૫ હેઠળ અથવા ભારતના ફોજદારી અધિનિયમ (સને૧૮૬૦ના ૪૫મા અધિનિયમ) ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ચોથી માર્ચ ૧૯૯૩ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

પી. પી. ગઢવી,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા.



PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

Supple. C. G. I-Extra—36/1

INDEX

Extra No. 37 REGISTERED No. G-BA-14-E

C

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXI V ] SATURDAY, MARCH 6, 1993 / PHALGUNA 15, 1914

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

# PART I

# SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

## અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયેનો.

નંબર પીઓએલ-વશી-૯૯૪.—આગામી દિવસોમાં હોળી, ધુળેટીના તહેવાર આવતા હોઈ, તથા ન્યુ ઓસ.એસ.સી.ની પરીક્ષા શરૂ થનાર હોઈ જિલ્લાની પરિસ્થિતિને ધ્યાનમાં લઈ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને જિલ્લાના સંવેદનશીલ અને અતિ સંવેદનશીલ વિસ્તારોમાં તેના અનુસંધાનમાં કોઈ અવળા પ્રત્યાઘાત ન પડે તે માટે ઉકત કાયદાની કલમ-૩૭(૧) મુજબ જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

વાસ્તે, હું જે. એમ. લુણી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૧) થી મને મળેલ અધિકારની રૂંઈએ સમગ્ર ખેડા, જિલ્લામાં તારીખ ૫મી માર્ચ ૧૯૯૩ થી તારીખ ૧૮મી માર્ચ ૧૯૯૩ સુધી ( બંને દિવસો સુધ્ધાંત ) નીચેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

૧. હથિયાર, તલવાર, ભાલા, ધોકા, બંદુક, છરા, લાકડી કે લાઠી, સળગતી મશાલ અથવા બીજા હથિયારો કે જેનાથી શા રીરિક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું ;

૨. કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું;

૩. પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તે વસ્તુઓ ફેંકવાના કે ઘકેલવાના યંત્રો અથવા સાધનો સાથે લઈ એકઠા તથા તૈયાર કરવાનું ;

૪. મનુષ્યો અથવા શબ તેમજ પુતળાં દેખાડવાનું;

૫. અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવાનું અથવા અસ્લીલ ગીતો ગાવાનું.;

૬. જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાનું તથા તેવા ચિત્રો, પત્રિકા કે પ્લેકાર્ડો અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાનું, બનાવવા તથા ફેલાવો કરવાનું.

વિસ્તાર.—સમગ્ર ખેડા જિલ્લો.

અપવાદ.—આ હુકમનો ખંડ (૧) નીચેના વ્યકિતઓને લાગુ પડશે નહીં:

૧. સરકારી નોકર કે કામ કરતી કોઈપણ વ્યકિત કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર સાથે લઈ જવાનું ફરમાવ્યું હોય, અથવા કોઈ હથિયાર સાથે લઈ જવાની જેની ફરજ હોય;



INDEX

૨. જિલ્લા મેજિસ્ટ્રેટ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી, જિલ્લા પોલીસ અધિકારીશ્રી કે તેમણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારીરિક અશક્તિને કારણે લાકડી કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

આ જાહેરનામાંના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૪થી માહે માર્ચ ૧૯૯૩ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

જે. એમ ત્રિવેદી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 38 REGISTERED No. G—BA-14—E

C

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIV ] TUESDAY, MARCH 9, 1993 / PHALGUNA 18, 1914

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

# PART I
# SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

## પોલીસ કમિશનર દ્વારા

### હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ની કલમ ૩૭(૧) (૪) અન્વયેનો

ક્રમાંક એસ. બી. /ઉગપક/જાહેરનામું/૮૫૧/૯૩.—વડોદરા શહેરમાં આગામી માર્ચ ૧૯૯૩ની ન્યુ. એસ. એસ. સી. પરીક્ષા તારીખ ૯મી માર્ચ ૧૯૯૩ થી તારીખ ૨૩મી માર્ચ ૧૯૯૩ સુધી શહેરની જુદી જુદી શાળાઓમાં લેવાનાર છે.

આ પરીક્ષાઓ વિદ્યાર્થીઓ કોઇ પણ જાતના ખલેલ વિના શાંત વાતાવરણમાં આપી શકે તે માટે બહારના તોફાની તત્વો આ પરિક્ષાઓ દરમ્યાન કેન્દ્રમાં પરીક્ષા આપતા વિદ્યાર્થીઓને ખલેલ ન પહોંચાડે તથા અન્ય ગેરકાયદેસરની પ્રવૃત્તિ પરીક્ષા દરમ્યાન ન આચરે તે માટે ,

હું, હીરાલાલ (આઈ. પી. એસ.), પોલીસ કમિશનર, વડોદરા શહેર, સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૧) (૪)અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે,

વડોદરા શહેરમાં આગામી માર્ચ ૧૯૯૩ની ન્યુ એસ. એસ. સી, પરીક્ષા તારીખ ૯મી માર્ચ ૧૯૯૩ થી તારીખ ૨૩મી માર્ચ ૧૯૯૩ સુધી શહેરનાં જે જે કેન્દ્રો ( શાળાઓ )માં લેવાનાર છે, તે તે કેન્દ્રની શાળાઓનાં કંપાઉન્ડમાં તેમજ શાળાની ચારે બાજુનાં વિસ્તારમાં તારીખ ૯મી માર્ચ ૧૯૯૩ થી તારીખ ૨૩મી માર્ચ ૧૯૯૩ સુધી સવારના કલાક ૯-૦૦ થી ૧૯-૦૦ દરમ્યાન પરીક્ષાર્થીઓને ખલેલ પડે તે રીતે કોઈ અનધિકૃત વ્યકિતઓ એકત્રીત થશે નહીં. કે શાળાઓમાં ( કેન્દ્રમાં ) પ્રવેશ કરશે નહીં, કે વાહન લઈ જશે કે આવશે નહિ.

વિસ્તાર—વડોદરા શહેર પોલીસ કમિશ્નર હકુમત હેઠળનાં વિસ્તારમાં આવેલ તમામ પરીક્ષા કેન્દ્રોની શાળાઓ યાદીમાં જણાવ્યા મુજબ.



INDEX

અપવાદ —આ હુકમમાંથી નીચે જણાવેલ વ્યકિતઓને મુકિત આપવામાં આવે છે:

(૧) પરીક્ષાર્થી તથા પરીક્ષાના સંચાલન અંગેની ફરજ જે અધિકારી/કર્મચારીઓને સોંપવામાં આવી છે. તે તમામ.

(૨) ફરજ પરનાં પોલીસ/એસ. આર. પી./હોમગાર્ડના અધિકારી તથા જવાનો.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે.

માર્ચ, ૧૯૯૩નાં એસ. એસ. સી. પરીક્ષાની સ્કૂલો પોલીસ સ્ટેશનવાઈઝ દર્શાવતું પત્રક :

| અનુ. નંબર | પોલીસ સ્ટેશનનું નામ | | સ્કૂલોના નામ |
|---|---|---|---|
| ૧ | સીટી પોલીસ સ્ટેશન | ૧ | વિનય વિદ્યાલય, ફત્તેપુરા. |
| | | ૨ | નવભારત વિદ્યાલય, ફત્તેપુરા. |
| | | ૩ | જી. એન. વી. હાઈસ્કૂલ, વારસીયા. |
| | | ૪ | હરીસેવા ગર્લ્સ હાઈસ્કૂલ, વારસીયા. |
| | | ૫ | એમ. ઈ. એસ. બોઈઝ હાઈસ્કૂલ, વારસીયા. |
| | | ૬ | લધારામ હાઈસ્કૂલ, નઝર બાગ. |
| ૨ | વાડી પોલીસ સ્ટેશન | ૧ | એચ. વી. શ્રોફ મેમોરીયલ હાઈસ્કૂલ, લાડવાડા. |
| | | ૨ | આર. એન્ડ કે. પંડયા હાઈસ્કૂલ, ચિત્તેખાનગલી. |
| | | ૩ | સયાજી બોઈઝ હાઈસ્કૂલ, ઘડીયાળીપોળ. |
| | | ૪ | ઝેનીથ હાઈસ્કૂલ, ડભોઈ રોડ, પ્રતાપનગર. |
| | | ૫ | એમ. ઈ. એસ. ગર્લ્સ હાઈસ્કૂલ, મોગલવાડા. |
| | | ૬ | સ્વામી વિદ્યાનંદજી વિદ્યાવિહાર હાઈસ્કૂલ, ગીતામંદિર. |
| ૩ | રાવપુરા પોલીસ સ્ટેશન | ૧ | મહારાણી ગર્લ્સ હાઈસ્કૂલ, કેનેરા કોફી હાઉસની બાજમા. |
| | | ૨ | મહારાણી ગર્લ્સ હાઈસ્કૂલ, બીજુ મકાન સુરસાગર પાસે. |
| | | ૩ | એસ. જે. પરીખ હાઈસ્કૂલ, દાંડીયા બજાર, નવરંગ સિનેમા પાસે |
| | | ૪ | જીવન માગલ્ય માધ્યમિક શાળા, દાંડીયા બજાર. |
| | | ૫ | જ્યોતી વિદ્યાલય, માર્કેટ પાસે. |
| | | ૬ | ગોવિંદ મહાજન મધ્યવર્તી સ્કૂલ, દાંડીયા બજાર. |
| | | ૭ | એચ. એસ. પટેલ, હાઈસ્કૂલ. વિશ્વામીત્રી. |
| ૪ | કારેલીબાગ પોલીસ સ્ટેશન | ૧ | ન્યુ ઈરા ગર્લ્સ હાઈસ્કૂલ, ભુતડીઝાંપા પાસે. |
| | | ૨ | એમ. ઈ. એસ. હાઈસ્કૂલ, નાગરવાડા. |
| | | ૩ | શારદા મંદીર હાઈસ્કૂલ, આર્યકન્યા પાછળ. |
| | | ૪ | એમ. સી. હાઈસ્કૂલ, સલાટવાડા. |
| | | ૫ | શ્રી કૃષ્ણ હીન્દી વિદ્યાલય, યાદવનગર. |
| | | ૬ | જીવન ભારતી વિદ્યાલય, મેન્ટલ હોસ્પિટલ પાસે. |
| | | ૭ | પ્રેરણા વિદ્યાલય, હરણી રોડ. |
| | | ૮ | જ્ઞાન ગંગોત્રી વિદ્યાલય, હરણીરોડ. |
| | | ૯ | અંબિકા વિદ્યાલય, હરણીરોડ (વીઆઈપી) |
| | | ૧૦ | સરદાર વીનય મંદીર, કારેલીબાગ. |
| | | ૧૧ | બ્રાઈટ ઈંગ્લીશ સ્કૂલ, કારેલીબાગ. |
| | | ૧૨ | આર્ય કન્યા વિદ્યાલય, ડેસુમીયાના કબ્રસ્તાન પાસે. |
| | | ૧૩ | લાલબહાદુર શાસ્ત્રી વિદ્યાલય, સંગમ ચાર રસ્તા પાસે. |
| | | ૧૪ | જીવન સાધના વિદ્યાલય, ભુતડી ઝાંપા. |
| ૫ | નવાપુરા પોલીસ સ્ટેશન. | ૧ | બરોડા હાઈસ્કૂલ બગીખાના. |
| | | ૨ | શ્રેયસ વિદ્યાલય, પોલોગ્રાઉન્ડ પાસે. |
| | | ૩ | નવજીવન હાઈસ્કૂલ, પોલો ગ્રાઉન્ડ. |

INDEX

| ૧ | ૨ | ૩ | |
|---|---|---|---|
| ૬ | મકરપુરા પોલીસ સ્ટેશન | ૧ | શ્રેયસ વિદ્યાલય, (ગુ. મા.) માંજલપુર. |
| | | ૨ | શ્રેયસ વિદ્યાલય (અંગ્રેજી મા.) માંજલપુર. |
| | | ૩ | મહાત્મા ગાંધી વિદ્યાલય, માંજલપુર |
| | | ૪ | શ્રેયસ સમર્પણ વિદ્યાલય, માંજલપુર. |
| | | ૫ | ન્યુ ઈરા હાઈસ્કૂલ મકરપુરા, એસ. ટી. ડેપો પાસે. |
| | | ૬ | બરોડા હાઈસ્કૂલ ઓ. એન. જી. સી. પાસે. |
| ૭ | સયાજીગંજ પોલીસ સ્ટેશન | ૧ | નવયુગ વિદ્યાલય, (ગુ. મા.) ફતેગંજ. |
| | | ૨ | પ્રતાપગંજ રોઝરી હાઈસ્કૂલ. |
| | | ૩ | કોન્વેન્ટ હાઈસ્કૂલ, ફતેગંજ |
| | | ૪ | પ્રતાપ હાઈસ્કૂલ, કડક બજાર. |
| | | ૫ | નવયુગ વિદ્યાલય, સમારોડ. |
| | | ૬ | વેબ મેમોરીયલ ગર્લ્સ હાઈસ્કૂલ, પેન્શનપુરા. |
| ૮ | જેપી રોડ પોલીસ સ્ટેશન | ૧ | બેસીલ હાઈસ્કૂલ, તાંદલજા રોડ. |
| | | ૨ | ઉત્કર્ષ વિદ્યાલય, ગોત્રી રોડ. |
| | | ૩ | શબરી વિદ્યાલય, જેપી રોડ. |
| ૯ | ગોરવા પોલીસ સ્ટેશન | ૧ | એલેમ્બીક વિદ્યાલય, એલેમ્બીક કોલોની. |
| | | ૨ | વિદ્યા વિહાર હાઈસ્કૂલ, સુભાનપુરા. |
| | | ૩ | નુતન વિદ્યાલય, સુભાનપુરા. |
| | | ૪ | બરોડા હાઈસ્કૂલ, અલકાપુરી. |
| ૧૦ | જવાહરનગર પોલીસ સ્ટેશન | ૧ | ગુજરાત રીફાઈનરી હાઈસ્કૂલ, (ગુ. મા.), ટાઉનશીપ. ગુજરાત રીફાઈનરી. |
| | | ૨ | વાકળ વિદ્યાલય, બાજવા. |
| | | ૩ | મહીરેવા હાઈસ્કૂલ, બાજવા. |
| | | ૪ | ગુજરાત રીફાઈનરી હાઈસ્કૂલ, (અંગ્રેજી માધ્યમ), ટાઉનશીપ, |

મેં આજ તારીખ ૬ઠ્ઠી, માર્ચ ૧૯૯૩ના રોજ મારી સહી કરી સીક્કો મારેલ છે.

હીરાલાલ,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

———

PRINTED AT THE GOVERNMENT PREESS, VADODARA.

INDEX

Extra No. 39 REGISTERED No. G-BA-14-E

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIV ] TUESDAY, MARCH 9, 1993 / PHALGUNA 18, 1914

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

# PART I
# SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

## અધિક પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલ,

ક્રમાંક એસ. બી./ઉળાપેક/જાહેરનામું/૮૩૦/૯૩.—આગામી હોળી ધુળેટીના તહેવારો દરમ્યાન જાહેર જગ્યાઓએ જતા આવતા રાહદારીઓ તથા વાહનોમાં જતા આવતા શખ્સો ઉપર કાદવ તથા રંગ મિશ્રિત પાણી તથા તેલ ઈત્યાદી વસ્તુ ફેંકવાની શકયતા છે.

અને તેવા કૃત્યોથી લોકોને અડચણ ત્રાસ અથવા ઈજા થવાનો અથવા જાહેર સુલેહ શાંતિનો ભંગ થવાની તથા બખેડો કે હુલ્લડ થવાનો સંભવ છે.

અને તેથી ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ પગલાં લેવા માટે પુરતું કારણ અને તેમ થતું અટકાવવાનું ઇચ્છનીય છે. એવો મારો અભિપ્રાય છે.

તેથી. હું, પી. એલ. જાની ( આઈ. પી. એસ. ) અધિક પોલીસ કમિશનર વડોદરા શહેર, ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ની કલમ ૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રુઈએ ફરમાવું છું કે, વડોદરા શહેરના પોલીસ કમિશનરની હુકમત હેઠળનાં સમગ્ર વિસ્તારમાં તારીખ ૬ઠ્ઠી માર્ચ ૧૯૯૩ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૪મી માર્ચ ૧૯૯૩ના કલાક ૨૪-૦૦ સુધી કોઈપણ વ્યકિતએ જાહેર જગ્યાએ આવતાં જતા રાહદારીઓ ઉપર યા મકાનો તથા મિલ્કતો ઉપર તથા વાહનોમાં જતાં આવતા શખ્સો ઉપર કાદવ કે કીચડ રંગ મિશ્રિત કરેલ પાણી યા તેલ તથા બીજી કોઈ વસ્તુઓ નાંખી કે નખાવવી નહી, અથવા હોળી ધુળેટીના પૈસા ઉઘરાવવાના અથવા બીજા કોઈ ઈરાદાથી જાહેર રસ્તા ઉપર જતા આવતા રાહદારીઓ અથવા વાહનો રોકવા નહીં.

આ હુકમનો ભંગ ઠરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમન ( સને ૧૯૬૦ના અધિનિયમ નં. ૪૫ )ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૫મી માર્ચ ૧૯૯૩ના રોજ મારી સહી કરી સિક્કો મારેલ છે.

પી. એચ. જાની,
અધિક પોલીસ કમિશનર,
વડોદરા શહેર.



PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

Supple. C. G. I-Extra— 9/1

INDEX

Extra No. 40 REGISTERED No. G-EA-14 E

C

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIV ] TUESDAY, MARCH 9, 1993 / PHALGUNA 18, 1914

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

# PART I
# SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

## જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ ૧૪૪ અન્વયેનો.

નંબર પીઓએલ / ૧૧૦૦ / ૯૩.—ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા તેની ગાંધીનગર અને વડોદરા ખાતેની પરીક્ષા વિભાગની કચેરી દ્વારા ન્યુ. એસ. એસ. સી. ની પરીક્ષા તારીખ ૯મી માર્ચ ૧૯૯૩ થી ૧૩મી માર્ચ, ૧૯૯૩ અને ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા તારીખ ૧૫મી માર્ચ, ૧૯૯૩ થી તારીખ ૩૦મી માર્ચ, ૧૯૯૩ દરમ્યાન ખેડા જિલ્લાના નીચે જણાવેલ જુદા જુદા કેન્દ્રોમાં યોજવામાં આવનાર છે. તેમજ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (રાજય), નડીયાદ દ્વારા પરીક્ષા કેન્દ્રોના મુખ્ય મકાન અને પેટા મકાનની યાદી અત્રે તારીખ ૫મી માર્ચ, ૧૯૯૩ના રોજ રજુ કરવામાં આવેલ છે.

| અનુ. નંબર | કેન્દ્ર | પરીક્ષા કેન્દ્રના મુખ્ય મકાન તથા પેટા મકાનની વિગત |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | મહેમદાવાદ | ... ૧. શેઠ જે. એચ. સોનાવાલા હાઈસ્કુલ, મહેમદાવાદ.<br>૨. સૌજન્ય હાઈસ્કુલ, મહેમદાવાદ.<br>૩. જ્ઞાનજ્યોત હાઈસ્કુલ, મહેમદાવાદ. |
| ૨ | વિદ્યાનગર | ... ૧. આઈ. વી. પટેલ ઈંગ્લીશ સ્કુલ, વિદ્યાનગર.<br>૨. ગો. જો. શારદામંદિર, વિદ્યાનગર<br>૩. એમ. યુ. પટેલ હાઈસ્કુલ, વિદ્યાનગર |



INDEX

| ૧ | ૨ | ૩ |
|---|---|---|
| ૩ | ભાલેજ | ... ૧. ભાલેજ હાઈસ્કુલ, ભાલેજ.<br>૨. ઉ. મા. સ્કુલ. ભાલેજ.<br>૩. પ્રાથમિક વિભાગ, ભાલેજ. |
| ૪ | બાલાસિનોર | ... ૧. એમ. શેઠ હાઈસ્કુલ, બાલાસિનોર.<br>૨. પી. વી. વિદ્યાલય, બાલાસિનોર.<br>૩. ઓચ્છવલાલ શાહ હાઈસ્કુલ, બાલાસિનોર.<br>૪. જે. વી. દેસાઈ. ઉ. પ્રા. શાળા, બાલાસિનોર. |
| ૫ | પેટલાદ | ... ૧. એન. કે. હાઈસ્કુલ, પેટલાદ.<br>૨. કોમર્સ કોલેજ, પેટલાદ.<br>૩. વિનય મંદિર, પેટલાદ.<br>૪. વિજ્ઞાન કોલેજ, પેટલાદ.<br>૫. ન્યુ એજ્યુકેશન પ્રા. વિભાગ, પેટલાદ.<br>૬. ન્યુ એજ્યુકેશન ફોર ગર્લ્સ, પેટલાદ.<br>૭. ન્યુ એજ્યુકેશન ફોર બોયઝ, પેટલાદ.<br>૮. તામીરે હયાત, પેટલાદ.<br>૯. આર. કે. વિદ્યાલય, પેટલાદ.<br>૧૦. બી. એડ. કોલેજ, પેટલાદ. |
| ૬ | કઠલાલ | ... ૧. શેઠ એમ. આર. હાઈસ્કુલ, કઠલાલ<br>૨. સરસ્વતી મંદિર, કઠલાલ<br>૩. અધ્યાપન મંદિર, કઠલાલ.<br>૪. ઉ. બુ. વિદ્યાલય. કઠલાલ. |
| ૭ | અલીન્દ્રા | ... ૧. એમ. એસ. પટેલ વિદ્યાલય, અલીન્દ્રા<br>૨. પ્રાથમિક શાળા, અલીન્દ્રા<br>૩. હર્ષદભાઈનું ગોડાઉન. બંધીયાર દરવાજાવાળું, અલીન્દ્રા |
| ૮ | અકલાયા | ... ૧. સરસ્વતી વિ. મં. અકલાયા.<br>૨. પ્રાથમિક શાળા. અકલાયા. |
| ૯ | મહુધા | ... ૧. મહુધા ના. સ. બેંક ક. વિ. મહુધા.<br>૨. એમ. ડી. શાહ કોમર્સ એન્ડ આર્ટર્સ કોલેજ, મહુધા.<br>૩. એમ. કે. એમ. હાઈસ્કુલ, મહુધા |
| ૧૦ | ભાદરણ | ... ૧. કન્યા વિદ્યાલય, ભાદરણ.<br>૨. આર્ટર્સ એન્ડ સાયન્સ કોલેજ, ભાદરણ. |
| ૧૧ | ચાંગા | ... ૧. બી. એ. પટેલ, હાઈસ્કુલ, ચાંગા ૨<br>૨. સી. એ. પટેલ ઉ. મા. વિભાગ, ચાંગા. |
| ૧૨ | નાર | ... ૧. બી. આર. એલ. હાઈસ્કુલ, નાર.<br>૨. એલ. સી. પટેલ હાઈસ્કુલ, નાર.<br>૩. પ્રાથમિક કન્યા શાળા, નાર.<br>૪. કે. એલ. પટેલ બાલમંદિર, નાર. |
| ૧૩ | બોરસદ | ... ૧. જે. ડી. આર. પટેલ હાઈસ્કુલ ઉપર નીચે. બોરસદ.<br>૨. સી. જે. પરીખ પ્રા. શાળા ,,<br>૩. બી. એડ. કોલેજ (કેમ્પસ) ,, |

INDEX

| ૧ | ૨ | ૩ |
|---|---|---|
| ૧૪ | આંકલાવ | ... ૧. આંકલાવ હાઈસ્કુલ. આંકલાવ<br>૨. પ્રાથમિક શાળા, આંકલાવ |
| ૧૫ | આણંદ | ... ૧. કે. કે. વિદ્યાલય, આણંદ<br>૨. ડી. એન. હાઈસ્કુલ. આણંદ.<br>૩. અધ્યાપન મંદિર ૧ અને ૨. આણંદ<br>૪. ડી. એન. વિજ્ઞાન પ્રવાહનું મકાન, આણંદ.<br>૫. ડી. એન. સામાન્ય પ્રવાહનું મકાન, આણંદ. |
| ૧૬ | બીરપુર | ... ૧. સી. એમ. દેસાઈ, હાઈસ્કુલ, બીરપુર. |
| ૧૭ | ઉમરેઠ | ... ૧. એચ. એમ. દવે, હાઈસ્કુલ, ઉમરેઠ.<br>૨. જ્યુબીલી હાઈસ્કુલ, ઉમરેઠ.<br>૩. જ્યુબીલી ગર્લ્સ હાઈસ્કૂલ, ઉમરેઠ. |
| ૧૮ | સારસા | ... ૧. એમ. બી. એસ. હાઈસ્કુલ, સારસા.<br>૨. ઝેડ. એસ. જી. ગર્લ્સ, હાઈસ્કુલ, સારસા.<br>૩. પ્રાથમિક કુમારશાળા, સારસા. |
| ૧૯ | ખંભાત | ... ૧. એસ. ડી. કાપડિયા હાઈસ્કુલ, ખંભાત (લાલ પોળ મકાન)<br>૨. એસ. કે. વા. હાઈસ્કુલ. ખંભાત<br>૩. માધવલાલ શાહ હાઈસ્કુલ., ખંભાત (૧ અને ૨)<br>૪. એસ. ઝેડ. વાઘેલા હાઈસ્કુલ, ખંભાત. |
| ૨૦ | માતર | ... ૧. સર્વોદય વિનય મંદિર, માતર<br>૨. કુમારશાળા, માતર.<br>૩. એન. સી. પરીખ સર્વોદય વ. મં., માતર. |
| ૨૧ | વસો | ... ૧. એ. જે. હાઈસ્કુલ, વસો.<br>૨. કે. વી. અંગ્રેજી સ્કુલ, વસો. |
| ૨૨ | નડિયાદ-૪૪ | ... ૧. સર્વોદય વિનય મંદિર, નડિયાદ.<br>૨. સર્વોદય હાઈસ્કુલ. નડીયાદ.<br>૩. ડી. પી. દેસાઈ હાઈસ્કુલ, નડીયાદ.<br>૪. મણીબા ગર્લ્સ હાઈસ્કુલ, નડીયાદ.<br>૫. ન્યુ ઈંગ્લીશ સ્કુલ ફોર ગર્લ્સ, નડીયાદ.<br>૬. ભગત એન્ડ સોનાવાલા હાઈસ્કુલ, નડીયાદ.<br>૭. સંતરામ ગર્લ્સ હાઈસ્કુલ, નડીયાદ.<br>૮. બી. પી. હાઈસ્કુલ, નડીયાદ.<br>૯. સરદાર પટેલ હાઈસ્કુલ, નડીયાદ.<br>૧૦. સંતરામ મુખ્ય શાળા નં. ૧, નડીયાદ. |
| ૨૩ | નડીયાદ-૪૫ | ... ૧. ન્યુ ઈંગ્લીશ સ્કુલ, સ્ટેશન પાછળ, નડીયાદ.<br>૨. જીવન વિકાસ હાઈસ્કુલ, નડીયાદ.<br>૩. મ્યુનિસિપલ મીશન હાઈસ્કુલ, નડીયાદ.<br>૪. ન્યુ શોરોક મીલ્સ મ્યુનિ. પ્રા. શાળા. નડીયાદ. |
| ૨૪ | ઠાસરા | ... ૧. જે. એમ. દેસાઈ હાઈસ્કુલ, ઠાસરા. |
| ૨૫ | ડાકોર | ... ૧. જે. ડી. ભટ્ટ મેમોરીયલ હાઈસ્કુલ. ડાકોર.<br>૨. સંસ્થાન હાઈસ્કુલ, ડાકોર. |
| ૨૬ | કપડવંજ | ૧. શેઠ એમ. પી. મ્યુનિ. હાઈસ્કુલ, કપડવંજ. |
| ૨૭ | ખેડા | ... ૧. એચ. એન્ડ ડી. પારેખ હાઈસ્કૂલ, ખેડા. |
| ૨૮ | વાસદ | ... ૧. સરદાર પટેલ વિ. મંદિર, વાસદ. |
| ૨૯ | પાંડવા | ... ૧. ઉત્તર બુનિયાદી વિદ્યાલય, પાંડવા. |

INDEX

ઉપરોકત બંને જાહેર પરીક્ષાનું સંચાલન સરળતાથી અને સ્વાભાવિક રીતે થાય, વિદ્યાર્થીઓ શાંતિપૂર્વક પરીક્ષા આપી શકે તેમજ સુલેહ શાંતિનો ભંગ ન થાય, અસામાજિક તત્ત્વોના ત્રાસ, ભય વગર ખંડ નિરીક્ષકો કાર્ય કરી શકે, કોઈપણ ગેરરીતિ માટે પ્રલોભન ઉભા ન થાય તે જાહેર હિતમાં આવશ્યક છે.

વાસ્તે, હું, પી. પી. ગઢવી, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ. ૧૯૭૩ની કલમ ૧૪૪ નીચે મને મળેલ સત્તાની રૂએ ન્યુ. એસ.એસ.સી. અને ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષાના ઉપરોકત સંબધિત કેન્દ્રામાં તારીખ ૯મી માર્ચ. ૧૯૯૩ થી ૧૩મી માર્ચ, ૧૯૯૩ અને ૧૫મી માર્ચ ૧૯૯૩થી ૩૦મી માર્ચ, ૧૯૯૩ સુધી (બંને દિવસો સુધ્ધાંત) પરીક્ષાના દિવસો દરમ્યાન સવારના ૮-૦૦ કલાકથી સાંજના ૨૦-૦૦ કલાક દરમ્યાન.

(૧) પરીક્ષા આપવા આવનાર વિદ્યાર્થી (Bonafied) પરીક્ષા લેનાર એકઝામીનર, ફરજ પરનાર સરકારી અમલદારો અને કર્મા ચારીઓ કે અધિકારીઓ કે જેઓને બોર્ડ તરફથી ફરજ માટે નિમણુંક આપવામાં આવી હોય તેમને ફરજ માટે મુકેલા પોલીસના માણસો અને અધિકૃત અધિકારી સિવાય કોઈએ પ્રવેશ કરવો નહીં.

(૨) કોઈપણ વ્યકિતએ લાઠી અગર ઈજા થાય તેવા કોઈપણ હથિયારો સાથે ફરવું નહીં.
(૩) પરીક્ષા કેન્દ્રોના મુખ્ય મકાન અને પેટા મકાનની આજબાજની ૨૦૦ (બસો મીટરની) જિયામાં ચાર કરતા વધારે માણસોએ એકઠા થવું નહીં.

આજ તારીખ ૬ઠ્ઠી માર્ચ, ૧૯૯૩ના રોજ મેં મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

પી. પી. ગઢવી,
જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા.

---

PRINTED AT THE GOVERNMENT PRESS, BARODA.

INDEX

Extra No. 41 REGISTERED No. G-BA-14-E

C

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIV ] TUESDAY, MARCH 9, 1993 / PHALGUNA 18, 1914

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as separate compilation

## PART–I

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

### અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧નાં (મુંબઈના ૨૨મા)ની કલમ ૩૭ની પેટા કલમ (૩) હેઠળ

નંબર ડી/એમ. જી. બી. પીએ. ૯/૯૩/વશી ૧૭૮૭ થી ૧૮૩૦/૯૩.—આગામી માસમાં હોળી ધુળેટી, રમઝાન ઈદ જેવા ધાર્મિક તહેવારો આવે છે, તેમજ ભા. જ. પ. અને ભા. કિ. સંઘ દ્વારા વિવિધ પ્રોગમો અપાતા રહે છે. તાજેતરમાં બનેલા કોમી બનાવોના કારણે સમગ્ર જિલ્લામાં તંગદિલી જેવું વાતાવરણ હોઈ, કાયદો અને વ્યવસ્થા જાળવવા હેત સારૂ સમગ્ર બનાસકાઠાં જિલ્લામાં ચાર કે તેથી વધુ વ્યકિતઓની કોઈ મંડળી સરઘસની મનાઈ કરવાનું મને જરૂરી જણાયું છે.

તેથી હવે મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ ના ૨૨માં )ની કલમ ૩૭ની પેટા કલમ ૩થી મને મળેલ સત્તાની રૂએ હું અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ. બનાસકાંઠા આથી બનાસકાંઠા જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તારીખ ૧લી માર્ચ ૧૯૯૩ થી તારીખ ૩૧મી માર્ચ ૧૯૯૩ સુધી (બંને દિવસો સહિત) મુદત માટે ચાર કરતાં વધુ વ્યકિતઓની કોઈ મંડળી ને સભા ભરવા કે બોલાવવા તેમજ સરઘસ માટે મનાઈ ફરમાવું છું.

વધુમાં હું આદેશ કરું છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરીમાં તથા રોજગારમાં હોય તે વ્યકિતઓને;
(૨) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતઓને;
(૩) કોઈ લગ્નના વરઘોડાને;
(૪) કોઈપણ સ્મશાનયાત્રાને.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરવા બદલ સદરહું અધિનિયમની કલમ ૧૩૫ની પેટા કલમ ૩ અને ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૬૦ (સને ૧૮૬૦ના ૪૫માંની) કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૨૬મી માહે ફેબ્રુઆરી સને ૧૯૯૩ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કર્યો રવાના કર્યું.

એમ. બી. ઝાલા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
બનાસકાંઠા.



PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

Supple. C. G. I-Extra—41/1

INDEX

Extra No. 42 REGISTERED No. G—BA-14-E

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

[ PUBLISHED BY AUTHORITY ]

Vol. XXXIV ] TUESDAY, MARCH 9, 1993 / PHALGUNA 18, 1914

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in or erdthat it may be filed as a separate compilation

# PART-I

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

### અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયેનું.

નંબર પીઓએલ/જાહેરનામું-૩૭(૧) /૯૩.—હાલમાં જિલ્લામાં પ્રવર્તેલ અશાંત પરિસ્થિતિ તથા ભા. જ. પ. તરફથી આપવામાં આવતા જુદા જુદા કાર્યક્રમો તેમજ હાલમાં રમજાન મહીના ચાલતો હોઈ તથા આગામી તારીખ ૭મી અને ૮મી માર્ચ ૧૯૯૩ના રોજ હોળી—ધુળેટીનો તહેવાર આવતો હોઈ સમગ્ર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે તકેદારીના પગલાં રૂપે નીચે મુજબનો હુકમ કરવો જરૂરી છે.

વાસ્તે, હું, શ્રી સી. જે. ચાવડા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સાબરકાંઠા જિલ્લો, હિમતનગર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૧) થી મને મળેલ અધિકારની રૂએ તારીખ ૧લી માર્ચ ૧૯૯૩ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૫મી માર્ચ ૧૯૯૩ ના કલાક ૨૪-૦૦ સુધી સમગ્ર જિલ્લામાં નીચેના કૃત્યોની મનાઈ ફરમાવું છું :

૧. શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, ટોટા, બંદુક, ચપ્પુ, લાઠી કે લાકડી જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે ફરવાનું ;

૨. પથ્થરો, પદાર્થો અથવા સ્ફોટક પદાર્થો સાથે ફરવાનું ;

૩. પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે ફેંકવાના કે નાખવાના કે ધકેલવાના શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાનું, ફરવાનું કે એકઠા કરવાનું તથા તૈયાર કરવાનું,

૪. કોઈ સરઘસમાં જલતી કે પેટાવેલી મશાલ લઈ જવાનું,

૫. વ્યક્તિઓ અથવા તેનુ શબ, આકાર અથવા પુતળા દેખાડવાનું, સુત્રો પોકારવાનું અથવા અશ્લીલ ગીતો ગાવાનું ;

૬. અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવાનું જેનાથી સુરુચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાનો તથા હાવભાવ અથવા ચેષ્ટા કરવાનું તથા પત્રો, પત્રીકાઓ, પ્લેકાર્ડો અથવા તેનો ફેલાવો કરવાનુ.

આપવાદ.—

આ હુકમનો ખંડ-૧ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં:

૧. સરકારી નોકર કે કામ કરતી વ્યકિતઓ કે જેના ઉપરી અધિકારીએ આવું કોઈ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈ હથિયાર સરકારી ફરજ બજાવવા સાથે રાખવાનું આવશ્યક હોય ;

૨. જિલ્લા મેજિસ્ટ્રેટ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી અથવા તેઓએ અધિકૃત કરેલા કોઈ પણ અધિકારીએ જે તે શારીરિક અશકિતના કારણે લાકડી કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓ;

૩. કોઈ ધાર્મિક તહેવારની ઉજવણી માટે આ જાહેરનામામાં ઉલ્લેખ કરેલ હથિયારો પૈકીના હથિયારો ધાર્મિક રીવાજોને અનુરુપ ઉપયોગ કરવા માટે જિલ્લા પોલીસ અધિકારીશ્રી અથવા



INDEX

જે તે વિસ્તારના સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી કે એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રીએ, અગાઉથી લેખીત મંજુરી આપી હોય તેવી સંસ્થાઓ કે વ્યકિતઓ.

આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર અથવા કરાવનાર શખ્સો ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫(૧) હેઠળ ઓછામાં ઓછી ચાર માસ કે વધુમાં વધુ એક વર્ષની કેદની સજા અને દંડને પાત્ર થશે.

આજ તારીખ ૨૬મી ફેબ્રુઆરી ૧૯૯૩ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

સી. જે. ચાવડા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સાબરકાંઠા, હિંમતનગર.

---

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭(૩) અન્વયેનું.

નંબર પીઓએલ/જાહેરનામું/૩૭(૩)/૯૩.—હાલમાં જિલ્લામાં પ્રર્વતેલ અશાંત પરિસ્થિતિ તથા ભા. જ. પ. તરફથી આપવામાં આવતા જુદા જુદા કાર્યક્રમો તેમજ હાલમાં રમજાન મહીનો ચાલતો હોઈ તથા આગામી તારીખ ૭મી અને ૮મી માર્ચ ૧૯૯૩ના રોજ હોળી—ધુળેટીનો તહેવાર આવતો હોઈ સમગ્ર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે તકેદારીના પગલા રૂપે નીચે મુજબનો હુકમ કરવો જરૂરી છે.

વાસ્તે, હું, સી. જે. ચાવડા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા હિંમતનગર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૭(૩) થી મને મળેલ અધિકારની રૂએ આથી સાબરકાંઠા જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં તારીખ ૧લી માર્ચ ૧૯૯૩ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૫મી માર્ચ ૧૯૯૩ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહી અથવા કોઈ સભા ભરવી કે બોલાવવાની નહી તેમજ કોઈ સરઘસ કાઢવું નહીં.

ખુલાસો:—

આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ કે જેઓ સરકારી ફરજ પર હોય તેને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલિસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ અથવા ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ના ૪૫મા અધિનિયમની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૨૬મી ફેબ્રુઆરી ૧૯૯૩ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

સી. જે. ચાવડા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સાબરકાંઠા, હિંમતનગર.

---

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 43 REGISTERED No. G—EA-14-E

C

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIV ] FRIDAY, MARCH 12, 1993 / PHALGUNA 21, 1914

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

# PART I

# SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

## કાર્યકારી મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલો.

નંબર એમ.એ.જી./૫૨૬/૩/૯૩.—ચાલ સાલે તારીખ ૯મી માર્ચ, ૧૯૯૩ થી પરીક્ષા ચાલ રહે ત્યાં સધીના સમય દરમ્યાન અસ.એસ.સી તથા એચ.એસ.સી. પરીક્ષા લેવાનાર છે. આ પરીક્ષામાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ બેસવાનો છે.

આ પરીક્ષા સમય દરમ્યાન બીજા બહારના વિદ્યાર્થીઓ તેમજ માણસો મોટી સંખ્યામાં એકઠા થવાના હોઈ પરીક્ષા આપવા બેઠેલા વિદ્યાર્થીઓને ખલેલ પહોંચવા તેમજ કોઈ અડચણ, ત્રાસ અથવા ઈજા થવાનો તેમજ જાહેર સલેહ શાંતિનો ભંગ થવાનો અથવા-હલ્લડ કે બખેડો થવાનો સંભવ છે. આથી આ અટકાવવા માટે ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ ૧૪૪ અન્વયે પગલાં લેવાને ધરતા અને વ્યાજબી કારણો છે અને અમારો અભિપ્રાય છે.

વાસ્તે, હું, આર એન. ચાવડા, કાર્યકારી મેજિસ્ટ્રેટ, હિંમતનગર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ ૧૪૪ અન્વયે મને મળેલ અધિકારની રૂએ આથી હું ફરમાવું છું કે —

(૧) નીચે જણાવેલ વિસ્તારમાં પાંચ કે તેથી વધુ વ્યકિતઓએ એકઠા થવુ નહીં, ઉભા રહેવું નહી કે સભાઓ ભરવી નહીં.

(૨) નીચે જણાવેલ વિસ્તારમાં સરઘસ કાઢવું નહી સૂત્રો પોકારવા નહીં.

પ્રતિબંધિત વિસ્તારનું વર્ણન :

(૧) નવી માયઓન હાઈસ્કુલ, પોલોગ્રાઉન્ડ, હિંમતનગરના ચો. તરફથી ૧૦૦ મીટરના અંતરમાં;

(૨) હીંમત હાઈસ્કુલ, હીંમતનગરના ચો.તરફના ૧૦૦ (સો) મીટરના અંતરમાં;

(૩) મદ્રેસા હાઈસ્કલ, હીંમતનગરના ચો. તરફના ૧૦૦ (સો) મીટરના અતરમાં;

(૪) ન્યુ એજ્યુકેશન હાઈસ્કુલ, મહાવીરનગર, હીંમતનગરના ચોતરફના ૧૦૦ (સો) મીટરના અંતરમાં;

(૫) ત્રિવેણી વિદ્યાલય, મહેતાપુરા, હીંમતનગરના ચોતરફના ૧૦૦ (સો) મીટરના અંતરમાં;

(૬) સોસાયટી નગર માધ્યમિક શાળા, મહાવીરનગર, હીંમતનગરના ચોતરફના ૧૦૦ (સો) મીટરના અંતરમાં;



INDEX

(૭) આદર્શ વિદ્યાલય, શારદાકુંજ મોતીપુરા, હીંમતનગરના ચો. તરફના ૧૦૦ (સો) મીટરના અંતરમાં;

(૮) મનોરમ હાઈસ્કુલ, હીંમતનગરના ચોતરફના ૧૦૦ (સો) મીટરના અંતરમાં;

(૯) ગાંભોઈ હાઈસ્કુલ, તાલુકા હીંમતનગરના ૧૦૦ (સો) મીટરના અંતરમાં.

અપવાદ :

આ હુકમ ફરજ ઉપરના સરકારી કર્મચારીઓ અને પરીક્ષામાં રોકાયેલ કર્મચારીઓ તથા પરીક્ષામાં રોકાયેલ વિદ્યાર્થીઓને લાગુ પડશે નહીં.

આ હુકમ તારીખ ૯મી માર્ચ, ૧૯૯૩ના કલાક ૦૦-૦૦ થી પરીક્ષા પુરી થાય ત્યાં સુધીના છેલ્લા દિવસના કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમ આજ રોજ તારીખ ૬ઠ્ઠી માર્ચ, ૧૯૯૩ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો મારી બહાર પાડયો.

આર. એન. ચાવડા,
કાર્યકારી મેજિસ્ટ્રેટ, હિંમતનગર.

———

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

No. 44 REGISTERED No. G—BA-14—E

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIV ] SATURDAY, MARCH 13, 1993 / PHALGUNA 22, 1914

**Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation**

## PART I
## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

### પોલીસ કમિશનર દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ની કલમ ૩૭(૧) (૪) અન્વયેનો.

ક્રમાંક એસ. બી. /ઉગપક/જાહેરનામું/૯૧૭/૯૩.—વડોદરા શહેરમાં આગામી માર્ચ ૧૯૯૩ની એચ. એસ. એસ. સી. પરીક્ષા તારીખ ૧૫મી માર્ચ ૧૯૯૩ થી તારીખ ૩૦મી માર્ચ ૧૯૯૩ સુધી શહેરની જુદી જુદી શાળાઓમાં લેવાનાર છે.

આ પરીક્ષાઓ વિદ્યાર્થીઓ કોઈ પણ જાતના ખલેલ વિના શાંત વાતાવરણમાં આપી શકે તે માટે બહારના તોફાની તત્વો આ પરિક્ષાઓ દરમ્યાન કેન્દ્રમાં પરીક્ષા આપતા વિદ્યાર્થીઓને ખલેલ ન પહોંચાડે તથા અન્ય ગેરકાયદેસરની પ્રવૃત્તિ પરીક્ષા દરમ્યાન ન આચરે તે માટે,

હું, હીરાલાલ (આઈ. પી. એસ.), પોલીસ કમિશનર, વડોદરા શહેર, સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૧) (૪)અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે,

વડોદરા શહેરમાં આગામી માર્ચ ૧૯૯૩ની એચ. એસ. એસ. સી, પરીક્ષા તારીખ ૧૫મી માર્ચ ૧૯૯૩ થી તારીખ ૩૦મી માર્ચ ૧૯૯૩ સુધી શહેરનાં જે જે કેન્દ્રો ( શાળાઓ )માં લેવાનાર છે, તે તે કેન્દ્રની શાળાઓનાં કંપાઉન્ડમાં તેમજ શાળાની ચારે બાજુનાં વિસ્તારમાં તારીખ ૧૫મી માર્ચ ૧૯૯૩ થી તારીખ ૩૦મી માર્ચ ૧૯૯૩ સુધી સવારના કલાક ૯-૦૦ થી ૧૯-૦૦ દરમ્યાન પરીક્ષાર્થીઓને ખલેલ પડે તે રીતે કોઈ અનધિકૃત વ્યકિતઓ એકત્રીત થશે નહીં. કે શાળાઓમાં ( કેન્દ્રમાં ) પ્રવેશ કરશે નહીં, કે વાહન લઈ જશે કે આવશે નહિ.

**વિસ્તાર.**—વડોદરા શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળનાં વિસ્તારમાં આવેલ તમામ પરીક્ષા કેન્દ્રોની શાળાઓ યાદીમાં જણાવ્યા મુજબ.



INDEX

અપવાદ —આ હુકમમાંથી નીચે જણાવેલ વ્યકિતઓને મુકિત આપવામાં આવે છે:

(૧) પરીક્ષાર્થી તથા પરીક્ષાના સંચાલન અંગેની ફરજ જે અધિકારી/કર્મચારીઓને સોંપવામાં આવી છે તે તમામ.

(૨) ફરજ પરનાં પોલીસ/એસ. આર. પી./હોમગાર્ડના અધિકારી તથા જવાનો.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે.

માર્ચ, ૧૯૯૩નાં એચ. એસ. એસ. સી. પરીક્ષાની સ્કૂલો પોલીસ સ્ટેશનવાઈઝ દર્શાવતું પત્રક :

| અનુ. નંબર | પોલીસ સ્ટેશનનું નામ | | સ્કૂલોના નામ |
|---|---|---|---|
| ૧ | સીટી પોલીસ સ્ટેશન | ૧ | શ્રી સરદાર વલ્લભભાઈ વિદ્યાલય, બેંક રોડ, માંડવી. |
| | | ૨ | શ્રી લધારામ સીંધી હીન્દુ હાઈસ્કૂલ, નઝર બાગ પાછળ, છીપવાડ. |
| | | ૩ | એમ. ઈ. એસ. બોઈઝ હાઈસ્કૂલ, અજબડી મીલ પાસે, |
| ૨ | વાડી પોલીસ સ્ટેશન | ૧ | આર. એન્ડ કે. પંડ્યા હાઈસ્કૂલ, ચિત્તેખાનગલી. |
| | | ૨ | એમ. ઈ. એસ. ગર્લ્સ હાઈસ્કૂલ, મોગલવાડા. |
| | | ૩ | શ્રી સયાજી બોઈઝ હાઈસ્કૂલ, ઘડીયાળીપોળ. |
| | | ૪ | સ્વામી વિદ્યાનંદજી વિદ્યાવિહાર, ગીતામંદિર. પ્ર. નગર રોડ |
| | | ૫ | ઝેનીથ હાઈસ્કૂલ, પ્રતાપનગર. ડભોઈ રોડ, |
| | | ૬ | સયાજી ગર્લ્સ હાઈસ્કૂલ, ઘડીયાળી પોળ. |
| ૩ | પાણીગેટ પોલીસ સ્ટેશન | ૧ | સરદાર વલ્લભભાઈ વિદ્યાલય, આજવા રોડ. |
| ૪ | સયાજીગંજ પોલીસ સ્ટેશન | ૧ | રોઝરી હાઈસ્કૂલ. ફતેગંજ. |
| | | ૨ | આદર્શ હિન્દી વિદ્યાલય, ફતેગંજ. |
| | | ૩ | નવયુગ વિદ્યાલય, ફતેગંજ. |
| | | ૪ | કોન્વેન્ટ ઓફ જીસેફ એન્ડ મેરી ગર્લ્સ હાઈસ્કૂલ, ફતેગંજ |
| | | ૫ | હીલ મેમોરીયલ હાઈસ્કૂલ, ફતેગંજ. |
| | | ૬ | વેબ મેમોરીયલ ગર્લ્સ હાઈસ્કૂલ, પેન્થનપુરા. |
| ૫ | જેપી રોડ પોલીસ સ્ટેશન | ૧ | ઉત્કર્ષ વિદ્યાલય, ગોત્રી રોડ. |
| | | ૨ | બેસીલ હાઈસ્કૂલ, જુના પાદરા રોડ, તાંદલજા. |
| | | ૩ | ગાયત્રી વિદ્યાલય, ગોત્રી રોડ. |
| | | ૪ | સી. એચ. વિદ્યાલય, ગોત્રી રોડ. |
| ૬ | કારેલીબાગ પોલીસ સ્ટેશન | ૧ | બ્રાઈટ ઈંગ્લીશ સ્કૂલ, કારેલીબાગ. |
| | | ૨ | સરદાર વીનય મંદીર, કારેલીબાગ. |
| | | ૩ | એમ. ઈ. એસ. હાઈસ્કૂલ, નાગરવાડા. |
| | | ૪ | શારદા મંદીર હાઈસ્કૂલ, સંલાટવાડા |
| | | ૫ | પ્રેરણા વિદ્યાલય, હરણી રોડ. |
| | | ૬ | શ્રી કૃષ્ણ હીન્દી વિદ્યાલય, કારેલીબાગ. |
| | | ૭ | જ્ઞાન ગંગોત્રી વિદ્યાલય, પાણીની ટાંકી કા. બાગ |
| | | ૮ | એમ. સી. હાઈસ્કૂલ, સલાટવાડા. |
| | | ૯ | અંબિકા વિદ્યાલય, કા. બાગ |
| | | ૧૦ | લાલબહાદુર શાસ્ત્રી વિદ્યાલય, હરણી રોડ. |
| | | ૧૧ | જીવન સાધના ભુ. ઝાંપા. |
| ૭ | રાવપુરા પોલીસ સ્ટેશન | ૧ | મહારાણી ગર્લ્સ હાઈસ્કૂલ, સુ. સાગર પાસે. |
| ૮ | નવાપુરા પોલીસ સ્ટેશન. | ૧ | એચ. સી. પરીખ હાઈસ્કૂલ, ખંડેરાવ માર્કેટ પાછળ |
| ૯ | ગોરવા પોલીસ સ્ટેશન | ૧ | નુતન વિદ્યાલય, સુભાનપુરા. |

મેં આજ તારીખ ૧૨મી માર્ચ, ૧૯૯૩ના રોજ મારી સહી કરી સીક્કા મારેલ છે.

હીરાલાલ,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

PRINTED AT THE GOVERNMENT PREESS, VADODARA.

INDEX

No. 45 REGISTERED No. G. B. V.-13-E

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

Vol. XXXIV ] MONDAY, MARCH 15, 1993 / PHALGUNA 24, 1914

**Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation**

# PART I
# SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

## પોલીસ કમિશનર દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ના ૨૨મા અધિનિયમની કલમ ૩૭ (૧) અન્વયે કાઢેલ.

ક્રમાંક એસ. બી./ઉગપક/જાહેરનામું/૯૪૨/૯૩.–મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ ના ૨૨માં અધિનિયમ)ની કલમ ૩૭(૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું, હીરાલાલ (આઈ.પી.એસ.), પોલીસ કમિશનર, વડોદરા શહેર.

વડોદરા શહેરની હાલની પરિસ્થિતિને લક્ષમાં રાખી જાહેર સુલેહ શાંતિ જાળવવા સારુ આથી હું ફરમાવું છું કે વડોદરા શહેરનો સમગ્ર વિસ્તાર એટલે કે પોલીસ કમિશનર વિસ્તારમાં તારીખ ૧૬મી માર્ચ ૧૯૯૩ના કલાક ૦૦.૦૦ થી તારીખ ૨૮મી માર્ચ ૧૯૯૩ના કલાક ૨૪-૦૦ સુધી કોઈએ.—

(ક) કોઈ પ્રકારના શસ્ત્રો, તલવાર, ભાલા, લાકડી, બંદુક અને તેવા સાધનો કે જે ચીજથી હીંસા થઈ શકે તેવી કોઈ વસ્તુ લઈ જવી કે કબજામાં રાખવી નહી ;

(ખ) કોઈ ભયાનક પદાર્થ કે સ્ફોટક પદાર્થ લઈ જવો નહિ;

(ગ) પથ્થરો અથવા ફેંકવાના સાધનો એકત્રીત કરવા કે તૈયાર કરવા નહી;

(ઘ) કોઈ શબ, આકૃતિ કે પૂતળા દેખાડવા નહી;

(ચ) સરઘસમાં સળગતી મશાલ લઈ જવી નહી;

(છ) અપમાન કરવાના ઈરાદાથી બદનામ કરવાના ઈરાદાથી જાહેરમાં સૂત્રો પોકારવા નહી. અથવા ટોળામાં ફરવું નહી;

(જ) જેનાથી સૂરુચિ અથવા નીતિનો ભંગ થાય તેવી ચેષ્ટા કરવી નહી, તેવા ચિત્રો કે પ્લેકાર્ડો કે પત્રિકાઓ અથવા કોઈ ચીજ વસ્તુ કે પદાર્થ તૈયાર કરવો નહી, અગર ફેલાવો કરવો નહી.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડતો નથી.—

૧. સરકારી નોકર કે તેવું કામ કરતી વ્યકિતઓ કે તેવું કામ ઉપરી અધિકારીએ આવું કોઈ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય અગર હથિયાર લઈ જવાની ફરજ હોય તેમજ પરવાનેદાર વ્યકિતને;

૨. જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા અધિકૃત કરેલ કોઈ અધિકારીએ જેની શારીરિક અશકિતને કારણે લાકડી લઈ જવાની પરવાનગી આપેલ હોય તે વ્યકિતને.

આ જાહેરનામાંના કોઈપણ ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઈ.પી.કો. કલમ ૧૮૮ મુજબ એક માસની સજા અથવા રૂા. ૨૦૦ દંડને પાત્ર થશે.

મેં આજ તારીખ ૧૫મી માર્ચ ૧૯૯૩ના રોજ મારી સહી કરી સીક્કો મારેલ છે.

હીરાલાલ,
પોલીસ કમિશનર, વડોદરા શહેર.



INDEX

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧નાં ૨૨માં અધિનિયમની કલમ ૩૭(૧) (બી) મુજબનો.

ક્રમાંક એસ.બી. /ઉગપક/જાહેરનામું/૯૪૩/૯૩.—વડોદરા શહેરમાં ધાર્મિક તહેવારો આવતા હોય શહેરમાં કેટલાક ઈસમો, બાળકો છોકરાઓ, કોમી સંવેદનશીલ વિસ્તારમાં સલામતી જોખમાય તે રીતે ક્રિકેટની રમત રમી રમાડી શેરીઓ, ગલીઓમાં કે જાહેરમાર્ગો ઉપર ટ્રાફીકને અડચણ થાય તે રીતેનું વ્યવહાર વર્તન કરતા હોય તેના કારણે સુલેહશાંતિ જોખમાય તે સંભવ હોય આથી આ કૃત્ય અટકાવવું ખુબ જ જરૂરી હોય, તેથી—

હું, હીરાલાલ (આઈ.પી.એસ.), પોલીસ કમિશનર, વડોદરા શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ની કલમ ૩૭ (૧) (બી) મુજબ મને મળેલ સત્તાની રુએ ફરમાવું છું કે શહેરમાં પોલિસ કમિશનર વિસ્તારમાં તારીખ ૧૬મી માર્ચ ૧૯૯૩ ના કલાક ૦૦-૦૦થી તારીખ ૩૧મી માર્ચ ૧૯૯૩ ના ક. ૨૪-૦૦ સુધી કોઈ પણ ઈસમો, બાળકો, છોકરાઓ, વિગેરે સરીયામ રોડ રસ્તા કે જાહેર માર્ગો, ગલીઓમાં ક્રિકેટની રમત રમવી કે રમાડવી નહી અથવા તેવી કોઈ પ્રવૃત્તિ કરવી નહીં.

મેં આજ તારીખ ૧૫મી માર્ચ ૧૯૯૩ ના રોજ મારી સહી કરી સીક્કો મારેલ છે.

હીરાલાલ,
પોલીસ કમિશનર, વડોદરા શહેર.

---

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ ના ૨૨માં અધિ. કલમ ૩૭(૧) મુજબનો.

ક્રમાંક એસ. બી. /ઉગપક/ જાહેરનામું/૯૪૪/૯૩.—વડોદરા શહેરમા પોલીસ કમિશનરની હકુમત હેઠળ વડોદરા શહેરના નીચેના વિસ્તારોમાં જાહેર સુલેહ શાંતિ જાળવવાની જરુર જણાય છે.

વાસ્તે, હું, હીરાલાલ (આઈ.પી.એસ.), પોલીસ કમિશનર, વડોદરા શહેર મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમ)ની કલમ ૩૭(૧) (૩) થી મને મળેલ અધિકારની રુએ ફરમાવું છું કે નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૧૬મી માર્ચ ૧૯૯૩ના ક. ૦૦.૦૦ થી તારીખ ૩૧મી માર્ચ ૧૯૯૩ ના ક. ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે વ્યકિતઓ ભેગા થવું નહી અગર સભા ભરવી કે બોલાવવી નહી તેમજ કોઈ સરઘસ કાઢવું નહી.

વિસ્તાર.—વડોદરા શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

ખુલાસો.—રસ્તાની ફુટપાથનો પણ આમાં સમાવેશ થાય છે.

અપવાદ.—આ હુકમમાંથી જેઓને અત્રેની કચેરીએથી ધાર્મિક વરઘોડાની પરવાનગી તેમજ જે માણસ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ લગ્નનાં વરઘોડા અને સ્મશાન યાત્રાને લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમન કલમ ૧૩૫ હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમન સને ૧૯૬૦ ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

મેં, આજ તારીખ ૧૫મી માર્ચ ૧૯૯૩ ના રોજ મારી સહી કરી સિક્કો મારેલ છે.

હીરાલાલ,
પોલીસ કમિશનર, વડોદરા શહેર.

---

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA

INDEX

No. 46 REGISTERED No. G-BA-14-E

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIV ] MONDAY, MARCH 15, 1993 / PHALGUNA 24, 1914

**Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation**

# PART I

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

### પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧.

ક્રમાંક ગ/ઉપક/૯૮/૧૯૯૩.—ગૃહ વિભાગના તારીખ ૨જી જાન્યુઆરી ૧૯૯૩ના ઠરાવ ક્રમાંક પસથ/૧૦૯૨/૩૭૨૮/વ થી અમદાવાદ શહેરમાં "દાણી લીમડા નવું પોલીસ સ્ટેશન" ખોલવાનો ઠરાવ થતાં સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માના) કલમ ૧૨ થી અપાયેલ અધિકારની રૂએ હું, એમ. એમ. મહેતા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેરના જાહેરનામા ક્રમાંક ગ/ઉપક/૧૯/૮૧ થી કાગડાપીઠ પોલીસ સ્ટેશન ઉપવિભાગ અને નં. અ/૩૩૫/૪૨૦૯૨, તારીખ ૬ઠ્ઠી ઓકટોબર ૧૯૬૯થી આસ્ટોડીયા પોલીસ સ્ટેશન ઉપવિભાગનાં નક્કી કરવામાં આવેલ હદ વિસ્તાર રદ કરી નીચે જણાવ્યા મુજબના કાગડાપીઠ ઉપવિભાગ અને આસ્ટોડીયા ઉપવિભાગમાંથી દાણીલીમડા ઉપવિભાગ તારીખ ૩૦મી જાન્યુઆરી ૧૯૯૩ થી અસ્તિત્વમાં આવે તે રીતે હદ વિસ્તાર નક્કી કરૂં છું.

કાગડાપીઠ ઉપવિભાગ મથકેથી કાગડાપીઠ પોલીસ સ્ટેશન ઉપવિભાગ.

૧. પૂર્વે. સારંગપુર પુલ નીચે ઉર્દુ શાળા થઈ બોરડીમીલની નારીયા થઈ રેલ્વે હદ થઈ ખોખરાબ્રીજ દેડકી ગાર્ડન, બાલવાટીકા, અમર સોસાયટી ચાર રસ્તા સુધીની હદ-રોડ સહિત.

૨. પશ્ચિમે.—રાયપુર કામદાર કલ્યાણ કેન્દ્રથી રાયપુર દરવાજા સુધી (રોડ સહિત) થી આસ્ટોડીયા દરવાજા સુધી રોડ સિવાય, આસ્ટોડીયા, દરવાજાથી એસ. ટી. સર્કલ સુધીનો ભાગ-રોડ સહિત એસ. ટી. સર્કલથી જમાલપુર સર્કલ સુધી (એસ. ટી. સકલથી જમાલપુર સર્કલ સુધીનો રોડ ગાયકવાડ હવેલી ઉપવિભાગમાંથી જમાલપુર સર્કલથી બહેરામપુરા ચોકી થઈ વસંત-રજબનગર ચાર રસ્તા ગોતમનગર ચાર રસ્તાથી કબાડી માર્કેટ નં. ૨ થઈ ભુલાભાઈ ચાર રસ્તા સુધી (રોડ સિવાય).

૩. ઉત્તર.—સારંગપુર પુલ નીચે રેલ્વે પાટા પાસેની ઉર્દુશાળા થઈ ઉજાલા રેસ્ટોરન્ટ એ. એમ. ટી. એસ. બસ સ્ટેન્ડ કેરીપીઠા દિવાલનાં અંદર (સારંગપુર સર્કલ એ. એમ. ટી. એસ. દિવાલ બહારના ભાગ કાલુપુર પોલીસ સ્ટેશન ઉપવિભાગની હદ).

સારંગપુર કોટની રાંગ થઈ રાયપુર કામદાર કલ્યાજ કેન્દ્ર પાછળની દિવાલ સુધી.



INDEX

૪. દક્ષિણ.—ભુલાભાઈ ચાર રસ્તા થઈ ભુલાભાઈ ત્રણ રસ્તા મંગળપાર્ક સોસાયટી થઈ શાહઆલમ ટોલનાકા શાહ આલમ ટોલ નાકાથી જુના ઢોર બજાર ચાર રસ્તાથી પુષ્પકુંજ સર્કલ રોડ સહિત પુષ્પકુંજ સર્કલથી કાંકરીયા પીકનીક હાઉસ બાલવાટીકા સુધી.

આસ્ટોડીયા પોલીસ સ્ટેશન :

આસ્ટોડીયા પોલીસ સ્ટેશન ઉપવિભાગ :

૧. પૂર્વ.—રાયપુર દરવાજાથી કોટની રાંગે થઈ રાયપુર કામદાર કલ્યાણ કેન્દ્રની પાછળની દિવાલે થઈ સારંગપુર દરવાજા થઈ પાંચ કુવા દરવાજા સુધી.

૨. પશ્ચિમ.—રાયપુર દરવાજાથી આસ્ટોડીયા દરવાજા સુધી રોડ સહિત, આસ્ટોડીયા દરવાજાથી આસ્ટોડીયા ચકલા, અંજુમન હાઈસ્કલ, ગોળ લીમડા સર્કલ સુધી. (રોડ સિવાય).

૩. ઉત્તર.—પાંચ કુવા દરવાજાથી ખાડીયા ચાર રસ્તા બાલા હનુમાન, ફર્નાન્ડીઝ ચોકી, ફુવારાથી પાનકોર નાકા ચાર રસ્તા સુધી (રોડ સિવાય).

૪. દક્ષિણ.—પાનકોર નાકાથી ઢાલગરવાડ ચાર રસ્તાથી દાણાપીઠથી નવાગ્રસથી ગોળલીમડા સર્કલ રોડ સિવાય.

દાણીલીમડા પોલીસ સ્ટેશન :

દાણીલીમડા પોલીસ સ્ટેશન ઉપવિભાગ :

૧. પૂર્વે.—ચંડોળા તળાવની પાળેથી શાહઆલમ રોજા, શાહ-આલમ દરવાજા, શાહઆલમ ટોલનાકા સુધી (રોડ સિવાય) શાહ-આલમ ટોલનાકાથી ભુલાભાઈ ચાર રસ્તા (રોડ સિવાય).

૨. પશ્ચિમ.—સરદારબ્રીજ છેડાથી સાબરમતી નદીના કિનારે થઈ શાસ્ત્રીબ્રીજ (સરખેજબ્રીજ) સુધીના નદીના પટ સિવાયનો વિસ્તાર.

૩. ઉત્તર.—ભુલાભાઈ ચાર રસ્તાથી કબાડી માર્કેટ નં. ૨, ચાર રસ્તા થઈ ગૌતમનગર ચાર રસ્તા થઈ વસંત રજબનગર ચાર રસ્તાથી બહેરામપુરા ચોકીથી જમાલપુર સર્કલ સુધી (રોડ સહિત) જમાલ-પુર સર્કલથી સરદારબ્રીજ છેડા સુધી સાબરમતી નદીના કીનારા સુધીનો ભાગ (રોડ સિવાય) જમાલપુર સર્કલથી સરદારબ્રીજના છેડા સુધીનો રોડ (ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન વિસ્તારમાં).

૪. દક્ષિણે.—શાસ્ત્રીબ્રીજથી નારોલ સરખેજ રોડ ઓકટ્રોય નાકા થઈ નારોલ સર્કલ સુધી. (રોડ સિવાય-રોડનો ભાગ વટવા પોલીસ સ્ટેશનમાં) નારોલ સર્કલથી ચંડોળા જુના ઓકટ્રોય નાકા થઈ ચંડોળાના કીનારે પેટ્રોલપંપ ત્રણ રસ્તા સુધી (રોડ પેટ્રોલપંપ ત્રણ રસ્તાથી શાહઆલમ તરફ ચંડોળા તળાવન સુધીનો વિસ્તાર. (રોડ મણીનગર પોલીસ સ્ટેશન).

અમદાવાદ, તારીખ ૩૦મી જાન્યુઆરી ૧૯૯૩.

એમ. એમ.
પોલીસ કમિશ.
અદાવાદ શહેર.

---

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧.

ક્રમાંક ગ/ઉપક/૧૨૧/૯૩.— ગૃહ વિભાગના તારીખ ૨૭ જાન્યુઆરી ૧૯૯૩ના ઠરાવ ક્રમાંક પસથ/૧૦૯૨/૩૭૨૮-વ થી અમદાવાદ શહેરમાં "ઔદ્યોગિક નગર વટવા" નવું પોલીસ સ્ટેશન ખોલવાનો ઠરાવ થતાં સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માના) કલમ ૧૨ થી અપાયેલ અધિકારની રૂએ હું, એમ. એમ. મહેતા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, આથી તારીખ ૩૦મી જાન્યુઆરી ૧૯૯૩ના પોલીસ કમિશનર, અમદાવાદ શહેરના જાહેરનામા ક્રમાંક ગ/ઉપક/૬૬/૯૩ થી બહાર પાડેલ જાહેરનામાના અનુસંધાને ઔદ્યોગિક નગર વટવા ઉપ-વિભાગની ઉત્તરની હદમાં તેમજ અમરાઈવાડી ઉપ વિભાગની પૂર્વ અને ઉત્તરની હદમાં નીચે જણાવ્યા પ્રમાણેનો સુધારો તારીખ ૧૭મી ફેબ્રુઆરી ૧૯૯૩ થી અસ્તિત્વમાં આવે તે રીતે બહાર પાડું છું.

ઔદ્યોગિક નગર વટવા પોલીસ સ્ટેશન ઉપવિભાગ :

ઉત્તર.—કેડીલા રેલ્વે ઓવરબ્રીજથી નેશનલ હાઈવે નં. ૮ નારોલ નરોડા રોડ સિવાય રોડથી જમણી તરફ સી. ટી. એમ. ચાર રસ્તા સુધી-સી. ટી. એમ. ચાર રસ્તાથી પૂર્વે રામોલ તરફ રોડ સિવાય ખાનવાડી, રામોલ ગામ સુધી કુંજાડ પોલીસ સ્ટેશનની હદ સુધીનો જમણી તરફનો સમગ્ર વિસ્તાર.

અમરાઈવાડી પોલીસ સ્ટેશન ઉપવિભાગ :

પૂર્વે.—અમરાઈવાડી પોલીસ સ્ટેશનની પૂર્વે નારોલ-નરોડા હાઈવે રોડ (રોડ સહિત) થી સી. ટી. એમ. ચાર રસ્તાથી રામોલ રોડ સહિત જનતાનગર, જસનગરથી કુંજાડ પોલીસ સ્ટેશનની હદ સુધીનો સમગ્ર વિસ્તાર.

ઉત્તર.—રબારી કોલોની, વસ્ત્રાલ ટોલનાકા (હાઈવે સહિત) થી સી. ટી. એમ. ચાર રસ્તાથી રાજેન્દ્ર પાર્ક સોસાયટી સુધીનો ઉત્તર-પૂર્વનો કાંસ સુધીનો કુંજાડ પોલીસ સ્ટેશનની હદ સુધીનો સમગ્ર વિસ્તાર.

અમદાવાદ, તારીખ ૧૭મી ફેબ્રુઆરી ૧૯૯૩.

એમ. એમ. મહેતા,
પોલીસ કમિશનર, અમદાવાદ શહેર.

---

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 47

REGISTERED No. G-BA-14-E

C

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIV ] FRIDAY, MARCH 19, 1993 / PHALGUNA 28, 1914

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

# PART I

# SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

## અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે.

ક્રમાંક એમ. એ. જી./વશી.–૨૦૦૫ થી ૨૦૩૭ / ૯૩.– મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (મુંબઈના ૨૨માં) અધિનિયમની કલમ-૩૭(૧)(ક) અન્વયે મળેલ સત્તાની રૂએ, હું, જે. એન. અમીન, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા, જિલ્લામાં આગામી ચેટીચાંદ તથા રમજાન ઈદનો ધાર્મિક તહેવારો ધ્યાનમાં લેતાં જાહેર શાંતિ અને સલામતી જાળવવા ફરમાવું છું કે, વડોદરા જિલ્લાના પોલીસ કમિશનરશ્રી, વડોદરા શહેરની હકુમત સિવાયના વિસ્તાર એટલે કે વડોદરા જિલ્લાના સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં તારીખ ૧૨મી માર્ચ ૧૯૯૩ના રોજ ૦૦-૦૦ કલાકથી તારીખ ૨૬મી માર્ચ ૧૯૯૩ના રોજ ૨૪-૦૦ કલાક સુધી કોઈએ.—

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, બંદૂક, છુરા, લાકડી કે લાઠી અને શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું કોઈપણ સાધન લઈ જવું નહીં;

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહીં;

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ ફેંકવાના કે ધકેલવાના યંત્રો, સાધનો લઈ જવા નહીં કે એકઠા કરવા નહીં અથવા તૈયાર કરવા નહીં;

(ઘ) મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવા નહીં;

(ઙ) આપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી બિભત્સ સૂત્રો પોકારવા નહીં, અશ્લીલ ગીતો ગાવા નહીં અથવા ટોળામાં ફરવું નહીં;

(ચ) જેનાથી સૂરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહીં, તેવા હાવભાવ કરવા નહીં, તથા તેવા ચિત્રો, પત્રિકા, રેકોર્ડ અથવા બીજા કોઈ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવી નહીં, તેનો ફેલાવો કરવો નહીં.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં:–

(૧) સરકારી નોકરીનું કામકાજ કરતી કોઈ વ્યકિતના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનુ ફરમાવ્યું હોય અથવા તેવું કોઈ હથિયાર લઈ જવાની ફરજ હોય;

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી અથવા જિલ્લા પોલીસ અધિકારીશ્રી તેમના અધિકૃત કરેલ કોઈ પોલીસ અધિકારી કે જે શારીરિક અશકિતના કારણે લાકડી લઈ જવાની પરવાનગ આપી હોય તે વ્યકિત;

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી (૪) ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા થશે. અને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૧૩૫ (૧) મુજબ દંડની પણ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૧૦મી માર્ચ, ૧૯૯૩ના રોજ મારી સહી અને સિક્કો માર્યો.

જે. એન. અમીન,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વડોદરા.



INDEX

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયે.

ક્રમાંક એમ. એ. જી. / વશી - ૧૯૭૨ થી ૨૦૦૪ / ૯૩.— વડોદરા જિલ્લામાં આગામી ચેટીચાંદ તથા રમજાન ઈદના ધાર્મિક તહેવારો ધ્યાને લેતાં જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે વડોદરા જિલ્લાના પોલીસ કમિશનરશ્રી, વડોદરા ( શહેર ) ની હકુમત હેઠળ સિવાયના વિસ્તાર એટલે કે વડોદરા જિલ્લાના સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં સુલેહશાંતિ અને સલામતી જાળવવી અત્યંત જરૂરી હોય વ્યકિતઓની મંડળી-સરઘસની મનાઈ કરવાનું મને જરૂરી જણાયું છે.

તેથી, હવે, મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ( સને ૧૯૫૧ના ૨૨મા) અધિનિયમની કલમ-૩૭ની પેટા-કલમ-(૩) થી મને મળેલી સત્તાની રુઇએ હું, જે. એન. અમીન, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા ઉપરોકત વિસ્તારમાં તારીખ ૧૨મી માર્ચ ૧૯૯૩ના રોજ ૦૦-૦૦ કલાકથી તારીખ ૨૬મી માર્ચ ૧૯૯૩ના રોજ ૨૪-૦૦ કલાકના સમય દરમ્યાન (બંને દિવસો સહિત ) —

૧. ચાર કરતાં વધુ વ્યકિતઓએ ભેગા થવું નહીં.
૨. સભા ભરવી નહીં કે બોલાવવી નહીં.

વધુમાં હું આદેશ કરું છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે :

૧. સરકારી નોકરીમાં અથવા રોજી પર હોય તે વ્યકિતને,
૨. કોઈ લગ્નના વરઘોડાને,
૩. ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતઓને,
૪. કોઈપણ સ્મશાન યાત્રાને,
૫. કોઈપણ રાષ્ટ્રીય કાર્યક્રમને.

આ હુકમમાંથી સબ-ડિવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, તેઓના મુખ્ય મથક વિસ્તાર માટે તથા તાલુકા એક્ઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી તેઓના તાલુકા વિસ્તાર માટે મુકિત આપી શકાશે. એટલે કે સરઘસ તથા સભા અંગેની પરવાનગી અંગે સ્થાનિક પરિસ્થિતિ તથા પોલીસ ખાતાનો અભિપ્રાય મેળવી આપવાનો રહેશે.

આ હુકમનો કોઈપણ ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા-કલમ-(૩) મુજબ અને ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ના (સને ૧૮૬૦ના ૪૫માં)ની કલમ-૧૮૮ મુજબ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૧૦મી માર્ચ, ૧૯૯૩ના રોજ મારી સહી સિક્કા હેઠળ આપ્યો.

જે. એન. અમીન,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વડોદરા.

---

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 48 REGISTERED No. G-BA-14-E

C

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIV] FRIDAY, MARCH 19, 1993 / PHALGUNA 28, 1914

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

# PART I

# SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

## અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

### જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭ (૧) અન્વયે.

નંબર પીઓએલ/જાહેરનામું/૩૭/(૧)/૯૩.— હાલમાં જીલ્લામાં ચાલતી એસ. એસ. સી. અને એચ. એસ. સી. ની પરીક્ષા તથા રમજાન મહીનો ચાલતો હોઈ તેમજ આગામી તારીખ ૨૪મી માર્ચ ૧૯૯૩ના રોજ ચેટીચાંદ અને તારીખ ૨૫મી માર્ચ ૧૯૯૩ના રોજ રમજાન ઈદનો તહેવાર આવતો હોઈ તથા ભા. જ. પ. તરફથી આપવામાં આવતા જુદા જુદા કાર્યક્રમોને લક્ષમાં લેતા સમગ્ર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે તકેદારીના પગલાં રુપે નીચે મુજબનો હુકમ કરવો જરૂરી છે.

વાસ્તે, હું, શ્રી સી. જે. ચાવડા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો, હિંમતનગર ને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની, કલમ ૩૭(૧)થી મને મળેલ અધિકારની રુએ તારીખ ૧૬મી માર્ચ ૧૯૯૩ ના કલાક ૦૦–૦૦ થી તારીખ ૩૦મી માર્ચ ૧૯૯૩ના કલાક ૨૪-૦૦ સુધી સમગ્ર જિલ્લામાં નીચેના કૃત્યોની મનાઈ ફરમાવું છું.

૧. શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, ટોટા, બંદુક, ચપ્પુ, લાઠી કે લાકડી જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે ફરવાનું;

૨. પથ્થરો, પદાર્થો અથવા સ્ફોટક પદાર્થો સાથે ફરવાનું;

૩. પથ્થરો, અથવા બીજા શસ્ત્રો, અથવા તે ફેંકવાના કે નાખવાના કે ધકેલવાના શસ્ત્રો, અથવા સાધનો સાથે લઈ જવાનું, ફરવાનું કે એકઠા કરવાનું તથા તૈયાર કરવાનું;

૪. કોઈ સરઘસમાં જલતી કે પેટાવેલી મશાલ લઈ જવાનું;

૫. વ્યકિતઓ અથવા તેનું શબ, આકાર અથવા પુતળાં દેખાડવાનું, સુત્રો પોકારવાનું અથવા અશ્લીલ ગીતો ગાવાનું;

૬. અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવાનું, જેનાથી સુરુચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાનો તથા હાવભાવ અથવા ચેષ્ટા કરવાનું તથા પત્રો, પત્રીકાઓ, પ્લેકાર્ડો અથવા તેનો ફેલાવો કરવાનું.

અપવાદ:—

આ હુકમનો ખંડ-૧ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં;

૧. સરકારી નોકર કે કામ કરતી વ્યકિતઓ કે જેના ઉપરી અધિકારીએ આવું કોઈ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈ હથિયાર સરકારી ફરજ બજાવવા સાથે રાખવાનું આવશ્યક હોય;

૨. જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સબ-ડિવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, અથવા તેઓએ અધિકૃત કરેલા કોઈપણ અધિકારીએ જેને શારીરિક અશકતિના કારણે લાકડી કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓ.

૩. કોઈ ધાર્મિક તહેવારની ઉજવણી માટે આ જાહેરનામામાં ઉલ્લેખ કરેલ હથિયારો પૈકીના હથિયારો ધાર્મિક રીવાજોને અનુરુપ ઉપયોગ કરવા માટે જિલ્લા પોલીસ અધિકારીશ્રી, અથવા જે તે



INDEX

વિસ્તારના સબ-ડિવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી કે એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ-શ્રીએ, અગાઉથી લેખિત મંજૂરી આપી હોય તેવી સંસ્થાઓ કે વ્યકિતઓ.

આ જાહેરનામાંનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર અથવા કરાવનાર શખ્સો ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫(૧) હેઠળ ઓછામાં ઓછી ચાર માસ કે વધુમાં વધુ એક વર્ષની કેદની સજા અને દંડને પાત્ર થશે.

આજ તારીખ ૧૫મી માર્ચ ૧૯૯૩ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

સી. જે. ચાવડા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સાબરકાંઠા જિલ્લો,
હિંમતનગર.

---

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયેનું.

નંબર પીઓએલ/જાહેરનામું/૩૭(૩)/૯૩.— હાલમાં જીલ્લામાં ચાલતી એસ. એસ. સી. અને એચ. એસ. સી.ની પરીક્ષા તથા રમજાન મહીનો ચાલતો હોઈ તેમજ આગામી તારીખ ૨૪મી માર્ચ ૧૯૯૩ના રોજ ચેટીચાંદ અને તારીખ ૨૫મી માર્ચ ૧૯૯૩ ના રોજ રમજાન ઈદનો તહેવાર આવતો હોઈ તથા ભા. જ. પ. તરફથી આપવામાં આવતા જુદા જુદા કાર્યક્રમોને લક્ષમાં લેતાં સમગ્ર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે તકેદારીના પગલાં રૂપે નીચે મુજબનો હુકમ કરવો જરૂરી છે.

વાસ્તે, હું, સી. જે. ચાવડા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા હિંમતનગર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમનીકલમ-૩૭(૩)થી મને મળેલ અધિકારની રૂએ આથી સાબરકાંઠા જિલ્લામાં સમગ્ર વિસ્તાર-માં તારીખ ૧૬મી માર્ચ ૧૯૯૩ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૩૦મી માર્ચ ૧૯૯૩ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહીં અથવા કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં. તેમજ સરઘસ કાઢવું નહીં.

ખુલાસો.—

આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમજ હામગાર્ડઝ કે જેઓ સરકારી ફરજ પર હોય તેમને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ અથવા ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ના ૪૫માં અધિનિયમની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૧૫મી માર્ચ ૧૯૯૩ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

સી. જે. ચાવડા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા,
હિંમતનગર.

---

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 49

REGISTERED No. G—BA-14-E

C

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIV] SATURDAY, MARCH 20, 1993 / PHALGUNA 29, 1914

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

# PART I

# SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

## કલેકટર દ્વારા

### જાહેરનામું.

ગુજરાત ગૌણ ખનીજ ધારો, ૧૯૬૬,

ક્રમાંક નંબર ઉમક-જીજી-કયુએલ-રીગ્રાન્ટ-૯૩.—જે અર્થે કલેકટરશ્રી, પંચમહાલ તેમની કચેરીના આદેશ નંબર જીજી-કયુએલ-૨૮૬-૧૧૧૦- તારીખ ૨૧મી માર્ચ ૧૯૯૦ જે અન્વયે શ્રી વિરાજી નાથાજી વણઝારા ને મોજે ચોરાડુંગરી તાલુકો કાલોલના સર્વે નંબર ૧૦૭, ૧૦૫, ૧૦૮ ને લાગુ ગોમા નદી પટ પૈકી ૧-૪૩-૩૬ હેકટર વિસ્તાર માંથી સામાન્ય રેતી ખનીજ કાઢવા ત્રણ વરસ ની મુદતથી કવોરીલીઝ ગુજરાત ગૌણ ખનીજ ધારો ૧૯૬૬ મુજબ તારીખ થી મંજુર કરી આપવામાં આવેલ હતું. જેનું કરારખત તારીખ ૧૯મી સપ્ટેમ્બર ૧૯૮૯ની અસરથી ત્રણ વરસ ની મુદત માટે કરવામાં આવેલ હતું. જેની મુદત તારીખ ૧૮મી સપ્ટેમ્બર ૧૯૯૨ના રોજ પુરી થયેલ છે.

"પટેદાર શ્રી એ. રીન્યુઅલ અરજી કરેલ ન હોઈ"

જેથી હવે ગુજરાત ગૌણ ખનીજ ધારો, ૧૯૬૬ના નિયમ ૧૮ (૧) ની હેઠળ વિસ્તાર જાહેર કરવાનો પાત્ર થતો હોઈ નીચે પરિશિષ્ટમાં દર્શાવેલ વિગતનો વિસ્તાર આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખ થી ૩૦ દિવસો બાદ ખલ્લો જાહેર કરવામાં આવે છે જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસોની અંદર આવેલી અરજીઓ અપરિપકવ ગણવામાં આવશે.

પરિશિષ્ટ.

| ગામ | તાલુકો | જિલ્લો | સર્વે નંબર | વિસ્તાર |
|---|---|---|---|---|
| ચોરાડુંગરી | કાલોલ | પંચમહાલ | ૧૦૭, ૧૦૫, ૧૦૮ ને લાગુ ગોમા નદી પટ પૈકી. | ૧ ૪૩ ૩૬ |

ગોધરા, તારીખ ૧૩મી ફેબ્રુઆરી ૧૯૯૩.

એ. એસ. સુતરીયા
કલેકટર પંચમહાલ,
ગોધરા



Supple. C. G. I—Extra—49/1

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 50

REGISTERED No. G-BA-14-E

C

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

Vol. XXXIV ] MONDAY, MARCH 22, 1993 / CAITRA 1, 1915

**Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation**

# PART I

# SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

## જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭ (૩) અન્વયેનો.

નંબર પીઓએલ/વશી/૧૩૪૭.—તાજેતરમાં મુંબઈ મુકામે બનેલા બોમ્બ વિસ્ફોટના બનાવ તેમજ આગામી રમજાન ઈદ તથા રામનવમીના તહેવારોને ધ્યાનમાં લઈ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને જિલ્લાના સંવેદનશીલ અને અતિસંવેદનશીલ વિસ્તારોમાં તેના અનુસંધાને કોઈ અવળા પ્રત્યાઘાતો ન પડે તે માટે ઉકત કાયદાની કલમ-૩૭ (૩) મુજબનું જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

વાસ્તે, હું, પી. પી. ગઢવી, આઈ. એ. એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨માં), ની કલમ-૩૭ (૩) મુજબ અને મળેલ સત્તાની રૂઈએ ફરમાવું છું કે, સમગ્ર ખેડા જિલ્લામાં તારીખ ૨૦મી માર્ચ ૧૯૯૩ થી તારીખ ૨જી એપ્રિલ ૧૯૯૩ (બંને દિવસો સુધ્ધાંત) ચાર કરતાં વધુ માણસોએ એકત્ર થવું નહી. ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં. અથવા સરઘસ કાઢવું નહીં.

વિસ્તાર :—સમગ્ર ખેડા જિલ્લો.

ખુલાસો :—આ વિસ્તારમાં રસ્તાઓ/રસ્તાની ફુટપાથો તથા ગલીઓ તથા પેટા-ગલીઓનો પણ સમાવેશ થાય છે.

અપવાદ :—આ હુકમ જે વ્યકિતઓ સરકારી ફરજ પરની કામગીરીમાં હોય, ફરજ પરના હોમગાર્ડઝ, મરણોત્તર તેમજ લગ્ન અંગેના સરઘસને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫ હેઠળ અથવા ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ ના ૪૫માં અધિનિયમ) ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૧૯મી માર્ચ ૧૯૯૩ના રોજ મારી સહી તથા સિકકો કરી આપ્યો.

પી. પી. ગઢવી,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા.



SUPPLE. C. G. I.—Extra.—50/1
PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 51

REGISTERED No. G-BA-14-E

C

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIV] MONDAY, MARCH 22, 1993 / CAITRA 1, 1915

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

# PART I

# SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

## અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયેનો.

નંબર પીઓએલ/વશી/૧૨૭૩/૯૩.—તાજેતરમાં મુંબઈ મુકામે બનેલા બોમ્બ વિસ્ફોટના બનાવને તેમજ આગામી રમજાન ઈદ તથા રામનવમીના તહેવારોને ધ્યાનમાં લઈને જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને જિલ્લાના સંવેદનશીલ અને અતિસંવેદનશીલ વિસ્તારોમાં તેના અનુસંધાનમાં કોઈ અવળા પ્રત્યાઘાત ન પડે તે માટે ઉકત કાયદાની કલમ-૩૭ (૧) મુજબનું જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

વાસ્તે હું, જે. એમ. લુણી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા, સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૧)થી મને મળેલ અધિકારની રૂએ, સમગ્ર ખેડા જિલ્લામાં તારીખ ૨૦મી માર્ચ, ૧૯૯૩ થી તારીખ ૨જી એપ્રિલ, ૧૯૯૩ (બંને દિવસો સુધ્ધાંત) નીચેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું :—

(૧) હથિયાર, તલવાર, ભાલા, ધોકા, બંદુક, છરા, લાકડી કે લાઠી, સળગતી મશાલ અથવા બીજા હથિયારો કે જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું;

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું;

(૩) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તે વસ્તુઓ ફેંકવાના કે ધકેલવાના યંત્રો અથવા સાધનો લઈ એકઠા તથા તૈયાર કરવાનું;

(૪) મનુષ્યો અથવા શબ તેમજ પુતળાં દેખાડવાનું;

(૫) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવાનું અથવા અશ્લીલ ગીતો ગાવાનું;

(૬) જેનાથી સુરુચી અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાનું તથા તેવા ચિત્રો, પ્રતિકો, કે પ્લેકાર્ડો અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાનું, બનાવવા તથા ફેલાવો કરવાનું.

વિસ્તાર.—સમગ્ર ખેડા જિલ્લો.



INDEX

અપવાદ.—આ હુકમનો ખંડ (૧) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં :-

(૧) સરકારી નોકર કે કામ કરતી કોઈપણ વ્યકિત કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર સાથે લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા બીજા કોઈ હથિયાર સાથે લઈ જવાની જેની ફરજ હોય.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટ, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, જિલ્લા પોલીસ અધિકારી કે તેમણે અધિકૃત કરેલા કોઈપણ પોલીસ અધિકારીએ કે જેને શારીરિક અશકિતને કારણે **લાકડી** કે **લાઠી** લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૧૮મી માર્ચ, ૧૯૯૩ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

જે. એમ. લુણી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા.

---

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 52

REGISTERED No. G-BA-14-F

C

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIV ] TUESDAY, MARCH 30, 1993 / CAITRA 9, 1915

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

# PART I

# SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

### કલેક્ટર દ્વારા

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનીજ નિયમો, ૧૯૬૬.

નંબર ઉમાગ-ક્યુએલ-રેતી-૪૫.–જે અર્થે શ્રી જય બાબા ગુરૂ દેવ કૃપા મજૂર કામદાર સહકારી મંડળી લી. રે. ૫૩૦ કચા છાપરામાં સેક્ટર-૨૪, ગાંધીનગરને મોજે નાના ચિલોડાના સ. નં. ૩૦૨ને લાગુ નદી પટમાં રેતી ખનીજની કવોરીલીઝ એક વર્ષની મુદત માટે આ કવેરીના હુકમ નં. મભુગાં/ક્યુએલ/રેતી/૪૫/૧૨૯ થી ૧૩૨ તારીખ ૩૦મી જાન્યુઆરી ૧૯૯૧ થી મંજૂર કરવામાં આવેલ. લીઝ મંજૂરી હુકમની શરત નં. ૨(૧) મુજબ હુકમની તારીખથી ૯૦ દિવસની અંદર કરારનામ કરાવી લેવાનું રહેતું હતું. પરંતુ મજકૂર મંડળીએ સમય મર્યાદામાં કરારનામ કરાવેલ ન હોઈ અત્રેના હુકમ નં. મભુગાં/ક્યુએલ/રેતી/૪૫/૧૫૮૭ તારીખ ૨૯મી નવેમ્બર ૧૯૯૧ થી મંજૂરી હુકમ રદ કરવાનો હુકમ કરવામાં આવેલ છે.

પરિશિષ્ટ

| ગામ | તાલુકો | જિલ્લો | સર્વે નંબર | વિસ્તાર |
|---|---|---|---|---|
| નાના ચિલોડા | ... ગાંધીનગર | ગાંધીનગર | ૩૦૨ ને લાગુ નદી પટ | ૨ ૦૦ ૦૦ હેક્ટર. |

ઉપરોકત હકીકતે હું એમ. એસ. ડાગુર, કલેકટર ગાંધીનગર ગુજરાત ગૌણ ખનીજ નિયમો, ૧૯૬૬ના નિયમ ૧૮(૧)(સી) ની જોગવાઈથી મળેલ સત્તાની રૂએ પરિશિષ્ટમાં દર્શાવેલ વિસ્તાર ફરીથી રેતીના ખાણકામ માટે જાહેર જનતાને ઉપલબ્ધ થાય તે માટે ગેઝેટમાં પ્રસિદ્ધ થયા તારીખથી ત્રીસ દિવસ બાદ ફરીથી ઉપલબ્ધ થયાનું આથી જાહેર કરું છું.

ગાંધીનગર, તારીખ ૧૦મી માર્ચ ૧૯૯૩.

એમ. એસ. ડાગુર,
કલેક્ટર, ગાંધીનગર.



Sample C. G. I.—Extra—52/1

PRINTED AT THE GOVERNMENT PRESS, BARODA.

INDEX

Extra No. 53

REGISTERED No. G-BA-14-6

C

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIV ] WEDNESDAY, MARCH 31, 1993 / CAITRA 10, 1915

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

# PART I
# SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

## પોલીસ કમિશનર દ્વારા

### હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ના ૨૨મા અધિનિયમની કલમ ૩૭ (૧) અન્વયે કાઢેલ.

ક્રમાંક એસ. બી./ઉપાડ/જાહેરનામું/૧૧૫૦/૯૩.—મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમ) ની કલમ ૩૭(૧) અન્વયે મને મળેલ સત્તા થી રૂએ હું, હીરાલાલ (આઈ.પી.એસ.), પોલીસ કમિશનર, વડોદરા શહેર.

વડોદરા શહેરની હાલ ની પરિસ્થિતિને લક્ષમાં રાખી જાહેર સુલેહ શાંતિ જળવા ના સારુ આ થી હું ફરમાવું છું કે વડોદરા શહેરનો સમગ્ર વિસ્તાર એટલે કે પોલીસ કમિશનર વિસ્તારમાં તારીખ ૧લી એપ્રિલ ૧૯૯૩ના કલાક ૦૦.૦૦ થી તારીખ ૧૫મી એપ્રિલ ૧૯૯૩ના કલાક ૨૪-૦૦ સુધી કોઈએ.—

(ક) કોઈ પ્રકારના શસ્ત્રો, તલવાર, ભાલા, લાકડી, બંદુક અને તેવા સાધનો કે જે ચીજથી હીંસા થઈ શકે તેવી કોઈ વસ્તુ લઈ જવી કે કબજામાં રાખવી નહી ;

(ખ) કોઈ ભયાનક પદાર્થ કે સ્ફોટક પદાર્થ લઈ જવો નહિ;

(ગ) પથ્થરો અથવા ફેંકવાના સાધનો એકત્રીત કરવા કે તૈયાર કરવા નહી;

(ઘ) કોઈ શબ, આકૃતિ કે પૂતળા દેખાડવા નહી;

(ચ) સરઘસમાં સળગતી મશાલ લઈ જવી નહી;

(છ) અપમાન કરવાના ઈરાદાથી કે બદનામ કરવાના ઈરાદાથી જાહેરમાં સૂત્રો પોકારવા નહી. અથવા ટોળામાં ફરવું નહી;

(જ) જેનાથી સૂરુચિ અથવા નીતિનો ભંગ થાય તેવી ચેષ્ટા કરવી નહી, તેવા ચિત્રો કે પ્લેકાર્ડો કે પત્રિકાઓ અથવા કોઈ ચીજ વસ્તુ કે પદાર્થ તૈયાર કરવો નહી, અગર ફેલાવો કરવો નહી.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડતો નથી:—

(૧.) સરકારી નોકર કે તેવું કામ કરતી વ્યકિતઓ કે તેવું કામ ઉપરી અધિકારીએ આવું કોઈ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય અગર હથિયાર લઈ જવાની ફરજ હોય તેમજ પરવાનેદાર વ્યકિતને;

(૨.) જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા અધિકૃત કરેલ કોઈ અધિકારી જેની શારીરિક અશકિતને કારણે લાકડી લઈ જવાની પરવાનગી આપેલ હોય તે વ્યકિતને.

આ જાહેરનામાંના કોઈપણ ખંડ અથવા ઉલ્લંઘન કરનારને ઈ.પી.કો. કલમ ૧૮૮ મુજબ એક માસની સજા અથવા રૂા. ૨૦૦ દંડને પાત્ર થશે.

મેં, આજ તારીખ ૩૧મી માર્ચ ૧૯૯૩ના રોજ મારી સહી કરી સીક્કો મારેલ છે.

હીરાલાલ,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

---



INDEX

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, (સને ૧૯૫૧નાં ૨૨માં) અધિનિયમની કલમ ૩૭(૧) (બી) મુજબનો.

ક્રમાંક એસ.બી./ઉગપક/જાહેરનામું/૧૧૫૧/૯૩.—વડોદરા શહેરમાં ધાર્મિક તહેવારો આવતા હોય શહેરમાં કેટલાક ઈસમો, બાળકો છોકરાઓ, કોમી સંવેદનશીલ વિસ્તારમાં સલામતી જોખમાય તે રીતે ક્રિકેટની રમત રમી રમાડી શેરીઓ, ગલીઓમાં કે જાહેરમાર્ગો ઉપર ટ્રાફીકને અડચણ થાય તે રીતેનું વ્યવહાર વર્તન કરતા હોય તેના કારણે સુવેહશાંતિ જોખમાય તે સંભવ હોય આથી આ કૃત્ય અટકાવવું ખુબ જ જરૂરી હોય, તેથી—

હું, હીરાલાલ (આઈ.પી.એસ.), પોલીસ કમિશનર, વડોદરા શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ની કલમ ૩૭ (૧) (બી) મુજબ મને મળેલ સત્તાની રુએ ફરમાવું છું કે શહેરના પોલિસ કમિશનર વિસ્તારમાં તારીખ ૧લી એપ્રિલ ૧૯૯૩ ના કલાક ૦૦-૦૦થી તારીખ ૧૫મી એપ્રિલ ૧૯૯૩ ના ક. ૨૪-૦૦ સુધી કોઈપણ ઈસમો, બાળકો, છોકરાઓ, વિગેરે સરીયામ રોડ રસ્તા કે જાહેર માર્ગો, ગલીઓમાં ક્રિકેટની રમત રમવી કે રમાડવી નહી અથવા તેવી કોઈ પ્રવૃત્તિ કરવી નહીં.

મેં, આજ તારીખ ૩૧મી માર્ચ ૧૯૯૩ના રોજ મારી સહી કરી સીક્કો મારેલ છે.

હીરાલાલ,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

હુકમ

મુંબઈ પ્રોલીસ અધિનિયમ, (સને ૧૯૫૧ ના ૨૨માં) અધિનિયમની કલમ ૩૭(૧) મુજબનો.

ક્રમાંક એસ. બી./ઉગપક/ જાહેરનામું/૧૧૫૨/૯૩.—વડોદરા શહેરમાં પોલીસ કમિશનરની હકુમત હેઠળ વડોદરા શહેરના નીચેના વિસ્તારોમાં જાહેર સુવેહ શાંતિ જાળવવાની જરુર જણાય છે.

વાસ્તે, હું, હીરાલાલ (આઈ.પી.એસ.), પોલીસ કમિશનર, વડોદરા શહેરની મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માં) અધિનિયમની કલમ ૩૭(૧) (૩) થી મને મળેલ અધિકારની રુએ ફરમાવું છું કે નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૧લી એપ્રિલ ૧૯૯૩ની ક. ૦૦.૦૦ થી તારીખ ૧૫મી એપ્રિલ ૧૯૯૩ ના ક. ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે વ્યકિતઓ ભેગા થવું નહી અગર સભા ભરવી કે બોલાવવી નહી તેમજ કોઈ સરઘસ કાઢવું નહી.

વિસ્તાર.—વડોદરા શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

ખુલાસો.—રસ્તાની ફુટપાથનો પણ આમાં સમાવેશ થાય છે.

અપવાદ.—આ હુકમમાંથી જેઓને અત્રેની કચેરીએથી ધાર્મિક વરઘોડાની પરવાનગી તેમજ જે માણસ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ લગ્નનાં વરઘોડા અને સ્મશાનયાત્રાને લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ કલમ ૧૩૫ હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમન સને ૧૯૬૦ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

મેં, આજ તારીખ ૩૧મી માર્ચ ૧૯૯૩ ના રોજ મારી સહી કરી સિક્કો મારેલ છે.

હીરાલાલ,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA

INDEX

Extra No. 54 REGISTERED No. G-BA-14-E

C

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIV ] FRIDAY, APRIL 2, 1993 / CAITRA 12, 1915

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

# PART I
# SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

## અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે.

ક્રમાંક એમ. અ. જી. / વશી.–૨૩૮૭ થી ૨૪૨૨ / ૯૩.– મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (મુંબઈના ૨૨માં) અધિનિયમની કલમ-૩૭(૧)(ક) અન્વયે મળેલ સત્તાની રૂએ, હું, જે. એન. અમીન, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા, જિલ્લામાં આગામી રામનવમી અને મહાવીરજયંતી ધાર્મિક તહેવારો ધ્યાનમાં લેતાં જાહેર શાંતિ અને સલામતી જાળવવા ફરમાવું છું કે, વડોદરા જિલ્લાના પોલીસ કમિશનરશ્રી, વડોદરા શહેરની હકુમત સિવાયના વિસ્તાર એટલે કે વડોદરા જિલ્લાના સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં તારીખ ૩૦મી માર્ચ ૧૯૯૩ના રોજ ૦૦-૦૦ કલાકથી તારીખ ૧૩મી એપ્રિલ ૧૯૯૩ના રોજ ૨૪-૦૦ કલાક સુધી કોઈએ.—

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, બંદૂક, છુરા, લાકડી કે લાઠી અને શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું કોઈપણ સાધન લઈ જવું નહીં;

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહીં;

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ ફેંકવાનાં કે ધકેલવાના યંત્રો, સાધનો લઈ જવા નહીં કે એકઠા કરવા નહીં અથવા તૈયાર કરવા નહીં;

(ઘ) મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવા નહીં;

(ઙ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી બિભત્સ સૂત્રો પોકારવા નહીં, અશ્લીલ ગીતો ગાવા નહીં અથવા ટોળામાં ફરવું નહીં;

(ચ) જેનાથી સૂગુચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહીં, તેવા હાવભાવ કરવા નહીં, તથા તેવા ચિત્રો, પત્રિકા, રેકર્ડ અથવા બીજા કોઈ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવી નહીં, તેનો ફેલાવો કરવો નહીં.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં:—

(૧) સરકારી નોકરીનું કામકાજ કરતી કોઈ વ્યકિતના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા તેવું કોઈ હથિયાર લઈ જવાની ફરજ હોય;

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી અથવા જિલ્લા પોલીસ અધિકારીશ્રી તેમના અધિકૃત કરેલ કોઈ પોલીસ અધિકારી કે જે શારીરિક અશકિતના કારણે લાકડી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત;

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી (૪) ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા થશે. અને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૧૩૬ (૧) મુજબ દંડની પણ સજાને પાત્ર થશે.

આજ, તારીખ ૨૯મી માર્ચ ૧૯૯૩ના રોજ મારી સહી અને સિક્કો માર્યો.

જે. એન. અમીન,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વડોદરા.

———



INDEX

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયે.

ક્રમાંક એમ. એ. જી. / વશી - ૨૩૫૨ થી ૨૩૮૬/ ૯૩.— વડોદરા જિલ્લામાં આગામી રામનવમી/મહાવીરજયંતી વિગેરે ધાર્મિક તહેવારો ધ્યાને લેતાં જાહેર વ્યવસ્થા જાળવવાનાં હેતુ માટે વડોદરા જિલ્લાના પોલીસ કમિશનરશ્રી, વડોદરા ( શહેર ) ની હકુમત હેઠળ સિવાયના વિસ્તાર એટલે કે વડોદરા જિલ્લાના સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં સુચેહશાંતિ અને સલામતી જાળવવી અત્યંત જરૂરી હોય વ્યકિતઓની મંડળી સરઘસની મનાઈ કરવાનું મને જરૂરી જણાયું છે.

તેથી, હવે, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ( સને ૧૯૫૧ના ૨૨માં) અધિનિયમની કલમ-૩૭નાં પેટા-કલમ-(૩) થી મને મળેલી સત્તાની રુઈએ હું, જે. એન. અમીન, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા ઉપરોકત વિસ્તારમાં તારીખ ૩૦મી માર્ચ ૧૯૯૩ના રોજ ૦૦-૦૦ કલાકથી તારીખ ૧૩મી એપ્રિલ ૧૯૯૩ના રોજ ૨૪-૦૦ કલાકના સમય દરમ્યાન (બંને દિવસો સહિત ) —

૧. ચાર કરતાં વધુ વ્યકિતઓએ ભેગા થવું નહીં.

૨. સભા ભરવી નહીં કે બોલાવવી નહીં.

૩. વધુમાં હું આદેશ કરું છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહીં.

૧. સરકારી નોકરીમાં અથવા રોજી પર હોય તે વ્યકિતને,
૨. કોઈ લગ્નના વરઘોડાને,
૩. ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતઓને,
૪. કોઈપણ સ્મશાન યાત્રાને,
૫. કોઈપણ રાષ્ટ્રીય કાર્યક્રમને.

આ હુકમમાંથી સબ-ડિવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, તેઓના મુખ્ય મથક વિસ્તાર માટે તથા તાલુકા એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી તેઓના તાલુકા વિસ્તાર માટે મુકિત આપી શકાશે. એટલે કે સરઘસ તથા સભા અંગેની પરવાનગી અંગે સ્થાનિક પરિસ્થિતિ તથા પોલીસ ખાતાનો અભિપ્રાય મેળવી આપવાનો રહેશે.

આ હુકમનો કોઈપણ ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા-કલમ-(૩) મુજબ અને ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ના (સને ૧૮૬૦ના ૪૫માં)ની કલમ-૧૮૮ મુજબ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૨૯મી માર્ચ, ૧૯૯૩ના રોજ મારી સહી સિક્કા હેઠળ આપ્યો.

જે. એન. અમીન,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વડોદરા.

———

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 55 REGISTERED No. G-BA-14-E

C

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

Vol. XXXIV ] FRIDAY, APRIL 2, 1993 / CAITRA 12, 1915

**Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation**

# PART I
# SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

## સબ-ડીવિઝનલ મેજિસ્ટ્રેટ દ્વારા

પ્રતિબંધિત હુકમ

ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ અન્વયેનો.

નંબર એમએજ//વશી/૧૦૩૮/૯૩.—છોટાઉદેપુર સબ-ડિવિઝનના છોટાઉદેપુર, જેતપુરપાવી અને સંખેડા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં નીચે જણાવેલ પરીક્ષા કેન્દ્રોમાં ન્યુ. એસ.એસ.સી. પરીક્ષા તારીખ ૯મી માર્ચ ૧૯૯૩ થી ૧૩મી માર્ચ ૧૯૯૩ અને એચ.એસ.સી. પરીક્ષાઓ તારીખ ૧૫મી માર્ચ ૧૯૯૩ થી ૩૦મી માર્ચ ૧૯૯૩ દરમ્યાન લેવાનાર છે. વિદ્યાર્થીઓ પરીક્ષા શાંતિથી આપી શકે અને અનધિકૃત વ્યકિતઓ પરીક્ષાના કેન્દ્ર સ્થળે પ્રવેશ કરે નહિ તે માટે હું, અ. ડી. બાગુલ, સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુર મને ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂઈએ ફરમાવું છું કે તારીખ ૯મી માર્ચ ૧૯૯૩ થી તારીખ ૩૦મી માર્ચ ૧૯૯૩ સુધી જાહેર રજાના દિવસો સિવાયના દિવસો માટે નીચે જણાવેલ પરીક્ષાના કેન્દ્ર સ્થળેથી ૨૦૦ મીટરનો વિસ્તાર પ્રતિબંધિત વિસ્તાર તરીકે જાહેર કરું છું.

ન્યુ એસ. એસ.સી. તથા એચ.એસ.સી. પરીક્ષા કેન્દ્રો :

| અનુ. નંબર | પરીક્ષા કેન્દ્રનું સ્થળ |
|---|---|
| ૧ છોટાઉદેપુર | (૧) શ્રીમતી મણીબેન પટેલ કન્યા વિદ્યાલય, છોટાઉદેપુર<br>(૨) શ્રીમતી મણિબેન પટેલ સ્ત્રી અધ્યાપન મંદિર, છોટાઉદેપુર<br>(૩) શારદા મણિદેવી પ્રાયોગિક કન્યાશાળા, છોટાઉદેપુર<br>(૪) શ્રી એસ. એફ. હાઈસ્કુલ, છોટાઉદેપુર<br>(૫) શ્રી એસ. એન. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, છોટાઉદેપુર |
| ૨ પાવી-જેતપુર | (૧) શ્રી સાર્વજનિક હાઈસ્કુલ, પાવી-જેતપુર<br>(૨) ગુજરાતી પ્રાથમિક શાળા, જેતપુર પાવી |
| ૩ બોડેલી | (૧) શ્રી શેઠ એચ. એચ. શિરોલાવાલા હાઈસ્કુલ, બોડેલી તા. સંખેડા |



INDEX

| અનું. નંબર | પરીક્ષા કેન્દ્રનું સ્થળ |
|---|---|
| ૪ સંખેડા | (૧) શ્રી ડી. બી. પારેખ સાર્વજનિક હાઈસ્કુલ, સંખેડા.<br>(૨) શ્રી સાર્વજનિક કન્યા વિદ્યાલય, સંખેડા.<br>(૩) આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, સંખેડા. |

આ હુકમ પરીક્ષાના કામે રોકાયેલ સુપરવાઈઝરો, કર્મચારીઓ, પરીક્ષાર્થીઓ પોલીસ બંદોબસ્તમાં રોકાયેલ પોલીસ સ્ટાફ અને હોમગાર્ડને લાગુ પડશે નહિ.

આ હુકમ તારીખ ૯મી માર્ચ ૧૯૯૩ થી તારીખ ૩૦મી માર્ચ ૧૯૯૩ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત સામે ઈન્ડીયન પીનલ કોડ ૧૮૬૦ની કલમ-૧૮૮ મુજબ કાયદાકીય પગલા લેવામાં આવશે.

આજ, તારીખ ૬ઠ્ઠી માર્ચ ૧૯૯૩ના રોજ મારી સહી તથા સિક્કો કરી સદરહુ પ્રતિબંધિત હુકમ બહાર પાડવામાં આવ્યો.

એ. ડી. બાગુલ,
સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટ,
છોટાઉદેપુર.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 56 REGISTERED No. G-BA-14-E

C

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIV ] SATURDAY, APRIL 3, 1993 CAITRA 13, 1915

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

# PART I

# SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

## જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

### જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૩(૧) (ખ) મુજબનું.

નંબર ઉ/મકપ/પલસ/મજસ/વશી.-૧૧૫૪.—પાવાગઢ મુકામે તારીખ ૩૦મી માર્ચ ૧૯૯૩ થી ૭મી એપ્રિલ ૧૯૯૩ દરમ્યાન ચૈત્રી આઠમ, ચૌદશ અને પૂનમનો મેળો ભરાનાર છે. આ મેળા દરમ્યાન લોકોની ખૂબજ અવર જવર રહે છે. તેમજ પાવાગઢ ત્રણ રસ્તાથી માંચી સુધીનો રસ્તો ખૂબજ વળાંક અને ચઢાણવાળો તથા સાંકડો છે. લોકોની અવર જવરમાં ટ્રાફીક નિયમનની જાળવણી અંગે તથા અકસ્માત બનાવ ન બને તે અંગેના પગલાં રૂપે આ સમય દરમ્યાન માટે બન્ને દિવસો સહિત પાવાગઢ ત્રણ રસ્તાથી માંચી સુધી જવા માટે ભારે વાહનો, ટેમ્પા, વિગેરેની મનાઈ ફરમાવવા યોગ્ય જણાય છે.

જેથી મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૩(૧)(ખ) અન્વયે મળેલ અધિકારની રૂએ હું, એ. એસ. સુતરીયા, આઈ.એ.એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા, તે પાવાગઢ મુકામે પાવાગઢ ત્રણ રસ્તાથી માંચી સુધીનો રસ્તો ખૂબજ વળાંક અને ચઢાણવાળો તથા સાંકડો હોવાથી લોકોની અવર-જવરમાં ટ્રાફીક નિયમનની જાળવણી અંગે તથા અકસ્માત બનાવ ન બને તે અંગેના પગલાં રૂપે ભારે વાહનો, ટેમ્પા તેમજ ટ્રિચક્રી તેમજ ત્રિચક્રી વાહનોના અવર જવર ઉપર તારીખ ૩૦મી માર્ચ ૧૯૯૩ થી ૭મી એપ્રિલ ૧૯૯૩ (બન્ને દિવસો સહ) સુધી પ્રવેશબંધી ફરમાવવામાં આવે છે.

આજ તારીખ, ૩૦મી માર્ચ, ૧૯૯૩ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

એ. એસ. સુતરીયા,
જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ,
ગોધરા.



PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

REGISTERED No. G-BA-14-E

Extra No. 57

C

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIV ] TUESDAY, APRIL 6, 1993 / CAITRA 16, 1915

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

# PART I
# SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

કલેક્ટર દ્વારા

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનીજ નિયમો, ૧૯૬૬.

નંબર ઉ-મકવલ/એજીબીએલ/કયુએલ/રીગ્રાન્ટ/૯૩.—વલસાડ જિલ્લામાં નીચેની વિગતે દર્શાવેલ ક્વોરીલીઝના વિસ્તારો આ જાહેરનામું પ્રસિદ્ધ થયાની તારીખથી ૩૦ (ત્રીસ) પછી જાહેર જનતા માટે ફરીથી ઉપલબ્ધ જાહેર કરવામાં આવે છે.

57/1



INDEX

| અગાઉ | જેના નામે મંજૂર થયેલ | ખનીજ | તાલુકો | ગામ | સ. / બ્લોક નંબરો | મંજૂર થયેલ વિસ્તાર હેકટરમાં | ઉપલબ્ધ વિસ્તાર હેકટરમાં | નોંધ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | |
| ૧ | શ્રી ઈબ્રાહીમ હુશેન શેખ, ૨૯૨/૯૧ | સા. રેતી | વાંસદા | સિણધઈ | સ. નં. ૭૬ની અંબિકા નદી પટ. | ૧ ૨૧ ૪૦ | ૧ ૨૧ ૪૦ | રીન્યુ ૬ -૧૦-૧૯૯૨. |
| ૨ | શ્રી નારણભાઈ ડી. ઓડ, ૧૩૫/૮૪ | ,, | વાંસદા | સિણધઈ | સ. નં. ૧૩૮ની સામે અંબિકા નદી પટ | ૧ ૦૦ ૦૦ | ૧ ૦૦ ૦૦ | મુદત પુરી. |
| ૩ | શ્રી શાવનભાઈ મોહનભાઈ ઓડ, રીન્યુ ૧૨૮/૯૦ | ,, | વલસાડ | વેજલપોર | બ્લોક નં. ૨૫૦, ૨૫૩/૧ ની સામે ઔરંગા નદી પટ. (સ. નં. ૧૨૯, ૧૩૧) | ૧ ૫૦ ૦૦ | ૧ ૫૦ ૦૦ | રીન્યુ નામંજૂર ૨૩-૧૦-૧૯૯૦ |
| ૪ | શ્રી બાબુભાઈ બરજુલભાઈ પટેલ, ૧૧૭/૯૧. | ,, | વલસાડ | વેલવાચ | બ્લોક નં. ૫૩૭ ની સામે પાર નદી પટ. | ૨ ૦૦ ૦૦ | ૨ ૦૦ ૦૦ | રીવોક ૧૩-૧૦-૧૯૯૨ |
| ૫ | શ્રી ધનસુખલાલ એન. વલસાડીયા રીન્યુ. ૧૮૭/૯૧. | બ્લેકટ્રેપ | નવસારી | પુણી | બ્લોક નં. ૨૦ થી ૨૨ ની સામે અંબિકા નદી પટ. | ૨ ૩૫ ૦૦ | ૨ ૩૫ ૦૦ | રીવોક ૨૨-૧૨-૧૯૯૨ |
| ૬ | શ્રી સુમંત કે. નાયક, ૧૯/૮૬ | સા. રેતી | નવસારી | કબીલપોર | સ. નં. ૨૮૦/૧, ૨૭૯/૧ ની સામે પૂર્ણા નદી પટ | ૧ ૦૧ ૫૦ | ૧ ૦૧ ૫૦ | મુદત પુરી. |
| ૭ | શ્રી નરસિંહભાઈ બુચાભાઈ પટેલ, રીન્યુ. ૨૩૦/૯૧. | બ્લેક ટ્રેપ | ચીખલી | બામણવેલ | બ્લોક નં. ૫૮૦, ૫૮૧, ૭૬૩, ૭૭૬ ની સામે. કાવેરી નદી પટ. | ૧ ૦૦ ૦૦ | ૧ ૦૦ ૦૦ | રીવોક ૨૮-૯-૯૯૨. |
| ૮ | શ્રી મથુરભાઈ ગેમાભાઈ ઓડ, રીન્યુ. ૩૫૮/૯૨. | સા. રેતી | ધરમપુર | નાની ઢોલ ડુંગરી. | સ. નં. ૧૯ ની સામે માન નદી પટ. | ૧ ૦૦ ૦૦ | ૧ ૦૦ ૦૦ | કબજો પરત મળેલ છે. |
| ૯ | શ્રી દેવજુભાઈ ધાકલભાઈ ૩૪૫/૯૧. | ,, | ધરમપુર | કુંડા | સ. નં. ૯ ની સામે પાર નદી પટ. | ૦ ૬૫ ૨૮ | ૦ ૬૫ ૨૮ | રીવોક ૧૬-૧૦-૧૯૯૨ |
| ૧૦ | શ્રી ગુલાબભાઈ એસ. પટેલ, ૨૨૯/૯૧. | ,, | ધરમપુર | મોટી ઢોલ ડુંગરી | બ્લોક નં. ૧૭૨, ૧૭૩, ૧૭૪ ની સામે ઔરંગા નદી પટ. (સ. નં. ૩૨૭, ૩૨૮, ૩૨૯, ૩૩૧) | ૨ ૦૦ ૦૦ | ૨ ૦૦ ૦૦ | રીવોક. ૩૦-૭-૧૯૯૨. |
| ૧૧ | શ્રી ગજાનંદ એસ. ટંડેલ, રીન્યુ. ૬૪/૯૨. | ,, | ધરમપુર | બાબરખડક | સ. નં. ૨૬ ની સામે પાર નદી પટ. | ૧ ૪૦ ૮૦ | ૧ ૪૦ ૮૦ | રીન્યુ નામંજૂર અરજી મોડી. |
| ૧૨ | શ્રી વિકાસ ટ્રસ્ટ, ગડત, રીન્યુ. ૩૮૮/૯૧. | ,, | ગણદેવી | ગડત | બ્લોક નં. ૧૪, ૫૯, ૬૧, ૬૨, ૬૩ ની સામે અંબિકા નદી પટ. | ૨ ૦૦ ૦૦ | ૨ ૦૦ ૦૦ | ,, |
| ૧૩ | શ્રી બીપીનભાઈ એન. નાયક, રીન્યુ. ૩૮૯/૯૧. | ,, | ગણદેવી | ગડત | બ્લોક નં. ૬૩, ૬૪, ૬૫ ની સામે અંબિકા નદી પટ. | ૧ ૦૦ ૦૦ | ૧ ૪૦ ૮૦ | ,, |
| ૧૪ | શ્રીમતી રાબીયાબેન ઓ. સીદાત, રીન્યુ. ૬૫/૮૯. | ,, | ગણદેવી | મટવાડ | સ. નં. ૩૦૪, ૧૩, ૧૫, ૧૬, ૨૬ ની સામે અંબિકા નદી પટ. | ૧ ૦૦ ૦૦ | ૧ ૦૦ ૦૦ | રીન્યુ નામંજૂર |
| ૧૫ | શ્રી રમેશભાઈ એફ. ઓડ, ૫૧/૮૫. | ,, | ગણદેવી | સોનવાડી | બ્લોક નં. ૧૦૫, ૭૭૭૭૦૭, ૧૧૦, ૧૧૩, ૧૧૭ ની સામે અંબિકા નદી પટ. | ૧ ૬૬ ૪૦ | ૧ ૬૬ ૪૦ | મુદત પુંરી. |
| ૧૬ | શ્રી ધીરૂભાઈ એલ. નાયકા, ૩૫/૮૮. | ,, | ગણદેવી | પીપલધસ | બ્લોક નં. ૨૨૯, ૨૩૧, ૨૩૨ ની સામે અંબિકા નદી પટ. | ૦ ૧૭ ૫૦ | ૦ ૧૭ ૫૦ | ,, |
| ૧૭ | શ્રી બચુભાઈ ઉકડભાઈ ઓડ, રીન્યુ. ૧૬૯/૮૬. | ,, | ગણદેવી | વેગામ | બ્લોક નં. ૮૦ ની સામે અંબિકા નદી પટ. | ૦ ૭૫ ૦૦ | ૦ ૭૫ ૦૦ | નામંજૂર અરજી મોડી. |

INDEX

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧૮ | શ્રી ગોવિંદભાઈ બી. ઢીમર, ૩/૮૭. | ,, | ગણદેવી | વેગામ | બ્લોક નં. ૧૨૬, ૧૫૭, ૧૬૦, ૧૮૫, ની સામે અંબિકા નદી પટ. | ૧ ૦૦ ૦૦ | ૧ ૭૦ ૦૦ | મુદત પુરી. |
| ૧૯ | શ્રી મણીલાલ રામજી પટેલ, ૭૮/૮૪. | બ્લેક ટ્રેપ | પારડી | બાલદા | સ. નં. ૩૬૫, ૩૬૬ ની સામે પાર નદી પટ. | ૧ ૦૦ ૦૦ | ૧ ૦૦ ૦૦ | ,, |
| ૨૦ | શ્રી બાબુભાઈ આર. પટેલ, રીન્યુ. ૨૬૧/૯૦. | સા. રેતી. | પારડી | કોચરવા | સ. નં. ૧૮૪, ૧૮૫, ૧૮૬ ની સામે રાતા ખાડી પટ. | ૧ ૦૦ ૦૦ | ૧ ૦૦ ૦૦ | ના મંજુર. |

નોંધ.—ઉપરના વિસ્તારો પૈકી નદી પટના વિસ્તારો નદી કાંઠાથી ૧૫ (પંદર) મીટરની હદ મર્યાદા છોડયા પછી બાકી રહેતા વિસ્તારો જ ઉપલબ્ધ રહેશે તથા અરજી મળ્યા બાદ મહેસુલી ખાતાનો રેવન્યુ અભિપ્રાય મેળવવાની શરતે વિસ્તારો ઉપલબ્ધ રહેશે.

ઉપરોકત વિસ્તારો માટેની ક્વોરીલીઝ અરજીઓ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખ થી ૩૦ (ત્રીસ) દિવસ પછીના કચેરીના કામકાજના દિવસથી સ્વીકારવામાં આવશે તે પહેલ મળેલી તમામ અરજીઓ રદ બાતલ ગણાશે.

વલસાડ, તારીખ ૨૨મી માર્ચ ૧૯૯૩.

ઓ. રવિ,
કલેકટર, વલસાડ.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

REGISTERED No. G-BA-14-E

Extra No. 58

C

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIV] THURSDAY, APRIL 8, 1993 / CAITRA 18, 1915

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

# PART I

# SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

## અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ના (મુંબઈના ૨૨મા) ની કલમ ૩૭ની પેટા કલમ-(૩) હેઠળ

નંબર ડી/એમએજી/બીપીએ/૧૫/૯૩.—તાજેતરમાં બનેલા બનાવોને લક્ષમાં લેતાં આગામી માસમાં રામનવમી, ચૈત્રી પુનમ જેવા ધાર્મિક તહેવારો આવતા હોઈ સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં તંગદીલી જેવું વાતાવરણ હોઈ કાયદો અને વ્યવસ્થા જાળવવાના હેતુ સારુ સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં ચાર કે તેથી વધુ વ્યકિતઓની કોઈ મંડળી સરઘસની મનાઈ કરવાનું મને જરૂરી જણાયું છે.

તેથી, હવે, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈના ૨૨મા) ની કલમ ૩૭ની પેટા-કલમ-૩ થી મને મળેલ સત્તાની રુએ, હું, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા, આથી બનાસકાંઠા જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તારીખ ૧લી એપ્રિલ ૧૯૯૩ થી તારીખ ૩૦મી એપ્રિલ ૧૯૯૩ સુધીની (બંને દિવસો સહિત) મુદત માટે ચાર કરતાં વધુ વ્યકિતઓની કોઈ મંડળીને સભા ભરવા કે બોલાવવા તેમજ સરઘ સ માટે મનાઈ ફરમાવું છું.

વધુમાં હું આદેશ કરું છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરીમાં તથા રોજગારમાં હોય તે વ્યકિતઓને,
(૨) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષકદળની વ્યકિતઓને,
(૩) કોઈ લગ્નના વરઘોડાને,
(૪) કોઈપણ સ્મશાનયાત્રાને,

આ હુકમનો કોઈ ભંગ અથવા ઉલ્લંઘન કરવા બદલ સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ ની પેટા કલમ-૩ અને ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ (સને ૧૮૬૦ના ૪૫માંની) કલમ: ૧૮૮ હેઠળ શિક્ષાપાત્ર થશે.

આજ તારીખ ૩૧ માહે માર્ચ, સને ૧૯૯૩ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કર્યો.

અમ. બી. ઝાલા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા,
પાલનપુર.

———



Supple. C. G. I—Extra—58/1

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 59 REGISTERED No. G-EA-14-B

C

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIV] SATURDAY, APRIL 10, 1993 / CAITRA 20, 1915

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

# PART I

# SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

## પોલીસ કમિશનર દ્વારા

### જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧.

ક્રમાંક ગ/ઉપક/૧૬૧/૯૩.—ગૃહ વિભાગના તારીખ ૨૭ જાન્યુઆરી ૧૯૯૩ના ઠરાવ ક્રમાંક પસથ-૧૦૯૨-૩૭૨૮-વ થી અમદાવાદ શહેરમાં "દાણીલીમડા" નવું પોલીસ સ્ટેશન ખોલવાનો ઠરાવ થતાં સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમ, (સને ૧૯૫૧ના ૨૨ માના) કલમ ૧૨ થી અપાયેલ અધિકારની રૂએ હું, એમ. એમ. મેહતા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, આથી તારીખ ૩૦મી જાન્યુઆરી ૧૯૯૩ના પોલીસ કમિશનર, અમદાવાદ શહેરના જાહેરનામા ક્રમાંક ગ/ઉપક/૬૮/૯૩ થી બહાર પાડેલ જાહેરનામાનાં અનુસંધાને કાગડાપીઠ ઉપવિભાગની પશ્ચિમ અને દક્ષિણ ની હદમાં તેમજ દાણીલીમડા ઉપ વિભાગની પૂર્વ અને ઉત્તરની હદમાં નીચે જણાવ્યા પ્રમાણેનો સુધારો તારીખ ૧લી માર્ચ ૧૯૯૩થી અસ્તિત્વમાં આવે તે રીતે બહાર પાડું છું.

કાગડાપીઠ ઉપવિભાગનું કાર્યક્ષેત્ર :

પશ્ચિમ.— જમાલપુર સર્કલ થી.....

ભુલાભાઈ ત્રણ રસ્તા સુધી (રોડ સિવાય) ને બદલે નીચે મુજબ વાંચવુ.

જમાલપુર સર્કલ થી બહેરામપુરા ચોકી થઈ નારણદાસની ચાલી થી હલડીયા હનુમાન ચાર રસ્તા, (રોડ સહિત) થી મેલડીમાતા ચાર રસ્તાથી જેઠાલાલની ચાલી બહેરામપુરા વ્યાયામશાળા થઈ શાસ્ત્રીનગરથી પરીક્ષીત લાલ નગર ત્રણ રસ્તા, ભુલાભાઈ ચોકીથી ભુલાભાઈ ત્રણ રસ્તા સુધી (રોડ સિવાય).

દક્ષિણ "ભુલાભાઈ ચાર રસ્તા થઈ" લખેલ છે તે રદ કરવું.

દાણીલીમડા પોલીસ સ્ટેશન ઉપવિભાગ.

દાણી લીમડા પોલીસ સ્ટેશન ઉપ વિભાગ મથકેથી

પૂર્વ : શાહ આલમ ટોલનાકાથી ભુલાભાઈ ચાર રસ્તા (રોડ સિવાય) લખેલ છે તેને બદલે "શાહ આલમ ટોલનાકા થી ભુલાભાઈ ત્રણ રસ્તા (રોડ સિવાય) વાંચવું.

ઉત્તર : અગાઉની હદ રદ કરી નીચે મુજબની હદ નક્કી કરવામાં આવેલ છે. "ભુલાભાઈ ત્રણ રસ્તા થઈ ભાવના સોસાયટીથી પરીક્ષીત લાલ નગરથી કબાડી માર્કેટ નં. ૩ થી ઘીવાળી ચાલી થી દૂધવાળી ચાલીથી મેલડી માતા ચાર રસ્તાથી હલડીયા હનુમાન ચાર રસ્તા (રોડ સહિત) થી કેસીકોમીલ ઝાંપા નં. ૬ થી બુખારી બાવાનો છેલ્લો થી જમાલપુર સર્કલ (રોડ સિવાય) થી કેસીકો મીલ ઝાંપા નં. ૧થી સરદાર બ્રીજના છેડા સુધી (રોડ સિવાય) (રોડ તથા જમાલપુર સર્કલ ગાયકવાડ હવેલી ઉપ વિભાગમાં પડે છે).

અમદાવાદ, તારીખ ૧લી માર્ચ, ૧૯૯૩.

એમ. એમ. મેહતા,
પોલીસ કમિશનર, અમદાવાદ શહેર.

———



Supple. C. G. I—Extra—59/1

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 60 REGISTERED No. G-BA-14-E

C

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIV ] THURSDAY, APRIL 15, 1993 / CAITRA 25, 1915

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

# PART I

# SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

## અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયેનો

નંબર પીઓએલ/વશી/૧૫૫૨.—તાજેતરમાં મુંબઈ મુકામે બનેલા બોમ્બ વિસ્ફોટના બનાવ તેમજ જિલ્લાની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ધ્યાનમાં લઈ કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને જિલ્લાના સંવેદનશીલ અને અતિસંવેદનશીલ વિસ્તારમાં તેના અનુસંધાનમાં કોઈ અવળા પ્રત્યાઘાત ન પડે તે માટે ઉકત કાયદાની કલમ ૩૭ (૧) મુજબ જાહેરનામું બહાર પાડેવું જરૂરી જણાય છે.

વાસ્તે, હું, જે. એમ. લુણી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૭(૧) થી મને મળેલ અધિકારની રુઈએ સમગ્ર ખેડા જિલ્લામાં તારીખ ૬ઠ્ઠી એપ્રિલ ૧૯૯૩ થી તારીખ ૧૯મી એપ્રિલ ૧૯૯૨ ( બંને દિવસો સુધ્ધાંત) નીચેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું :—

(૧) હથીયાર, તલવાર, ધોકા, બંદુક, છરા, લાઠી, લાકડી, સળગતી મશાલ અથવા બીજા હથીયારો કે જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું,

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું,

(૩) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તે વસ્તુઓ ફેંકવાના કે ઘકેલવાના યંત્રો અથવા સાધનો સાથે લઈ એકઠા તથા તૈયાર કરવાનું,

(૪) મનુષ્યો અથવા શબ અથવા પુતળાં દેખાડવાનું,

(૫) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવાનું અથવા અસ્લીલ ગીતો ગાવાનું,

(૬) જેનાથી સુરુચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાનું તથા તેવા ચિત્રો, પ્રતિકો, પ્લેકાર્ડો અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાનું, બતાવવાનું અથવા ફેલાવો કરવાનું

વિસ્તાર.—સમગ્ર ખેડા જિલ્લો.

અપવાદ.—આ હુકમનો ખંડ (૧) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી

(૧) સરકારી નોકર કે કામ કરતી કોઈ વ્યકિત કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથીયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈ હથીયાર લઈ જવાની જેની ફરજ હોય.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ-ડિવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, જિલ્લા પોલીસ અધિકારીશ્રી, અથવા તેમણે અધિકૃત કરેલા કોઈપણ પોલીસ અધિકારી જેને શારીરિક અશકિતના કારણે લાકડી કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

મેં આજ તારીખ ૬ઠ્ઠી એપ્રિલ ૧૯૯૩ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

જે. એમ. લુણી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા



PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 61 REGISTERED No. G-BA-14

C

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIV ] FRIDAY, APRIL 16, 1993 / CAITRA 26, 1915

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

# PART I

# SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

## પોલીસ કમિશનર દ્વારા

### હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, (સને ૧૯૫૧ના ૨૨મા) અધિનિયમની કલમ ૩૭ (૧) અન્વયે કાઢેલ.

ક્રમાંક એસ.બી. / ઉગપક / જાહેરનામું /૧૩૩૭/૯૩.—મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ના ૨૨મા અધિનિયમની કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ, હું, હીરાલાલ (આઈ.પી.એસ.), પોલીસ કમિશનર, વડોદરા શહેર.

વડોદરા શહેરની હાલની પરિસ્થિતિને લક્ષમાં રાખી જાહેર સુલેહશાંતિ અને સલામતી જાળવવા સારૂં આથી હું ફરમાવું છું કે વડોદરા શહેરનો સમગ્ર વિસ્તાર એટલે કે પોલીસ કમિશનર વિસ્તારમાં તારીખ ૧૬મી એપ્રિલ ૧૯૯૩ના ક. ૦૦-૦૦ થી તારીખ ૩૦મી એપ્રિલ ૧૯૯૩ના ક્લાક ૨૪-૦૦ સુધી કોઈએ—

(ક) કોઈ પ્રકારના શસ્ત્રો, તલવાર, ભાલા, લાકડી, બંદુક અને તેવા સાધનો કે ચીજથી હિંસા થઈ શકે તેવી કોઈ વસ્તુ લઈ જવી કે કબજામાં રાખવી નહીં;

(ખ) કોઈ ભયાનક પદાર્થ કે સ્ફોટક પદાર્થ લઈ જવો નહીં;

(ગ) પથ્થરો અથવા ફેંકવાના સાધનો એકત્રિત કરવા કે તૈયાર કરવા નહીં;

(ઘ) કોઈ શબ, આકૃતિ કે પુતળા દેખાડવા નહીં;

(ચ) સરઘસમાં સળગતી મશાલ લઈ જવી નહીં;

(છ) અપમાન કરવાના ઈરાદાથી કે બદનામ કરવાના ઈરાદાથી જાહેરમાં સૂત્રો પોકારવા નહીં અથવા ટોળામાં ફરવું નહીં;

(જ) જેનાથી સૂરૂચિ અથવા ભંગ થાય તેવી ચેષ્ટા કરવી નહીં, તેવા ચિત્રો, કે પ્લેકાર્ડો કે પત્રિકાઓ અથવા કોઈ ચીજ વસ્તુ કે પદાર્થ તૈયાર કરવો નહીં, અગર ફેલાવો કરવો નહિ.

આ હુકમ ભંગ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડતો નથી:—

(૧) સરકારી નોકર કે તેવું કામ કરતી વ્યકિતઓ કે તેવું કામ ઉપરી અધિકારીએ આવું કોઈ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય અગર હથિયાર લઈ જવાની ફરજ હોય તેમજ પરવાનેદાર વ્યકિતને,

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા અધિકૃત કરેલ કોઈ અધિકારી જેને શારીરિક અશકિતને કારણે લાકડી લઈ જવાની પરવાનગી આપેલ હોય તે વ્યકિતને.

આ જાહેરનામાનો કોઈપણ ખંડ અથવા ઉલ્લંઘન કરનારને ઈન્ડીયન પીનલ કોડ કલમ-૧૮૮ મુજબ એક માસની સજા અથવા રૂા. ૨૦૦ દંડને પાત્ર થશે.

મેં, આજ તારીખ ૧૫મી એપ્રિલ ૧૯૯૩ના રોજ મારી સહી કરી સિક્કો મારેલ છે.

હીરાલાલ,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

———



INDEX

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમન (સને ૧૯૫૧ના ૨૨માં) અધિનિયમની કલમ ૩૭ (૧) બી મુજબનો.

ક્રમાંક એસ.બી./ઉગપક/જાહેરનામું/૧૩૩૮/૯૩.—વડોદરા શહેરમાં ધાર્મિક તહેવારો આવતા હોઈ, શહેરમાં કેટલાક ઈસમો, બાળકો, છોકરાઓ કોમી સંવેદનશીલ વિસ્તારમાં સલામતી જોખમાય તે રીતે ક્રિકેટની રમત રમી-રમાડી શેરીઓમાં, ગલીઓમાં કે જાહેર માર્ગો ઉપર ટ્રાફીકને અડચણ થાય તે રીતેનું વ્યવહાર-વર્તન કરતા હોય તેના કારણે સુલેહશાંતી જોખમાય તે સંભવ હોય આથી આ કૃત્ય અટકાવવું ખુબજ જરૂરી હોય, તેથી—

હું, હીરાલાલ (આઈ. પી. એસ), પોલીસ કમિશનર, વડોદરા શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ના કલમ-૩૭ (૧)બી મુજબ મને મળેલ સત્તાની રૂએ, ફરમાવું છું કે, શહેરના પોલીસ કમિશનર વિસ્તારમાં તારીખ ૧૬મી એપ્રિલ ૧૯૯૩ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૩૦મી એપ્રિલ ૧૯૯૩ના કલાક ૨૪-૦૦ સુધી કોઈપણ ઈસમ, બાળકો, છોકરાઓ વિગેરે સરાયામ રોડ રસ્તા કે જાહેર-માર્ગો, ગલીઓમાં ક્રિકેટની રમત રમવી કે રમાડવી નહીં અથવા તેવી કોઈ પ્રવૃતિ કરવી નહીં.

મેં આજ તારીખ ૧૫મી એપ્રિલ ૧૯૯૩ના રોજ મારી સહી કરી સીક્કો મારેલ છે.

હીરાલાલ,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

---

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમન (સને ૧૯૫૧ના ૨૨માં) અધિનિયમની કલમ ૩૭ (૧) મુજબનો.

ક્રમાંક એસ. બી. / ઉગપક /જાહેરનામું / ૧૩૩૯ / ૯૩.—વડોદરા શહેરમાં પોલીસ કમિશનરની હકુમત હેઠળ વડોદરા શહેરના નીચેના વિસ્તારમાં જાહેર સુલેહ શાંતિ જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે, હું, હીરાલાલ ( આઈ. પી. એસ. ), પોલીસ કમિશનર, વડોદરા શહેરની મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨મા), અધિનિયમની કલમ ૩૭ (૧) (૩) થી મને મળેલ અધિકારની રૂએ, ફરમાવું છું કે નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૧૬મી એપ્રિલ ૧૯૯૩ના ક. ૦૦-૦૦ થી તારીખ ૩૦મી એપ્રિલ ૧૯૯૩ના ક. ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે વ્યકિતઓ ભેગા થવું નહીં અગર સભા ભરવી કે બોલાવવી નહીં તેમજ કોઈ સરઘસ કાઢવું નહીં.

વિસ્તાર.—વડોદરા શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

ખુલાસો.—રસ્તાની ફૂટપાથનો પણ આમાં સમાવેશ થાય છે.

અપવાદ.— આ હુકમમાંથી જેઓને અત્રેની કચેરીએથી ધાર્મિક વર-ઘોડાની પરવાનગી તેમજ જે માણસ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ લગ્નના વરઘોડા અને સ્મશાનયાત્રાને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની, કલમ ૧૩૫ હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમન સને ૧૯૬૦ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૧૫મી એપ્રિલ ૧૯૯૩ના રોજ મારી સહી કરી સીક્કો મારેલ છે.

હીરાલાલ,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

---

PRINTED AT THE GOVERNMENT PRESS, BARODA.

INDEX

Extra No. 62 REGISTERED No. G-BA-14-E

C

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIV ] SATURDAY, APRIL 17, 1993 / CAITRA 27, 1915

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

## PART I

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

### અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

વાંચ્યા —(૧) અત્રેના ક્રમાંક ટ્રાફીક/જાહેરનામું/૨૯૬૭ થી ૩૦૭૭/૯૨, તારીખ ૪થી ઓક્ટોબર, ૧૯૯૨.

(૨) પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી, વડોદરાના પત્ર ક્રમાંક પરમીટ/ના પાર્કીંગ ઝોન-વડો/ઓન/૩૦૦, તારીખ ૨૧મી જાન્યુઆરી, ૧૯૯૩.

સુધારેલ જાહેરનામું

નંબર ટ્રાફીક/જાહેરનામું/૧૨૬૬ થી ૧૩૦૩/૯૩.—ઉપરોકત વંચાણ (૧)માં જણાવેલ જાહેરનામાથી વડોદરા જિલ્લાના વિવિધ એસ. ટી. સ્ટેન્ડના સ્થળો માટે નો પાર્કીંગ વિસ્તાર જાહેર કરવા જાહેરનામું બહાર પાડવામાં આવેલ છે. તેમાં ત્રીજી લીટીમાં "તમામ પ્રકારના ખાનગી વાહનો" એ શબ્દોને બદલે ખાનગી પેસેન્જર વાહનો ( ટેક્ષી, ઓટોરીક્ષા, સિવાય) જેવા કે ડીલીવરી વાન, ટ્રક, ટેમ્પો, મેટાડોર, ખાનગી જીપકાર વિગેરે, એ પ્રમાણે સુધારીને વાંચવું. તે મુજબ સુધારો કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

ઉપરોકત જાહેરનામાં સામે જે વ્યકિતઓને વાંધા સૂચનો રજૂ કરવા ઈચ્છતી હોય તેઓએ સુધારેલ જાહેરનામું પ્રસિદ્ધ થયા તારીખથી દિન ૩૦ માં લેખીત વાંધાઓ જિલ્લા મેજિસ્ટ્રેટકી, વડોદરા તરફ મોકલી આપવા તો તે અંગે યોગ્ય વિચારણા કરવામાં આવશે.

આજ તારીખ ૭મી એપ્રિલ, ૧૯૯૩ના રોજ મારી સહી તથા સિક્કો કરવામાં આવ્યાં.

જે. એન. અમીન,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વડોદરા.



PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

Supple. C. G. I-Extra—62/1

INDEX

Extra No. 63 REGISTERED No. G-BA-14-E

C

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIV] WEDNESDAY, APRIL 28, 1993 / VAISAKHA 8, 1915

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

# PART I

# SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

## અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે.

નંબર એમ.એ. જી./વશી/૨૭૨૦ થી ૨૭૫૨/૯૩.—મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ( મુંબઈ-૨૨માં ), અધિનિયમની કલમ-૩૭(૧) (ક) અન્વયે મળેલ સત્તાની રુઈએ હું, જે. એન. અમીન, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા જિલ્લામાં હાલમાં શાળા તેમજ કોલેજની પરીક્ષા શરૂ થયેલ હોઈ તથા એસ. ટી. ભાડામાં થયેલ વધારો ધ્યાને લેતાં જાહેર શાંતિ અને સલામતિ જાળવવા ફરમાવું છું કે, વડોદરા જિલ્લાના પોલીસ કમિશનરશ્રી વડોદરા શહેર હકુમત સિવાયના વિસ્તારમાં એટલે વડોદરા જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તારીખ ૨૨મી એપ્રિલ ૧૯૯૩ના ૦૦-૦૦ કલાકથી તારીખ ૫મી મે ૧૯૯૩ના રોજ ૨૪-૦૦ કલાક સુધી કોઈએ,

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, બંદુક, છરા, કે લાકડી, કે લાઠી અને શારિરીક ઈજા પહોંચાડી ફેકાય તેવું કોણપણ સાધન લઈ જવું નહીં.

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહીં.

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવા બીજી વસ્તુઓ ફેંકવાનાં કે ધકેલવાના યંત્રો સાધનો લઈ જવા નહીં કે એકઠા કરવા નહ અથવા તૈયાર કરવા નહીં.

(ઘ) મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં.

(ઙ) આપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો પોકારવા નહીં અશિલલ ગીતો ગાવા નહીં અથવા ટોળામાં ફરવું નહીં.

(ચ) જેનાથી સુરૂચિ નીતિનો ભંગ થાય તેવું ભાપણ કરવું નહીં, તેવા હાવભાવ કરવા નહીં તથા તેવા ચિત્રો, પત્રિક, પ્લેકાર્ડો, અથવા કોઈ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવી નહીં. તેનો ફેલાવો કરવો નહીં.

આ હુકમમાં ખંડ (ક)ની નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરીનું કામકાજ કરતી કોઈ વ્યકિતના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા તેવું કોણ કોઈ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(૨) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, અથવા જિલ્લા પોલીસ અધિકારીશ્રી તેમના અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારી કે જે શારીરિક, અશકિતના કારણે લાકડી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત,

આ જાહેરનામાંના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામા ઓછી (૪) ચાર માસની અને વધુમાં વધુ ૧ વર્ષની કેદની સજા થશે. અને મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૨ની કલમ-૧૩૫(૧) મુજબ દંડની પણ સજા ને પાત્ર છે.

આજ તારીખ ૨૧મી એપ્રિલ ૧૯૯૩ના રોજ મારી સહી-સિક્કો કરી આપ્યો.

જે. એન. અમીન,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વડોદરા.

———



INDEX

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયે.

નંબર એમએજી/વશી/૨૭૫૩ થી ૨૭૮૩/૯૩.—વડોદરા જિલ્લામાં હાલમાં શાળા તેમજ કોલેજોની પરીક્ષા શરૂ થયેલ હોય તથા એસ. ટી. ભાડાના વધારાને ધ્યાને લેતાં જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે વડોદરા જિલ્લામાં પોલીસ કમિશનર, વડોદરા શહેરની હકુમત હેઠળ સિવાયના વિસ્તાર એટલે કે વડોદરા જિલ્લાના સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં સુલેહ શાંતિ અને સલામતિ જાળવણી અત્યંત જરૂરી હોઈ વ્યકિતઓની મંડળી, સરઘસની મનાઈ કરવાનું મને જરૂરી જણાયું છું.

તેથી હવે મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ( સને ૧૯૫૧ના ૨૨માં) અધિનિયમની કલમ-૩૭ પેટા-કલમ (૩) થી મને મળેલી સત્તાની રૂઈએ હું, જે. એન.અમીન, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા ઉપરોકત વિસ્તારમાં તારીખ ૨૨મી એપ્રિલ ૧૯૯૩ ના રોજ ૦૦-૦૦ કલાકથી તારીખ ૫મી મે ૧૯૯૩ના રોજ ૨૪-૦૦ કલાકના સમય દરમ્યાન ( બંને દિવસો સહિત )

(૧) ચાર કરતાં વધુ વ્યકિતઓએ ભેગા થવું નહીં.

(૨) સભા ભરવી કે બોલાવવી નહીં.

વધુમાં હું આદેશ કરું છું કે, આ હુકમ નીચેના ને લાગું પડશે નહિ.

(૧) સરકારી નોકરીમાં અથવા રોજી પર હોય તે વ્યકિતને,

(૨) કોઈ લગ્નના વરઘોડાને,

(૩) ફરજ પર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતઓને,

(૪) કોઈપણ સ્મશાન યાત્રાને,

(૫) કોઈ પણ રાષ્ટ્રીય કાર્યક્રમને.

આ હકમમાંથી સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી તેઓના મુખ્ય મથક વિસ્તાર માટે તથા તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી તેઓના તાલુકા વિસ્તાર માટે મુકિત આપી શકાશે એટલે સરઘસ તથા સભા અંગેની પરવાનગી અંગે સ્થાનિક પરિસ્થિતિ તથા પોલીસ ખાતાનો અભિપ્રાય મેળવી આપવાનો રહેશે.

આ હુકમનો ભંગ અથવા ઉલંઘન કરનાર સદરહું અધિનિયમની કલમ-૧૩૫ની પેટા-કલમ (૩) મુજબ અને ભારતીય ફોજદારી અધિનિયમ ૧૮૬૦ (સને ૧૮૬૦ના ૪૫માં ) ની કલમ-૧૮૮ મુજબ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૨૧મી એપ્રિલ ૧૯૯૩ના રોજ મારી સહી સિક્કો હેઠળ આપ્યો.

જે. એન. અમીન,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વડોદરા.

---

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 64 REGISTERED No. G-BA-14-E

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

Vol. XXXIV ] FRIDAY, APRIL 30, 1993 /VAISAKHA 10, 1915

**Separate paging is given to each part of the Sapplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation**

# PART I

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

### પોલીસ કમિશનર દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨મા) ની કલમ ૩૭ (૧) અન્વયે કાઢેલ.

ક્રમાંક એસ. બી./ઉગપક/જાહેરનામું/૧૪૯૧/૯૩.—મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨મા) ની કલમ ૩૭ (૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ, હું, હીરાલાલ (આઈ.પી.એસ.), પોલીસ કમિશનર, વડોદરા શહેર,

વડોદરા શહેરની હાલની પરિસ્થિતિને લક્ષમાં રાખી જાહેર સુલેહશાંતિ અને સલામતી જાળવવા સારૂ આથી હું ફરમાવું છું કે વડોદરા શહેરનો સમગ્ર વિસ્તાર એટલે કે પોલીસ કમિશનર વિસ્તારમાં તારીખ ૧લી મે ૧૯૯૩ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૫મી મે ૧૯૯૩ના કલાક ૨૪-૦૦ સુધી કોઈએ.—

(ક) કોઈ પ્રકારનાં શસ્ત્રો, તલવાર ભાલા, લાકડી, બંદુક અને તેવાં સાધનો કે ચીજથી હીંસા થઈ શકે તેવી કોઈ વસ્તુ લઈ જવી કે કબજામાં રાખવી નહિ.

(ખ) કોઈ ભયાનક પદાર્થ કે સ્ફોટક પદાર્થ લઈ જવો નહિ.

(ગ) પથ્થરો અથવા ફેંકવાના સાધનો એકત્રિત કરવાં કે તૈયાર કરવા નહિ.

(ઘ) કોઈ શબ, આકૃતિ કે પુતળા દેખાડવા નહિ.

(ચ) સરઘસમાં સળગતી મશાલ લઈ જવી નહિ.

(છ) અપમાન કરવાના ઈરાદાથી કે બદનામ કરવાના ઈરાદાથી જાહેરમાં સૂત્રો પોકારવા નહિ અથવા ટોળામાં ફરવું નહિ.

(જ) જેનાથી સુરુચિ ભંગ થાય તેવી ચેષ્ટા કરવી નહી, તેવા ચીત્રો કે પ્લેકાર્ડો કે પત્રિકાઓ અથવા કોઈ ચીજવસ્તુ કે પદાર્થ તૈયાર કરવા નહિ અગર ફેલાવો કરવો નહીં.

આ હુકમ ભાગ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડતો નથી :—

૧. સરકારી નોકર કે તેવું કામ કરતી વ્યકિતઓ કે તેવું કામ ઉપરી અધિકારીએ આવું કોઈ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય અગર હથિયાર લઈ જવાની ફરજ હોય તેમજ પરવાનેદાર વ્યકિતને.

૨. જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા અધિકૃત કરેલ કોઈ અધિકારી જેની શારીરિક અશકિતને કારણે લાકડી લઈ જવાની પરવાનગી આપેલ હોય તે વ્યકિતને.

આ જાહેરનામાનો કોઈપણ ખંડ અથવા ઉલ્લંઘન કરનારને ઈ.પી.કો. કલમ ૧૮૮ મુજબ એક માસની સજા અથવા રૂા. ૨૦૦ ના દંડ ને પાત્ર થશે.

મેં આજ તારીખ ૩૦મી એપ્રિલ ૧૯૯૩ના રોજ મારી સહી કરી સિક્કો મારેલ છે.

હીરાલાલ,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.



INDEX

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨મા) ની કલમ ૩૭ (૧) મુજબ.

ક્રમાંક એસ. બી./ઉગપક/જાહેરનામું/૧૪૯૨/૯૩.—વડોદરા શહેરમાં ધાર્મિક તહેવારો આવતા હોય શહેરમાં કેટલાક ઈસમો, બાળકો છોકરાઓ કોમી સંવેદનશીલ વિસ્તારમાં સલામતી જોખમાય તે રીતે ક્રિકેટની રમત રમી રમાડી શેરીઓ, ગલીઓમાં કે જાહેર માર્ગો ઉપર ટ્રાફીકને અડચણ થાય તે રીતેનાં વિહાર વર્તન કરતા હોય જેના કારણે સુલેહશાંતિ જોખમાય તે સંભવ હોય આથી આ કૃત્ય અટકાવવું ખુબ જ જરૂરી હોય તેથી.

હું, શ્રી હીરાલાલ (આઈ. પી. એસ.), પોલીસ કમિશનર, વડોદરા શહેર મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ સને કલમ ૩૭ (૧) બી મુજબ મને મળેલ સત્તાની રૂંએ ફરમાવું છું કે શહેરનાં પોલીસ કમિશનર વિસ્તારમાં તારીખ ૧લી મે ૧૯૯૩ ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૫મી મે ૧૯૯૩ ના કલાક ૨૪-૦૦ થી સુધી કોઈપણ ઈસમ, બાળકો, છોકરાંઓ વિગેરે સરીયામ રોડ રસ્તા કે જાહેરમાર્ગો, ગલીયોમાં ક્રિકેટની રમત રમવી કે રમાવડી નહીં અથવા તેવી કોઈ પ્રવૃત્તિ કરવી નહીં.

મેં આજ તારીખ ૩૦મી એપ્રિલ ૧૯૯૩ ના રોજ મારી સહી કરી સિક્કો મારેલ છે.

હીરાલાલ,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

---

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માં)ની કલમ ૩૭ (૧) મુજબ.

ક્રમાંક એસ. બી./ઉગપક/જાહેરનામું/૧૪૯૩/૯૩.—વડોદરા શહેરમાં પોલીસ કમિશનરની હકુમત હેઠળ વડોદરા શહેરનાં નીચેનાં વિસ્તારોમાં જાહેર શાંતિ જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, શ્રી હીરાલાલ (આઈ. પી. એસ.), પોલીસ કમિશનર, વડોદરા શહેરની મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માં) અધિનિયમની કલમ ૩૭(૧) (બી)થી મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૧લી મે ૧૯૯૩ ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૫મી મે ૧૯૯૩ ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે વ્યકિતઓ ભેગા થવું નહીં અગર સભા ભરવી કે બોલાવવી નહીં. તેમજ કોઈ સરઘસ કાઢવું નહીં.

વિસ્તાર : વડોદરા શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

ખુલાસો : રસ્તાની ફૂટપાથનો પણ આમાં સમાવેશ થાય છે.

અપવાદ : આ હુકમમાંથી જેઓને અત્રેની કચેરીએથી ધાર્મિક વરઘોડાની પરવાનગી તેમજ જે માણસ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ લગ્નનાં વરઘોડા અને સ્મશાન યાત્રાને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૯૬૦ ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ રોજ તારીખ ૩૦મી એપ્રિલ ૧૯૯૩ ના રોજ મારી સહી કરી સિક્કો મારેલ છે.

હીરાલાલ,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

---

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 65 REGISTERED No. G-BA-14-E

C

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIV] SATURDAY, MAY 1, 1993 / VAISAKHA 11, 1915

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

# PART I
# SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

## અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭ (૧) અન્વયેનું.

નંબર પીઓએલ/જાહેરનામું/૩૭ (૧)/૯૩.— હાલમાં જિલ્લામાં તારીખ ૧લી એપ્રિલ ૧૯૯૩ના રોજ રામનવમીનો તહેવાર આવતો હોઈ, તેને લક્ષમાં લેતા લક્ષમાં લેતા સમગ્ર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે તકેદારીના પગલાં રૂપે નીચે મુજબનો હુકમ કરવો જરૂરી છે.

વાસ્તે, હું, શ્રી સી. જે. ચાવડા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો, હિંમતનગર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની, કલમ ૩૭(૧)થી મને મળેલ અધિકારની રૂએ તારીખ ૩૧મી માર્ચ ૧૯૯૩ ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૫મી એપ્રિલ ૧૯૯૩ના કલાક ૨૪-૦૦ સુધી સમગ્ર જિલ્લામાં નીચેના કૃત્યોની મનાઈ ફરમાવું છું.

૧. શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, ટોટા, બંદુક, ચપ્પુ, લાઠી કે લાકડી જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે ફરવાનું;

૨. પથ્થરો, પદાર્થો અથવા સ્ફોટક પદાર્થો સાથે ફરવાનું;

૩. પથ્થરો, અથવા બીજા શસ્ત્રો, અથવા તે ફેંકવાના કે નાખવાના કે ધકેલવાના શસ્ત્રો, અથવા સાધનો સાથે લઈ જવાનું, ફરવાનું કે એકઠા કરવાનું તથા તૈયાર કરવાનું;

૪. કોઈ સરઘસમાં જલતી કે પેટાવેલી મશાલ લઈ જવાનું;

૫. વ્યક્તિઓ અથવા તેનું શબ, આકાર અથવા પુતળાં દેખાડવાનું, સુત્રો પોકારવાનું અથવા અશ્લીલ ગીતો ગાવાનું;

૬. અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવાનું, જેનાથી સુરુચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાનો તથા હાવભાવ અથવા ચેષ્ટા કરવાનું તથા પત્રો, પત્રીકાઓ, પ્લેકાર્ડો અથવા તેનો ફેલાવો કરવાનું.

અપવાદ:—

આ હુકમનો ખંડ-૧ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં:—

૧. સરકારી નોકર કે કામ કરતી વ્યક્તિઓ કે જેના ઉપરી અધિકારીએ આવું કોઈ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈ હથિયાર સરકારી ફરજ બજાવવા સાથે રાખવાનું આવશ્યક હોય;

૨. જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ-ડિવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, અથવા તેઓએ અધિકૃત કરેલા કોઈપણ અધિકારીએ જેને શારીરિક અશકતિના કારણે લાકડી કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓ.

૩. કોઈ ધાર્મિક તહેવારની ઉજવણી માટે આ જાહેરનામામાં ઉલ્લેખ કરેલ હથિયારો પૈકીના હથિયારો ધાર્મિક રીવાજોને અનુરૂપ ઉપયોગ કરવા માટે જિલ્લા પોલીસ અધિકારીશ્રી, અથવા જે તે વિસ્તારના સબ-ડિવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી કે એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ-શ્રીએ, અગાઉથી લેખિત મંજૂરી આપી હોય તેવી સંસ્થાઓ : વ્યકિતઓ.



INDEX

આ જાહેરનામાંનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર અથવા કરાવનાર શખ્સો ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫(૧) હેઠળ ઓછામાં ઓછી ચાર માસ કે વધુમાં વધુ એક વર્ષની કેદની સજા અને દંડને પાત્ર થશે.

આજ તારીખ ૩૦મી માર્ચ, ૧૯૯૩ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

સી. જે. ચાવડા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સાબરકાંઠા જિલ્લો,
હિંમતનગર.

---

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયેનું.

નંબર પીઓએલ/જાહેરનામું/૩૭(૩)/૯૩.— હાલમાં જિલ્લામાં તારીખ ૧લી એપ્રિલ ૧૯૯૩ના રોજ રામનવમીના તહેવાર આવતો હોઈ તેને લક્ષમાં લેતાં સમગ્ર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે તકેદારીના પગલાં રૂપે નીચે મુજબનો હુકમ કરવો જરૂરી છે

વાસ્તે, હું, સી. જે. ચાવડા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા હિંમતનગર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમનીકલમ-૩૭(૩)થી મને મળેલ અધિકારની રૂએ આથી સાબરકાંઠા જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં તારીખ ૩૧મી માર્ચ ૧૯૯૩ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૫મી એપ્રિલ ૧૯૯૩ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહીં અથવા કોઈ સભા ભરવી કે બોલાવાની નહીં. તેમજ સરઘસ કાઢવું નહીં.

ખુલાસો.—

આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ કે જેઓ સરકારી ફરજ પર હોય તેને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ અથવા ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ના ૪૫માં અધિનિયમની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૩૦મી માર્ચ, ૧૯૯૩ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

સી. જે. ચાવડા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા,
હિંમતનગર

---

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 66

REGISTERED No. G—BA-14-E

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**[ PUBLISHED BY AUTHORITY ]**

Vol. XXXIV ] SATURDAY, MAY 1, 1993 / VAISAKHA 11, 1915

**Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in or erdthat it may be filed as a separate compilation**

# PART-I

# SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

## અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયેનું.

નંબર પીઓએલ/જાહેરનામું-૩૭(૧)/૯૩.—હાલમાં પ્રવર્તતી અશાંત પરિસ્થિતિ તથા મુંબઈ અને કલકત્તા શહેરોમાં થયેલ બોમ્બ ધડાકાના અનુસંધાને સમગ્ર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે તકેદારીના પગલાં રુપે નીચે મુજબનો હુકમ કરવો જરુરી છે.

વાસ્તે, હું, સી. જે. ચાવડા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેસ્ટશ્રી, સાબરકાંઠા જિલ્લો, હિંમતનગર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૧) થી મને મળેલ અધિકારની રુએ, તારીખ ૧૭મી એપ્રિલ ૧૯૯૩ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૩૦મી એપ્રિલ ૧૯૯૩ ના કલાક ૨૪-૦૦ સુધી સમગ્ર જિલ્લામાં નીચેના કૃત્યોની મનાઈ ફરમાવું છું :

૧. શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, ટોટા, બંદુક, ચપ્પુ, લાઠી કે લાકડી જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે ફરવાનું ;

૨. પથ્થરો, પદાર્થો અથવા સ્ફોટક પદાર્થો સાથે ફરવાનું ;

૩. પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે ફેંકવાના કે નાખવાના કે ધકેલવાના શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાનું, ફરવાનું કે એકઠા કરવાનું તથા તૈયાર કરવાનું,

૪. કોઈ સરઘસમાં જલતી કે પેટાવેલી મશાલ લઈ જવાનું,

૫. વ્યકિતઓ અથવા તેનું શબ, આકાર અથવા પુતળા દેખાડવાનું, સુત્રો પોકારવાનું અથવા અશ્લીલ ગીતો ગાવાનું ;

૬. અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવાનું, જેનાથી સુરુચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાનો તથા હાવભાવ અથવા ચેષ્ટા કરવાનું તથા પત્રો, પત્રીકાઓ, પ્લેકાર્ડો અથવા તેનો ફેલાવો કરવાનુ.

**અપવાદ.**—આ હુકમનો ખંડ-૧ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં:

૧. સરકારી નોકર કે કામ કરતી વ્યકિતઓ કે જેના ઉપરી અધિકારીએ આવું કોઈ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈ હથિયાર સરકારી ફરજ બજાવવા સાથે રાખવાનું આવશ્યક હોય;

૨. જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી અથવા તેઓએ અધિકૃત કરેલા કોઈ પણ અધિકારીએ જે તે શારીરિક અશકિતના કારણે લાકડી કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓ;

૩. કોઈ ધાર્મિક તહેવારની ઉજવણી માટે આ જાહેરનામામાં ઉલ્લેખ કરેલ હથિયારો પૈકીના હથિયારો ધાર્મિક રીવાજોને અનુરુપ ઉપયોગ કરવા માટે જિલ્લા પોલીસ અધિકારીશ્રી અથવા



INDEX

જે તે વિસ્તારના સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી કે એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રીએ અગાઉથી લેખીત મંજૂરી આપી હોય તેવી સંસ્થાઓ કે વ્યકિતઓ.

આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર અથવા કરાવનાર શખ્સો ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫(૧) હેઠળ ઓછામાં ઓછી ચાર માસ કે વધુમાં વધુ એક વર્ષની કેદની સજા અને દંડને પાત્ર થશે.

આજ તારીખ ૧૬મી એપ્રિલ ૧૯૯૩ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

સી. જે. ચાવડા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સાબરકાંઠા, હિંમતનગર.

———

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭(૩) અન્વયેનું.

નંબર પીઓએલ/જાહેરનામું/૩૭(૩)/૯૩.—હાલમાં પ્રર્વતેલ અશાંત પરિસ્થિતિ તથા મુંબઈ અને કલકત્તા શહેરોમાં થયેલ બોમ્બ ધડાકાના અનુસંધાને સમગ્ર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે તકેદારીના પગલાં રૂપે નીચે મુજબનો હુકમ કરવો જરૂરી છે.

વાસ્તે, હું, સી. જે. ચાવડા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા હિંમતનગર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૭(૩) થી મને મળેલ અધિકારની રૂએ આથી સાબરકાંઠા જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં તારીખ ૧૭મી એપ્રિલ ૧૯૯૩ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૩૦મી એપ્રિલ ૧૯૯૩ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહીં અથવા કોઈ સભા ભરવી કે બોલાવવાની નહીં તેમજ કોઈ સરઘસ કાઢવું નહીં.

ખુલાસો:—

આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ કે જેઓ સરકારી ફરજ પર હોય તેને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલિસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ અથવા ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ના ૪૫મા અધિનિયમની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૧૬મી એપ્રિલ ૧૯૯૩ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

સી. જે. ચાવડા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સાબરકાંઠા, હિંમતનગર.

———

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 67 REGISTERED No. G-BA-14-E

C

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIV ] MONDAY, MAY 3, 1993 / VAISAKHA 13, 1915

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

# PART I
# SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

### કલેકટર દ્વારા

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનીજ ધારો, ૧૯૬૬.

ક્રમાંક ઉમક-૫/જીજી/કયુએલ/રીગ્રાન્ટ-૯૬.—જે અર્થે કલેકટરશ્રી, પંચમહાલ તેમની કચેરીના આદેશ નંબર જીજી/કયુએલ-૭૧૨-૧૨૬૨, તારીખ ૨૮મી ફેબ્રુઆરી ૧૯૯૨ જે અન્વયે શ્રી લીયાકતખાન અલીખાન ગુલામ મોહયુદ્દીન પઠાણને મોજે ગદુકપુર, તાલુકો ગોધરાના સર્વે નંબર ૬૮, ૬૯, ૭૬, ૭૭ ને લાગુ મેશરી નદી પટ્ટ પૈકી ૩-૦૦-૦૦ હેકટર વિસ્તારમાંથી સામાન્ય રેતી ખનીજ કાઢવા ત્રણ વરસની મુદતથી કવોરીલીઝ ગુજરાત ગૌણ ખનીજ ધારો, ૧૯૬૬ મુજબ તારીખ ૨૮મી ફેબ્રુઆરી ૧૯૯૨થી મંજૂર કરી આપવામાં આવેલ હતું.

"અરજદારશ્રી મંજૂરી હુકમ તારીખથી ૯૦ દિવસની અંદર કરારખત કરાવી લેવામાં નિષ્ફળ જવાથી."

જેથી, હવે, ગુજરાત ગૌણ ખનીજ ધારો, ૧૯૬૬ના નિયમ ૧૮(૧)ની હેઠળ વિસ્તાર જાહેર કરવાને પાત્ર થતો હોઈ નીચે પરિશિષ્ટમાં દર્શાવેલ વિગતનો વિસ્તાર આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસો બાદ ખુલ્લો જાહેર કરવામાં આવે છે. જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર આવેલી અરજીઓ અપરિપકવ ગણવામાં આવશે.



INDEX

પરિશિષ્ટ

| ગામ | તાલુકો | જિલ્લો | સર્વે નંબર | વિસ્તાર (હેકટરમાં) |
|---|---|---|---|---|
| ગદુકપુર | ગોધરા | પંચમહાલ | ૬૮, ૬૯, ૭૬, ૭૭ ને લાગુ મેશરી નદી પટ્ટ પૈકી. | ૩ ૦૦ ૦૦ |

ઉપરોકત પરિશિષ્ટ મુજબનું જાહેરનામું અસાધારણ રાજયપત્ર, તારીખ ૧૯મી ડિસેમ્બર ૧૯૯૨એ પ્રસિધ્ધ થયેલ છે. ફેરખાણકામ માટે ખુલ્લો જાહેર કરેલ વિસ્તારમાં પાણી પુરવઠા યોજના, ગોધરા શહેરના કૂવાઓ આવેલ હોવાથી તેમજ સ્થાનિક ગ્રામપંચાયએ પણ વાંધો ઉઠાવેલ હોવાથી લીઝ હેઠળ આપવા પાત્ર ન હોવાથી જાહેર કરેલ જાહેરનામું તારીખ ૧૯મી ડિસેમ્બર ૧૯૯૨ની તાત્કાલિક અસરથી રદબાતલ કરવામાં આવે છે.

ગોધરા, તારીખ ૧૭મી એપ્રિલ ૧૯૯૩.

એ. એસ. સુતરીયા,
આઈ. એ. એસ.
કલેકટર પંચમહાલ, ગોધરા.

———

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 68 REGISTERED No. G—BA-14-E

C

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIV] MONDAY, MAY 3, 1993 / VAISAKHA 13, 1915

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

## PART I

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

### કલેકટર દ્વારા

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનીજ ધારો, ૧૯૬૬.

ક્રમાંક નંબર ઉમક-૫-જીજી-ક્યુએલ-રીગ્રાન્ટ-૯૫.—જે અર્થે કલેકટરશ્રી, પંચમહાલ તેમની કચેરીના આદેશ નંબર જીજી-ક્યુએલ-૩૦૦૮, તારીખ ૭મી ઓગસ્ટ ૧૯૮૯ જે અન્વયે શ્રી શંકરભાઈ ભીકુભાઈ પટેલને મોજે સાલીયા, તાલુકો ગોધરાના સર્વે નંબર ૮૨, ૮૧, ૭૪, ૮૨ ને લાગુ પાનમ નદી પટ પૈકી ૨-૨૫-૦૦ હેકટર વિસ્તારમાંથી સામાન્ય રેતી ખનીજ કાઢવા ત્રણ વરસની મુદતથી કવોરીલીઝ ગુજરાત ગૌણ ખનીજ ધારો, ૧૯૬૬ મુજબ તારીખ ૭મી ઓગસ્ટ ૧૯૮૯થી મંજુર કરી આપવામાં આવેલ હતું. જેનું કરારખત તારીખ ૧૫મી નવેમ્બર ૧૯૮૯ની અસરથી ત્રણ વરસ ની મુદત માટે કરવામાં આવેલ હતું. જેની મુદત તારીખ ૧૪મી નવેમ્બર ૧૯૯૨ના રોજ પુરી થયેલ છે.

"પટેદાર શ્રીએ કવોરીલીઝ રીન્યુઅલ અરજી કરેલ ન હોવાથી."

જેથી હવે, ગુજરાત ગૌણ ખનીજ ધારો, ૧૯૬૬ના નિયમ ૧૮ (૧)ની હેઠળ વિસ્તાર જાહેર કરવાનો પાત્ર થતો હોઈ નીચે પરિશિષ્ટમાં દર્શાવેલ વિગતનો વિસ્તાર આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસો બાદ ખુલ્લો જાહેર કરવામાં આવે છે. જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસોની અંદર આવેલી અરજીઓ અપરિપકવ ગણવામાં આવશે.

પરિશિષ્ટ

| ગામ | તાલુકો | જિલ્લો | સર્વે નંબર | વિસ્તાર |
|---|---|---|---|---|
| સાલીયા | ગોધરા | પંચમહાલ | ૮૧, ૮૨, ૮૪ને લાગુ પાનમ નદી પટ પૈકી. | ૨ ૨૫ ૦૦ |

ગોધરા, તારીખ ૨૬મી એપ્રિલ ૧૯૯૩.

એ. એસ. સુતરીયા,
કલેકટર, પંચમહાલ,
ગોધરા.



Supple. C. G. I—Extra—68/1

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 69 REGISTERED No. G—BA-14—E

C

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIV ] MONDAY, MAY 3, 1993 / VAISAKHA 13, 1915

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

# PART I

# SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

## કલેકટર દ્વારા

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનિજ ધારો, ૧૯૬૬.

ક્રમાંક ઉમક/જીજી/ક્યુએલ/રીગ્રાન્ટ/૯૪.—જે અર્થે કલેકટરશ્રી, પંચમહાલ, તેમની કચેરીના આદેશ નં. જીજી/ક્યુએલ/૧૧૦/ ૩૪૪૯, તારીખ ૨૨મી સપ્ટેમ્બર ૧૯૮૯ જે અન્વયે શ્રી ગોકુળભાઈ રાયસીંગભાઈ ડાભીને મોજે બેટીયા, તાલુકો ગોધરાના સર્વે નં. ૫૭, ૧૫૯, ૧૬૦, ૧ પૈકીને લાગુ રણવાકોતર નદી પટ્ટ પૈકી ૧-૦૦-૦૦ હેકટર વિસ્તાર માંથી સામાન્ય રેતી ખનીજ કાઢવા ત્રણ વરસથી મુદતથી ક્વોરીલીઝ ગુજરાત ગૌણ ખનીજ ધારો, ૧૯૬૬ મુજબ તારીખ ૨૨મી સપ્ટેમ્બર ૧૯૮૯થી મંજુર કરી આપવામાં આવેલ હતું. જેનું કરારખત તારીખ ૨૫મી જાન્યુઆરી ૧૯૯૦ની અસરથી ત્રણ વરસની મુદત માટે કરવામાં આવેલ હતું. જેની મુદત તારીખ ૨૪મી જાન્યુઆરી ૧૯૯૩ના રોજ પુરી થયેલ છે.

"પટ્ટેદારશ્રીએ પટ્ટો રીન્યુ કરવા માટે નિયમોનુસાર રીન્યુઅલ અરજી કરેલ ન હોવાથી."

જેથી હવે ગુજરાત ગૌણ ખનીજ ધારો, ૧૯૬૬ના નિયમ ૧૮ (૧) ના હેઠળ વિસ્તાર જાહેર કરવાનો પાત્ર થતો હોઈ, નીચે પરિશિષ્ટમાં દર્શાવેલ વિગતનો વિસ્તાર આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસો બાદ ખુલ્લો જાહેર કરવામાં આવે છે. જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસોની અંદર આવેલી અરજીઓ અપરિપકવ ગણવામાં આવશે.

પરિશિષ્ટ

| ગામ | તાલુકો | જિલ્લો | સર્વે નંબર | વિસ્તાર (હેકટરમાં) |
|---|---|---|---|---|
| બેટીયા | ગોધરા | પંચમહાલ | ૫૭, ૫૯, ૧૬૦, ૧ ને લાગુ રણવા કોતર પૈકી. | ૧ ૦૦ ૦૦ |

ગોધરા, તારીખ ૧૯મી એપ્રીલ ૧૯૯૩.

**એ. એસ. સુતરીયા,**
ક્રમાંક ઉમકપ-૧૦૫/જીજી/કયુએલ/રીગ્રાન્ટ/૨૭૧૬.– જે અર્થે કલેકટરશ્રી, પંચમહાલ તેમની કચેરીના આદેશ નં. જીજી/કયુએલ/૪૮૨/૧૨૩૮, તારીખ ૨૩મી માર્ચ ૧૯૯૦ જે અન્વયે શ્રી શિવાભાઈ સોમાભાઈ પરમારને મોજે ભાટનામુવાડા, તાલુકો શહેરાના સર્વે નં. પૈકી ને લાગુ કુણી નદી પટ્ટ પૈકી ૧ ૫૦ ૦૦ હેકટર વિસ્તારમાંથી સામાન્ય રેતી ખનીજ કાઢવા ત્રણ વરસની મુદતથી કવોરીલીઝ ગુજરાત ગૌણ ખનિજ ધારો, ૧૯૬૬ મુજબ તારીખ ૨૩મી માર્ચ ૧૯૯૦ થી મંજૂર કરી આપવામાં આવેલ હતું. જેનું કરારખત તારીખ ૩૧મી મે ૧૯૯૦ ની અસરથી ત્રણ વરસની મુદત માટે કરવામાં આવેલ હતું. જેની મુદત તારીખ ૩૦મી મે ૧૯૯૩ના રોજ પુરી થયેલ છે. જે હુકમ તારીખ ૨૫મી ફેબ્રુઆરી ૧૯૯૧થી શ્રી કરણસિહ આર. ગઢવીને ટ્રાન્સફર કરી તારીખ ૫મી માર્ચ ૧૯૯૧થી ટ્રાન્સફર કરારખત કરી આપેલ હતું.

"પટ્ટેદાર શ્રી એ ગુજરાત ગૌણ ખનિજ નિયમ, ૧૯૬૬ના નિયમ ૧૮ મુજબ રીન્યુઅલ અરજી કરેલ ન હોવાથી".

જેથી, હવે, ગુજરાત ગૌણ ખનિજ ધારો, ૧૯૬૬ના નિયમ ૧૮ (૧)ની હેઠળ વિસ્તાર જાહેર કરવાને પાત્ર થતો હોઈ નીચે પરિશિષ્ટમાં દર્શાવેલ વિગતનો વિસ્તાર આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસો બાદ ખુલ્લો જાહેર કરવામાં આવે છે. જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસોની અંદર આવેલી અરજીઓ અપરિપકવ ગણવામાં આવશે.

પરિશિષ્ટ

| ગામ | તાલુકો | જિલ્લો | બ્લોક નંબર | વિસ્તાર (હેકટરમાં) |
|---|---|---|---|---|
| ભાટના મુવાડા | શહેરા | પંચમહાલ | ૧૦૦,૧૧૧,૧૦૪ ને લાગું કુણી નદી પટ્ટપૈકી | ૧ ૫૦ ૦૦ |

ગોધરા, તારીખ ૫મી ઓગસ્ટ, ૧૯૯૩.

એ. એસ. સુતરીયા,
કલેકટર, પંચમહાલ-ગોધરા.



Supple. C. G. I—Extra—114/1

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 115 REGISTERED No. G-BA-14 E

C

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

Vol. XXXIV] WEDNESDAY, SEPTEMBER 1, 1993 / BHADRA 10, 1915

**Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation**

# PART I
# SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

## પોલીસ કમિશનર દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૧) મુજબનો.

ક્રમાંક એસ. બી / ઉપગક / જાહેરનામું / ૩૯૪૯ / ૯૩.—વડોદરા શહેરમાં પોલીસ કમિશનર હકુમત હેઠળ વડોદરા શહેરનાં નીચેના વિસ્તારોમાં જાહેર સુલેહ શાંતિ જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, હીરાલાલ (આઈ.પી.એસ.), પોલીસ કમિશનર, વડોદરા શહેરની મુંબઈ પોલીસ અધિનિયમ, (સને ૧૯૫૧ના ૨૨માં) અધિનિયમની કલમ-૩૭ (૧) (૩) થી મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૨૯મી ઓગષ્ટ, ૧૯૯૩ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૨મી સપ્ટેમ્બર, ૧૯૯૩ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે વ્યકિતઓ ભેગા થવું નહીં અગર સભા ભરવી કે બોલાવવી નહીં. તેમજ કોઈ સરઘસ કાઢવું નહીં.

વિસ્તાર : વડોદરા શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

ખુલાસો.—રસ્તાની ફુટપાથોનો પણ આમાં સમાવેશ થાય છે.

અપવાદ.—આ હુકમમાંથી જેઓને અત્રેની કચેરીએથી ધાર્મિક વરઘોડાની પરવાનગી તેમજ જે માણસ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ લગ્નનાં વરઘોડા અને સ્મશાનયાત્રાને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ કલમ-૧૩૫ હેઠળ અને ભારતનાં ફોજદારી અધિનિયમ સને ૧૯૬૦ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૨૮મી ઓગષ્ટ, ૧૯૯૩ના રોજ મારી સહી કરી સિક્કો મારેલ છે.

હીરાલાલ,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

———



INDEX

## હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ( સને ૧૯૫૧ના ૨૨મા) અધિનિયમની કલમ ૩૭ (૧) અન્વયે કાઢેલ.

ક્રમાંક એસ.બી. / ઉગપક / જાહેરનામું /૨૯૭૮/૯૩.—મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ના ૨૨મા અધિનિયમની કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ, હું, હીરાલાલ (આઈ.પી.એસ.), પોલીસ કમિશનર, વડોદરા શહેર.

વડોદરા શહેરની હાલની પરિસ્થિતિને લક્ષમાં રાખી જાહેર સુલેહશાંતિ અને સલામતી જાળવવા સારૂં આથી હું ફરમાવું છું કે વડોદરા શહેરના સમગ્ર વિસ્તાર એટલે કે પોલીસ કમિશનર વિસ્તારમાં તારીખ ૧લી સપ્ટેમ્બર ૧૯૯૩ના ક. ૦૦-૦૦ થી તારીખ ૧૫મી સપ્ટેમ્બર ૧૯૯૩ના કલાક ૨૪-૦૦ સુધી કોઈએ—

(ક) કોઈ પ્રકારના શસ્ત્રો, તલવાર, ભાલા, લાકડી, બંદુક અને તેવા સાધનો કે ચીજથી હિંસા થઈ શકે તેવી કોઈ વસ્તુ લઈ જવી કે કબજામાં રાખવી નહીં;

(ખ) કોઈ ભયાનક પદાર્થ કે સ્ફોટક પદાર્થ લઈ જવો નહીં;

(ગ) પથ્થરો અથવા ફેંકવાના સાધનો એકત્રિત કરવા કે તૈયાર કરવા નહીં;

(ઘ) કોઈ શબ, આકૃતિ કે પુતળાં દેખાડવા નહીં;

(ચ) સરઘસમાં સળગતી મશાલ લઈ જવી નહીં;

(છ) અપમાન કરવાના ઈરાદાથી કે બદનામ કરવાના ઈરાદાથી જાહેરમાં સૂત્રો પોકારવા નહીં અથવા ટોળામાં ફરવું નહીં;

(જ) જેનાથી સૂરૂચિ અથવા ભંગ થાય તેવી ચેષ્ટા કરવી નહીં, તેવા ચિત્રો, કે પ્લેકાર્ડો કે પત્રિકાઓ અથવા કોઈ ચીજ-વસ્તુ કે પદાર્થ તૈયાર કરવો નહીં, અગર ફેલાવો કરવો નહિ.

આ હુકમ ભંગ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડતો નથી:—

(૧) સરકારી નોકર કે તેવું કામ કરતી વ્યકિતઓ કે તેવું કામ ઉપરી અધિકારીઓએ આવું કોઈ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય અગર હથિયાર લઈ જવાની ફરજ હોય તેમજ પરવાનેદાર વ્યકિતને,

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા અધિકૃત કરેલ કોઈ અધિકારી જેને શારીરિક અશકિતને કારણે લાકડી લઈ જવાની પરવાનગી આપેલ હોય તે વ્યકિતને.

આ જાહેરનામાનો કોઈપણ ખંડ અથવા ઉલ્લંઘન કરનારને ઈન્ડીયન પીનલ કોડ કલમ-૧૮૮ મુજબ એક માસની સજા અથવા રૂા. ૨૦૦ દંડને પાત્ર થશે.

મેં, આજ તારીખ ૩૦મી ઓગસ્ટ ૧૯૯૩ના રોજ મારી સહી કરી સિક્કો મારેલ છે.

હીરાલાલ,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

---

## હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમન સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ ૩૭ (૧) બી મુજબનો.

ક્રમાંક એસ.બી/ઉગપક/જાહેરનામું/૨૯૭૯/૯૩.—વડોદરા શહેરમાં ધાર્મિક તહેવારો આવતા હોય શહેરમાં કેટલાક ઈસમો, બાળકો, છોકરાઓ કોમી સંવેદનશીલ વિસ્તારમાં સલામતી જોખમાય તે રીતે ક્રિકેટની રમત રમી રમાડી શેરીઓ, ગલીઓમાં કે જાહેર માર્ગો ઉપર ટ્રાફીકને અડચણ થાય તે રીતનું વ્યવહાર વર્તન કરતા હોય તેના કારણે સુલેહ શાંતી જોખમાય તે સંભવ હોય આથી આ કૃત્ય અટકાવવું ખુબજ જરૂરી હોય તેથી.

હું, હીરાલાલ ( આઈ. પી. એસ. ), પોલીસ કમિશનર, વડોદરા શહેર મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ની કલમ-૩૭ (૧) બી મુજબ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે શહેરના પોલીસ કમિશનર વિસ્તારોમાં તારીખ ૧લી સપ્ટેમ્બર ૧૯૯૩ના ક. ૦૦-૦૦થી તારીખ ૧૫મી સટેમ્બર ૧૯૯૩ના ક. ૨૪-૦૦ સુધી કોઈપણ ઈસમો, બાળકો, છોકરાઓ વિગેરે સરીયામ રોડ રસ્તા કે જાહેર માર્ગો કે ગલીઓમાં ક્રિકેટની રમત રમવી કે રમાડવી નહીં. અથવા તેવી કોઈ પ્રવૃતિ કરવી નહીં.

મેં આજ તારીખ ૩૦મી સપટેટબર ૧૯૯૩ના રોજ મારી સહી કરી સીક્કો મારેલ છે.

હીરાલાલ,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

---

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 116 REGISTERED No. G-BA-14 E

C

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIV ] THURSDAY, SEPTEMBER 2, 1993 / BHADRA 11, 1915

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

## PART I
## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

### પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ની કલમ ૩૩ (૧)(૨) મુજબનું.

ક્રમાંક એસ.બી./ ઉગપક/જાહેરનામું/૩૦૧૧/૯૩.—વડોદરા શહેરમાં આનંદ પ્રમોદ અને સહેલગાહ માટે સુરસાગર તળાવમાં નાગરિકો નૌકા વિહાર કરે છે. પરંતુ તાજેતરમાં નૌકા વિહાર દરમ્યાન થયેલ હોડી હોનારતનાં બનાવના કારણે નૌકાવિહાર માનવ જીવનની સલામતી માટે ભયરૂપ અને જોખમી બનેલ છે.

જેથી જાહેર જનતાની સલામતી અંગે સુરસાગર તળાવમાં નાગરીકો કે અન્ય સંસ્થાઓ દ્વારા થતા નૌકાવિહારના તથા અન્ય કાર્યક્રમો ઉપર નિયંત્રણ મુકવુ ખુબ જ જરૂરી હોય, વડોદરા શહેર પોલીસ કમિશ્નર વિસ્તારમાં મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ની કલમ ૩૩(૧) (૨) મુજબ મને મળેલ અધિકારની રૂએ, હું, હીરાલાલ (આઈ.પી.એસ. ) પોલીસ કમિશનર, વડોદરા શહેરનાંઓ આ હુકમમાંથી નીચે મુજબ મુકિત ફરમાવું છું.

(૧) ગુજરાત નેશનલ યુનિટ એન.સી.સી.નાં સભ્યો માટે તાલીમ માટે સુરસાગરમાં બોટ ટ્રેનિંગ માટે ટ્રેનિંગ દરમ્યાન સાવચેતીના પગલાં લેવાની ખાત્રી સહ અને (૨) ગણપતિ વિસર્જનનાં દિવસે પુરતી સાવચેતી સાથે સુરસાગર તળાવમાં નૌકા/બોટ/મોટરબોટ ચલાવવા આ હુકમમાંથી મુકિત આપવામાં આવે છે.

મેં આજ તારીખ ૧લી સપ્ટેમ્બર ૧૯૯૩નાં રોજ મારી સહી કરી સીક્કો મારેલ છે.

હીરાલાલ,
પોલીસ કમિશનર, વડોદરા શહેર .



PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 117 REGISTERED No. G—BA-14-E

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXIV] FRIDAY, SEPTEMBER 3, 1993 / BHADRA 12, 1915

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

# PART-I

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

### જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭ (૩) અન્વયેનો.

નંબર પીઓએલ / વશી / ૩૨૭૨.—જિલ્લા પોલીસ વડાકચેરી, ખેડા અને આણંદનાઓએ તારીખ ૩૧મી ઓગસ્ટ ૧૯૯૩ના રોજ ઈદ-એ-મિલાદના તહેવારના અનુસંધાનમાં જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ઉક્ત કાયદાની કલમ-૩૭ (૩) મુજબનું જાહેરનામું બહાર પાડવા જણાવેલ છે. જે જરૂરી જણાય છે.

વાસ્તે, હું, પી. પી. ગઢવી, આઈ. એ. એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨માં) ની કલમ-૩૭ (૩) મુજબ અને મળેલ સત્તાની રૂઈએ ફરમાવું છું કે, સમગ્ર ખેડા જિલ્લામાં તારીખ ૩૦મી ઓગસ્ટ ૧૯૯૩ થી તારીખ ૫મી સપ્ટેમ્બર ૧૯૯૩ (બંને દિવસો સુધ્ધાંત) દરમિયાન ચાર કરતાં વધુ માણસોએ એકત્ર થવું નહી. ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં અથવા સરઘસ કાઢવું નહીં.

વિસ્તાર :—સમગ્ર ખેડા જિલ્લો.

ખુલાસો :—આ વિસ્તારમાં રસ્તાઓ/રસ્તાની ફુટપાથો તથા ગલીઓ તથા પેટા-ગલીઓનો પણ સમાવેશ થાય છે.

અપવાદ :—આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય, હોમગાર્ડઝ હોય, જેઓ ફરજ પરહોય તેમને તથા મરણોત્તર તેમજ લગ્ન અંગેના સરઘસને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ, ની કલમ-૧૩૫ હેઠળ અથવા ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ ના ૪૫માં અધિનિયમ) ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૩૦મી ઓગસ્ટ ૧૯૯૩ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

પી. પી. ગઢવી,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા.



PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 118

C

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIV ] FRIDAY, SEPTEMBER 3 1993 / BHADRA 12, 1915

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

# PART I

# SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

## અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયેનો.

નંબર પીઓએલ-વશી-૩૨૩૨.—જીલ્લા પોલીસ અધિકારીશ્રી આણંદ (૬) એ તેમની કચેરીના તારીખ ૩૦મી ઓગસ્ટ ૧૯૯૩નો વાયરલેસ મેસેજ તથા જીલ્લા પોલીસ વડાશ્રી ખેડા (૩) એ તેમની કચેરીના તારીખ ૩૦મી ઓગસ્ટ ૧૯૯૩ના પત્રથી તા.૩૧મી ઓગષ્ટ ૧૯૯૩ના રોજ ઈદ-એ-મિલાદનો તહેવાર આવતો હોઈ,ઉકત કાયદાની કલમ-૩૭(૧) અન્વયે જાહેરનામું બહાર પાડવા વિનંતી કરેલ છે. આ તહેવાર દરમ્યાન સમગ્ર ખેડા જિલ્લામાં જાહેર શાંતિ અને સલામતી જળવાઈ રહે તે માટે સાવચેતીના પગલા રૂપે નીચેનો હુકમ કરવો જરૂરી છે.

વાસ્તે, હું જે. એમ. લુણી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૧) થી મને મળેલ અધિકારની રુઈએ સમગ્ર ખેડા, જિલ્લામાં તારીખ ૩૦ મી ઓગસ્ટ ૧૯૯૩ થી તારીખ ૫મી સપ્ટેમ્બર ૧૯૯૩ સુધી ( બંને દિવસો સુધ્ધાંત ) નીચેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

૧. હથિયાર, તલવાર, ભાલા, ધોકા, બંદુક, છરા, લાકડી કે લાઠી, સળગતી મશાલ અથવા બીજા હથિયારો કે જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું ;

૨. કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું;

૩. પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તે વસ્તુઓ ફેંકવાના કે ઘકેલવાના યંત્રો અથવા સાધનો સાથે લઈ એકઠા તથા તૈયાર કરવાનું ;

૪. મનુષ્યો અથવા શબ તેમજ પુતળાં ઉભાં કરવાં;

૫. અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવાનું અથવા અસ્લીલ ગીતો ગાવાનું;

૬. જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાનું તથા તેવા ચિત્રો, પત્રિકા કે પ્લેકાર્ડો અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાનું, બનાવવાનું અથવા ફેલાવો કરવાનું.

વિસ્તાર.—સમગ્ર ખેડા જિલ્લો.

અપવાદ.—આ હુકમનો ખંડ (૧) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં:

૧. સરકારી નોકર કે કામ કરતી કોઈપણ વ્યકિત કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર સાથે લઈ જવાનું ફરમાવ્યું હોય, અથવા આવું કોઈ હથિયાર સાથે લઈ જવાની જેને ફરજ હોય;



INDEX

૨. જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી, જિલ્લા પોલીસ અધિકારીશ્રી અથવા તેમણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારી જેને શારીરિક અશક્તિને કારણે લાકડી કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

આ જાહેરનામાંના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૩૦મી ઓગસ્ટ ૧૯૯૩ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

જે. એમ ભૂણી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભૂજ.

INDEX

Extra No. 119 REGISTERED No. G—BA-14-E

C

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIV ] FRIDAY, SEPTEMBER 10, 1993 / BHADRA 19, 1915

**Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation**

## PART–I

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

### અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૧) અન્વયે.

ક્રમાંક એમ.એ.પી. જાહેરનામા/વશી/૫૧૪૭ થી ૫૧૮૦/૯૩.—મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (મુંબઈ-૨૨માં) અધિનિયમની કલમ-૩૭(૧) (ક) અન્વયે મળેલ સત્તાની રુઈએ હું, જે. એન. અમીન, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા જિલ્લામાં આગામી ગણેશ ઉત્સવ તહેવારને ધ્યાનમાં લેતાં શાંતિ અને સલામતિ જાળવવા ફરમાવું છું કે, વડોદરા જિલ્લાના પોલીસ કમિશનર વડોદરા શહેરની હકુમત હેઠળ સિવાયના વિસ્તાર એટલે કે, વડોદરા જિલ્લાના સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં તારીખ ૭મી સપ્ટેમ્બર ૧૯૯૩ના રોજ ૦૦-૦૦ કલાકથી તારીખ ૩૦મી સપ્ટેમ્બર ૧૯૯૩ના રોજ ૨૪-૦૦ કલાક સુધી કોઈએ,

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, બંદુક, છુરા, લાકડી, કે લાઠી અથવા શારિરીક ઈજા પહોંચાડી શકાય તેવું કોઈપણ સાધન લઈ જવું નહીં.

(ખ) કોઈ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહીં.

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી વસ્તુઓ અને ફેંકવાના કે ધકેલવાના યંત્રો, સાધનો લઈ જવા નહીં કે એકઠા કરવા નહીં કે તૈયાર કરવા નહીં.

(ઘ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેર કરવાના બિભત્સ સુત્રો પોકારવા નહીં. અશ્લિલ ગીતો ગાવા નહીં અથવા ટોળામાં ફરવું નહીં.

(ઙ) મનુષ્યો, શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં.

(ચ) જેનાથી સુરુચિ નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહીં, તેવા હાવભાવ કરવા નહીં તથા તેવા ચિત્રો, પત્રિકા, પ્લેકાર્ડો, અથવા બીજા કોઈ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવી નહીં. બનાવવી નહીં કે તેનો ફેલાવો કરવો નહીં.

આ હુકમમાં ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં :

(૧) સરકારી નોકરીનું કામકાજ કરતી કોઈ વ્યકિત તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા તેવું કોઈ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, જિલ્લા પોલીસ અધિકારીશ્રી તેમણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારી કે જેણે શારીરિક અશકિતના કારણે લાકડી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

આ જાહેરનામાનાં કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ ૧ વર્ષની કેદની સજા થશે. અને આ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫ (૧) મુજબ દંડની પણ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૭મી સપ્ટેમ્બર, ૧૯૯૩ના રોજ સહી સિક્કા હેઠળ આપ્યો.

જે. એન. અમીન,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વડોદરા.



Supple. C. G. I—Extra—119/1

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 120 REGISTERED No. G—BA-14—E

C

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIV] SATURDAY, SEPTEMBER 11, 1993 / BHADRA 20, 1915

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

# PART I
# SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

## અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

### જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭ (૧) અન્વયેનું.

નંબર પીઓએલ/જાહેરનામું/૩૭(૧)/વશી/૯૩.— વર્તમાન સમયમાં કિસાન સંઘ દ્વારા વિજ ભાવ વધારો તથા રાસાયણિક ખાતરોના ભાવ વધારાના વિરોધમાં આંદોલન ચાલુ હોઈ તેમજ એસ. ટી. ભાડાના વધારાના વિરોધમાં પણ આંદોલન અપાયેલ હોઈ સમગ્ર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે તકેદારીના પગલાં રૂપે નીચે મુજબનો હુકમ કરવો જરૂરી છે.

વાસ્તે, હું, શ્રી સી. જે. ચાવડા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો, હિંમતનગર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની, કલમ ૩૭(૧)થી મને મળેલ અધિકારની રૂએ, તારીખ ૨જી સપ્ટેમ્બર ૧૯૯૩ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૫મી સપ્ટેમ્બર ૧૯૯૩ના કલાક ૨૪-૦૦ સુધી સમગ્ર જિલ્લામાં નીચેના કૃત્યોની મનાઈ ફરમાવું છું.

૧. શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, ટોટા, બંદુક, ચપ્પુ, લાઠી કે લાકડી જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે ફરવાનું;

૨. પથ્થરો, પદાર્થો અથવા સ્ફોટક પદાર્થો સાથે ફરવાનું;

૩. પથ્થરો, અથવા બીજા શસ્ત્રો, અથવા તે ફેંકવાના કે નાખવાના કે ધકેલવાના શસ્ત્રો, અથવા સાધનો સાથે લઈ જવાનું, ફરવાનું કે એકઠા કરવાનુ તથા તૈયાર કરવાનું;

૪. કોઈ સરઘસમાં જલતી કે પેટાવેલી મશાલ લઈ જવાનું;

૫. વ્યકિતઓ અથવા તેનું શબ, આકાર અથવા પુતળાં દેખાડવાનું, સુત્રો પોકારવાનું અથવા અશ્લીલ ગીતો ગાવાનું;

૬. અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવાનું, જેનાથી સુરુચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાનું તથા હાવભાવ અથવા ચેષ્ટા કરવાનું તથા પત્રો, પત્રીકાઓ, પ્લેકાર્ડો અથવા તેનો ફેલાવો કરવાનું.

આપવાદ :—

આ હુકમનો ખંડ-૧ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં :—

૧. સરકારી નોકર કે કામ કરતી વ્યકિતઓ કે જેને ઉપર અધિકારીએ આવું કોઈ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈ હથિયાર સરકારી ફરજ બજાવવા સાથે રાખવાનું આવશ્યક હોય;

૨. જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ-ડિવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, અથવા તેઓએ અધિકૃત કરેલા કોઈપણ અધિકારીએ જે તે શારીરિક અશકતિના કારણે લાકડી કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓ.

૩. કોઈ ધાર્મિક તહેવારની ઉજવણી માટે આ જાહેરનામામાં ઉલ્લેખ કરેલ હથિયારો પૈકીના હથિયારો ધાર્મિક રીવાજોને અનુરૂપ ઉપયોગ કરવા માટે જિલ્લા પોલીસ અધિકારીશ્રી, અથવા જે તે વિસ્તારના સબ-ડિવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી કે એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ-શ્રીએ અગાઉથી લેખિત મંજૂરી આપી હોય તેવી સંસ્થાઓ કે વ્યકિતઓ.



INDEX

આ જાહેરનામાંનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર અથવા કરાવનાર શખ્સો ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫(૧) હેઠળ ઓછામાં ઓછી ચાર માસ કે વધુમાં વધુ એક વર્ષની કેદની સજા અને દંડને પાત્ર થશે.

આજ તારીખ ૩૦મી ઓગસ્ટ ૧૯૯૩ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

સી. જે. ચાવડા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સાબરકાંઠા, હિંમતનગર.

---

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭(૩) અન્વયેનું.

નંબર પીઓએલ/જાહેરનામું/૩૭(૩)/વશી/૯૩.— વર્તમાન સમયમાં કિસાન સંઘ દ્વારા વીજ ભાવ વધારો તથા રાસાયણિક ખાતરોના ભાવ વધારાના વિરોધમાં આંદોલન ચાલુ હોઈ તેમજ એસ. ટી. ભાડાના વધારા વિરોધમાં પણ આંદોલન અપાયેલ હોઈ સમગ્ર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે તકેદારીના પગલાં રૂપે નીચે મુજબનો હુકમ કરવો જરૂરી છે.

વાસ્તે, હું, સી. જે. ચાવડા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા, હિંમતનગર, સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૩) થી મને મળેલ અધિકારની રૂએ, આથી સાબરકાંઠા જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં તારીખ ૨જી સપ્ટેમ્બર ૧૯૯૩ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૧મી સપ્ટેમ્બર ૧૯૯૩ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહીં અથવા કોઈ સભા ભરવી કે બોલાવવાની નહીં તેમજ સરઘસ કાઢવું નહીં.

ખુલાસો —

આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ કે જેઓ સરકારી ફરજ પર હોય તેને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમનો કલમ-૧૩૫ હેઠળ અથવા ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ના ૪૫માં અધિનિયમની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૩૦મી ઓગસ્ટ ૧૯૯૩ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

સી. જે. ચાવડા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સાબરકાંઠા, હિંમતનગર.

---

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 121 REGISTERED No. G-BA-14-E

C

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIV ] TUESDAY, SEPTEMBER 14, 1993 / BHADRA 23, 1915

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

# PART I
# SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

## પોલીસ કમિશનર દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ ૩૭(૧) (૩) મુજબનો.

ક્રમાંક એસ.બી. / ઉગપક /જાહેરનામું / ૩૧૮૪ / ૯૩.—વડોદરા શહેરમાં પોલીસ કમિશનરની હકુમત હેઠળ વડોદરા શહેરના નીચેના વિસ્તારોમાં જાહેર સુલેહશાંતિ જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે, હું, હીરાલાલ (આઈ.પી.એસ.), પોલીસ કમિશનર, વડોદરા શહેરની મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માં) અધિનિયમનો કલમ ૩૭ (૧)(૩) થી મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૧૪મી સપ્ટેમ્બર ૧૯૯૩ના કલાક ૦૦-૦૦થી તારીખ ૨૮મી સપ્ટેમ્બર, ૧૯૯૩ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે વ્યકિતઓએ ભેગા થવું નહીં, અગર સભા ભરવી કે બોલાવવી નહીં તેમજ કોઈ સરઘસ કાઢવું નહીં.

વિસ્તાર.—વડોદરા શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

ખુલાસો.—રસ્તાની ફૂટપાથનો પણ આમાં સમાવેશ થાય છે.

અપવાદ.—આ હુકમમાંથી જેઓને અત્રેની કચેરીઓથી ધાર્મિક વરઘોડાની પરવાનગી તેમજ જે માણસ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ લગ્નનાં વરઘોડા અને સ્મશાનયાત્રાને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ, કલમ ૧૩૫ હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૯૬૦ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૧૩મી સપ્ટેમ્બર, ૧૯૯૩ના રોજ મારી સહી કરી સિક્કો મારેલ છે.

હીરાલાલ,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.



PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 122 REGISTERED No. G-BA-14-E

C

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

Vol. XXXIV] WEDNSEDAY, SEPTEMBER 15, 1993 / BHADRA 24, 1915

**Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation**

# PART I
# SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

## કલેકટર દ્વારા

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનિજ ધારો, ૧૯૬૬.

ક્રમાંક ઉમક-૫/જીજી-કયુએલ-રીગ્રાન્ટ-૧૦૯.—જે અર્થે કલેકટરશ્રી, પંચમહાલ તેમની કચેરીના આદેશ નંબર જીજી-કયુએલ- ૧૦૩૩, તારીખ ૧૦મી જાન્યુઆરી ૧૯૯૦ જે અન્વયે શ્રી પાઠક હિમાન્શુ વિષ્ણુપ્રસાદને મોજે ઉંમરપુર, તાલુકો શહેરાના સર્વે નંબર ૨૧૫, ૨૧૬, ૨૧૯, ૨૨૦ ને લાગુ કુણી નદી પટ પૈકી ૧-૬૫-૦૦ હેકટર વિસ્તારમાંથી સા. રેતી ખનીજ કાઢવા એક વરસની મુદતથી કવોરીલીઝ ગુજરાત ગૌણ ખનીજ ધારો, ૧૯૬૬ મુજબ તારીખ ૧૦મી જાન્યુઆરી ૧૯૯૦ થી મંજૂર કરી આપવામાં આવેલ હતું જેનું કરારખત તારીખ ૨૩મી ઓગસ્ટ ૧૯૯૦ની અસરથી એક વરસની મુદત માટે કરવામાં આવેલ હતું જેની મુદત તારીખ ૨૨મી ઓગસ્ટ ૧૯૯૧ના રોજ પુરી થયેલ છે.

"પટ્ટેદારશ્રીઓ પટ્ટો રીન્યુ કરવા રીન્યુઅલ અરજી કરેલ ન હોઈ".

જેથી હવે ગુજરાત ગૌણ ખનીજ ધારો,૧૯૬૬ના નિયમ-૧૮ (૧) ની હેઠળ વિસ્તાર જાહેર કરવાનો પાત્ર થતો હોઈ નીચે પરિશિષ્ટમાં દર્શાવેલ વિગત વિસ્તાર આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસો બાદ ખુલ્લો જાહેર કરવામાં આવે છે. જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસોની અંદર આવેલી અરજીઓ અપરિપકવ ગણવામાં આવશે.

પરિશિષ્ટ

| ગામ | તાલુકો | જિલ્લો | સર્વે નંબર | વિસ્તાર (હેકટરમાં) |
|---|---|---|---|---|
| ઉંમટપુર | શહેરા | પંચમહાલ | ૨૧૫, ૨૧૬, ૨૧૯ ૨૨૦ ને લાગુ કુણી નદી પટ્ટ પૈકી | ૧ ૬૫ ૦૦ |

ગોધરા, તારીખ ૨૦મી ઓગસ્ટ ૧૯૯૩.

એ. એસ. સુતરીયા,
કલેકટર, પંચમહાલ,
ગોધરા.



PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 123 REGISTERED No. G—BA-14-E

C

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIV ] WEDNESDAY, SEPTEMBER 15, 1993 / BHADRA 24, 1915

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

# PART I
# SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

કલેક્ટર દ્વારા
જાહેરનામું

ગુજરાત ગૌણ ખનિજ ધારો, ૧૯૬૬.

ક્રમાંક ઉમક-૫/જીજી/ક્યુએલ/રીગ્રાન્ટ/૧૦૬.—જે અર્થે કલેકટરશ્રી, પંચમહાલ, તેમની કચેરીના આદેશ નં. જીજી/ક્યુએલ/૮૯/૩૬૬-૧૧૫૪, તારીખ ૨૨મી માર્ચ ૧૯૯૦, જે અન્વયે શ્રી વાણકર મીઠાભાઈ ભાણાભાઈ ને મોજે હમીરપુર, તાલુકો ગોધરાના સર્વે નં. ૧૫૬, ૧૫૭, ૧૬૧, ૧૬૨, ૧૬૩, ૧૬૯, ૧૬૫ને લાગુ મેસરી નદી પટ્ટ પૈકી ૨-૦૦-૦૦ હેકટર વિસ્તાર માંથી સામાન્ય રેતી ખનીજ કાઢવા ત્રણ વરસથી મુદતથી કવોરીલીઝ ગુજરાત ગૌણ ખનિજ ધારો, ૧૯૬૬ મુજબ તારીખ ૧૨મી જૂન ૧૯૯૦થી મંજુર કરી આપવામાં આવેલ હતું. જેનું કરારખત તારીખ ૧૨મી જૂન ૧૯૯૦ની અસરથી ત્રણ વરસની મુદત માટે કરવામાં આવેલ હતું. જેની મુદત તારીખ ૧૧મી જૂન ૧૯૯૩ના રોજ પૂરી થયેલ છે.

"પટ્ટેદારશ્રીએ પટ્ટો રીન્યુ કરવા હેતુ રીન્યુઅલ અરજી કરેલ ન હોવાથી."

જેથી, હવે ગુજરાત ગૌણ ખનિજ ધારો, ૧૯૬૬ના નિયમ ૧૮ (૧) ની હેઠળ વિસ્તાર જાહેર કરવાનો પાત્ર થતો હોઈ, નીચે પરિશિષ્ટમાં દર્શાવેલ વિગતનો વિસ્તાર આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસો બાદ ખુલ્લો જાહેર કરવામાં આવે છે. જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસોની અંદર આવેલી અરજીઓ અપરિપકવ ગણવામાં આવશે.

પરિશિષ્ટ

| ગામ | તાલુકો | જિલ્લો | સર્વે નંબર | વિસ્તાર (હેકટરમાં) |
|---|---|---|---|---|
| હમીરપુર | ગોધરા | પંચમહાલ | ૧૫૬, ૧૫૭, ૧૬૧, ૧૬૨, ૧૬૩, ૧૬૯, ૧૬૫ને લાગુ મેશરી નદી પટ્ટ પૈકી. | ૨ ૦૦ ૦૦ |

ગોધરા, તારીખ ૨૨મી ઓગસ્ટ, ૧૯૯૩.

ઓ. એસ. સુતરીયા,
(આઈ. એ. એસ.)
કલેકટર, પંચમહાલ, ગોધરા.



INDEX

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનિજ ધારો, ૧૯૬૬.

ક્રમાંક ઉમક-૫/જીજી/ક્યુએલ-રીગ્રાન્ટ/૧૦૭.—જે અર્થે કલેકટરશ્રી, પંચમહાલ, તેમની કચેરીના આદેશ નંબર જીજી--ક્યુએલ-૪૬૭૩-, તારીખ ૨૮મી ડિસેમ્બર ૧૯૮૭, જે અન્વયે શ્રીમતી ચંપાબેન નટવરલાલ શાહને મોજે ઉત્તરેડીયા, તાલુકો કાલોલના સર્વે નંબર ૧૨૪, ૧૨૩, ૧૨૨, ૧૨૦ ને લાગુ ગોમા નદી પટ્ટ પૈકી ૧—૬૦—૦૦ હેકટર વિસ્તારમાંથી સામાન્ય રેતી ખનિજ કાઢવા ત્રણ વરસની મુદતથી ક્વોરીલીઝ ગુજરાત ગૌણ ખનિજ ધારો, ૧૯૬૬ મુજબ તારીખ ૨૮મી ડીસેમ્બર ૧૯૮૭ થી મંજૂર કરી આપવામાં આવેલ હતું. જેનુ કરારખત તારીખ ૪થી મે ૧૯૮૮ ની અસરથી ત્રણ વરસની મુદત માટે કરવામાં આવેલ હતું. જેની મુદત તારીખ ૩જી મે ૧૯૯૧ના રોજ પુરી થયેલ છે.

"પટ્ટેદારશ્રીએ પટ્ટો રીન્યુ કરવા હેતુ રીન્યુઅલ અરજી રજૂ કરેલ ન હોવાથી".

જેથી, હવે, ગુજરાત ગૌણ ખનિજ ધારો, ૧૯૬૬ ના નિયમ ૧૮(૧) ની હેઠળ વિસ્તાર જાહેર કરવાને પાત્ર થતો હોઈ નીચે પરિશિષ્ટમાં દર્શાવેલ વિગતનો વિસ્તાર આ જાહેરનામું પ્રસિદ્ધ થયાની તારીખથી ૩૦ દિવસો બાદ ખુલ્લો જાહેર કરવામાં આવે છે. જાહેરનામું પ્રસિદ્ધ થયાની તારીખથી ૩૦ દિવસોની અંદર આવેલી અરજીઓ અપરિપકવ ગણવામાં આવશે.

પરિશિષ્ટ

| ગામ | તાલુકો | જિલ્લો | સર્વે નંબર | વિસ્તાર (હેકટરમાં) |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ઉત્તરેડીયા | કાલોલ | પંચમહાલ | ૧૨૪, ૧૨૩, ૧૨૨, ૧૨૦ ને લાગુ ગોમા નદી પટ્ટ પૈકી. | ૧—૬૦—૦૦ |

ગોધરા, તારીખ ૨૨મી ઓગષ્ટ, ૧૯૯૩.

એ. એસ. સુતરીયા,
(I. A. S.)
કલેકટર, પંચમહાલ, ગોધરા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 124

REGISTERED No. G—BA-14-E

C

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIV ] WEDNESDAY, SEPTEMBER 15, 1993 / BHADRA 24, 1915

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

## PART I
## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

### કલેકટર દ્વારા

### જાહેરનામું

ગુજરાત ગૌણ ખનીજ ધારો, ૧૯૬૬.

ક્રમાંક નંબર ઉમક-૫-જીજી-ક્યુએલ-રીગ્રાન્ટ-૧૦૮.—જે અર્થે કલેકટરશ્રી, પંચમહાલ તેમની કચેરીના આદેશ નંબર જીજી-ક્યુએલ-૧૪૨૩-તારીખ ૧૧મી જુલાઈ, ૧૯૮૮ જે અન્વયે શ્રી ડાહ્યાભાઈ ગણેશભાઈ પટેલને મોજે તાંતરોલી, તાલુકો સંતરામપુરના સર્વે નંબર ૧૨૯, ૧૨૬, ૧૮૨/૧, ૧૨૫, ૧૨૨ને લાગુ મહી નદી પટ પૈકી ૪-૫૦-૦૦ હેકટર વિસ્તારમાંથી ગ્રેવોલ ખનીજ કાઢવા ત્રણ વરસથી મુદતથી કવોરીલીઝ ગુજરાત ગૌણ ખનીજ ધારો, ૧૯૬૬ મુજબ તારીખ ૧૧મી જુલાઈ, ૧૯૮૮થી મંજુર કરી આપવામાં આવેલ હતું. જેનું કરારખત તારીખ ૨૮મી સપ્ટેમ્બર, ૧૯૮૮ની અસરથી ત્રણ વરસની મુદત માટે કરવામાં આવેલ હતું. જેની મુદત તારીખ ૨૭મી સપ્ટેમ્બર, ૧૯૯૧ના રોજ પુરી થયેલ છે.

"પટ્ટેદારશ્રીએ પટ્ટો રીન્યુ કરવા નિયમોનુસાર રીન્યુઅલ અરજી કરેલ ન હોવાથી."

જેથી હવે, ગુજરાત ગૌણ ખનીજ ધારો, ૧૯૬૬ના નિયમ ૧૮ (૧)ની હેઠળ વિસ્તાર જાહેર કરવાનો પાત્ર થતો હોઈ નીચે પરિશિષ્ટમાં દર્શાવેલ વિગતનો વિસ્તાર આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસો બાદ ખુલ્લો જાહેર કરવામાં આવે છે. જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસોની અંદર આવેલી અરજીઓ અપરિપકવ ગણવામાં આવશે.

પરિશિષ્ટ

| ગામ | તાલુકો | જિલ્લો | સર્વે નંબર | વિસ્તાર (હેકટરમાં) |
|---|---|---|---|---|
| તાંતરોલી | સંતરામપુર | પંચમહાલ | ૧૨૯, ૧૨૬, ૧૮૨/૧૨૨ને લાગુ મહી નદી પટ્ટ પૈકી. | ૪—૫૦—૦૦ |

ગોધરા, તારીખ ૩૦મી ઓગસ્ટ, ૧૯૯૩.

ઓ. એસ. સુતરીયા,
કલેકટર, પંચમહાલ,
ગોધરા.



Supple. C. G.- I—Extra—124/1

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 125

REGISTERED No. G-BA-14-E

C

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIV ] THURSDAY, SEPTEMBER 16, 1993 / BHADRA 25, 1915

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

## PART I
## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

### પોલીસ કમિશનર દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, (સને ૧૯૫૧ના ૨૨મા) અધિનિયમની કલમ ૩૭ (૧) અન્વયે કાઢેલ.

ક્રમાંક એસ.બી. / ઉગપક / જાહેરનામું /૩૨૦૩/૯૩.—મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ના ૨૨મા અધિનિયમની કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ, હું, હીરાલાલ (આઈ.પી.એસ.), પોલીસ કમિશનર, વડોદરા શહેર.

વડોદરા શહેરની હાલની પરિસ્થિતિને લક્ષમાં રાખી જાહેર સુલેહશાંતિ અને સલામતી જાળવવા સારૂં આથી હું ફરમાવું છું કે વડોદરા શહેરનો સમગ્ર વિસ્તાર એટલે કે પોલીસ કમિશનર વિસ્તારમાં તારીખ ૧૬મી સપ્ટેમ્બર ૧૯૯૩ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૩૦મી સપ્ટેમ્બર ૧૯૯૩ના કલાક ૨૪-૦૦ સુધી કોઈએ—

(ક) કોઈ પ્રકારના શસ્ત્રો, તલવાર, ભાલા, લાકડી, બંદુક અને તેવા સાધનો કે ચીજથી હિંસા થઈ શકે તેવી કોઈ વસ્તુ લઈ જવી કે કબજામાં રાખવી નહીં;

(ખ) પથ્થરો અથવા ફેંકવાના સાધનો એકત્રિત કરવા કે તૈયાર કરવા નહીં;

(ગ) કોઈ ભયાનક પદાર્થ કે સ્ફોટક પદાર્થ લઈ જવો નહીં,

(ઘ) કોઈ શબ, આકૃતિ કે પુતળાં દેખાડવા નહીં;

(ચ) રાજપથમાં સળગતી મશાલ લઈ જવી નહીં;

(છ) અપમાન કરવાના ઈરાદાથી કે બદનામ કરવાના ઈરાદાથી જાહેરમાં સૂત્રો પોકારવા નહીં અથવા ટોળામાં ફરવું નહીં;

(જ) જેનાથી સૂરૂચિ અથવા ભંગ થાય તેવી ચેષ્ટા કરવી નહીં, તેવા ચિત્રો, કે પ્લેકાર્ડો કે પત્રિકાઓ અથવા કોઈ ચીજ-વસ્તુ કે પદાર્થ તૈયાર કરવો નહીં, અગર ફેલાવો કરવો નહિ.

આ હુકમ ભંગ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડતો નથી:—

(૧) સરકારી નોકર કે તેવું કામ કરતી વ્યકિતઓ કે તેવું કામ ઉપરી અધિકારીઓએ આવું કોઈ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય અગર હથિયાર લઈ જવાની ફરજ હોય તેમજ પરવાનેદાર વ્યકિતને,

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા અધિકૃત કરેલ કોઈ અધિકારી જેને શારીરિક અશકિતને કારણે લાકડી લઈ જવાની પરવાનગી આપેલ હોય તે વ્યકિતને.

આ જાહેરનામાનો કોઈપણ ખંડ અથવા ઉલ્લંઘન કરનારને ઈન્ડીયન પીનલ કોડ કલમ-૧૮૮ મુજબ એક માસની સજા અથવા રૂા. ૨૦૦ દંડને પાત્ર થશે.

મેં, આજ તારીખ ૧૫મી સપ્ટેમ્બર ૧૯૯૩ના રોજ મારી સહી કરી સિક્કો મારેલ છે.

હીરાલાલ,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.



INDEX

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ ૩૭ (૧) બી મુજબનો.

ક્રમાંક એસ.બી/ઉગપક/જાહેરનામું/૩૨૦૪/૯૩.—વડોદરા શહેરમાં ધાર્મિક તહેવારો આવતા હોય શહેરમાં કેટલાક ઈસમો, બાળકો, છોકરાઓ કોમી સંવેદનશીલ વિસ્તારમાં સલામતી જોખમાય તે રીતે ક્રિકેટની રમત રમી રમાડી શેરીઓ, ગલીઓમાં કે જાહેર માર્ગો ઉપર ટ્રાફીકને અડચણ થાય તે રીતનો વ્યવહાર વર્તન કરતા હોય તેના કારણે સુલેહ શાંતી જોખમાય તે સંભવ હોય આ કૃત્ય અટકાવવું ખુબજ જરૂરી હોય તેથી.

હું, હીરાલાલ ( આઈ. પી. એસ. ), પોલીસ કમિશનર, વડોદરા શહેર મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ની કલમ-૩૭ (૧) બી મુજબ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે શહેરના પોલીસ કમિશનર વિસ્તારમાં તારીખ ૧૬મી સપ્ટેમ્બર ૧૯૯૩ના કલાક ૦૦-૦૦થી તારીખ ૩૦મી સપ્ટેમ્બર ૧૯૯૩ના કલાક ૨૪-૦૦ સુધી કોઈપણ ઈસમો, બાળકો, છોકરાઓ વિગેરે સરીયામ રોડ રસ્તા કે જાહેર માર્ગો કે ગલીઓમાં ક્રિકેટની રમત રમવી કે રમાડવી નહીં. અથવા તેવી કોઈ પ્રવૃતિ કરવી નહીં.

મેં આજ તારીખ ૧૫મી સપ્ટેમ્બર ૧૯૯૩ના રોજ મારી સહી કરી સીક્કો મારેલ છે.

હીરાલાલ,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

હુકમ

ક્રમાંક એસ. બી./ઉ-ગપક/જાહેરનામું/ ૩૨૦૫/૯૩.—વડોદરા શહેર કારેલીબાગ પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં આવેલ ચાંદબીબી ફાયરીંગ બટ ઉપર સેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડિયા તરફથી આર્મ ગાર્ડની ફાયરીંગ પ્રેકટીસ થનાર હોય જાહેર સલામતી જાળવવા માટે તેમજ જાનહાની થતી અટકાવવા માટે નીચે મુજબ હુકમ કરવો જરૂરી છે.

જેથી હું હીરાલાલ ( આઈ. પી. એસ. ), પોલીસ કમિશનર, વડોદરા શહેર મુંબઈ પોલીસ અધિનિયમન, ૧૯૫૧ ની કલમ ૩૭(૪) અન્વયે મળેલ સત્તાની રુએ હુકમ કરું છું કે, કારેલીબાગ પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં આવેલ ફાયરીંગ બટ ચાંદબીબી બટ વિસ્તારની જગ્યામાં મી. ૧૦૦ ક્ષેત્રફળની ચતુરસીમા વિસ્તારમાં કોઈએ સેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડીયા આર્મ ગાર્ડ ફાયરીંગ પ્રેકટીસ સિવાયનાં માણસોએ તારીખ ૧૭મી સપ્ટેમ્બર ૧૯૯૩ ના કલાક ૧૦-૦૦ થી ૧૬-૦૦ સુધી અવર જવર કરવી નહીં. હાજર રહેવું નહીં. અને નદીમાં હોડી પણ હંકારવી નહીં.

વડોદરા, તારીખ ૧૫મી સપ્ટેમ્બર ૧૯૯૩.

હીરાલાલ,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extar No. 126

REGISTERED No. G—SA-14-E

C

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

SATURDAY, SEPTEMBER 18, 1993 / BHADRA 27, 1915

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

# PART I
# SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

## કલેકટર દ્વારા

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનિજ ધારો, ૧૯૬૬.

નંબર યુએમકે-ઓસકે-૩૪૩૭.—અત્રેની કચેરીના હુકમ નંબર એજીએચ-ક્યુ-એલ-૧૧૬૬ / ૧૬૧૭, તારીખ ૪થી મે ૧૯૮૭ થી શ્રી મે. જગદીશ મીનરલ્સ રે. અમદાવાદને નીચેની વિગતે સાબરકાંઠા જિલ્લામાં રેતી કંકર ખનીજની કવોરીલીઝ ત્રણ વર્ષ માટે મંજુર કરવામાં આવેલ.

| જિલ્લો | તાલુકો | ગામ | સર્વે નંબર | વિસ્તાર |
|---|---|---|---|---|
| સાબરકાંઠા | ખેડબ્રહ્મા | ખેરોજ | સાબરમતી નદી | ૧ ૦૦ ૦૦ |

ઉકત કવોરીલીઝ હુકમની શરત-૧ મુજબ અરજદારે હુકમની તારીખથી ૯૦ દિવસની અંદર કરારખત કરાવી લીધેલ છે. પરંતુ અરજદારે રીન્યુઅલ કરાવેલ નથી.

ગુજરાત ગૌણ ખનિજધારો ૧૯૬૬ના નિયમ ૧૮(૧)-અ અન્વયે મળેલ સત્તાની રૂએ કલેકટર, સાબરકાંઠા અને સક્ષમ અધિકારીશ્રી ઉપરોકત પત્રકમાં જણાવેલ વિસ્તાર ગેઝેટમાં પ્રસિધ્ધ થયાની અસરથી ફરી ખાણકામ માટે ઉપલબ્ધ જાહેર કરવામાં આવે છે.

હિમતનગર, તારીખ ૧૬મી સપ્ટેમ્બર ૧૯૯૩.

**એસ. સી. સનેહી,**
કલેકટર, સાબરકાંઠા.



Supple. C. G.- I—Extra—126/1

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 127

REGISTERED No. G-BA-14-E

C

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIV ] MONDAY, SEPTEMBER 20, 1993 / BHADRA 29, 1915

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

# PART I
# SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

## પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ની કલમ ૧૪૪ અન્વયે

ક્રમાંક એસ. વી. / ઉગપક / જાહેરનામું / ૩૨૬૦/૯૩ .—આગામી ગણેશ ઉત્સવના તહેવારની ઉજવણી દરમ્યાન જાહેર જગ્યાઓએ એટલે કે ગણેશજીની સ્થાપનના સ્થળોએ તેમજ વિસર્જનના દિવસે ગણેશજીની સરઘસના સમયે જતાં આવતા રાહદારીઓ તથા વાહનોમાં તથા વાહનો ઉપર જતા આવતા શખ્સો ઉપર તેમજ મકાન કે મિલ્કત ઉપર દર્શનાર્થે ઉભેલા જનતા ઉપર સફેદ પાવડર કોરો, પાણી કે અન્ય તેલી પદાર્થોમાં મિશ્રીત કરી પ્લાસ્ટીકની નાની થેલીઓ ભરી છુટો ફેંકવાના તથા લગાડવામાં આવે છે.

ગણેશ ઉત્સવના સમયે વપરાતો સફેદ પાવડર જાહેર જનતા ઉપર ફેકવાનાં લગાડવાનાં કૃત્યથી જાહેર જનતાને ત્રાસ અથવા ઈજા થવાની તથા બખેડો કે હુલ્લડો થવાની પુરતી શકયતાઓ છે.

તેથી હું, હીરાલાલ (આઈ. પી. એસ) પોલીસ કમીશનર, વડોદરા શહેર, ફોજદારી કાર્યરીતી અધિનિયમન સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે વડોદરા શહેરના પોલીસ કમિશનરની હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં તારીખ ૧૯મી સપ્ટેમ્બર ૧૯૯૩ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૩૦મી સપ્ટેમ્બર ૧૯૯૩ના કલાક ૨૪-૦૦ સુધી કોઈપણ વ્યકિતઓએ ગણેશ સ્થાપનાનાં સ્થળોએ તેમજ ગણેશ વિસર્જનના સરઘસ સમયે જાહેર જગ્યાએ આવતા જતાં રાહદારીઓ ઉપર તથા વાહનોમાં તથા વાહનો ઉપર જતા આવતા શખ્સો ઉપર કે મકાનો તથા મિલ્કતો ઉપર હાજર રહેલ શખ્સો ઉપર સફેદ પાવડર છુટો પ્રવાહી કે અન્ય તેલી પદાર્થો સાથે ભેળવી છુટો કે પ્લાસ્ટીકની થેલીઓમાં ફેકવો કે ફેકવાનું નહી. તેમજ હાથમાં લઈ વ્યકિતઓને રોકી લગાડવો નહી.

આ હુકમનો ભંગ કરનાર અગર ઉલ્લંઘન કરનાર ભારતનાં ફોજદારી અધિનિયમન (સને ૧૯૬૦ના અધિનિયમન નં. ૪૫) કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે .

મેં આજ તારીખ ૧૮મી સપ્ટેમ્બર ૧૯૯૩ ના રોજ મારી સહી કરી સિક્કો મારેલ છે.

હીરાલાલ,
પોલીસ કમિશનર
વડોદરા શહેર.



PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 128 REGISTERED No. G-BA-14-E

C

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIV] TUESDAY, SEPTEMBER 21, 1993 / BHADRA 30, 1915

**Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation**

# PART I
# SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

## અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયે.

ક્રમાંક એમ. એ. જી. / વશી - ૫૨૨૧ થી ૫૨૫૩/ ૯૩.— વડોદરા જિલ્લામાં આગામી ગણેશ ઉત્સવનો ધાર્મિક તહેવારને ધ્યાને લેતાં જાહેર વ્યવસ્થા જાળવવાનાં હેતુ માટે વડોદરા જિલ્લામાં પોલીસ કમિશનરશ્રી, વડોદરા ( શહેર ) ની હકુમત હેઠળ સિવાયના વિસ્તાર એટલે કે વડોદરા જિલ્લાના સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં સુલેહશાંતિ અને સલામતી જાળવવી અત્યંત જરૂરી હોય, વ્યકિતઓની મંડળી-સરઘસની મનાઈ કરવાનું મને જરૂરી જણાયું છે.

તેથી, હવે, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ( સને ૧૯૫૧ના ૨૨માં) અધિનિયમની કલમ-૩૭ની પેટા-કલમ-(૩) થી મને મળેલી સત્તાની રુઈએ હું, જે. એન. અમીન, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા ઉપરોકત વિસ્તારમાં તારીખ ૧૮મી સપ્ટેમ્બર ૧૯૯૩ના રોજ ૦૦-૦૦ કલાકથી તારીખ ૩૦મી સપ્ટેમ્બર ૧૯૯૩ના રોજ ૨૪-૦૦ કલાકના સમય દરમ્યાન—

૧. ચાર કરતાં વધુ વ્યકિતઓએ ભેગા થવું નહીં.
૨. સભા ભરવી નહીં કે બોલાવવી નહીં.

વધુમાં હું આદેશ કરુ છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહીં :—

૧. સરકારી નોકરીમાં અથવા રોજી પર હોય તે વ્યકિતને,
૨. કોઈ લગ્નના વરઘોડાને,
૩. ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતઓને,
૪. કોઈપણ સ્મશાન યાત્રાને,
૫. કોઈપણ રાષ્ટ્રીય કાર્યક્રમને.

આ હુકમમાંથી પાદરા તથા ડભોઈ તાલુકા વિસ્તાર માટે સંબંધીત સબ-ડિવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, તથા અન્ય તાલુકામાં તાલુકા મેજિસ્ટ્રેટશ્રી તેઓના તાલુકા વિસ્તાર માટે મુકિત આપી શકશે. એટલે [ સરઘસ તથા સભા અંગેની પરવાનગી અંગે સ્થાનિક પરિસ્થિતિ તથા પોલીસ ખાતાનો અભિપ્રાય મેળવી આપવાનો રહેશે.

આ હુકમનો કોઈપણ ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા-કલમ-(૩) મુજબ અને ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ (સને ૧૮૬૦ના ૪૫માં)ની કલમ-૧૮૮ મુજબ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૧૭મી સપ્ટેમ્બર ૧૯૯૩ના રોજ મારી સહી સિક્કા હેઠળ આપ્યો.

જે. એન. અમીન,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વડોદરા.



PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 129 REGISTERED No. G—BA-1-E

C

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIV ] THURSDAY, SEPTEMBER 23, 1993 / ASVINA 1, 1915

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

## PART I
## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયેનો.

નંબર પીઓએલ / વશી / ૯૩.—તારીખ ૧૯મી સપ્ટેમ્બર ૧૯૯૩થી તારીખ ૩૦મી સપ્ટેમ્બર ૧૯૯૩ના સમય દરમ્યાન ગણેશ ઉત્સવનો તહેવાર આવતો હોઈ આ તહેવાર દરમ્યાન સમગ્ર ખેડા જિલ્લામાં જાહેર શાંતિ અને સલામતી જળવાઈ રહે તે માટે સાવચેતીના પગલાં રૂપે ઉકત કાયદાની કલમ-૩૭ (૧) અન્વયે જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

વાસ્તે, હું, જે. એમ. લુણી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા, સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૧)થી મને મળેલ સત્તાની રૂએ, સમગ્ર ખેડા જિલ્લામાં તારીખ ૧૯મી સપ્ટેમ્બર ૧૯૯૩થી તારીખ ૩૦મી સપ્ટેમ્બર ૧૯૯૩ સુધી (બંને દિવસો સુધ્ધાંત) નીચેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું :—

(૧) હથિયાર, તલવાર, ભાલા, ધોકા, બંદુક, છરા, લાકડી કે લાઠી, સળગતી મશાલ અથવા બીજા હથિયારો કે જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું;

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું;

(૩) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તે વસ્તુઓ ફેંકવાના કે ધકેલવાના યંત્રો અથવા સાધનો સાથે લઈ એકઠા તથા તૈયાર કરવાનું;

(૪) મનુષ્યો અથવા શબ અથવા પુતળાં દેખાડવાનું;

(૫) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવાનું અથવા અશ્લીલ ગીતો ગાવાનું;

(૬) જેનાથી સુરુચી અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાનું તથા એવા ચિત્રો, પ્રતિકો, કે પ્લેકાર્ડો અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાનું, બતાવવાનું અથવા ફેલાવો કરવાનું.

વિસ્તાર.—સમગ્ર ખેડા જિલ્લો.

અપવાદ.—આ હુકમનો ખંડ (૧) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં:—

(૧) સરકારી નોકર કે કામ કરતી કોઈપણ વ્યકિત કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, જિલ્લા પોલીસ અધિકારીશ્રી તેમણે અધિકૃત કરેલા અથવા કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારીરિક અશકિતને કારણે લાકડી લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

ખેડા, તારીખ ૧૮મી સપ્ટેમ્બર ૧૯૯૩.

જે. એમ. લુણી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા.



Supple., C. G—I-Extra—129/1

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 130

REGISTERED No. G—BA-14-E

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

[ PUBLISHED BY AUTHORITY ]

Vol. XXX IV] MONDAY, SEPTEMBER 27, 1993 / ASVINA 5, 1915

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

# PART–I

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

### જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭ (૩) અન્વયેનો.

નંબર પીઓએલ / વશી / ૩૩૮૦.—તાજેતરમા ગણેશ મહોત્સવના તહેવારના અનુસંધાનમાં જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને જિલ્લાના સંવેદનશીલ અને અતિ સંવેદનશીલ વિસ્તારોમાં તેના અનુસંધાને કોઈ અવળા પ્રત્યાઘાત ન પડે તે માટે ઉક્ત કાયદાની કલમ-૩૭ (૩) મુજબનું જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

વાસ્તે, હું, પી. પી. ગઢવી, આઈ. એ. એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨માં) ની કલમ-૩૭ (૩) મુજબ અને મળેલ સત્તાની રૂઈએ ફરમાવું છું કે, સમગ્ર ખેડા જિલ્લામાં તારીખ ૨૪મી ઓગસ્ટ ૧૯૯૩ થી તારીખ ૩૦મી સપ્ટેમ્બર ૧૯૯૩ (બંને દિવસો સુધ્ધાંત) ચાર કરતાં વધુ માણસોએ એકત્ર થવું નહીં. ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં અથવા સરઘસ કાઢવું નહીં.

વિસ્તાર :—સમગ્ર ખેડા જિલ્લો.

ખુલાસો :—આ વિસ્તારમાં રસ્તાઓ/રસ્તાની ફુટપાથો તથા ગલીઓ તથા પેટા-ગલીઓનો પણ સમાવેશ થાય છે.

અપવાદ :—આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય, હોમગાર્ડઝ હોય, જેઓ ફરજ ઉપર હોય તેમને તથા મરણોત્તર તેમજ લગ્ન અંગેના સરઘસને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫ હેઠળ અથવા ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ ના ૪૫માં અધિનિયમ) ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૨૩મી સપ્ટેમ્બર ૧૯૯૩ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

પી. પી. ગઢવી,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા.



Supple. C. G. I—Extra—130/1

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 131 REGISTERED No. G-BA-14-E

C

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIV] THURSDAY, SEPTEMBER 30, 1993 / ASVINA 8, 1915

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

# PART I
# SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

## અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

### જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭ (૧) અન્વયેનું.

નંબર પીઓએલ/જાહેરનામું/૩૭(૧)/વશી/૯૩.— વર્તમાન સમયમાં કિસાન સંઘ દ્વારા વિજ ભાવ વધારો તથા રાસાયણિક ખાતરોના ભાવ વધારાના વિરોધમાં આંદોલન ચાલુ હોઈ તેમજ એસ. ટી. ભાડાના વધારાના વિરોધમાં પણ આંદોલન થતા હોઈ તથા તારીખ ૧૯મી સપ્ટેમ્બર ૧૯૯૩થી ગણેશ ચતુર્થીનો તહેવાર શરૂ થયેલ હોઈ સમગ્ર જિલ્લામાં કાયદા અને વ્યવસ્થાની જાળવણી માટે તકેદારીના પગલાં રૂપે નીચે મુજબનો હુકમ કરવો જરૂરી છે.

વાસ્તે, હું, શ્રી પી. કે. શાહ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો હિંમતનગર, સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૭(૧)થી મને મળેલ અધિકારની રૂએ, તારીખ ૨૦મી સપ્ટેમ્બર ૧૯૯૩ ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૩જી ઓક્ટોબર ૧૯૯૩ના કલાક ૨૪-૦૦ સુધી સમગ્ર જિલ્લામાં નીચેના કૃત્યોની મનાઈ ફરમાવું છું:—

૧. શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, ટોટા, બંદુક, ચપ્પુ, લાઠી કે લાકડી જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે ફરવાનું;

૨. પથ્થરો, પદાર્થો અથવા સ્ફોટક પદાર્થો સાથે ફરવાનું;

૩. પથ્થરો અથવા બીજા શસ્ત્રો, અથવા તે ફેંકવાના કે નાખવાના કે ધકેલવાના શસ્ત્રો, અથવા સાધનો સાથે લઈ જવાનું, ફરવાનું કે એકઠા કરવાનું તથા તૈયાર કરવાનું;

૪. કોઈ સરઘસમાં જલતી કે પેટાવેલી મશાલ લઈ જવાનું;

૫. વ્યકિતઓ અથવા તેનું શબ, આકાર અથવા પૂતળાં દેખાડવાનું, સુત્રો પોકારવાનું અથવા અશ્લીલ ગીતો ગાવાનું;

૬. અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સૂત્રો પોકારવાનું, જેનાથી સૂરુચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાનું તથા હાવભાવ અથવા ચેષ્ટા કરવાનું તથા પત્રો, પત્રિકાઓ, પ્લેકાર્ડો અથવા તેનો ફેલાવો કરવાનું.

**અપવાદ:—**

આ હુકમનો ખંડ-૧ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં:—

૧. સરકારી નોકર કે કામ કરતી વ્યકિતઓ કે જેના ઉપરી અધિકારીએ આવું કોઈ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈ હથિયાર સરકારી ફરજ બજાવવા સાથે રાખવાનું આવશ્યક હોય;

૨. જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ-ડિવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, અથવા તેઓએ



INDEX

અધિકૃત કરેલા કોઈપણ અધિકારીએ જે તે શારીરિક અશકતિના કારણે લાકડી કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓ.

૩. કોઈ ધાર્મિક તહેવારની ઉજવણી માટે આ જાહેરનામામાં ઉલ્લેખ કરેલ હથિયારો પૈકીના હથિયારો ધાર્મિક રીવાજોને અનુરૂપ ઉપયોગ કરવા માટે જિલ્લા પોલીસ અધિકારીશ્રી, અથવા જે તે વિસ્તારના સબ-ડિવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી કે એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ-શ્રીએ, અગાઉથી લેખિતમાં મંજૂરી આપી હોય તેવી સંસ્થાઓ કે વ્યકિતઓ.

આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર અથવા કરાવનાર શખ્સો ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫(૧) હેઠળ ઓછામાં ઓછી ચાર માસ કે વધુમાં વધુ એક વર્ષની કેદની સજા અને દંડને પાત્ર થશે.

આજ તારીખ ૨૦મી સપ્ટેમ્બર ૧૯૯૩ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

પી. કે. શાહ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સાબરકાંઠા, હિંમતનગર.

---

## જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭(૩) અન્વયેનું.

નંબર પીઓએલ/જાહેરનામું/૩૭(૩)/વશી/૯૩.— વર્તમાન સમયમાં કિસાન સંઘ દ્વારા બીજ ભાવ વધારો તથા રાસાયણિક ખાતરોના ભાવ વધારાના વિરોધમાં આંદોલન ચાલુ હોઈ તેમજ એસ. ટી. ભાડાના વધારા વિરોધમાં પણ આંદોલન થતા હોઈ તથા તારીખ ૧૯મી સપ્ટેમ્બર ૧૯૯૩ થી ગણેશ ચતુર્થી નો તહેવાર શરૂ થયેલ હોઈ સમગ્ર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે તકેદારીના પગલાં રૂપે નીચે મુજબનો હુકમ કરવો જરૂરી છે.

વાસ્તે, હું, પી. કે. શાહ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા, હિંમતનગર, સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૩) થી મને મળેલ અધિકારની રૂએ, આથી સાબરકાંઠા જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં તારીખ ૨૦મી સપ્ટેમ્બર ૧૯૯૩ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૩જી ઓકટોબર ૧૯૯૩ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહીં અથવા કોઠે સભા ભરવી કે બોલાવવાની નહીં તેમજ સરઘસ કાઢવું નહીં.

**ખુલાસો.—**

આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ કે જેઓ સરકારી ફરજ પર હોય તેને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમનાં કલમ-૧૩૫ હેઠળ અથવા ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ના ૪૫માં અધિનિયમની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં, આજ તારીખ ૨૦મી સપ્ટેમ્બર ૧૯૯૩ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

પી. કે. શાહ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સાબરકાંઠા,

———

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 132 REGISTERED No. G—BA-31-E

C

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

Vol. XXXIV ] THURSDAY, SEPTEMBER 30, 1993 / ASVINA 8, 1915

**Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation**

# PART I
# SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

### પોલીસ કમીશનર તાબા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ ૩૭ (૧) (૩). મુજબનો

ક્રમાંક એસ.બી. / ઉગપક / જાહેરનામું / ૩૯૨૬ / ૯૩.—વડોદરા શહેરમાં પોલીસ કમિશનરની હકુમત હેઠળ વડોદરા શહેરનાં નીચેના વિસ્તારોમાં જાહેર સુલેહ શાંતી જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું હીરાલાલ ( આઈ.પી.એસ. ), પોલીસ કમિશનર, વડોદરા શહેરની મુંબઈ પોલીસ અધિનિયમ ( સને ૧૯૫૧ના ૨૨માં ) અધિનિયમની કલમ ૩૭ (૧) (૩) થી મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૧લી ઓકટોબર ૧૯૯૩ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૫મી ઓકટોબર- ૧૯૯૩ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે વ્યકિતઓ ભેગા થવું નહીં અગર સભા ભરવી કે બોલાવવી નહી તેમજ કોઈ સરઘસ કાઢવું નહીં.

વિસ્તાર.—વડોદરા શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

ખુલાસો.—રસ્તાની ફુટપાથનો પણ આમાં સમાવેશ થાય છે.

અપવાદ.—આ હુકમમાંથી જેઓને અત્રેની કચેરીઓની અગાઉ વરઘોડાની પરવાનગી તેમજ જે માણસ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય, તેમજ લગ્નનાં વરઘોડા અને સ્મશાનયાત્રાને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમ કલમ-૧૩૫ હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૯૬૦ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૧૯૯૩નાં રોજ મારી સહી કરી સિક્કો મારેલ છે.

હીરાલાલ,
પોલીસ કમિશનર, વડોદરા શહેર.

---

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ ૩૭ (૧) અન્વયે કાઢેલ.

ક્રમાંક એસ.બી. / ઉગપક / જાહેરનામું / ૩૯૨૭/ ૯૩.—મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧નાં ૨૨માં અધિનિયમની, કલમ ૩૭ (૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું, હીરાલાલ (આઈ.પી.એસ.) પોલીસ કમિશનર, વડોદરા શહેર.



INDEX

વડોદરા શહેરની હાલની પરિસ્થિતિને લક્ષમાં રાખી જાહેર સુલેહ શાંતિ અને સલામતી જાળવવા સારૂ આથી હું ફરમાવું છું કે, વડોદરા શહેરનો સમગ્ર વિસ્તાર એટલે કે પોલીસ કમિશનર વિસ્તારમાં તારીખ ૧લી ઓકટોબર, ૧૯૯૩ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૫મી ઓકટોબર ૧૯૯૩ના કલાક ૨૪-૦૦ સુધી કોઈએ.

(ક) કોઈ પ્રકારનાં શસ્ત્રો, તલવાર, ભાલા, લાકડી, બંદુક અને તેવા સાધનો કે જીજ્થી હિંસા થઈ શકે તેવી કોઈ વસ્તુ લઈ જવી કે કબજામાં રાખવી નહીં;

(ખ) પથ્થરો અથવા ફેંકવાના સાધનો એકત્રિત કરવા કે તૈયાર કરવા નહીં;

(ગ) કોઈ ભયાનક પદાર્થ કે સ્ફોટક પદાથ લઈ જવો નહી;

(ઘ) કોઈ શબ, આકૃતિ કે પૂતળા દેખાડવા નહીં;

(ચ) સરઘસમાં સળગતી મશાલ લઈ જવી નહીં;

(છ) અપમાન કરવાના ઈરાદાથી બદનામ કરવાના ઈરાદાથી જાહેરમાં સુત્રો પોકારવા નહીં, અથવા ટોળામાં ફરવું નહીં;

(જ) જેનાથી સુરૂચિ અથવા ભંગ થાય તેવી ચેષ્ટા કરવી નહીં તેવા ચિત્રો કે પ્લેકાર્ડો કે પત્રિકાઓ અથવા કોઈ ચીજ વસ્તુ કે પદાર્થ તૈયાર કરવા નહીં, અગર ફેલાવો કરવો નહીં;

આ હુકમ ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડતો નથી.

(૧) સરકારી નોકર કે તેવું કામ કરતી વ્યકિતઓ કે તેવું કામ ઉપરી અધિકારીઓએ આવું કોઈ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય અગર હથિયાર લઈ જવાની ફરજ હોય તેમજ પરવાનેદાર વ્યકિતને.

(૨) જિલ્લા મેજી. અથવા અધિકૃત કરેલ કોઈ અધિકારી જેની શારીરિક અશકિતને કારણે લાકડી લઈ જવાની પરવાનગી આપેલ હોય તે વ્યકિતને.

આ જાહેરનામાનો કોઈપણ ખંડ અથવા ઉલ્લંઘન કરનારને ઈ.પી. કો. કલમ-૧૮૮ મુજબ એક માસની સજા અથવા રૂા. ૨૦૦ દંડ પાત્ર થશે.

મેં આજ તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૧૯૯૩નાં રોજ મારી સહી કરી સિક્કો મારેલ છે.

હીરાલાલ,
પોલીસ કમિશનર, વડોદરા શહેર.

---

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૩ (૧) (બી) મુજબ.

ક્રમાંક એસ. બી. / ઉગપક / જાહેરનામું / ૩૯૨૮ / ૯૩.—વડોદરા શહેરમાં ધાર્મિક તહેવારો આવતા હોય શહેરમાં કેટલાક ઈસમો, બાળકો, છોકરાંઓ કોમી સંવેદનશીલ વિસ્તારમાં સલામતી જોખમાય તે રીતે ક્રિકેટની રમત રમી, રમાડી શેરીઓ, ગલીઓમાં કે જાહેર-માર્ગો ઉપર ટ્રાફિકને અડચણ થાય તે રીતનો વ્યવહાર વર્તન કરતા હોય તેના કારણે સુલેહ શાંતી જોખમાય તે સંભવ હોય આથી આ કૃત્ય અટકાવવું ખુબ જ જરૂરી હોય, તેથી.,

હું, હીરાલાલ (આઈ.પી.એસ.), પોલીસ કમિશનર, વડોદરા શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ ૩૩ (૧) બી મુજબ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, શહેરના પોલીસ કમિશનર વિસ્તારમાં તારીખ ૧લી ઓકટોબર, ૧૯૯૩ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૫મી ઓકટોબર, ૧૯૯૩ના કલાક ૨૪-૦૦ સુધી કોઈપણ ઈસમ, બાળકો, છોકરાઓ વિગેરે સરીયામ રોડ, રસ્તા, કે જાહેરમાર્ગો ગલીઓમાં ક્રિકેટની રમત રમવી કે રમાડવી નહી અથવા તેવી કોઈ પ્રવૃત્તિ કરવી નહીં.

મેં આજ તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૧૯૯૩ના રોજ મારી સહી કરી સિક્કો મારેલ છે.

હીરાલાલ,
પોલીસ કમિશનર, વડોદરા શહેર.

---

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 133

REGISTERED No. G—BA-14-E

C

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIV ] THURSDAY, OCTBER 7, 1993 / ASVINA 15, 1915

**Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation**

## PART–I
## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

### અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧) અન્વયે.

ક્રમાંક એમ. એજી/જાહેરનામું/વશી.—૫૮૫૪ થી ૫૮૮૫/૯૩.— મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૦ (મુંબઈના ૨૨માં) અધિનિયમની કલમ-૩૩(૧)(ક) અન્વયે મળેલ સત્તાની રૂએ, હું, જે. એન. અમીન, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા, જિલ્લામાં અશાંત પરિસ્થિતિને ધ્યાને લેતાં શાંતિ અને સલામતી જાળવવા ફરમાવું છું કે, વડોદરા જિલ્લાના પોલીસ કમિશનરશ્રી, વડોદરા શહેરની હકુમત સિવાયના વિસ્તાર એટલે કે વડોદરા જિલ્લાના સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં તારીખ ૧લી ઓકટોબર ૧૯૯૩ ના રોજ ૦૦-૦૦ કલાકથી તારીખ ૧૫મી ઓકટોબર ૧૯૯૩ના રોજ ૨૪-૦૦ કલાક સુધી કોઈએ.—

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, બંદૂક, છુરા, લાકડી આવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું કોઈપણ સાધન લઇ જવું નહીં;

(ખ) કોઈ ક્ષયકારી પદાર્થ કે સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહીં;

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અને ફેંકવાના કે ધકેલવાના યંત્રો, સાધનો લઇ જવા નહીં કે એકઠા કરવા નહીં કે તૈયાર કરવા નહીં;

(ઘ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સૂત્રો પોકારવા નહીં, અશ્લીલ ગીતો ગાવા નહીં અથવા ટોળામાં ફરવું નહીં;

(ઙ) મનુષ્યો, શબો અથવા આકૃતિઓ અથવા પૂતળાં દેખાડવા નહીં;

(ચ) જેનાથી સૂરૂચિ નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહીં, તેવા હાવભાવ કરવા નહીં, તથા તેવા ચિત્રો, પત્રિકા, રેકોર્ડ અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવા નહીં, બનાવવી નહીં, તેનો ફેલાવો કરવો નહીં.

આ હુકમમાં ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં:—

(૧) સરકારી નોકરીનું કામકાજ કરતી કોઇ વ્યકિતને તેના ઉપરી અધિકારીએ આવું કોઇ હથિયાર લઇ જવાનું ફરમાવ્યું હોય અથવા તેવું કોઇપણ હથિયાર લઇ જવાની ફરજ હોય;

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, જિલ્લા પોલીસ અધિકારીશ્રી તેમણે અધિકૃત કરેલ કોઈ પોલીસ અધિકારી કે જેણે શારીરિક અશકિતના કારણે લાકડી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત;

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા થશે. અને મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૧૩૫ (૧) મુજબ દંડની પણ સજાને પાત્ર થશે.

આજ, તારીખ ૧લી ઓકટોબર ૧૯૯૩ના રોજ સહી/સિકકા હેઠળ આપ્યો..

જે. એન. અમીન,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વડોદરા.

---



INDEX

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયે.

નંબર એમએજી/વશી/૫૨૮૮૬ થી ૫૯૧૯/૯૩.—વડોદરા જિલ્લામાં અશાંત પરિસ્થિતીને ધ્યાને લેતા જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે વડોદરા જિલ્લામાં પોલીસ કમિશનરશ્રી, વડોદરા શહેરની હકુમત હેઠળ સિવાયના વિસ્તાર એટલે કે વડોદરા જિલ્લાના સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં સુલેહ શાંતિ અને સલામતિ જાળવણી, અત્યંત જરૂરી હોય વ્યકિતઓની મંડળી, સરઘસની મનાઈ કરવાનું મને જરૂરી જણાયું છે.

તેથી, હવે, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨માં) અધિનિયમની કલમ-૩૭ પેટા-કલમ (૩) થી મને મળેલી સત્તાની રૂઈએ હું, જે. એન. અમીન, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા ઉપરોકત વિસ્તારોમાં તારીખ ૨જી ઓકટોબર ૧૯૯૩ના રોજ કલાક ૦૦-૦૦ કલાક થી તારીખ ૧૫ મી ઓકટોબર ૧૯૯૩ના રોજ ૨૪-૦૦ કલાકના સમય દરમ્યાન.

(૧) ચાર કરતાં વધુ વ્યકિતઓએ ભેગા થવું નહીં;
(૨) સભા ભરવી કે બોલાવવી નહીં;

વધુમાં હું, આદેશ કરું છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરીમાં અથવા રોજી પર હોય તે વ્યકિતને
(૨) કોઈ લગ્નના વરઘોડાને.
(૩) ફરજ પર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતઓને;
(૪) કોઈપણ સ્મશાન યાત્રાને;
(૫) કોઈપણ રાષ્ટ્રીય કાર્યક્રમને.

આ હુકમમાંથી પાદરા તથા ડભોઇ તાલુકા વિસ્તાર માટે સંબંધિત સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી તથા અન્ય તાલુકામાં તાલુકા મેજિસ્ટ્રેટશ્રી તેઓના તાલુકા વિસ્તાર માટે મુકિત આપી શકાશે એટલે સરઘસ તથા સભા અંગેની પરવાનગી અંગે સ્થાનિક પરિસ્થિતિ તથા પોલીસ ખાતાનો અભિપ્રાય મેળવી આપવાની રહેશે.

આ હુકમનો કોઈપણ ભંગ અથવા ઉલંઘન કરનાર સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા-કલમ (૩) મુજબ અને ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ (સને ૧૮૬૦ના ૪૫માં)ની કલમ-૧૮૮ મુજબ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૧લી ઓકટોબર ૧૯૯૩ના રોજ મારી સહી/સિક્કા હેઠળ આપ્યો.

જે. એન. અમીન,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વડોદરા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 134

REGISTERED No. G-BA-14

C

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIV] MONDAY, OCTOBER 11, 1993 / ASVINA 19, 1915

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

# PART I
# SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

## પોલીસ કમિશનર દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ની કલમ ૩૭ (૧) (૪) અન્વયેનો.

ક્રમાંક એસ. બી/ઉગપક/જાહેરનામું/૪૦૪૧/૯૩.—વડોદરા શહેરમાં આગામી ઓકટોબર ૧૯૯૩ની ન્યુ. એસ. એસ. સી/ઉચ્ચત્તર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા તારીખ ૧૧મી ઓકટોબર ૧૯૯૩ થી તારીખ ૨૫મી ઓકટોબર ૧૯૯૩ સુધી, શહેરની જુદી જુદી શાળાઓમાં લેવાનાર છે.

આ પરીક્ષાઓ વિદ્યાર્થીઓ કોઈપણ જાતના ખલેલ વિના શાંત વાતાવરણમાં આપી શકે તે માટે બહારનાં તોફાની તત્વો આ પરીક્ષાઓ દરમ્યાન કેન્દ્રમાં પરીક્ષા આપતાં વિદ્યાર્થીઓને ખલેલ ન પહોંચાડે તથા અન્ય ગેરકાયદેસરની પ્રવૃત્તિ પરીક્ષા દરમ્યાન ન આચરે તે માટે,

હું, હીરાલાલ (આઈ. પી. એસ.) પોલીસ કમિશનર, વડોદરા શહેર સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૧) (૪) અન્વયે મને મળેલ સત્તાની રુઈએ ફરમાવું છું કે,

વડોદરા શહેરનાં આગામી ઓકટોબર ૧૯૯૩ ની ન્યુ. એસ. એસ. સી/ /ઉચ્ચત્તર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા તારીખ ૧૧મી ઓકટોબર ૧૯૯૩ થી તારીખ ૨૫મી ઓકટોબર ૧૯૯૩ સુધી શહેરનાં જે જે કેન્દ્રો (શાળાઓ) માં લેવાનાર છે. તે તે કેન્દ્રની શાળાઓનાં કમ્પાઉન્ડમાં તેમજ શાળાની ચારે બાજુના વિસ્તારમાં તારીખ ૧૧મી ઓકટોબર ૧૯૯૩ થી તારીખ ૨૫મી ઓકટોબર ૧૯૯૩ સુધી સવાર કલાક ૯-૦૦ થી કલાક ૧૯-૦૦ દરમ્યાન પરીક્ષાર્થીઓને ખલેલ પડે તે રીતે કોઈ અનઅધિકૃત વ્યકિતઓ એકત્રીત થશે નહીં, કે શાળાઓમાં (કેન્દ્રમાં) પ્રવેશ કરશે નહીં. કે વાહન લઈ જશે નહીં કે આવશે નહીં.

વિસ્તાર.—વડોદરા શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળનાં વિસ્તારમાં આવેલ તમામ પરીક્ષા કેન્દ્રની શાળાઓ યાદીમાં જણાવ્યા મુજબ

અપવાદ.—આ હુકમમાંથી નીચે જણાવેલ વ્યકિતઓને મુકિત આપવામાં આવે છે :—

(૧) પરીક્ષાર્થી તથા પરીક્ષાર્થીના સંચાલન અંગેની ફરજ જે અધિકારી/કર્મચારીઓને સોંપવામાં આવી છે તે તમામ.

(૨) ફરજ પરનાં પોલીસ/એસ. આર.પી./હોમગાર્ડઝનાં અધિકારી તથા જવાનો.

આ હુકમનો ભંગ અથવા ઉલંઘન કરનાર સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે.



INDEX

ઓકટોબર ૧૯૯૩ની ન્યુ એસ. એસ. સી./એચ. એસ. એસ. સી. પરીક્ષાની સ્કુલો એ રૂટે વાઇઝ દર્શાવતું પત્રક.

પોલીસ સ્ટેશન — સ્કુલોનાં નામ

(૧) સીટી પોલીસ સ્ટેશન

૧. લધારામ સીંધ હિન્દુ હાઈસ્કૂલ, નજરબાગ પાછળ.
૨. એમ. ઈ. એસ. બોઈઝ હાઈસ્કૂલ, યાકૂતપુરા.
૩. શ્રી વિનય વિદ્યાલય, ફત્તેપુરા, મેઈન રોડ.
૪. શ્રી જી. એન. વી. હાઈસ્કૂલ, વારસીયા રોડ.

(૨) વાડી પોલીસ સ્ટેશન

૫. ઝેનિથ હાઈસ્કુલ, પ્રતાપનગર, ડભોઈ રોડ.
૬. સ્વામી વિદ્યાનંદ વિદ્યાવિહાર, પ્રતાપનગર.
૭. એમ. ઈ. એસ. ગર્લ હાઈસ્કુલ, ગેંડીગેટ
૮. આર. એન્ડ કે. પંડયા હાઈસ્કૂલ, ચીત્તેખાનની ગલી.
૯. એચ. વી. શ્રોફ મેમો. હાઈસ્કૂલ, લાડવાડા.
૧૦. સયાજી ગર્લ હાઈસ્કૂલ, ઘડીયાડી પોળ.
૧૧. સયાજી બોઈઝ હાઈસ્કૂલ, ઘડીયાડી પોળ.

(૩) રાવપુરા પોલીસ સ્ટેશન

૧૨. જીવન માંગલ્ય હાઈસ્કૂલ, દાંડીયાબજાર, બાબાજીપુરા.
૧૩. એચ. જે. પરીખ હાઈસ્કૂલ, નવરંગ સીનેમાની ગલીમાં
૧૪. મહારાણી ગર્લ હાઈસ્કૂલ, સુરસાગર પાસે.

(૪) કારેલીબાગ પોલીસ સ્ટેશન

૧૫. કૃષ્ણ હીન્દી હાઈસ્કૂલ, આર્યકન્યા વિદ્યાલય પાસે, કારેલીબાગ.
૧૬. જીવન સાધના હાઈસ્કૂલ, ભુતડીઝાંપા.
૧૭. એમ. ઈ. એસ. હાઈસ્કૂલ, નાગરવાડા.
૧૮. એમ. સી. હાઈસ્કૂલ, સલાટવાડા.
૧૯. શ્રી જીવન સાધના હાઈસ્કૂલ, નવી ધરતી (ભુતડીઝાંપા)
૨૦. શ્રી ન્યુઈરા ગર્લ હાઈસ્કૂલ, ભુતડીઝાંપા.
૨૧. શ્રી લાલબહાદુર શાસ્ત્રી વિદ્યાલય, હરણીરોડ.
૨૨. સરદાર વીનય મંદીર હાઈસ્કૂલ, કારેલીબાગ.

(૫) સયાજીગંજ પોલીસ સ્ટેશન

૨૩. નવયુગ વિદ્યાલય, ફત્તેગંજ.
૨૪. હીલ મેમોરિયલ, ફત્તેગંજ.
૨૫. કોન્વેન્ટ હાઈસ્કૂલ, ફત્તેગંજ.
૨૬. નવયુગ ઈગ્લીશ મીડીયમ હાઈસ્કૂલ, સમા.
૨૭. વેબ મેમોરીયલ હાઈસ્કૂલ, પેન્શનપુરા, ફત્તેગંજ મેઈન રોડ
૨૮. ટી. આર. પટેલ વિદ્યાલય, નીઝામપુરા.
૨૯. નુતન વિદ્યાલય, સુભાનપુરા.
૩૦. રોઝરી હાઈસ્કૂલ, ફત્તેગંજ.

(૬) જે. પી. રોડ પોલીસ સ્ટેશન

૩૧. ઉત્કર્ષ વિદ્યાલય ગોત્રી.

(૭) ગોરવા પોલીસ સ્ટેશન.

૩૨. બરોડા જૂનિયર હાઈસ્કૂલ, અલકાપુરી.

મેં આજ તારીખ ૮મી ઓકટોબર ૧૯૯૩નાં રોજ મારી સહી કરી સિક્કો મારેલ છે.

હીરાલાલ,
પોલીસ કમિશનર વડોદરા શહેર.

---

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 135

REGISTERED No. G-BA-14-E

C

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIV ] MONDAY, OCTOBER 11, 1993 / ASVINA 19, 1915

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

## PART I

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનો.

નંબર : પીઓએલ / વશી/૩૫૭૯ / ૧૯૯૩.—ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા તેની ગાંધીનગર અને વડોદરા ખાતેની પરીક્ષા વિભાગની કચેરી દ્વારા એસ. એસ. સી. પરીક્ષા અને ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા તારીખ ૧૧મી ઓકટોબર, ૧૯૯૩ થી તારીખ ૨૫મી ઓકટોબર, ૧૯૯૩ દરમ્યાન ખેડા જિલ્લાના નીચે જણાવેલા જુદા જુદા કેન્દ્રોમાં યોજવામાં આવનાર છે. તેમજ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (રાજય) નડીઆદ દ્વારા પરીક્ષા કેન્દ્રોના મુખ્ય મકાન અને પેટા મકાનની યાદી અત્રે તારીખ ૬ઠ્ઠી ઓકટોબર, ૧૯૯૩ ના પત્ર નં. પરીક્ષા / એસ એસ. સી. / ઓકટોબર, ૧૯૯૩ થી અત્રે રજુ કરેલ છે.

| અનુ. નંબર | કેન્દ્રનું સ્થળ | પરીક્ષા કેન્દ્રના મુખ્ય મકાન અને પેટા મકાનની વિગત |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | આણંદ | કસ્તુરબા કન્યા વિદ્યાલય, આણંદ. શેઠ |
| ૨ | કપડવંજ | એમ. પી. મ્યુનિસિપલ હાઈસ્કૂલ, કપડવંજ, |
| ૩ | બાલાસિનોર | પી. વી. વિદ્યાલય, બાલાસિનોર. |
| ૪ | ખેડા | એચ. એન્ડ ડી. પારેખ હાઈસ્કુલ, ખેડા. |
| ૫ | પેટલાદ | આર. કે. વિદ્યાલય, પેટલાદ. |
| ૬ | નડીઆદ | સર્વોદય વિદ્યામંદિર, દિવાળી પોળ, નડીઆદ. |
| ૭ | બોરસદ | જે. ડી. આર. પટેલ કન્યા વિદ્યાલય, કન્યા વિદ્યાલય, બોરસદ. |
| ૮ | ખંભાત | એસ. ડી. કાપડીયા હાઈસ્કુલ, ખંભાત. |

(૨) ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા, ઓકટોબર, ૧૯૯૩ની વિગત :

| | | |
|---|---|---|
| ૧ | આણંદ | કસ્તુરબા કન્યા વિદ્યાલય, આણંદ. |
| ૨ | નડીઆદ | ન્યુ ઈંગ્લીશ સ્કુલ, નડીઆદ. |

ઉપરોકત બંને પરીક્ષાનું સંચાલન સરળતાથી અને સ્વાભાવિક રીતે થાય અને વિદ્યાર્થીઓ શાંતિપૂર્વક પરીક્ષા આપી શકે તેમજ સુલેહ શાંતિનો ભંગ ન થાય, અસામાજિક તત્વોના ત્રાસ, ભય વગર ખંડ નિરીક્ષકો કાર્ય કરી શકે. કોઈપણ ગેર રીતિઓ માટે પ્રલોભન ઉભા ન થાય તે જાહેર હિતમાં આવશ્યક છે.



INDEX

વાસ્તે, હું પી. પી. ગઢવી, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ નીચે મને મળેલ સત્તાની રૂએ ન્યુ. એસ. એસ. સી. અને ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષાના ઉપરોકત સંબંધિત કેન્દ્રોમાં તારીખ ૧૧મી ઓકટોબર, ૧૯૯૩ થી તારીખ ૨૫મી ઓકટોબર, ૧૯૯૩ બંને દિવસો સુધી પરીક્ષાના દિવસો દરમ્યાન સવારના ૪-૦૦ કલાકથી સાંજના ૨૦-૦૦ કલાક દરમ્યાન.

૧. પરીક્ષા આપવા આવનાર વિદ્યાર્થીઓ ( Bonafied ) પરીક્ષા લેનાર એકઝામીનર્સ, ફરજ પરના અધિકારીઓ અને કર્મચારીઓ કે અધિકારીઓ કે જેઓને બોર્ડ તરફથી ફરજ માટે નિમણુંક આપવામાં આવી હોય તેમને તેમજ ફરજ માટે મુકેલા પોલીસના માણસો અને અધિકૃત અધિકારીઓ સિવાય કોઈએ પ્રવેશ કરવો નહીં.

૨. કોઈપણ વ્યકિતએ લાઠી અગર ઈજા થાય તેવા કોઈપણ હથિયારો સાથે લઈ ફરવું નહીં કે પરીક્ષાના કેન્દ્રની આજુબાજુ ફરવું નહીં.

૩. પરીક્ષાના કેન્દ્રોના મુખ્ય મકાન અને પેટા મકાનની આજુ-બાજુની ૨૦૦ (બસો) મીટરની ત્રિજયામાં ચાર કરતાં વધારે માણસોએ એકઠા થવું નહીં.

આજ તારીખ ૮મી ઓકટોબર, ૧૯૯૩ના રોજ મેં મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

પી. પી. ગઢવી,
જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા.

———

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 136 REGISTERED No. G-BA-14-E

C

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIV ] SATURDAY, OCTOBER 16, 1993 / ASVINA 24, 1915

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as separate compilation

## PART–I

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

### અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

#### જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭(૧) અન્વયેનું.

નંબર પીઓએલ-જાહેરનામું-૩૭(૧)- વશી ૯૩.—વર્તમાન સમયમાં કિસાનસંઘ દ્વારા વીજ ભાવ વધારા તથા રાસાયણિક ખાતરોનો ભાવ વધારાના વિરોધમાં આપવામાં આવતા જુદા જુદા કાર્યક્રમો તથા ટ્રક ઓપરેટરો તરફથી તેઓની માંગણીઓ અનુસંધાને આપવામાં આવતા કાર્યક્રમોના અનુસંધાને સમગ્ર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે તકેદારીના પગલાં રુપે નીચે મુજબનો હુકમ કરવો જરૂરી છે.

વાસ્તે હુ, શ્રી પી. કે. શાહ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો, હિંમતનગર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ, કલમ-૩૭(૧)થી મને મળેલ અધિકારની રૂઈએ તારીખ ૫મી ઓક્ટોબર ૧૯૯૩ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૮મી ઓકટોબર ૧૯૯૩ના કલાક ૨૪-૦૦ સુધી સમગ્ર જિલ્લામાં નીચેના કૃત્યોની મનાઈ ફરમાવું છું.

૧. શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, ટોટા, બંદુક, ચપ્પુ લાઠી કે લાકડી જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે ફરવાનું,

૨. પથ્થરો, પદાર્થો અથવા સ્ફોટક પદાર્થો સાથે ફરવાનું;

૩. પથ્થરો અથવા બીજા શસ્ત્રો, અથવા તે ફેંકવાના કે નાખવાના કે ધકેલવાના શસ્ત્રો, અથવા સાધનો સાથે લઈ જવાનું, ફરવાનું કે ઢગલા કરવાનું તથા તૈયાર કરવાનું;

(૪) કોઈ સરઘસમાં જલતી કે પેટાવેલી મશાલ લઈ જવાનું;

(૫) વ્યકિતઓ અથવા તેનું શબ, આકાર અથવા પુતળા દેખાડવાનું, સુત્રો પોકારવાનું અથવા અશ્લીલ ગીતો ગાવાનું;

(૬) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવાનું, જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવા તથા હાવભાવ અથવા ચેષ્ટા કરવાનું તથા પત્રો, પત્રિકાઓ, પ્લેકાર્ડો અથવા તેનો ફેલાવો કરવાનું.

અપવાદ :

આ હુકમનો ખંડ (૧) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં :

(૧) સરકારી નોકર કે કામ કરતી વ્યકિતઓ કે જેના ઉપરી અધિકારીએ આવું કોઈ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈ હથિયાર સરકારી ફરજ બજાવવા સાથે રાખવાનું આવશ્યક હોય,

(૨) જિલ્લા મેજીસ્ટ્રેટ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી અથવા તેઓએ અધિકૃત કરેલા કોઈપણ અધિકારીએ જે તે શારીરિક અશકિતના કારણે લાકડી કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓ,

(૩) કોઈ ધાર્મિક તહેવારની ઉજવણી માટે આ જાહેરનામામાં ઉલ્લેખ કરેલ હથિયારો ઉપરાંતના હથિયારો ધાર્મિક રીવાજોને અનુરૂપ ઉપયોગ કરવા માટે જિલ્લા પોલીસ અધિકારીશ્રી, અથવા જે તે વિસ્તારના સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી કે એકઝી. મેજીસ્ટ્રેટશ્રીએ અગાઉથી લેખિતમાં મંજુરી આપી હોય તેવી સંસ્થાઓ કે વ્યકિતઓ.



INDEX

(૪) આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર અથવા કરાવનાર શખ્સો ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ (૧) હેઠળ ઓછામાં ઓછી ચાર માસ કે વધુમાં વધુ એક વર્ષની કેદની સજા અને દંડને પાત્ર થશે.

આજ તારીખ ૪થી ઓકટોબર, ૧૯૯૩ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

પી. કે. શાહ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા.
હિમતનગર.

---

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયેનું.

નંબર પીઓએલ / જાહેરનામું ૩૭( ૩)/ વશી/૯૩.—વર્તમાન સમયમાં કિસાન સંઘ દ્વારા વિજ ભાવ વધારા તથા રાસાયણિક ખાતરોના ભાવ વધારાના વિરોધમાં આપવામાં આવતા જુદા જુદા કાર્યક્રમો તથા ટ્રક ઓપરેટરો તરફથી તેઓની માંગણીઓ અનુસંધાને આપવામાં આવતા કાર્યક્રમોના અનુસંધાને સમગ્ર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે તકેદારીના પગાંલાં રૂપે નીચે મુજબનો હુકમ કરવો જરૂરી છે.

વાસ્તે હું પી.કે. શાહ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સાબરકાંઠા હિમતનગર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૩) થી મને મળેલ અધિકારની રૂએ આથી સાબરકાંઠા સમગ્ર જિલ્લામાં વિસ્તારમાં તારીખ ૫મી ઓકટોબર, ૧૯૯૩ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૮મી ઓકટોબર, ૧૯૯૩ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહીં, અથવા કોઈ સભા ભરવી કે બોલાવવાની નહીં, તેમજ સરઘસ કાઢવું નહીં.

ખુલાસો :

આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ કે જેઓ સરકારી ફરજ પર હોય તેને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ, અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ અથવા ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૬૦ના ૪૫મા અધિનિયમની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૪થી ઓકટોબર, ૧૯૯૩ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

પી. કે. શાહ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
સાબરકાંઠા.

---

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 137

REGISTERED No. G—BA-1PE

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

Vol. XXXIV ] SATURDAY, OCTOBER 16, 1993 / ASVINA 24, 1915

**Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation**

# PART I
# SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

## પોલીસ કમિશનર દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માં) અધિનિયમની કલમ-૩૭ (૧) અન્વયે કાઢેલ.

ક્રમાંક એસ.બી/ઉગપક/જાહેરનામું/૫૦૮૪/૯૩ .—મુંબઈ પોલીસ અધિનિયમન સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ ૩૭(૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ, હું, હિરાલાલ ( આઈ. પી. એસ.), પોલીસ કમિશનર, વડોદરા શહેર, વડોદરા શહેરની હાલની પરિસ્થિતિને લક્ષમાં રાખી જાહેર સુલેહ શાંતિ અને સલામતી જાળવવા સારૂ આથી હું ફરમાવું છું કે વડોદરા શહેર નો સમગ્ર વિસ્તારમાં એટલે કે પોલીસ કમિશનર વિસ્તારમાં તારીખ ૧૬મી ઓકટોબર ૧૯૯૩ના ક્ર. ૦૦-૦૦ થી તારીખ ૩૧મી ઓકટોબર ૧૯૯૩ ક. ૨૪-૦૦ સુધી કોઈએ.

(ક) કોઈ પ્રકારના શસ્ત્રો, તલવાર, ભાલા, લાકડી, બંદૂક અને તેવા સાધનો કે ચીજથી હિંસા થઈ શકે તેવી કોઈ વસ્તુ લઈ જવી કે કબજામાં રાખવી નહીં;

(ખ) પથ્થરો અથવા ફેંકવાના સાધનો એકત્રીત કરવા કે તૈયાર કરવા નહીં;

(ગ) કોઈ ભયાનક પદાર્થ કે સ્ફોટક પદાર્થ લઈ જવો નહીં;

(ઘ) કોઈ શબ, આકૃતી કે પૂતળા દેખાડવા નહીં;

(ચ) સરઘસમાં સળગતી મશાલ લઈ જવી નહીં;

(છ) અપમાન કરવાના ઈરાદાથી કે બદનામ કરવાના ઈરાદાથી જાહેરમાં સૂત્રો પોકારવા નહીં અથવા ટોળામાં ફરવું નહીં;

(જ) જેનાથી સુરૂચી અથવા નીતિનો ભંગ થાય તેવી ચેષ્ટા કરવી નહીં, તેવા ચિત્રો, પ્લેકાર્ડો કે પત્રિકાઓ અથવા કોઈ વસ્તુ કે પદાર્થ તૈયાર કરવો નહીં અગર ફેલાવો કરવો નહીં.,

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડતો નથી :—

(૧) સરકારી નોકર કે તેવું કામ કરતી વ્યકિતઓ કે તેવું કામ ઉપરી અધિકારીએ આવું કોઈ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય અગર હથિયાર લઈ જવાની ફરજ હોય તેમજ પરવાનેદાર વ્યકિતને;

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા અધિકૃત કરેલ કોઈ અધિકારી જેની શારીરિક અશકિતના કારણે લાકડી લઈ જવાની પરવાનગી આપેલ હોય તે વ્યકિતને.

આ જાહેરનામાંનો કોઈપણ ખંડ અથવા ઉલ્લંઘન કરનારને ઈન્ડીયન પીનલ કોડની કલમ-૧૮૮ મુજબ એક માસની સજા અથવા રૂા. ૨૦૦ દંડને પાત્ર થશે.

મેં, આજ તારીખ ૧૫મી ઓકટોબર ૧૯૯૩ના રોજ મારી સહી કરી સિક્કો મારેલ છે.

હિરાલાલ,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

———



INDEX

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ ૩૭ (૧) બી મુજબનો.

ક્રમાંક એસ.બી/ઉગપક/જાહેરનામું/૫૦૮૫/૯૩.—વડોદરા શહેરની ધાર્મિક તહેવારો આવતા હોય શહેરમાં કેટલાક ઈસમો, બાળકો, છોકરાઓ કોમી સંવેદનશીલ વિસ્તારમાં સલામતી જોખમાય તે રીતે ક્રિકેટની રમત રમી રમાડી શેરીઓ, ગલીઓમાં કે જાહેર માર્ગો ઉપર ટ્રાફીકને અડચણ થાય તે રીતેનો વ્યવહાર વર્તન કરતા હોય તેના કારણે સુલેહ શાંતી જોખમાય તે સંભવ હોય આથી કૃત્ય અટકાવવું ખુબજ જરૂરી હોય તેથી.

હું, હીરાલાલ ( આઈ. પી. એસ. ), પોલીસ કમિશનર, વડોદરા શહેર મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ની કલમ-૩૭ (૧) બી મુજબ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે શહેરના પોલીસ કમિશનર વિસ્તારમાં તારીખ ૧૬મી ઓક્ટોબર,૧૯૯૩ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૩૧મી ઓક્ટોબર, ૧૯૯૩ના કલાક ૨૪-૦૦ સુધી કોઈપણ ઈસમો, બાળકો, છોકરાઓ વિગેરે સરીયામ રોડ રસ્તા કે જાહેર માર્ગો કે ગલીઓમાં ક્રિકેટની રમત રમવી કે રમાડવી નહીં અથવા તેવી કોઈ પ્રવૃતિ કરવી નહીં.

મેં આજ તારીખ ૧૫મી ઓક્ટોબર, ૧૯૯૩ના રોજ મારી સહી કરી સીક્કો મારેલ છે.

હીરાલાલ,
પોલીસ કમિશ્નર,
વડોદરા શહેર.

---

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ-૩૩(૧)(૨) મુજબનું

ક્રમાંક એસ.બી/ઉગપક/જાહેરનામું/૫૦૮૬/૯૩ .—વડોદરા શહેરમાં આનંદ પ્રમોદ અને સહેલગાહ માટે સુરસાગર તળાવમાં નાગરિકો નૌકા વિહાર કરે છે. પરંતુ તાજેતરમાં નૌકા વિહાર દરમ્યાન થયેલ હોડી હોનારતનાં બનાવના કારણે નૌકા વિહાર માનવજીવનની સલામતી માટે ભયરૂપ અને જોખમી બનેલ છે.

જેથી જાહેર જનતાની સલામતી અંગે સુરસાગર તળાવમાં નાગરિકો કે અન્ય સંસ્થાઓ દ્વારા થતા નૌકા વિહારના તથા અન્ય કાર્યક્રમો ઉપર નિયંત્રણ મુકવું ખુબ જરૂરી હોય, વડોદરા શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં મુંબઈ પોલીસ અધિનિયમન સને ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (૨) મુજબ મને મળેલ અધિકારની રૂએ હું, હીરાલાલ(ઓઈ.પી.એસ.), પોલીસ કમિશનર, વડોદરા શહેરનાઓ જાહેર જનતાના જાનમાલની સલામતી અંગે સુરસાગર તળાવની ચતુ:સીમા વિસ્તારમાં કોઈપણ ઈસમો-સંસ્થા કે વ્યકિતઓના જુથે નૌકા/બોટ/મોટરબોટ કે પાણી ઉપર ચાલતા વાહન ઉપર તારીખ ૧૨મી ઓગસ્ટ ૧૯૯૩ના કલાક ૮-૦૦ થી તારીખ ૧૨મી ફેબ્રુઆરી ૧૯૯૪ કલાક ૨૪-૦૦ સુધી એટલે કે છ માસ સુધી પ્રતિબંધ ફરમાવેલ, જે હુકમમાંથી નીચે મુજબ મુકતી ફરમાવું છું.

વડોદરા મોન્ટર્સ સંસ્થા બોર્ટીંગની તેમજ બચાવ કામગીરીની તાલીમને લક્ષમાં રાખી આ સંસ્થાના સભ્યોને સુરસાગર તળાવમાં બોર્ટીંગ તેમજ તેના બચાવની કામગીરી પ્રેકટીસ કરવા ટ્રેનિંગ દરમ્યાન આવચેતીનાં પગલાં લેવાની ખાત્રી સહ સુરસાગર તળાવમાં નૌકા/બોટ/મોટરબોટ, ચલાવવા આ હુકમમાંથી મુકિત આપવામાં આવે છે.

મે આજ તારીખ ૧૫મી ઓક્ટોબર ૧૯૯૩ના રોજ મારી સહી કરી સીકકો મારેલ છે.

હીરાલાલ,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

---

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA

INDEX

Extar No. 138 REGISTERED No. G—BA-14-E

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

Vol. XXXIV ] MONDAY, OCTOBER 18, 1993 / ASVINA 26, 1915

**Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation**


# PART I
# SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

## કલેકટર દ્વારા
### જાહેરનામું

ગુજરાત ગૌણ ખનીજ નિયમો, ૧૯૬૬.

નંબર ઉમકવ/એજીઓએલ/કયુએલ/રીગ્રાન્ટ/૯૩.—વલસાડ જિલ્લામાં નીચેની વિગતે દર્શાવેલ કવોરીલીઝના વિસ્તારો આ જાહેરનામું પ્રસિદ્ધ થયા તારીખથી ૩૦ (ત્રીસ) દિવસ પછી જાહેર જનતા માટે ફરીથી ઉપલબ્ધ જાહેર કરવામાં આવે છે.

| | અગાઉ જેના નામે મંજુર થયેલ | ખનીજ | તાલુકો | ગામ | સ. નં. / બ્લોક નંબરો | મંજુર થયેલ વિસ્તાર હેકટરમાં | ઉપલબ્ધ વિસ્તાર હેકટરમાં |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | શ્રી જનકસિંહ ઉમેદસિંહ ચૌહાણ ૧૦૨/૮૮ | સા. રેતી | પારડી | ડુંગરા | ૮૩, ૮૫ ની સામે દમણગંગા નદી પટ | ૧ ૦૦ ૦૦ | ૧ ૦૦ ૦૦ |
| ૨ | શ્રી મયુરકાંત એચ. પટેલ ૧૩૦/૮૫ | સા. રેતી | પારડી | લવાછા | ૧૩, ૨૩, ૨૨ની સામે દમણ-નદી પટ | ૧ ૦૦ ૦૦ | ૧ ૦૦ ૦૦ |
| ૩ | શ્રી અમૃતભાઈ કે. પટેલ ૧૯૫/૮૯ | સા. રેતી | નવસારી | બોરીયાચ | ૧૬, ૧૭ ની સામે અંબિકા નદી પટ | ૧ ૦૦ ૦૦ | ૧ ૦૦ ૦૦ |
| ૪ | શ્રી નારણભાઈ જેમાભાઈ ઓડ ૨૩/૮૫ | સા. રેતી | નવસારી | વિરાવળ | ૪૬૨ ની સામે પૂર્ણા નદીપટ | ૧ ૦૦ ૦૦ | ૧ ૦૦ ૦૦ |
| ૫ | શ્રી વિરેન્દ્ર કે. પટેલ ૪૬/૮૩ | બ્રેકટ્રેપ | ઉમરગામ | ભીલાડ | ૭, ૧૧૩, ૧૨૪ ની સામે દારોઠા નદી પટ | ૧ ૦૦ ૦૦ | ૧ ૦૦ ૦૦ |
| ૬ | શ્રી પ્રવિણભાઈ એચ. લાડ ૧૧૧/૮૯ | સા. રેતી | ચીખલી | લોન્ડા | ૧૪૨૫, ૫૪૬, ૫૪૯, ૫૫૦ ની સામે કાવેરી નદી પટ | ૧ ૯૦ ૦૦ | ૧ ૯૦ ૦૦ |



INDEX

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
|---|---|---|---|---|---|---|---|
| ૭ | શ્રી સવિતાબેન સી. ઓડ ૭૩/૮૩ | સા. રેતી | ચીખલી | હોન્ડા | ૫૪૪ ની સામે કાવેરી નદીપટ | ૧ ૦૦ ૦૦ | ૧ ૦૦ ૦૦ |
| ૮ | શ્રી ખોડિયાર સ્ટોન વર્કસ ૩૮/૮૪ | બ્લેકટ્રેપ | ધરમપુર | મોટાપોંઢા | સ. નં. ૮૨૬ પૈકી | ૧ ૦૦ ૦૦ | ૧ ૦૦ ૦૦ |
| ૯ | શ્રી નટવરભાઈ સુખાભાઈ ઓડ ૮૭/૯૨ | સા. રેતી | ધરમપુર | માકડબન | ૫૭૫, ૫૭૬ ની સામે પાર નદી પટ | ૧ ૦૦ ૦૦ | ૧ ૦૦ ૦૦ |
| ૧૦ | શ્રી જયવંતભાઈ લાછાભાઈ પટેલ ૧૭૮/૯૨ | સા. રેતી | ધરમપુર | મેઘવાળ | ૪૭, ૪૮, ૪૯ ની સામે દમણ-ગંગા નદી પટ | ૨ ૦૦ ૦૦ | ૨ ૦૦ ૦૦ |
| ૧૧ | કાંગવી વિભાગ આદિવાસી મંડળી ૧૩૬/૮૭ | સા. રેતી | ધરમપુર | કાંગવી | ૧૬૧ ની સામે માન નદી પટ | ૦ ૩૮ ૭૨ | ૦ ૩૮ ૭૨ |
| ૧૨ | શ્રી મહેશભાઈ શંકરભાઈ પટેલ ૧૧૩/૯૦ | સા. રેતી | ધરમપુર | બામટી | ૧૯ ની સામે માન નદી પટ | ૦ ૫૦ ૦૦ | ૦ ૫૦ ૦૦ |
| ૧૩ | શ્રી મનુભાઈ ફકીરભાઈ પટેલ ૭૨/૯૦ | સા. રેતી | ધરમપુર | મોટી-વલીયાળ | ૧૩૧, ૧૩૨ ની સામે પાર નદી પટ | ૧ ૦૦ ૦૦ | ૧ ૦૦ ૦૦ |
| ૧૪ | શ્રી રવજીભાઈ છોટુભાઈ ઓડ ૧૬૦/૮૮ | સા. રેતી | વાંસદા | સિણધઈ | ૧૪૧, ૧૪૨ ની સામે અંબિકા નદી પટ | ૦ ૬૩ ૦૦ | ૦ ૬૩ ૦૦ |
| ૧૫ | શ્રી સઈદ અહમદ વલીભાઈ શેખ ૭૩/૯૯ | સા. રેતી | વાંસદા | સિણધઈ | ૧૩૨, ૧૩૭ ની સામે અંબિકા નદી પટ | ૧ ૦૦ ૦૦ | ૧ ૦૦ ૦૦ |
| ૧૬ | શ્રી પ્રવિણભાઈ વી. પટેલ ૧૭/૮૫ | સા. રેતી | ગણદેવી | ગણદેવા | ૯૩, ૯૪, ૯૫ ની સામે અંબિકા નદી પટ | ૦ ૪૪ ૧૬ | ૦ ૪૪ ૧૬ |
| ૧૭ | શ્રી વલસાડ તા. ઓડ સ. મં. લિ. ૧૭૨/૯૦ | સા. રેતી | ગણદેવી | સોનવાડી | સ. નં. ૧૫૨ ની સામે અંબિકા નદી પટ | ૧ ૨૮ ૩૮ | ૧ ૨૮ ૩૮ |
| ૧૮ | શ્રી હર્ષદભાઈ કે. નાયક ૭૨/૮૪ | સા. રેતી | ગણદેવી | ખખવાડા | ૩૬૫ થી ૩૭૧ ની સામે અંબિકા નદી પટ | ૨ ૯૭ ૬૦ | ૨ ૯૭ ૬૦ |
| ૧૯ | શ્રી ઈશ્વરભાઈ ઝીણાભાઈ મહેતા ૫૩/૮૮ | સા. રેતી | ગણદેવી | ખખવાડા | ૩૭૫, ૩૭૬ ની સામે અંબિકા નદી પટ | ૧ ૦૦ ૦૦ | ૧ ૦૦ ૦૦ |
| ૨૦ | શ્રી ભીખુભાઈ ડાહ્યાભાઈ નાયક ૧૩૪/૯૧ | સા. રેતી | ગણદેવી | ખખવાડા | ૩૬૩, ૩૬૪ ની સામે અંબિકા નદી પટ | ૧ ૦૦ ૦૦ | ૧ ૦૦ ૦૦ |
| ૨૧ | શ્રી વિઠ્ઠલભાઈ એસ. ઓડ ૧૪૪/૯૧ | સા. રેતી | ગણદેવી | ઉંડાચ | ૧૮૮૩, ૧૮૮૫, ૧૮૮૬, ૧૮૮૧ ની સામે કાવેરી નદીપટ | ૦ ૫૦ ૦૦ | ૦ ૫૦ ૦૦ |
| ૨૨ | શ્રી પ્રવિણભાઈ ડી. ઈંટવાલા ૮૮/૮૫ | સા. રેતી | ગણદેવી | વાઘરેચ | ૧૫, ૧૭, ૧૮ ની સામે અંબિકા નદી પટ | ૦ ૮૫ ૦૦ | ૦ ૮૫ ૦૦ |

નોંધ : ઉપરના વિસ્તારો અરજી મળ્યા બાદ મહેસૂલી ખાતાએ રેવન્યુ અભિપ્રાય મેળવવાની શરતે જે તે સમયના પ્રવર્તમાન નિયમો વિ. ને આધારે ઉપલબ્ધ રહેશે.

ઉપરોકત વિસ્તારો માટેની કવોરીઝ અરજીઓ જાહેરનામું પ્રસિદ્ધ થયાની તારીખથી ૩૦ (ત્રીસ) દિવસ પછીના કચેરીના કામકાજના દિવસથી સ્વીકારવામાં આવશે તે પહેલા મળેલી તમામ અરજીઓ રદબાતલ ગણાશે.

વલસાડ, તારીખ ૭ મી ઓકટોબર ૧૯૯૩.

સી. એલ. મીના,
કલેકટર, વલસાડ.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 139 REGISTERED No. G—BA-14– E

C

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIV ] TUESDAY, OCTOBER 19, 1993 / ASVINA 27, 1915

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

# PART I

# SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

## અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયેનો.

નંબર પીઓએલ /વશી/૪૦૨૮/ ૯૩.—તારીખ ૧૬મી ઓકટોબર ૧૯૯૩થી તારીખ ૨૬મી ઓકટોબર ૧૯૯૩ના સમય દરમ્યાન નવરાત્રિ અને દશેરાના તહેવાર આવતા હોઈ આ તહેવાર દરમ્યાન સમગ્ર ખેડા જિલ્લામાં જાહેર શાંતિ અને સલામતી જળવાઈ રહે તે માટે આવચેતીના પગલાં રૂપે ઉકત કાયદાની કલમ-૩૭ (૧) અન્વયે જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

વાસ્તે, હું, જે. એમ. લુણી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા, સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૧)થી મને મળેલ સત્તાની રૂએ, સમગ્ર ખેડા જિલ્લામાં તારીખ ૧૬મી ઓકટોબર ૧૯૯૩થી તારીખ ૨૬મી ઓકટોબર ૧૯૯૩ સુધી (બંને દિવસો સુધ્ધાંત) નીચેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું :—

(૧) હથિયાર, તલવાર, ભાલા, ધોકા, બંદુક, છરા, લાકડી કે લાઠી, સળગતી મશાલ અથવા બીજા હથિયારો કે જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું;

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું;

(૩) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તે વસ્તુઓ ફેંકવાના કે ધકેલવાના યંત્રો અથવા સાધનો સાથે લઈ એકઠા તથા તૈયાર કરવાનું;

(૪) મનુષ્યો અથવા શબ અથવા પુતળાં દેખાડવાનું;

(૫) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવાનું અથવા અશ્લીલ ગીતો ગાવાનું;

(૬) જેનાથી સુરુચી અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાનું તથા એવા ચિત્રો, પ્રતિકો, કે પ્લેકાર્ડો અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાનું, બતાવવાનું અથવા ફેલાવો કરવાનું.

વિસ્તાર.—સમગ્ર ખેડા જિલ્લો.

અપવાદ.—આ હુકમનો ખંડ (૧) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં:—

(૧) સરકારી નોકર કે કામ કરતી કોઈપણ વ્યકિત કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, જિલ્લા પોલીસ અધિકારીશ્રી અથવા તેમણે અધિકૃત કરેલા કોઈપણ પોલીસ અધિકારી જેને શારીરિક અશકિતને કારણે લાકડી કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

ખેડા, તારીખ ૧૫મી ઓકટોબર ૧૯૯૩.

જે. એમ. લુણી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા.



PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 140

REGISTERED No. G-BA-14 B

C

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIV] TUESDAY, OCTOBER 19, 1993 / ASVINA 27, 1915

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

# PART I

# SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

## પોલીસ કમિશનર દ્વારા

### હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૧) મુજબનો.

ક્રમાંક એસ. બી / ઉપગક / જાહેરનામું / ૫૨૦૯ / ૯૩.—વડોદરા શહેરમાં પોલીસ કમિશનર હકુમત હેઠળ વડોદરા શહેરનાં નીચેના વિસ્તારોમાં જાહેર સુલેહ શાંતિ જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, હીરાલાલ (આઈ.પી.એસ.), પોલીસ કમિશનર, વડોદરા શહેરની મુંબઈ પોલીસ અધિનિયમ, (સને ૧૯૫૧ના ૨૨માં) અધિનિયમની કલમ-૩૭ (૧) (૩) થી મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૧૮મી ઓકટોબર, ૧૯૯૩ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧લી નવેમ્બર, ૧૯૯૩ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે વ્યકિતઓ ભેગા થવું નહીં અગર સભા ભરવી કે બોલાવવી નહીં. તેમજ કોઈ સરઘસ કાઢવું નહીં.

વિસ્તાર : વડોદરા શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

ખુલાસો.—રસ્તાની ફુટપાથોનો પણ આમાં સમાવેશ થાય છે.

અપવાદ.—આ હુકમમાંથી જેઓને અત્રેની કચેરીએથી ધાર્મિક વરઘોડાની પરવાનગી તેમજ જે માણસ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ લગ્નનાં વરઘોડા અને સ્મશાનયાત્રાને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ કલમ-૧૩૫ હેઠળ અને ભારતનાં ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૧૭મી ઓકટોબર, ૧૯૯૩ના રોજ મારી સહી કરી સિક્કો મારેલ છે.

હીરાલાલ,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.



PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA

INDEX

Extra no. 142

REGISTERED No. G—BA-14-E

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

[ PUBLISHED BY AUTHORITY ]

Vol. XXXIV ] THURSDAY, OCTOBER 21. 1993 /ASVINA 29, 1915

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

# PART - I

# SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

## અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

### જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે.

નંબર પીઓએલ/જાહેરનામું/૩૭(૧)/૯૩.—વર્તમાન સમયમાં કિસાન સંઘ દ્વારા વિજભાવ વધારા તથા રાસાયણિક ખાતરોના ભાવ વધારાના વિરોધમાં જુદા જુદા કાર્યક્રમો આપવામાં આવેલ છે. તેમજ તારીખ ૧૬મી ઓકટોબર ૧૯૯૩થી નવરાત્રીનો તહેવાર શરૂ થયેલ હોઈ તેમજ તારીખ ૨૪મી ઓકટોબર ૧૯૯૩ના રોજ દશેરાના તહેવાર નિમિત્તે ભા. કિ. સંઘ ની માંગણીઓ સંતોષાય નહીં તો મુખ્ય મંત્રીશ્રીનું પૂતળુ બનાવી રાવણ દહન સાથે બાળવાનો કાર્યક્રમ સમગ્ર જિલ્લામાં રાખવામાં આવે તેવી શકયતાઓ જણાઈ આવેલ હોઈ સમગ્ર જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે તકેદારીના પગલાં રૂપે નીચે મુજબનો હુકમ કરવો જરૂરી છે.

વાસ્તે, હું, શ્રી પી. કે. શાહ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો, હિંમતનગર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૭(૧) થી મને મળેલ અધિકારની રૂઈએ, તારીખ ૧૯મી ઓકટોબર ૧૯૯૩ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૪મી નવેમ્બર ૧૯૯૩ના કલાક ૨૪-૦૦ સુધી સમગ્ર જિલ્લામાં નીચેના કૃત્યોની મનાઈ ફરમાવું છું :—

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, ટોટા, બંદુક, ચપ્પુ, લાઠી કે લાકડી જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે ફરવાનું.,

(૨) પથ્થરો, પદાર્થો અથવા સ્ફોટક પદાર્થો સાથે ફરવાનું.,

(૩) પથ્થરો અથવા બીજા શસ્ત્રો, અથવા તે ફેંકવાના કે નાખવાના કે ધકેલવાના શસ્ત્રો, અથવા સાધનો સાથે લઈ જવાનું, ફરવાનું કે એકઠા કરવાનું તથા તૈયાર કરવાનું,

(૪) કોઈ સરઘસમાં જલતી કે પેટાવેલી મશાલ લઈ જવાનું.,

(૫) વ્યકિતઓ અથવા તેનું શબ, આકાર અથવા પૂતળાં દેખાડવાનું, સૂત્રો પોકારવાનું, અથવા અસ્લીલ ગીતો ગાવાનું.,

(૬) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સૂત્રો પોકારવાનું, જેનાથી સૂરુચી અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાનો તથા હાવભાવ અથવા ચેષ્ટા કરવાનું તથા પત્રો, પત્રિકાઓ, પ્લેકાર્ડો અથવા તેનો ફેલાવો કરવાનું.

અપવાદ.—આ હુકમનો ખંડ-૧ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી :—

(૧) સરકારી નોકર કે કામ કરતી વ્યકિતઓ કે જેના ઉપરી અધિકારીએ આવું કોઈ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈ હથિયાર સરકારી ફરજ બજાવવા સાથે રાખવાનું આવશ્યક હોય.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ-ડિવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, અથવા તેઓએ અધિકૃત કરેલા કોઈપણ અધિકારીએ જે તે શારીરિક અશકિતના કારણે લાકડી કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓ.

(૩) કોઈ ધાર્મિક તહેવારની ઉજવણી માટે આ જાહેરનામામાં ઉલ્લેખ કરેલ હથિયારો પૈકીના હથિયારો ધાર્મિક રીવાજોને અનુરૂપ ઉપયોગ કરવા માટે જિલ્લા પોલીસ અધિકારીશ્રી અથવા જે તે વિસ્તારનાં સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી,



INDEX

કે એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રીએ અગાઉથી લેખિત મંજુરી આપી હોય તેવી સંસ્થાઓ કે વ્યકિતઓ.

આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર અથવા કરાવનાર શખ્સો ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫(૧) હેઠળ ઓછામાં ઓછી ચાર માસ કે વધુમાં વધુ એક વર્ષની કેદની સજા અને દંડને પાત્ર થશે.

આજ તારીખ ૧૬મી ઓકટોબર ૧૯૯૩ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

પી. કે. શાહ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સાબરકાંઠા, હિંમતનગર.

---

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયે.

નંબર પીઓએલ/જાહેરનામું / ૩૭/(૩)/૯૩.—વર્તમાન સમયમા કિસાન સંઘ દ્વારા વીજભાવ વધારા તથા રાસાયણિક ખાતરોના ભાવ વધારાના વિરોધમાં જુદા જુદા કાર્યક્રમો આપવામાં આવેલ છે. તેમજ તારીખ ૧૬મી ઓકટોબર ૯૩ થી નવરાત્રીનો તહેવાર શરૂ થયેલ હોઈ તેમજ તારીખ ૨૪મી ઓકટોબર ૯૩ના રોજ દશેરાના તહેવાર નિમિત્તે ભા. કિ સંઘની માંગણીઓ સંતોષાય નહી તો મુખ્યમંત્રીશ્રીનું પુતળુ બનાવી રાવણ દહન સાથે બાળવાનો કાર્યક્રમ સમગ્ર જિલ્લામાં રાખવામાં આવે તેવી શકયતાએ જણાઈ આવેલ હોઈ સમગ્ર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે તકેદારીના પગલાં રૂપે નીચે મુજબનો હુકમ કરવો જરૂરી છે.

વાસ્તે, હું, પી. કે. શાહ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા, હિંમતનગર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૭(૩) થી મને મળેલ અધિકારની રૂઈએ આથી સાબરકાંઠા જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં તારીખ ૧૯મી ઓકટોબર ૧૯૯૩ના કલાક ૦૦-૦૦થી તારીખ ૪થી નવેમ્બર ૧૯૯૩ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહિ. અથવા કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં, તેમજ સરઘસ કાઢવું નહીં.

ખુલાસો.—આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ કે જેઓ સરકારી ફરજ પર હોય તેને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ હેઠળ અથવા ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ના ૪૫માં અધિનિયમની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૧૬મી ઓકટોબર ૧૯૯૩ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

પી. કે. શાહ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સાબરકાંઠા.

---

સરકારી પ્રેસ, વડોદરા.

INDEX

Extra No. 143 REGISTERED No. G—BA-14F

C

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIV ] FRIDAY, OCTOBER 22, 1993 / ASVINA 30, 1915

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

# PART I
# SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

## જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭(૩) અન્વયેનો.

નંબર પીઓએલ/વશી.—તાજેતરમાં નવરાત્રી, દશેરાના તહેવાર તથા કિસાન સંઘ દ્વારા તારીખ ૨૧મી ઓકટોબર ૧૯૯૩ના રોજ જેલ ભરો આંદોલનના અનુસંધાનમાં જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે અને કોઈપણ અનિચ્છનીય બનાવ ન બને અને જિલ્લાના સંવેદનશીલ અને અતિ સંવેદનશીલ વિસ્તારોમાં તેના અનુસંધાને કોઈ અવળા પ્રત્યાઘાત ન પડે તે માટે ઉકત કાયદાની કલમ-૩૭(૩) મુજબનું જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

વાસ્તે, હું, પી. પી. ગઢવી, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨ માં)ની કલમ-૩૭(૩) મુજબ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સમગ્ર ખેડા જિલ્લામાં તારીખ ૨૦મી ઓકટોબર ૧૯૯૩ થી તારીખ ૨૮મી ઓકટોબર ૧૯૯૩ સુધી (બંને દિવસો સુધ્ધાંત) ચાર કરતાં વધુ માણસોએ એકઠા થવું નહીં, ચાર કરતા વધુ માણસોની કોઈ સભા ભરવી કે બોલાવવી નહી અથવા સરઘસ કાઢવું નહીં.

વિસ્તાર:—સમગ્ર ખેડા જિલ્લો.

ખુલાસો.—આ વિસ્તારમાં રસ્તાઓ/રસ્તાની ફુટપાથો તથા ગલીઓ તથા પેટા ગલીઓનો પણ સમાવેશ થાય છે.

અપવાદ.—આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામ-ગીરીમાં હોય, હોમગાર્ડઝ હોય, જેઓ ફરજ ઉપર હોય તેમને તથા મરણોત્તર તેમજ લગ્ન અંગેના સરઘસને લાગુ પડશે નહિ.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫ હેઠળ અથવા ભારતના ફોજદારી અધિનિયમ-(સને ૧૮૬૦ના ૪૫માં અધિનિયમ) ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૧૯મી ઓકટોબર ૧૯૯૩ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

**પી. પી. ગઢવી.**
જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા.



Supple.. C. G—I-Extra—143/1

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 144 REGISTERED No. G-BA-14-

C

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIV] FRIDAY, OCTOBER 22, 1993 / ASVINA 30, 1915

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

# PART I
# SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

## પોલીસ કમિશનર દ્વારા

હુકમ

ક્રમાંક : એસ.બી. /ઉ-ગપક/જાહેરનામું/૫૪૩૩/૯૩.—વડોદરા શહેર કારેલીબાગ પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં આવેલ ચાંદબીબી ફાયરીંગ બટ ઉપર ઈ.એમ.ઈ. સ્કુલ તરફથી ફાયરીંગ પ્રેકટીસ થનાર હોય જાહેર સલામતી જાળવવા માટે તેમજ જાનહાનિ થતી અટકાવવા માટે નીચે મુજબ હુકમ કરવો જરૂરી છે.

જેથી હું, હીરાલાલ (આઈ.પી.એસ.) પોલીસ કમિશનર, વડોદરા શહેર, મુંબઈ પોલીસ અધિનિયમન ૧૯૫૧ની કલમ ૩૭/૪ અન્વયે મળેલ સત્તાની રુએ હુકમ કરું છું કે કારેલીબાગ પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં આવેલ ફાયરીંગ બટ ચાંદબીબી બટ વિસ્તાર ની જગ્યામાં મીટર ૧૦૦ ક્ષેત્રફળની ચતુરસીમા વિસ્તારમાં કોઈએ ઈ. એમ. ઈ. ફાયરીંગ પ્રેકટીસ સિવાયનાં માણસોએ તારીખ ૨૨મી ઓકટોબર ૧૯૯૩, તારીખ ૨૩મી ઓકટોબર ૧૯૯૩, તારીખ ૨૫મી ઓકટોબર ૧૯૯૩ સુધી દરરોજ કલાક ૫-૦૦ થી કલાક ૨૦-૦૦ સુધી અવરજવર કરવી નહી હાજર રહેવું નહી, અને નદીમાં હોડી પણ હંકારવી નહી.

વડોદરા, તારીખ ૨૧મી ઓકટોબર ૧૯૯૩.

હીરાલાલ,
પોલીસ કમિશનર, વડોદરા શહેર.

---

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમન સને. ૧૯૫૧નાં ૨૨માં અધિનિયમની કલમ-૩૩ (૧) (યુ) અન્વયે કાઢેલ.

ક્રમાંક : એસ.બી./ ઉગપક/જાહેરનામું/૫૪૩૭/૯૩.—મુંબઈ પોલીસ અધીનીયમન સને ૧૯૫૧ની કલમ, ૩૩ પેટા કલમ(૧) નીચે મળેલ અધિકારની રૂએ હું હીરાલાલ (આઈ.પી.એસ.) પોલીસ કમિશનર વડોદરા શહેર, આથી નીચે પ્રમાણે હુકમ કરું છું કે,

(૧) વડોદરા શહેરમાં મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પ્રદર્શન ગ્રાઉન્ડ આવા જે જે જાહેર જગ્યાએ ફટાકડા, દારૂખાનું વેચવાની દુકાનો નાખવા માટેની પરવાનગી આપેલ હોય તેવા વિસ્તારની ચારેય બાજુ ૧૦૦ મીટર વિસ્તાર.

(૨) જાહેર માર્ગો ઉપર વાહન વ્યવહારને અડચણ ન થાય અથવા તો દારખાનું ફોડવાથી રાહદારીઓને ઈજા કે નુકશાન ન પહોંચે તેવા વિસ્તારમાં.

(૩) કોઈ ધાર્મિક સ્થાનો નજીકનાં ૧૦૦ મીટર વિસ્તારમાં.

(૪) પેટ્રોલ જેવા અથવા સળગી ઉઠે તેવા પદાર્થોથી રાસાયણીક કારખાનાઓ આવેલ હોય તેવા વિસ્તારનાં ૧૦૦ મીટર વિસ્તાર.

(૫) હોસ્પિટલ કે શાળા કોલેજ શૈક્ષણિક કાર્ય કરતી સંસ્થાઓની આસપાસનાં ૧૦૦ મીટર વિસ્તારમાં કોઈપણ ઈસમે કોઈપણ જાતનું દારખાનું ફોડવું નહીં કે તેવું નિર્દેશણ કરવું નહી.



INDEX

છાણી, જવાહરનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ ગુજરાત રીફ્રારીઈનરીની નજીક આવેલ કરચીયાગામ, તથા આઈ.પી.સી.એલ. ની નજીક આવેલ ધનોરા ગામ અને જી.એસ.એફ.સી. કંપનીના કંપાઉન્ડ વોલની અંદર ૫૦૦ મીટરને ઘેરાવમાં કોઈપણ ઈસમે હવાઈ રાકેટ અથવા આકાશ તરફ જે ઉડે તેવા દારૂખાનાં કે ફટાકડા ફોડવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવે છે.

સીટી પોલીસ પોલીસ સ્ટેશનમાં વિસ્તારમાં આવેલ હરણી એરોડ્રામ ની ફરતી ફેન્સીંગ તારની વાડ થી ૫૦૦ મીટરનાં ઘેરાવમાં કોઈપણ ઈસમે હવાઈ રોકેટ કે જે આકાશ તરફ ઉડે તેવા ફટાકડા કે દારૂખાનું ફોડવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવે છે.

આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમ વિરૂધ્ધ બોમ્બે પોલીસ એકટની જોગવાઈ અનુસાર શિક્ષાત્મક પગલાં લેવામાં આવશે.

આ હુકમનો અમલ તારીખ ૨૩મી ઓકટોબર ૧૯૯૩નાં કલાક ૦૦-૦૦ થી તારીખ ૬ઠ્ઠી નવેમ્બર ૧૯૯૩ના કલાક, ૨૪-૦૦ સુધી ચાલુ રહેશે.

મેં આજ તારીખ ૨૨મી ઓકટોબર ૧૯૯૩નાં રોજ મારી સહી કરી સીક્કો મારેલ છે.

હીરાલાલ,
પોલીસ કમિશનર, વડોદરા શહેર

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 145 REGISTERED No. G—BA-14-E

C

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIV ] THURSDAY, NOVEMBER 4, 1993 / KARTIKA 13, 1915

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

## PART I
## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

### પોલીસ કમિશનર દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૧) અન્વયે કાઢેલ.

ક્રમાંક એસ.બી/ઉગપક/જાહેરનામું/૫૫૩૮/૯૩ .—મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ ૩૭(૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ, હું, હિરાલાલ ( આઈ. પી. એસ.), પોલીસ કમિશનર, વડોદરા શહેર, વડોદરા શહેરની હાલની પરિસ્થિતિને લક્ષમાં રાખી જાહેર સુલેહ શાંતિ અને સલામતી જાળવવા સારૂ આથી હું ફરમાવું છું કે વડોદરા શહેરનો સમગ્ર વિસ્તાર એટલે કે પોલીસ કમિશનર વિસ્તારમાં તારીખ ૧લી નવેમ્બર ૧૯૯૩ના ક. ૦૦-૦૦ થી તારીખ ૧૫મી નવેમ્બર ૧૯૯૩ ક. ૨૪-૦૦ સુધી કોઈએ.

(ક) કોઈ પ્રકારના શસ્ત્રો, તલવાર, ભાલા, લાકડી, બંદૂક અને તેવા સાધનો કે ચીજથી હિંસા થઈ શકે તેવી કોઈ વસ્તુ લઈ જવી કે કબજામાં રાખવી નહીં;

(ખ) પથ્થરો અથવા ફેંકવાના સાધનો એકત્રીત કરવા કે તૈયાર કરવા નહીં;

(ગ) કોઈ ભયાનક પદાર્થ કે સ્ફોટક પદાર્થ લઈ જવો નહીં;

(ઘ) કોઈ શબ, આકૃતી કે પૂતળા દેખાડવા નહીં;

(ચ) સરઘસમાં સળગતી મશાલ લઈ જવી નહીં;

(છ) અપમાન કરવાના ઈરાદાથી કે બદનામ કરવાના ઈરાદાથી જાહેરમાં સૂત્રો પોકારવા નહીં અથવા ટોળામાં ફરવું નહીં;

(જ) જેનાથી સુરૂચી અથવા નીતિનો ભંગ થાય તેવી ચેષ્ટા કરવી નહીં, તેવા ચિત્રો, પ્લેકાર્ડો કે પત્રિકાઓ અથવા કોઈ વસ્તુ કે પદાર્થ તૈયાર કરવા નહીં અગર ફેલાવો કરવો નહીં.,

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડતો નથી :—

(૧) સરકારી નોકર કે તેવું કામ કરતી વ્યક્તિઓ કે તેવું કામ ઉપરી અધિકારીઓએ આવું કોઈ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય અગર હથિયાર લઈ જવાની ફરજ હોય તેમજ પરવાનેદાર વ્યકિતને;

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા અધિકૃત કરેલ કોઈ અધિકારી જેની શારીરિક અશકિતના કારણે લાકડી લઈ જવાની પરવાનગી આપેલ હોય તે વ્યકિતને.

આ જાહેરનામાંનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઈન્ડીયન પીનલ કોડની કલમ-૧૮૮ મુજબ એક માસની સજા અથવા રૂા. ૨૦૦ દંડને પાત્ર થશે.

મેં, આજ તારીખ ૩૧મી ઓકટોબર ૧૯૯૩ના રોજ મારી સહી કરી સિક્કો મારેલ છે.

હિરાલાલ,
પોલીસ કમિશનર
વડોદરા શહેર.

———



INDEX

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ ૩૭ (૧) બી મુજબનો.

ક્રમાંક એસ.બી/ઉગપક/જાહેરનામું/૫૫૩૯/૯૩.—વડોદરા શહેરમાં ધાર્મિક તહેવારો આવતા હોય શહેરમાં કેટલાક ઈસમો, બાળકો, છોકરાઓ કોમી સંવેદનશીલ વિસ્તારમાં સલામતી જોખમાય તે રીતે ક્રિકેટની રમત રમી, રમાડી શેરીઓ, ગલીઓમાં કે જાહેર માર્ગો ઉપર ટ્રાફીકને અડચણ થાય તે રીતેનો વ્યવહાર વર્તન કરતા હોય તેના કારણે સુલેહ શાંતી જોખમાય તે સંભવ હોય આથી આ અટકાવવું ખુબજ જરૂરી હોય તેથી.

હું, હીરાલાલ ( આઈ. પી. એસ. ), પોલીસ કમિશનર, વડોદરા શહેર મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ની કલમ-૩૭ (૧) બી મુજબ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે શહેરના પોલીસ કમિશનર વિસ્તારમાં તારીખ ૧લી નવેમ્બર, ૧૯૯૩ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૫મી નવેમ્બર, ૧૯૯૩ના કલાક ૨૪-૦૦ સુધી કોઈપણ ઈસમો, બાળકો, છોકરાઓ વિગેરે સરીયામ રોડ રસ્તા કે જાહેર માર્ગો કે ગલીઓમાં ક્રિકેટની રમત રમવી કે રમાડવી નહીં અથવા તેવી કોઈ પ્રવૃતિ કરવી નહીં.

મેં આજ તારીખ ૩૧મી ઓકટોબર, ૧૯૯૩ના રોજ મારી સહી કરી સીક્કો મારેલ છે.

હીરાલાલ,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

---

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમન સને ૧૯૫૧ના ૨૨મા અધિનિયમની કલમ ૩૭ (૧) (૩) મુજબનો.

ક્રમાંક એસ. બી / ઉગપક / જાહેરનામું / ૫૬૨૨ / ૯૩.—વડોદરા શહેરમાં પોલીસ કમિશનરની હકુમત હેઠળ વડોદરા શહેરના નીચેના વિસ્તારોમાં જાહેર સુલેહ શાંતી જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું હીરાલાલ ( આઈ.પી.એસ. ), પોલીસ કમિશનર, વડોદરા શહેરની મુંબઈ પોલીસ અધિનિયમ ( સને ૧૯૫૧ના ૨૨મા ) અધિનિયમની કલમ-૩૭ (૧) (૩) થી મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૪થી નવેમ્બર, ૧૯૯૩ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૮મી નવેમ્બર, ૧૯૯૩ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે વ્યકિતઓ ભેગા થવું નહીં અગર સભા ભરવી કે બોલાવવી નહીં તેમજ કોઈ સરઘસ કાઢવું નહીં.

વિસ્તાર.—વડોદરા શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

ખુલાસો.—રસ્તાની ફુટપાથનો પણ આમાં સમાવેશ થાય છે.

અપવાદ.—આ હુકમમાંથી જેઓને અત્રેની કચેરીએથી ધાર્મિક વરઘોડાની પરવાનગી તેમજ જે માણસ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ લગ્નના વરઘોડા અને સ્મશાનયાત્રાને લાગુ પડશે નહિ.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૩જી નવેમ્બર, ૧૯૯૩ના રોજ મારી સહ કરી સિક્કો મારેલ છે.

હીરાલાલ,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

---

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 146

REGISTERED No. G—BA-14-E

C

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIV ] THURSDAY, NOVEMBER 4, 1993 / KARTIKA 13, 1915

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

# PART I
# SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

## જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ,-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ફ) અન્વયેનો.

નંબર પીઓએલ/વશી/૭૧૩૩-૩૯.—જિલ્લા પોલીસ વડાશ્રી, ખેડા (ઉ) નાએ તેમના તારીખ ૨૮મી ઓકટોબર ૧૯૯૩ના પત્ર નં. સીબી-૩ જાહેરનામું ૧૯૯૩થી મોજે આંતરસુબા તા. કપડવંજ મુકામે ફાયરીંગ બેટ ઉપર જીલ્લાના પોલીસ માણસોની વાર્ષિક ગોળીબાર પ્રેકટીસ તારીખ ૨૫મી નવેમ્બર ૧૯૯૩થી તારીખ ૩૧મી ડીસેમ્બર ૧૯૯૩ સુધી ગોળીબાર પ્રેકટીસ રાખેલ છે. આ સમય દરમ્યાન જાહેર જનતાની સલામતી જળવાઇ રહે તે હેતુસર ફાયરીંગ બટ વિસ્તારમાં અવર-જવર બંધ કરવા જાહેરનામું પ્રસિદ્ધ કરવા વિનંતી કરેલ છે.

વાસ્તે, હું, પી. પી. ગઢવી, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ, કલમ-૩૩ (૧) (ફ) થી મને મળેલ સત્તાની રૂએ મોજે આંતરસુબા તા. કપડવંજ ખાતેના ફાયરીંગ કેમ્પ દરમ્યાન મનુષ્યો, જાનવરોને, વિગેરેને હાની ન થાય તે માટે ઉકત સ્થળે તારીખ ૨૫મી નવેમ્બર ૧૯૯૩થી તારીખ ૩૧મી ડીસેમ્બર ૧૯૯૩ સુધી અવર-જવર તથા જાહેર ઉપયોગ માટે બંધ કરવા હુકમ કરૂ છું.

સદરહુ કેમ્પ દરમ્યાન જાહેર જનતાને ફાયરીંગ રેન્જમાં ગોળીબાર પ્રેકટીસ દરમ્યાન વગર પરવાનગીએ પ્રવેશ કરવો નહીં તથા પોતાના આશ્રિત પશુઓ વગેરેને આ સ્થળથી દૂર રાખવા તથા સદર જગ્યામાં પશુઓ અવર-જવર કરે નહી તેની તકેદારી રાખવી

સદરહુ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મે° આજ તારીખ ૩જી નવેમ્બર ૧૯૯૨ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

**પી. પી. ગઢવી,**
જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા.



Supple. C. G. I.—Extra—146/1

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 147 REGISTERED No. G-BA-14-E

C

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIV ] FRIDAY, NOVEMBBR 5, 1993 /KARTIKA 14, 1915

Separate paging is given to each part of the Sapplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

# PART I

# SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

## જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ફોજદારી કાર્યકારી અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે.

નંબર એમ.એ.જી./વશી / ૬૭૨૦/૯૩.— વડોદરા જિલ્લાના છોટાઉદેપુર અને ડભોઈ સબ ડીવીઝનના વિસ્તારમાં, મધ્યપ્રદેશના અમરકંઠ સ્થળેથી નર્મદા યોજના વિરોધીની રેલી પ્રવેશવાથી આજુબાજુના ગામોમાંથી નર્મદા યોજના તરફી રેલી યોજવામાં આવનાર હોવાથી સામસામે સંઘર્ષ થવા સંભવ હોઈ, કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે નીચેના પરિશિષ્ટમાં જણાવેલા પોલીસ સ્ટેશનની હદ માટેહું, તપન રાજ્ય, (આઈ. એ. એસ.) ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટ વડોદરા ફોજદારી કાર્યકરીત અધિનિયમ, ૧૯૭૩ ની કલમ ૧૪૪(૧) થી મળેલા અધિકારની રુઈએ તારીખ ૪થી નવેમ્બર, ૧૯૯૩ ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૫ મી નવેમ્બર, ૧૯૯૩ ના કલાક ૨૪-૦૦ સુધી પ્રતિબંધિત વિસ્તાર તરીકે જાહેર કરું છું જેથી અનાધિકૃત કોઈપણ વ્યકિતએ દાખલ થવું નહીં.

પરિશિષ્ટ

| અનું. નંબર | સબડીવીઝન | વિસ્તાર |
|---|---|---|
| (૧) | છોટાઉદેપુર | (૧) રંગપુર<br>(૨) કવાંટ<br>(૩) છોટાઉદેપુર<br>(૪) બોડેલી<br>(૫) સંખેડા |
| (૨) | ડભોઈ | (૧) નસવાડી<br>(૨) તીલકવાડા |

સદરહુ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિતને ભારતીય ફોજદારી અધિનિયમની જોગવાઈ પ્રમાણે પગલાં લેવામાં આવશે.

સદરહુ જાહેરનામાની મરણોતર કાર્યવાહી એટલે સ્મશાનયાત્રાને અસર થશે નહીં અર્થાત મૈયત વ્યકિતને સ્મશાન યાત્રાને મુકતી રહેશે.

વડોદરા, તારીખ ૩જી નવેમ્બર, ૧૯૯૩.

તપન રાય,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
વડોદરા.



INDEX

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

Extra No. 148 REGISTERED No. G-BA-14-E

C

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIV] FRIDAY, NOVEMBER 5, 1993 / KARTIKA 14, 1915

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as separate compilation

## PART-I

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

### જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧) (એફ) અન્વયેનો.

નંબર પીઓએલ/વશી/૭૧૦૯/૧૫-૯૩.—જિલ્લા પોલીસ વડાશ્રી, ખેડા (ઉ) નાએ તેમના તારીખ ૨૯મી ઓકટોબર ૧૯૯૩ના પત્ર નં. સીબી/૩/ જાહેરનામું/૧૯૯૩/૨૬૯૭૧ થી મોજે ખેડા કેમ્પ, ખેડાના ફાયરીંગકેમ્પ રેન્જમાં જિલ્લા પોલીસ અધિકારીઓની રીવોલ્વર ફાયરીંગ પ્રેકટીસ તારીખ ૪થી નવેમ્બર ૧૯૯૩ થી તારીખ ૧૦મી નવેમ્બર ૧૯૯૩ સુધી ખેડા હેડે ક્વાટર્સ, ખેડા ખાતે રાખેલ છે. આ સમય દરમ્યાન જાહેર જનતાની સલામતી જળવાઈ રહે તે હેતુસર ફાયરીંગ બટ વિસ્તારમાં અવર-જવર બંધ કરવા જાહેરનામું પ્રસિધ્ધ કરવા વિનંતી કરેલ છે.

વાસ્તે, હું, પી. પી. ગઢવી, જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમ,૧૯૫૧ની કલમ-૩૩ (૧) (એફ) થી મને મળેલ સત્તાની રૂએ મોજે ખેડા કેમ્પ, ખેડા ખાતેના ફાયરીંગ કેમ્પ દરમ્યાન મનુષ્યો, જાનવરોને વિગેરેને હાની ન થાય તે માટે ઉકત સ્થળ તારીખ ૪થી નવેમ્બર ૧૯૯૩ થી તારીખ ૧૦મી નવેમ્બર ૧૯૯૩ સુધી અવર-જવર તથા જાહેર ઉપયોગ માટે બંધ કરવા હુકમ કરું છું.

સદરહુ કેમ્પ દરમ્યાન જાહેર જનતાને ફાયરીંગ રેન્જમાં ગોળીબાર પ્રેકટીસ દરમ્યાન વગર પરવાનગીએ પ્રવેશ કરવો નહીં તથા પોતાના આશ્રિત પશુઓ વગેરેને આ સ્થળથી દુર રાખવા તથા સદરહુ જગ્યામાં પશુઓ અવર-જવર કરે નહી તેની તકેદારી રાખવી.

સદરહુ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૧લી નવેમ્બર ૧૯૯૩ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

પી. પી. ગઢવી,
જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા.



Supple. C. G. I-Extra— 148/1

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 150 REGISTERED No. G-BA-14 E

C

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

Vol. XXXIV] SATURDAY, NOVEMBER 6, 1993 / KARTIKA 15, 1915

**Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation**

# PART I
# SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

## કલેકટર દ્વારા

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનિજ ધારો, ૧૯૬૬.

ક્રમાંક ઉ-મકપ/જી--ક્યુ.એલ.--રીગ્રાન્ટ--૧૨૪.— જે અર્થે કલેકટરશ્રી, પંચમહાલ, તેમની કચેરીના આદેશ નંબર જીજી--ક્યુ.એલ.--૪૯૦-૩૦૩૮, ૨૮મી જુન ૧૯૯૧ જે અન્વયે શ્રી સરદારજી ગોરાજી વણઝારાને મોજે ભાદરોલી બુઝર્ગ તાલુકો કાલોલના સર્વે નંબર ૬૪ને લાગુ ગોમા નદી પટ પૈકી ૦૦—૪૮—૦૦ હેકટર વિસ્તારમાંથી સામાન્ય રેતી ખનીજ કાઢવા ત્રણ વરસની મુદતથી કવોરીલીઝ ગુજરાત ગૌણ ખનીજ ધારો, ૧૯૬૬ મુજબ તારીખ થી મંજૂર કરી આપવામાં આવેલ હતું.

"અરજદાર શ્રી મંજૂરી હુકમ તારીખથી ૯૦ દિવસની અંદર કરારખત કરાવી લેવામાં નિષ્ફળ જવાથી".

જેથી હવે ગુજરાત ગૌણ ખનિજ ધારો, ૧૯૬૬ના નિયમ ૧૮(૧) ની હેઠળ વિસ્તાર જાહેર કરવાનો પાત્ર થતો હોઈ નીચે પરિશિષ્ટમાં દર્શાવેલ વિગતની વિસ્તાર આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસો બાદ ખુલ્લો જાહેર કરવામાં આવે છે. જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસોની અંદર આવેલી અરજીઓ અપરિપકવ ગણવામાં આવશે.

પરિશિષ્ટ

| ગામ | તાલુકો | જિલ્લો | સર્વે નંબર | વિસ્તાર ( હેકટરમાં ) |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ભાદરોલી બુઝર્ગ | કાલોલ | પંચમહાલ | ૬૪ ને લાગુ ગોમા નદી પટ્ટ પૈકી. | ૦૦ ૪૮ ૦૦ |

ગોધરા, તારીખ ૧૬મી ઓકટોબર ૧૯૯૩.

અરૂણ એસ. સુતરીયા,
કલેકટર, પંચમહાલ, ગોધરા.



INDEX

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનિજ ધારો, ૧૯૬૬.

ક્રમાંક ઉપક-૫ / જીજી--ક્યુએલ.--રીગ્રાન્ટ--૧૨૬.— જે અર્થે કલેકટરશ્રી, પંચમહાલ તેમની કચેરીના આદેશ નંબર જીજી--ક્યુએ.લ.-૮૯--૧૧૮--૧૧૦૫, તારીખ ૨૧મી માર્ચ, ૧૯૯૦ જે અન્વયે શ્રી ઈબ્રાહીમ અબ્દુલ રહેમાન દરીને મોજે કાંકણપુર, તાલુકો ગોધરાના સર્વે નંબર ૧૧૧૧ ને લાગુ કુણ નદી પટ્ટ પૈકી ૨-૦૦-૦૦ હેકટર વિસ્તારમાંથી સા. રેતી ખનિજ કાઢવા ત્રણ વરસની મુદતથી કવોરીલીઝ ગુજરાત ગૌણ ખનિજ ધારો, ૧૯૬૬ મુજબ તારીખ ૨૧મી માર્ચ, ૧૯૯૦ થી મંજૂર કરી આપવામાં આવેલ હતું. જેનું કરારખત તારીખ ૧૦મી નવેમ્બર, ૧૯૮૯ ની અસરથી ત્રણ વરસની મુદત માટે કરવામાં આવેલું હતું જેની મુદત તારીખ ૯મી નવેમ્બર, ૧૯૯૨ના રોજ પુરી થયેલ છે.

"પટ્ટેદારશ્રીએ પટ્ટો રીન્યુ કરવા હેતુ નિયમોનુસાર રીન્યુઅલ અરજી કરેલ ન હોવાથી."

જેથી, હવે, ગુજરાત ગૌણ ખનિજ ધારો, ૧૯૬૬ ના નિયમ ૧૮ (૧) ની હેઠળ વિસ્તાર જાહેર કરવાનો પાત્ર થતો હોઈ નીચે પરિશિષ્ટમાં દર્શાવેલ વિગતની વિસ્તાર આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખ થી ૩૦ દિવસો બાદ ખુલ્લો જાહેર કરવામાં આવે છે. જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસોની અંદર આવેલી અરજીઓ અપરિપકવ ગણવામાં આવશે.

પરિશિષ્ટ

| ગામ | તાલુકો | જિલ્લો | સર્વે નંબર | વિસ્તાર ( હેકટરમાં ) |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| કાંકણપુર | ગોધરા | પંચમહાલ | ૧૧૧૧ ને લાગુ કુણ નદી પટ્ટ પૈકી. | ૨ ૦૦ ૦૦ |

ગોધરા, તારીખ ૧૬મી ઓકટોબર ૧૯૯૩.

અરૂણ એસ. સુતરીયા,
કલેકટર પંચમહાલ,
ગોધરા.

---

જાહેરનામું

ગુજરાત ગૌણ, ખનિજ ધારો, ૧૯૬૬.

ક્રમાંક નં. ઉમક-૫/જીજી/ક્યુએલ-રીગ્રાન્ટ-૧૨૭.—જે અર્થે કલેકટરશ્રી, પંચમહાલ તેમની કચેરીના આદેશ નંબર જીજી-ક્યુએલ-રીન્યુ-૫૪૩-૪૯૪૩, તારીખ ૨૦મી નવેમ્બર, ૧૯૯૦ જે અન્વયે શ્રી જયેન્દ્ર એચ. પંડયાને મોજે મીઠાલીપસનાલ, તાલુકો, શહેરાના સર્વે નંબર ૫૯, ૬૦,૪૮,૪૭, ૨૫,૨૪,૨૩ ને લાગુ કુણ નદી પટ પૈકી ૫-૦૦-૦૦ હેકટર વિસ્તાર માંથી સામાન્ય રેતી ખનિજ કાઢવા ત્રણ વરસની મુદત થી કવોરીલીઝ ગુજરાત ગૌણ ખનિજ ધારો, ૧૯૬૬ ગુજરાત તારીખ ૨૦મી નવેમ્બર ૧૯૯૦ થી મંજૂર કરી આપવામાં આવેલ હતું જેનું કરારખત તારીખ ૩૦મી એપ્રિલ ૧૯૯૦ થી અસરથી ત્રણ વરસની મુદત માટે કરવામાં આવેલ હતું જેની મુદત તારીખ ૨૯મી એપ્રિલ ૧૯૯૩ના રોજ પુરી થયેલ છે.

પટ્ટેદારશ્રીએ પટ્ટો રીન્યુ કરવા માટે રીન્યુઅલ અરજી કરેલ ન હોવાથી"

જેથી હવે ગુજરાત ગૌણ ખનિજ ધારો, ૧૯૬૬ના નિયમ ૧૮ (૧) ની હેઠળ વિસ્તાર જાહેર કરવાનો પાત્ર થતો હોઈ નીચે પરિશિષ્ટમાં દર્શાવેલ વિગતનો વિસ્તાર આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસો બાદ ખુલ્લો જાહેર કરવામાં આવે છે. જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસોની અંદર આવેલી અરજીઓ અપરિપકવ ગણવામાં આવશે.

પરિશિષ્ટ

| ગામ | તાલુકો | જિલ્લો | સર્વે નંબર | વિસ્તાર ( હેકટરમાં ) |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| મીઠાલી પસનાલ | શહેરા | પંચમહાલ | ૫૯, ૬૦, ૪૮, ૪૭, ૨૫, ૨૪, ૨૩ને લાગુ કુણ નદી પટ્ટ પૈકી | ૫ ૦૦ ૦૦ |

ગોધરા, તારીખ ૧૬મી ઓકટોબર ૧૯૯૩.

અરૂણ એસ. સુતરીયા,
કલેકટર, પંચમહાલ,
ગોધરા.

---

INDEX

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનિજ ધારો, ૧૯૬૬.

ક્રમાંક ઉમક-૫-જીજી-કયુએલ-રીગ્રાન્ટ-૧૨૧.—જે અર્થે કલેકટરશ્રી, પંચમહાલ તેમની કચેરીના આદેશ નંબર જીજી-કયુએલ-૨૮૯-૧૩૮-તારીખ ૧૦મી જાન્યુઆરી ૧૯૯૦ જે અન્વયે શ્રી ભલાભાઈ મડાભાઈ પરમાર ને મોજે ટીંબા તાલુકો ગોધરાના સર્વે નંબર ૮૮૩, ૮૭૯ ને લાગુ મહી નદી પટ પૈકી ૧.-૦૦-૦૦ હેકટર વિસ્તાર માંથી બ્લેકટેપ ખનિજ કાઢવા ત્રણ વરસની મુદતથી કવોરીલીઝ ગુજરાત ગૌણ ખનિજ ધારો ૧૯૬૬ મુજબ તારીખ ૧૦મી જાન્યુઆરી ૧૯૯૦ થી મંજૂર કરી આપવામાં આવેલ હતું. જેનું કરારખત તારીખ ૨જી એપ્રિલ, ૧૯૯૦ની અસરથી ત્રણ વરસની મુદત માટે કરવામાં આવેલ હતું. જેની મુદત તારીખ ના રોજ પુરી થયેલ છે.

"પટેદાર શ્રીએ નિયમોનુસાર પટો રીન્યુ કરવા હેતુ રીન્યુઅલ અરજી કરેલ ન હોવાથી."

જેથી હવે ગુજરાત ગૌણ ખનિજ ધારો-૧૯૬૬ના નિયમ ૧૮ (૧) ની હેઠળ વિસ્તાર જાહેર કરવાનો પાત્ર થતો હોઈ નીચે પરિશિષ્ટમાં દર્શાવેલ વિગતની વિસ્તાર આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખ થી ૩૦ દિવસો બાદ ખુલ્લો જાહેર કરવામાં આવે છે. જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસોની અંદર આવેલી અરજીઓ અપરિપકવ ગણવામાં આવશે.

પરિશિષ્ટ

| ગામ | તાલુકો | જિલ્લો | સર્વે નંબર | વિસ્તાર હેકટરમાં. |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ટીંબા | ગોધરા | પંચમહાલ | ૮૮૩ની સામે મહી નદી પટ પૈકી. | ૧ ૦૦ ૦૦ |

ગોધરા, તારીખ ૧૮મી ઓકટોબર, ૧૯૯૩.

અરૂણ. એસ. સુતરીયા,
કલેકટર, પંચમહાલ.
ગોધરા.

---

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનિજ ધારો, ૧૯૬૬.

ક્રમાંક ઉમક-૫/જીજી-કયુએલ/રીગ્રાન્ટ/૧૨૩.—જે અર્થે કલેકટરશ્રી પંચમહાલ તેમની કચેરીના આદેશ નંબર જીજી/કયુએલ/૯૬૭/૫૬૯૯-તારીખ ૭મી ઓકટોબર, ૧૯૯૨ જે અન્વયે શ્રી રમેશભાઈ છોટાભાઈ પટેલને મોજે ટીંબા, તાલુકો ગોધરાના સર્વે નંબર ૮૮૫ની સામે મહી નદી પટ પૈકી ૦૦ ૫૦ ૦૦ હેકટર વિસ્તારમાંથી બ્લેકટેપ ખનિજ કાઢવા પાંચ વરસથી મુદતથી કવોરીલીઝ ગુજરાત ગૌણ ખનિજ ધારો, ૧૯૬૬ મુજબ તારીખ ૭મી ઓકટોબર, ૧૯૯૨થી મંજૂર કરી આપવામાં આવેલ હતું.

"અરજદારશ્રી મંજુરી હુકમ તારીખથી ૯૦ દિવસની અંદર કરારખત કરાવી લેવામાં નિષ્ફળ જવાથી."

જેથી હવે ગુજરાત ગૌણ ખનિજ ધારો, ૧૯૬૬ના નિયમ ૧૮ (૧)ની હેઠળ વિસ્તાર જાહેર કરવાનો પાત્ર થતો હોઈ નીચે પરિશિષ્ટમાં દર્શાવેલ વિગતનો વિસ્તાર આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસો બાદ ખુલ્લો જાહેર કરવામાં આવે છે. જાહેરનામું પ્રસિદ્ધ થયાની તારીખથી ૩૦ દિવસોની અંદર આવેલી અરજીઓ અપરિપકવ ગણવામાં આવશે.

પરિશિષ્ટ

| ગામ | તાલુકો | જિલ્લો | સર્વે નંબર | વિસ્તાર (હેકટરમાં) |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ટીંબા | ગોધરા | પંચમહાલ | ૮૮૫ની સામે શ્રી કમલેશ એન. શાહની લીઝને લાગુ મહી નદી પટ્ટ પૈકી. | ૦૦ ૫૦ ૦૦ |

ગોધરા, તારીખ ૧૮મી ઓકટોબર, ૧૯૯૩.

અરૂણ. એસ. સુતરીયા,
કલેકટર પંચમહાલ,
ગોધરા.

---

INDEX

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનિજ ધારો, ૧૯૬૬.

ક્રમાંક ઉમક-૫/જીજી-ક્યુએલ-રી-ગ્રાન્ટ-૧૧૪.—જે અર્થે કલેકટરશ્રી, પંચમહાલ તેમની કચેરીના આદેશ નંબર જીજી-ક્યુએલ-રી-૧૦૬૬-૨૪૭૭, તારીખ ૨૪મી ઓગસ્ટ, ૧૯૯૨, જે અન્વયે શ્રીમતિ ચંચીબેન લક્ષ્મણભાઇ વાનપુરાને મોજે લીંબોટ્રા તાલુકો શહેરાના સર્વે નંબર ૨૧૦-ભમરાના સિમાડાને લાગુ મહી નદી પટ્ટ પૈકી ૧-૦૦ ૦૦ હેક્ટર વિસ્તારમાંથી ગ્રેવેલ ખનિજ કાઢવા ત્રણ વરસની મુદતથી કવોરીલીઝ ગુજરાત ગૌણ ખનિજ ધારો, ૧૯૬૬ મુજબ તારીખ ૨૪મી ઓગસ્ટ, ૧૯૯૨ થી રીન્યુઅલ કરી આપવામાં આવેલ હતું.

"પટ્ટેદાર શ્રી રીન્યુઅલ કરારખત કરાવી લેવામાં નિષ્ફળ જવાથી."

જેથી હવે, ગુજરાત ગૌણ ખનીજ ધારો, ૧૯૬૬ના નિયમ ૧૮(૧)ની હેઠળ વિસ્તાર જાહેર કરવાને પાત્ર થતો હોઈ નીચે પરિશિષ્ટમાં દર્શાવિલ વિગતનો વિસ્તાર આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસો બાદ ખુલ્લો જાહેર કરવામાં આવે છે. જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખ થી ૩૦ દિવસોની અંદર આવેલી અરજીઓ અપરિપકવ ગણવામાં આવશે.

પરિશિષ્ટ

| ગામ | તાલુકો | જિલ્લો | સર્વે નંબર | વિસ્તાર (હેકટરમાં) |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| લીંબોટ્રા | શહેરા | પંચમહાલ | ૨૧૦ ભમરાનાં સિમાડાની સામે મહી નદી પટ્ટ પૈકી. | ૧-૦૦-૦૦ |

ગોધરા, તારીખ ૨૦મી ઓકટોબર, ૧૯૯૩.

અરૂણ. એસ. સુતરીયા,
કલેકટર, પંચમહાલ, ગોધરા.

---

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનિજ ધારો, ૧૯૬૬.

ક્રમાંક ઉમક-૫/જીજી/ક્યુએલ/રીગ્રાન્ટ/૧૧૫.—જે અર્થે કલેકટરશ્રી, પંચમહાલ તેમની કચેરીના આદેશ નંબર જીજી/ક્યુએલ/૯૬૯/૫૯૩૦, તારીખ ૨૨મી ઓકટોબર ૧૯૯૨ જે અન્વયે શ્રી વિક્રમસિંહ ચંદ્રસિંહ પરમારને મોજે લીંબોટ્રા, તાલુકો શહેરાના સર્વે નંબર ૨૦ને લાગુ કુણ નદી પટ પૈકી ૦૦-૭૦-૦૦ હેકટર વિસ્તારમાંથી સામાન્ય રેતી ખનિજ કાઢવા ત્રણ વરસની મુદતથી કવોરીલીઝ ગુજરાત ગૌણ ખનિજ ધારો, ૧૯૬૬ મુજબ તારીખ ૨૨મી ઓકટોબર ૧૯૯૨થી મંજુર કરી આપવામાં આવેલ હતું.

"અરજદારશ્રી મંજુરી હુકમ તારીખથી ૯૦ દિવસની અંદર કરારખત કરાવી લેવામાં નિષ્ફળ જવાથી".

જેથી હવે, ગુજરાત ગૌણ ખનિજ ધારો, ૧૯૬૬ના નિયમ ૧૮ (૧) ની હેઠળ વિસ્તાર જાહેર કરવાને પાત્ર થતો હોઈ નીચે પરિશિષ્ટમાં દર્શાવિલ વિગતનો વિસ્તાર આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસો બાદ ખુલ્લો જાહેર કરવામાં આવે છે. જાહેરનામું પ્રસિદ્ધ થયાની તારીખથી ૩૦ દિવસોની અંદર આવેલી અરજીઓ અપરિપકવ ગણવામાં આવશે.

પરિશિષ્ટ

| ગામ | તાલુકો | જિલ્લો | સર્વે નંબર | વિસ્તાર. (હેકટરમાં) |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| લીંબોટ્રા | શહેરા | પંચમહાલ | ૨૦ને લાગુ કુણ નદી પટ્ટ પૈકી. | ૦૦ ૭૦ ૦૦ |

ગોધરા, તારીખ ૨૦મી ઓકટોબર, ૧૯૯૩.

અરૂણ એસ. સુતરીયા,
કલેકટર, પંચમહાલ,
ગોધરા.

INDEX

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનિજ ધારો, ૧૯૬૬.

ક્રમાંક ઉમક-૫/જીજી/ક્યુએલ/રીગ્રાન્ટ/૧૧૬.—જે અર્થે કલેકટરશ્રી, પંચમહાલ તેમની કચેરીના આદેશ નં. જીજી/ક્યુએલ/૯૫૨/૩૯૦૦- તારીખ ૩૦મી જૂન ૧૯૯૨ જે અન્વયે શ્રી ગીરીશકુમાર વિઠ્ઠલભાઈ પટેલને મોજે ગોઠડા, તાલુકો ગોધરાના સર્વે નં. ૪૯૩ પૈકી ૦૦ ૯૪ ૦૯ હેકટર વિસ્તારમાંથી બ્લેકટ્રેપ ખનીજ કાઢવા પાંચ વરસની મુદતથી કવોરીલીઝ ગુજરાત ગૌણ ખનીજ ધારો ૧૯૬૬ મુજબ તારીખ ૩૦મી જૂન ૧૯૯૨થી મંજુર કરી આપવામાં આવેલ હતું.

"અરજદાર શ્રી નિયમોનુસાર મંજુરી હુકમ તારીખથી ૯૦ દિવસની અંદર કરારખત કરાવી લેવામાં નિષ્ફળ જવાથી."

જેથી હવે ગુજરાત ગૌણ ખનીજ ધારો ૧૯૬૬ના નિયમ ૧૮ (૧)ની હેઠળ વિસ્તાર જાહેર કરવાનો પાત્ર થતો હોઈ નીચે પરિશિષ્ટમાં દર્શાવેલ વિગતનો વિસ્તાર આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસો બાદ ખુલ્લો જાહેર કરવામાં આવે છે. જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસોની અંદર આવેલો અરજીઓ અપરિપકવ ગણવામાં આવશે.

પરિશિષ્ટ

| ગામ | તાલુકો | જિલ્લો | સર્વે નંબર | વિસ્તાર (હેકટરમાં) |
|---|---|---|---|---|
| ગોઠડા | ગોધરા | પંચમહાલ | ૪૯૩ પૈકી. | ૦૦ ૯૪ ૦૯ |

ગોધરા, તારીખ ૨૦મી ઓકટોબર ૧૯૯૩.

અરૂણ એસ. સુતરીયા,
કલેકટર, પંચમહાલ,
ગોધરા.

---

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનિજ ધારો, ૧૯૬૬.

ક્રમાંક-ઉમક-૫-જીજી-ક્યુએલ-રીગ્રાન્ટ-૧૧૭.—જે અર્થે કલેકટરશ્રી, પંચમહાલ તેમની કચેરી ના આદેશ નંબર જીજી-ક્યુએલ-૯૨૪-૫૪૯૫-તારીખ ૨૫મી સપ્ટેમ્બર ૧૯૯૨ જે અન્વયે શ્રી પરમાર કાળુભાઈ ચંદ્રસિંહને મોજે લીબોટ્રા તાલુકા શહેરાના સર્વે નંબર ૨૦ને લાગુ કુણ નદી પટ પૈકી ૨-૦૦-૦૦ હેકટર વિસ્તારમાંથી સા-રેતી ખનિજ કાઢવા ત્રણ વરસથી મુદતથી કચોરીલીઝ ગુજરાત ગૌણ ખનિજ ધારો-૧૯૬૬ મુજબ તારીખ ૨૫મી સપ્ટેમ્બર ૧૯૯૨ થી મંજુર કરી આપવામા આવેલ હતું.

"અરજદાર શ્રી મંજુરી હુકમ તારીખ થી ૯૦ દિવસની અંદર કરારખત કરાવી લેવામાં નિષ્ફળ જવાથી"

જેથી હવે ગુજરાત ગૌણ ખનિજ ધારો, ૧૯૬૬ના નિયમ-૧૮(૧)ની હેઠળ વિસ્તાર જાહેર કરવાનો પાત્ર થતો હોઈ નીચે પરિશિષ્ટમાં દર્શાવેલ વિગતનો વિસ્તાર આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસો બાદ ખુલ્લો જાહેર કરવામાં આવે છે. જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખ થી ૩૦ દિવસોની અંદર આવેલી અરજીઓ અપરિપકવ ગણવામાં આવશે.

પરિશિષ્ટ

| ગામ | તાલુકો | જિલ્લો | સર્વે નંબર | વિસ્તારમાં (હેકટરમાં) |
|---|---|---|---|---|
| લીંબોટ્રા | શહેરા | પંચમહાલ | ૨૦ને લાગુ કુણ નદીપટ્ટ પૈકી. | ૨ ૦૦ ૦૦ |

ગોધરા, તારીખ ૨૦મી ઓકટોબર ૧૯૯૩.

અરૂણ એસ. સુતરીયા,
કલેકટર, પંચમહાલ,
ગોધરા.

INDEX

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનિજ ધારો, ૧૯૬૬.

ક્રમાંક ઉમક-૫/જીજી-ક્યુએલ-રીગ્રાન્ટ-૧૧૮.—જે અર્થે કલેકટરશ્રી, પંચમહાલ તેમની કચેરીના આદેશ નંબર જીજી-ક્યુએલ-૬૫૪-૧૮૪૦-તારીખ ૩૧મી માર્ચ ૧૯૯૨ જે અન્વયે શ્રી શનાભાઈ ચંદુભાઈ પગી ને મોજે ગુણેલી તાલુકો શહેરાના સર્વે નંબર ૬,૫,૨૯૬ને લાગુ કોતર નદી પટ પૈકી ૧-૦૦-૦૦ હેકટર વિસ્તારમાંથી સામાન્ય રેતી ખનીજ કાઢવા ત્રણ વરસથી મુદતથી કવોરીલીઝ ગુજરાત ગૌણ ખનિજ ધારો, ૧૯૬૬ મુજબ તારીખ ૩૧મી માર્ચ ૧૯૯૨ થી મંજુર કરી આપવામાં આવેલ હતું.

"અરજદારશ્રી સમય- મર્યાદામાં કવોરીલીઝ કરારખત કરાવી લેવામાં નિષ્ફળ જવાથી".

જેથી હવે ગુજરાત ગૌણ ખનિજ ધારો,૧૯૬૬ના નિયમ-૧૮(૧)ની હેઠળ વિસ્તાર જાહેર કરવાનો પાત્ર થતો હોઈ નીચે પરિશિષ્ટમાં દર્શાવેલ વિગતનો વિસ્તાર આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસો બાદ ખુલ્લો જાહેર કરવામાં આવશે. જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસોની અંદર આવેલી અરજીઓ અપરિપકવ ગણવામાં આવશે.

પરિશિષ્ટ

| ગામ | તાલુકો | જિલ્લો | સર્વે નંબર | વિસ્તાર (હેકટરમાં) |
|---|---|---|---|---|
| ગુણેલી | શહેરા | પંચમહાલ | ૬, ૫,૨૯૬ ને લાગુ કોતર પૈકી. | ૧ ૦૦ ૦૦ |

ગોધરા, તારીખ ૨૦મી ઓકટોબર ૧૯૯૩.

અરૂણ એસ. સુતરીયા,
કલેકટર, પંચમહાલ,
ગોધરા.

---

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનિજ ધારો, ૧૯૬૬.

ક્રમાંક ઉમક-૫ / જીજી--ક્યુ.એલ--રીગ્રાન્ટ--૧૧૯.— જે અર્થે કલેકટરશ્રી, પંચમહાલ તેમની કચેરીના આદેશ નંબર જીજી--ક્યુ.એલ.-૫૦૩--૫૬૪૯, તારીખ ૩૧ મી ડિસેમ્બર, ૧૯૯૦ જે અન્વયે શ્રી શાહ એન્જિનીયરીંગ કું. ને મોજે બાકરોલ તાલુકો કાલોલ ના સર્વે નંબર ગામતળને લાગુ ગોમા નદી પટ્ટ પૈકી ૨ ૧૦ ૦૦ હેકટર વિસ્તારમાંથી સામાન્ય રેતી ખનિજ કાઢવા ત્રણ વરસ થી મુદત થી કવોરીલીઝ ગુજરાત ગૌણ ખનીજ ધારો, ૧૯૬૬ મુજબ તારીખ ૩૧ મી ડિસેમ્બર, ૧૯૯૦થી મંજૂર કરી આપવામાં આવેલ હતું.

"અરજદારશ્રી કવોરીલીઝ મંજૂરી હુકમ તારીખ થી ૯૦ દિવસમાં કરારખત કરાવી લેવામાં નિષ્ફળ જવાથી".

જેથી હવે ગુજરાત ગૌણ ખનિજ ધારો, ૧૯૬૬ ના નિયમ, ૧૮ (૧)ની હેઠળ વિસ્તાર જાહેર કરવાનો પાત્ર થતો હોઈ નીચે પરિશિષ્ટમાં દર્શાવેલ વિગતનો વિસ્તાર આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખ થી ૩૦ દિવસો બાદ ખુલ્લો જાહેર કરવામાં આવે છે. જાહેરનામું પ્રસિધ્ધ થયા ની તારીખથી ૩૦ દિવસોની અંદર આવેલી અરજીઓ અપરિપકવ ગણવામાં આવશે.

પરિશિષ્ટ

| ગામ | તાલુકો | જિલ્લો | સર્વે નંબર | વિસ્તાર (હેકટરમાં) |
|---|---|---|---|---|
| બાકરોલ | કાલોલ | પંચમહાલ | ગામતળને લાગુ ગોમા નદી પટ્ટ પૈકી. | ૨ ૧૦ ૦૦ |

ગોધરા, તારીખ ૨૦મી ઓકટોબર, ૧૯૯૩.

અરૂણ એસ. સુતરીયા,
કલેકટર, પંચમહાલ,
ગોધરા.

---

INDEX

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનિજ ધારો, ૧૯૬૬.

ક્રમાંક ઉમક-૫ / જીજી--ક્યુ.એલ.--રીગ્રાન્ટ--૧૨૦.— જે અર્થે કલેકટરશ્રી, પંચમહાલ તેમની કચેરીના આદેશ નંબર જીજી--ક્યુ.એલ.--૯૫૯--૨૭૭૯, તારીખ ૧૪ મી મે, ૧૯૯૨ જે અન્વયે શ્રી રાઉલજી પ્રવિણસિંહ સોમસિંહને મોજે ટીંબા, તાલુકો ગોધરાના સર્વે નંબર ૮૮૪ ને લાગુ મહી નદી પટ્ટ પૈકી ૦૦ ૪૮ ૦૦ હેકટર વિસ્તારમાંથી બ્લેકટ્રેપ ખનીજ કાઢવા ..... વરસ થી મુદત થી કવોરીલીઝ ગુજરાત ગૌણ ખનીજ ધારો, ૧૯૬૬ મુજબ તારીખ - - થી મંજૂર કરી આપવામાં આવેલ હતું.

"અરજદાર શ્રી કરારખત કરવી લેવામાં નિષ્ફળ જવાથી".

જેથી હવે ગુજરાત ગૌણ ખનિજ ધારો, ૧૯૬૬ ના નિયમ ૧૮ (૧) ની હેઠળ વિસ્તાર જાહેર કરવાનો પાત્ર થતો હોઈ નીચે પરિશિષ્ટ માં દર્શાવેલ વિગતનો વિસ્તાર આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખ થી ૩૦ દિવસો બાદ ખુલ્લો જાહેર કરવામાં આવે છે. જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખ થી ૩૦ દિવસોની અંદર આવેલી અરજીઓ અપરિપકવ ગણવામાં આવશે.

પરિશિષ્ટ

| ગામ | તાલુકો | જિલ્લો | સર્વે નંબર | વિસ્તાર (હેકટરમાં) |
|---|---|---|---|---|
| ટીંબા | ગોધરા | પંચમહાલ | ૮૮૪ ને લાગુ મહી નદી પટ્ટ પૈકી | ૦૦ ૪૮ ૦૦ |

ગોધરા, તારીખ ૨૦ મી ઓકટોબર, ૧૯૯૩.

અરૂણ એસ. સુતરીયા,
કલેકટર, પંચમહાલ, ગોધરા.

---

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનિજ ધારો, ૧૯૬૬.

ક્રમાંક ઉમક-૫/જીજી-ક્યુએલ-રીગ્રાન્ટ-૧૨૨.—જે અર્થે કલેકટર શ્રી, પંચમહાલ તેમની કચેરીના આદેશ નંબર જીજી-ક્યુએલ-૩૦૩૩-તારીખ ૨જી જાન્યુઆરી ૧૯૮૬ જે અન્વયે શ્રીમતી મનકુંવરબા વિક્રમસિંહ દરબાર ને મોજે ઓડીદ્રા( વાંટા ) તાલુકો ગોધરાના સર્વે નંબર ૧૬૨ ને લાગુ કુણ નદી પટ પૈકી હેકટર વિસ્તારમાંથી સામાન્ય રેતી ખનીજ કાઢવા ત્રણ વરસથી મુદતથી કવોરીલીઝ ગુજરાત ગૌણ ખનીજ ધારો ૧૯૬૬ મુજબ તારીખ ૨જી જાન્યુઆરી ૧૯૮૬ થી મંજુર કરી આપવામાં આવેલ હતું. જેનું કરારખત તારીખ ૨૯મી જુલાઈ ૧૯૮૬ની અસરથી ત્રણ વરસની મુદત માટે કરવામાં આવેલ હતું. જેની મુદત તારીખ ૨૮મી જુલાઈ ૧૯૯૯ના રોજ પુરી થયેલ છે.

" પટ્ટેદારશ્રીએ નિયમોનુસાર રીન્યુઅલ અરજી કરેલ ન હોઈ"

જેથી હવે ગુજરાત ગૌણ ખનિજ ધારો, ૧૯૬૬ના નિયમ ૧૮(૧) ની હેઠળ વિસ્તાર જાહેર કરવાનો પાત્ર થતો હોઈ નીચે પરિશિષ્ટ નીચે પરિશિષ્ટમાં દર્શાવેલ વિગત નો વિસ્તાર આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસો બાદ ખુલ્લો જાહેર કરવામાં આવે છે. જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસોની અંદર આવેલી અરજીઓ અપરિપકવ ગણવામાં આવશે.

પરિશિષ્ટ

| ગામ | તાલુકો | જિલ્લો | સર્વે નંબર | વિસ્તાર (હેકટરમાં) |
|---|---|---|---|---|
| ઓડીદ્રા | ગોધરા | પંચમહાલ | ૧૬૨ ને લાગુ કુણ નદી પટ પૈકી | ૦૦ ૫૦ ૦૦ |

ગોધરા, તારીખ ૨૦મી ઓકટોબર ૧૯૯૩.

અરૂણ એસ. સુતરીયા,
કલેકટર, પંચમહાલ,
ગોધરા.

---

INDEX

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનિજ ધારો, ૧૯૬૬.

ક્રમાંક ઉમક-૫/જીજી/-ક્યુએલ-રીગ્રાન્ટ-૧૨૨.—જે અર્થે કલેકટરશ્રી, પંચમહાલ તેમની કચેરીના આદેશ નંબર જીજી-ક્યુએલ-૫૦૨-ક-૪૫૪૬, તારીખ ૨૪મી ઓકટોબર, ૧૯૯૦ જે અન્વયે મે. શાહ એન્જિ. કું. ને મોજે બાકરોલ તાલુકો કાલોલના સર્વે નંબર ૧૧૬૯/૧, ૧૧૭૦ ને લાગુ ગોમા નદી પટ્ટ પૈકી ૨ ૦૦ ૦૦ હેકટર વિસ્તારમાંથી સામાન્ય રેતી ખનીજ કાઢવા ત્રણ વરસથી મુદતથી કવોરીલીઝ ગુજરાત ગૌણ ખનીજ ધારો, ૧૯૬૬ મુજબ તારીખ ૨૪મી ઓકટોબર, ૧૯૯૦ થી મંજૂર કરી આપવામાં આવેલ હતું.

"અરજદાર શ્રી મંજુરી હુકમ તારીખથી ૯૦ દિવસની અંદર કરારખત કરાવી લેવામાં નિષ્ફળ જવાથી."

જેથી હવે ગુજરાત ગૌણ ખનિજ ધારો, ૧૯૬૬ ના નિયમ-૧૮ (૧) ની હેઠળ વિસ્તાર જાહેર કરવાનો પાત્ર થતો હોઈ નીચે પરિશિષ્ટ-માં દર્શાવેલ વિગતનો વિસ્તાર આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસો બાદ ખુલ્લો જાહેર કરવામાં આવે છે. જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસોની અંદર આવેલી અરજીઓ અપરિપકવ ગણવામાં આવશે.

પરિશિષ્ટ

| ગામ | તાલુકો | જિલ્લો | સર્વે નંબર | વિસ્તાર (હેકટરમાં) |
|---|---|---|---|---|
| બાકરોલ | કાલોલ | પંચમહાલ | ૧૧૬૯/૧, ૧૧૭૦ ને લાગુ ગોમા નદી પટ્ટ પૈકી | ૨ ૦૦ ૦૦ |

ગોધરા, તારીખ ૨૦મી ઓકટોબર, ૧૯૯૩.

અરૂણ એસ. સુતરીયા,
કલેકટર, પંચમહાલ,
ગોધરા.

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનિજ ધારો, ૧૯૬૬.

ક્રમાંક ઉમક-૫-જીજી-ક્યુએલ-રીગ્રાન્ટ-૧૨૫.—જે અર્થે કલેકટરશ્રી, પંચમહાલ તેમની કચેરીના આદેશ નંબર જીજી-ક્યુએલ-૯૨૨-૨૯૩૩ તારીખ ૨૫મી મે ૧૯૯૩ જે અન્વયે શ્રી ભુલાભાઈ અંબાલાલ પટેલને મોજે ઘંટાવ તાલુકો લુણાવાડાના સર્વે નં. ૩૨ ને સામે પાનમ નદી પટ પૈકી ૨-૦૦-૦૦ હેકટર વિસ્તાર માંથી સામાન્ય રેતી ખનીજ કાઢવા ત્રણ વરસ થી મુદતથી કવોરીલીઝ ગુજરાત ગૌણ ખનિજ ધારો, ૧૯૬૬ મુજબ તારીખ ૨૫મી મે ૧૯૯૨થી મંજુર કરી આપવામાં આવેલ હતું.

"અરજદાર શ્રી ગેરકાયદેસર ખનિજ વાહનમાં સંડોવાયેલા હોવાથી મંજુરી હુકમ રદ કરવાના કારણે"

જેથી હવે ગુજરાત ગૌણ ખનીજ ધારો, ૧૯૬૬ના નિયમ-૧૮ (૧) ની હેઠળ વિસ્તાર જાહેર કરવાનો પાત્ર થતો હોઈ નીચે પરિશિષ્ટમાં માં દર્શાવેલ વિગતનો વિસ્તાર આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસો બાદ ખુલ્લો જાહેર કરવામાં આવે છે. જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસોની અંદર આવેલી અરજીઓ અપરિપકવ ગણવામાં આવશે.

પરિશિષ્ટ

| ગામ | તાલુકો | જિલ્લો | સર્વે નંબર | વિસ્તાર (હેકટરમાં) |
|---|---|---|---|---|
| ઘંટાવ | લુણાવાડા | પંચમહાલ | ૩૨ની સામે પાનમ નદી પટ્ટ પૈકી | ૨ ૦૦ ૦૦ |

ગોધરા, તારીખ ૨૦મી ઓકટોબર ૧૯૯૩.

અરૂણ એસ. સુતરીયા,
કલેકટર પંચમહાલ,
ગોધરા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 161 REGISTERED No. G—BA-14-E

C

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIV ] SATURDAY, NOVEMBER 20, 1993 / KARTIKA 29, 1915

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

## PART I
## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

### પોલીસ કમિશનર દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૧) અન્વયે.

ક્રમાંક એસ.બી/ઉગપક/જાહેરનામું/૫૩૬૮/૯૩ .—મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ ૩૭(૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ, હું, હિરાલાલ ( આઈ. પી. એસ.), પોલીસ કમિશનર, વડોદરા શહેર, વડોદરા શહેરની હાલની પરિસ્થિતિને લક્ષમાં રાખી જાહેર સુલેહ શાંતિ અને સલામતી જાળવવા સારૂ આથી હું ફરમાવું છું કે વડોદરા શહેરનો સમગ્ર વિસ્તાર એટલે કે પોલીસ કમિશનર વિસ્તારમાં તારીખ ૧૬મી નવેમ્બર ૧૯૯૩ના ક. ૦૦-૦૦ થી તારીખ ૩૦મી નવેમ્બર ૧૯૯૩ના ક. ૨૪-૦૦ સુધી કોઈએ.

(ક) કોઈ પ્રકારના શસ્ત્રો, તલવાર, ભાલા, લાકડી, બંદૂક અને તેવા સાધનો કે ચીજથી હિંસા થઈ શકે તેવી કોઈ વસ્તુ લઈ જવી કે કબજામાં રાખવી નહીં;

(ખ) પથ્થરો અથવા ફેંકવાના સાધનો એકત્રીત કરવા કે તૈયાર કરવા નહીં;

(ગ) કોઈ ભયાનક પદાર્થ કે સ્ફોટક પદાર્થ લઈ જવો નહીં;

(ઘ) કોઈ શબ, આકૃતી કે પૂતળા દેખાડવા નહીં;

(ચ) સરઘસમાં સળગતી મશાલ લઈ જવી નહીં;

(છ) અપમાન કરવાના ઈરાદાથી કે બદનામ કરવાના ઈરાદાથી જાહેરમાં સૂત્રો પોકારવા નહીં અથવા ટોળામાં ફરવું નહીં;

(જ) જેનાથી સુરૂચી અથવા નીતિનો ભંગ થાય તેવી ચેષ્ટા કરવી નહીં, તેવા ચિત્રો, પ્લેકાર્ડો કે પત્રિકાઓ અથવા કોઈ ચીજ વસ્તુ કે પદાર્થ તૈયાર કરવા નહીં અગર ફેલાવો કરવો નહીં.,

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડતો નથી :—

(૧) સરકારી નોકર કે તેવું કામ કરતી વ્યક્તિઓ કે તેવું કામ ઉપરી અધિકારીઓએ આવું કોઈ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય અગર હથિયાર લઈ જવાની ફરજ હોય તેમજ પરવાનેદાર વ્યક્તિને;

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા અધિકૃત કરેલ કોઈ અધિકારી જેની શારીરિક અશક્તિના કારણે લાકડી લઈ જવાની પરવાનગી આપેલ હોય તે વ્યક્તિને.

આ જાહેરનામાંનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઈન્ડીયન પીનલ કોડની કલમ-૧૮૮ મુજબ એક માસની સજા અથવા રૂ. ૨૦૦ દંડને પાત્ર થશે.

મેં, આજ તારીખ ૧૫મી નવેમ્બર ૧૯૯૩ના રોજ મારી સહી કરી સિક્કો મારેલ છે.

હિરાલાલ,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.



INDEX

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ ૩૭ (૧) બી મુજબનો.

ક્રમાંક એસ.બી/ઉગપક/જાહેરનામું/૫૭૬૯/૯૩.—વડોદરા શહેરમાં ધાર્મિક તહેવારો આવતા હોય શહેરમાં કેટલાક ઈસમો, બાળકો, છોકરાઓ કોમી સંવેદનશીલ વિસ્તારમાં સલામતી જોખમાય તે રીતે ક્રિકેટની રમત રમી, રમાડી શેરીઓ, ગલીઓમાં કે જાહેર માર્ગો ઉપર ટ્રાફીકને અડચણ થાય તે રીતેનો વ્યવહાર વર્તન કરતા હોય તેના કારણે સુલેહ શાંતી જોખમાય તે સંભવ હોય આથી આ કૃત્ય અટકાવવું ખુબજ જરૂરી હોય તેથી.

હું, હીરાલાલ ( આઈ. પી. એસ. ), પોલીસ કમિશનર, વડોદરા શહેર મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ની કલમ-૩૭ (૧) બી મુજબ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે શહેરના પોલીસ કમિશનર વિસ્તારમાં તારીખ ૧૬મી નવેમ્બર ૧૯૯૩ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૩૦મી નવેમ્બર, ૧૯૯૩ના કલાક ૨૪-૦૦ સુધી કોઈપણ ઈસમો, બાળકો, છોકરાઓ વિગેરે સરીયામ રોડ રસ્તા કે જાહેર માર્ગો કે ગલીઓમાં ક્રિકેટની રમત રમવી કે રમાડવી નહીં અથવા તેવી કોઈ પ્રવૃતિ કરવી નહીં.

મેં આજ તારીખ ૧૫મી નવેમ્બર, ૧૯૯૩ના રોજ મારી સહી કરી સીક્કો મારેલ છે.

હીરાલાલ,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

---

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 164 REGISTERED No. G—BA-14-E

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIV ] WEDNESDAY, NOVEMBER 1, 1993 / AGRAHAYANA 10, 1915

**Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation**


# PART–I
# SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

## જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

### હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧) (ફ) અન્વયેનો.

નંબર પીઓએલ/વશી/૭૫૮૧/-૯૩.—જિલ્લા પોલીસ વડાશ્રી, આણંદ (દ) એ તારીખ ૨૩મી નવેમ્બર ૧૯૯૩ના પત્રથી આણંદ તાલુકાના અહીમા ગામે મહીસાગર નદીના કોતરોમાં આણંદ (દ) વિભાગમાં પોલીસ અધિકારીઓ તથા પોલીસના માણસોની વાર્ષિક ગોળીબાર પ્રેકટીસ તારીખ ૧લી ડીસેમ્બર ૧૯૯૩થી તારીખ ૩૧મી ડિસેમ્બર ૧૯૯૩ સુધી રાખેલ હોઈ જાહેર જનતાની સલામતી જળવાઈ રહે તે હેતુસર ફાયરીંગ બટ વિસ્તારમાં અવરજવર બંધ કરવા જાહેરનામું પ્રસિધ્ધ કરવા વિનંતી કરી છે.

આસ્તે, હું, પી. પી. ગઢવી, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (ફ) થી મળેલ સત્તાની રૂએ અહીમા, તા. આણંદ ગામની સીમમાં મહીસાગર નદીના કોતરોમાં બટ ખાતેના ફાયરીંગ કેમ્પ દરમ્યાન મનુષ્યો, જાનવરો વિગેરેને જાનહાની ન થાય તે માટે ઉકત સ્થળ તારીખ ૧લી ડિસેમ્બર ૧૯૯૩ થી તારીખ ૩૧મી ડિસેમ્બર ૧૯૯૩ સુધી (બન્ને દિવસો સુધ્ધાંત) અવરજવર તથા જાહેર ઉપયોગ માટે બંધ કરવા હુકમ કરું છું.

સદરહુ કેમ્પ દરમ્યાન જાહેર જનતાને ફાયરીંગ બટમાં ગોળીબાર પ્રેકટીસ દરમ્યાન વગર પરવાનગીએ પ્રવેશ કરવો નહીં તથા પોતાના આશ્રિત પશુઓને તે સ્થળથી દુર રાખવા તથા સદરહુ જગ્યામાં પશુઓ અવરજવર ન કરે તેની તકેદારી રાખવી તથા ગોળીબારના પ્રેકટીસ સમય દરમ્યાન બહારના કોઈપણ માણસ, ઢોર વિગેરે પ્રવેશે નહીં તેની તકેદારી રુપે પોલીસગાર્ડની વ્યવસ્થા ફાયરીંગ કેમ્પના આજુબાજુના વિસ્તારમાં રાખવાની રહેશે.

સદરહુ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૩૦મી નવેમ્બર ૧૯૯૩ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

પી. પી. ગઢવી,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા.



PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.



INDEX

Extra No. 165

REGISTERED No. G—SA-14-E

C

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIV ] WEDNESDAY, DECEMBER 1, 1993 / AGRAHAYANA 10, 1915

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

# PART I
# SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

## પોલીસ કમિશનર દ્વારા

### હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ના ૨૨મા અધિનિયમની કલમ-૩૭ (૧) અન્વયે.

ક્રમાંક એસ.બી/૩-ગપક/જાહેરનામું/૫૯૦૮/૯૩ .—મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ ૩૭(૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ, હું, હિરાલાલ ( આઈ. પી. એસ.), પોલીસ કમિશનર, વડોદરા શહેર, વડોદરા શહેરની હાલની પરિસ્થિતિને લક્ષમાં રાખી જાહેર સુલેહશાંતિ અને સલામતી જળવવા સારૂ આથી હું ફરમાવું છું કે વડોદરા શહેરનો સમગ્ર વિસ્તાર એટલે કે પોલીસ કમિશનર વિસ્તારમાં તારીખ ૧લી ડીસેમ્બર ૧૯૯૩ના ક. ૦૦-૦૦ થી તારીખ ૧૫મી ડીસેમ્બર ૧૯૯૩ના ક. ૨૪-૦૦ સુધી કોઈએ.

(ક) કોઈ પ્રકારના શસ્ત્રો, તલવાર, ભાલા, લાકડી, બંદૂક અને તેવા સાધનો કે ચીજથી હિંસા થઈ શકે તેવી કોઈ વસ્તુ લઈ જવી કે કબજામાં રાખવી નહીં;

(ખ) પથ્થરો અથવા ફેંકવાના સાધનો એકત્રીત કરવા કે તૈયાર કરવા નહીં;

(ગ) કોઈ ભયાનક પદાર્થ કે સ્ફોટક પદાર્થ લઈ જવો નહીં;

(ઘ) કોઈ શબ, આકૃતી કે પૂતળા દેખાડવા નહીં;

(ચ) સરઘસમાં સળગતી મશાલ લઈ જવી નહીં;

(છ) અપમાન કરવાના ઈરાદાથી કે બદનામ કરવાના ઈરાદાથી જાહેરમાં સૂત્રો પોકારવા નહીં અથવા ટોળામાં ફરવું નહીં;

(જ) જેનાથી સુરચી અથવા નીતિનો ભંગ થાય તેવી ચેષ્ટા કરવી નહીં, તેવા ચિત્રો, પ્લેકાર્ડો કે પત્રિકાઓ અથવા કોઈ ચીજ વસ્તુ કે પદાર્થ તૈયાર કરવા નહીં અગર ફેલાવો કરવો નહીં.,

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડતો નથી :—

(૧) સરકારી નોકર કે તેવું કામ કરતી વ્યકિતઓ કે તેવું કામ ઉપરી અધિકારી હોએ આવું કોઈ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય અગર હથિયાર લઈ જવાની ફરજ હોય તેમજ પરવાનેદાર વ્યકિતને;

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા અધિકૃત કરેલ કોઈ અધિકારી જેને શારીરિક અશકિતના કારણે લાકડી લઈ જવાની પરવાનગી આપેલ હોય તે વ્યકિતને.

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઈન્ડીયન પીનલ કોડની કલમ-૧૮૮ મુજબ એક માસની સજા અથવા રૂા. ૨૦૦ દંડને પાત્ર થશે.

મેં, આજ તારીખ ૩૦મી નવેમ્બર ૧૯૯૩ના રોજ મારી સહી કરી સિક્કો મારેલ છે.

હિરાલાલ,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.



INDEX

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ ૩૭ (૧) બી મુજબનો.

ક્રમાંક એસ.બી/ઉગપક્ર/જાહેરનામું/૫૯૦૯/૯૩.—વડોદરા શહેરમાં ધાર્મિક તહેવારો આવતા હોય શહેરમાં કેટલાક ઈસમો, બાળકો, છોકરાઓ કોમી સંવેદનશીલ વિસ્તારમાં સલામતી જોખમાય તે રીતે ક્રિકેટની રમત રમી રમાડી શેરીઓ, ગલીઓમાં કે જાહેર માર્ગો ઉપર ટ્રાફીકને અડચણ થાય તે રીતેનો વ્યવહાર વર્તન કરતા હોય તેના કારણે સુલેહ શાંતી જોખમાય તે સંભવ હોય આથી આ કૃત્ય અટકાવવું ખુબજ જરૂરી હોય, તેથી

હું, હીરાલાલ ( આઈ. પી. એસ. ), પોલીસ કમિશનર, વડોદરા શહેર મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ની કલમ-૩૭ (૧)બી મુજબ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે શહેરના પોલીસ કમિશનર વિસ્તારમાં તારીખ ૧લી ડીસેમ્બર ૧૯૯૩ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૫મી ડીસેમ્બર, ૧૯૯૩ના કલાક ૨૪-૦૦ સુધી કોઈપણ ઈસમો, બાળકો, છોકરાઓ વિગેરે સરીયામ રોડ રસ્તા કે જાહેર માર્ગો કે ગલીઓમાં ક્રિકેટની રમત રમવી કે રમાડવી નહીં અથવા તેવી કોઈ પ્રવૃતિ કરવી નહીં.

મેં આજ તારીખ ૩૦મી નવેમ્બર, ૧૯૯૩ના રોજ મારી સહી કરી સીક્કો મારેલ છે.

હીરાલાલ,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

---

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 166 REGISTERED No. G-BA-14-E

C

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIV ] THURSDAY, DECEMBER 2, 1993 / AGRAHAYANA 11, 1915

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

# PART I

# SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

## અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે.

ક્રમાંક એમ એજી/૭૧૧૪ થી ૭૧૪૭/૯૩.–મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (મુંબઈ ૨૨મા) અધિનિયમની કલમ ૩૭ (૧) (ક) અન્વયે મળેલ સત્તાની રૂએ, હું, જે. એન. અમીન, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા જિલ્લામાં સંઘ પરિવાર તરફથી અગામી તારીખ ૩જી ડિસેમ્બર ૧૯૯૩ના રોજ વિજય દિન તથા મુસ્લીમો દ્વારા (વિરોધ) કાળો દિવસ ઉજવવામાં આવનાર હોઈ આ કાર્યક્રમને ધ્યાને લેતાં શાંતિ અને સલામતી જાળવવા ફરમાવું છું કે વડોદરા જિલ્લાના પોલીસ કમિશનરશ્રી, વડોદરા શહેરની હકુમત હેઠળ સિવાયના વિસ્તાર એટલે કે વડોદરા જિલ્લાના સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં તારીખ ૧લી ડિસેમ્બર ૧૯૯૩ ના રોજ ૦૦-૦૦ કલાકથી તારીખ ૧૫મી ડિસેમ્બર ૧૯૯૩ના રોજ ૨૪-૦૦ કલાક સુધી કોઈએ.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, બંદૂક, છુરા, લાકડી કે લાઠી અથવા શારીરીક ઈજા પહોંચાડી શકાય તેવુ કોઈપણ સાધન લઈ જવું નહીં.

(ખ) કોઈ ક્ષયકારી પદાર્થ કે સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહીં.

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી વસ્તુઓ અને ફેંકવાના કે ધકેલવાના યંત્રો સાધનો લઈ જવા નહીં, કે એકઠા કરવા નહીં કે તૈયાર કરવા નહીં.

(ઘ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેર કરવાના બિભત્સ સૂત્રો પોકારવા નહીં, અશ્લિલ ગીતો ગાવા નહિ અથવા ટોળામાં ફરવું નહીં.

(ઙ) મનુષ્યો, શબ્દો અથવા આકૃતિઓ અથવા પૂતળાં દેખાડવા નહીં.

(ચ) જેનાથી સૂરૂચી નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહીં, તેવા હાવભાવ કરવા નહીં તથા તેવા ચિત્રો-પત્રિકા, પ્લેકાર્ડ, અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવી નહીં. બનાવવી નહી, તેનો ફેલાવો કરવો નહીં.

આ હુકમનો ખંડ-(ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં:

(૧) સરકારી નોકરીનું કામકાજ કરતી વ્યકિતને તેવા ઉપરી અધિકારીએ આવું કોઈ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા તેવું કોઈ પણ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, જિલ્લા પોલીસ અધિકારીશ્રી, તેમણે અધિકૃત કરેલ કોઈ પોલીસ અધિકારી કે જેણે શારિરીક અશકિતના કારણે લાકડી લઈ જવાની પરવાનગી આપી હોય, તે વ્યકિત.

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજાને પાત્ર થશે. અને આ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૧૩૫(૧) મુજબ દંડની પણ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૨૬મી નવેમ્બર ૧૯૯૩ના રોજ સહી / સીક્કા હેઠળ આપ્યો.

જે. એન. અમીન,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વડોદરા.



INDEX

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭ (૩) અન્વયે.

નંબર એમ. એ. જી./વશી/૭૧૮૪ થી ૭૧૭૯/૯૩.—વડોદરા જિલ્લામાં સંઘ પરિવાર તરફથી આગામી તારીખ ૩જી ડિસેમ્બર ૧૯૯૩ના રોજ વિજય દિન તથા મુસ્લીમો દ્વારા (વિરોધ) કાળો દિવસ ઉજવવામાં આવનાર હોઈ આ કાર્યક્રમને ધ્યાને લેતા જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે વડોદરા જિલ્લામાં પોલીસ કમિશનરશ્રી, વડોદરા (શહેર) ની હકુમત હેઠળ સિવાયના વિસ્તાર એટલે કે વડોદરા જિલ્લાના સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં સુલેહ, શાંતિ અને સલામતી જાળવણી અત્યંત જરૂરી હોય, વ્યકિતઓની મંડળી સરઘસની મનાઈ કરવાનું મને જરૂરી જણાયું છે.

તેથી, હવે, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨ મા) અધિનિયમની કલમ ૩૭ પેટા- કલમ (૩) થી મને મળેલ સત્તાની રૂએ હું, જે. એન. અમીન, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા ઉપરોકત વિસ્તારમાં તારીખ ૧લી ડિસેમ્બર, ૧૯૯૩ ના રોજ ૦૦-૦૦ કલાક થી તારીખ ૧૫મી ડિસેમ્બર ૧૯૯૩ ના રોજ ૨૪-૦૦ કલાકના સમય દરમ્યાન.

(૧) ચાર કરતાં વધુ વ્યકિતઓએ ભેગા થવું નહીં.
(૨) સભા ભરવી કે બોલાવવી નહીં.

વધુમાં હું આદેશ કરૂં છું કે આ હુકમ નીચેનાને લાગુ પડશે નહીં:—

(૧) સરકારી નોકરીમાં અથવા રોજી પર હોય તે વ્યકિતને;
(૨) કોઈ લગ્નના વરઘોડાને;
(૩) ફરજ પર હોય તેવી ગૃહરક્ષકદળની વ્યકિતઓને;
(૪) કોઈપણ સ્મશાન યાત્રાને;
(૫) કોઈપણ રાષ્ટ્રીય કાર્યક્રમને.

આ હુકમમાંથી સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી તેઓના મુખ્ય મથક વિસ્તાર માટે તથા તાલુકા એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી તેઓના તાલુકા વિસ્તાર માટે મુકિત આપી શકશે, એટલે સભા તથા સરઘસ અંગેની પરવાનગી અંગે સ્થાનિક પરિસ્થિતિ તથા પોલીસ ખાતાનો અભિપ્રાય મેળવી આપવાનો રહેશે.

આ હુકમનો કોઈપણ ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સદરહુ અધિનિયમની કલમ ૧૩૧ ની પેટા કલમ (૩) મુજબ અને ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ (સને ૧૮૬૦ ના ૪૫ માં) ની કલમ-૧૮૮ મુજબ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૨૬મી નવેમ્બર ૧૯૯૩ ના રોજ સહી/સિક્કા હેઠળ આપ્યો.

જે. એન. અમીન,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વડોદરા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 167 REGISTERED No. G-BA-14-E

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

[ PUBLISHED BY AUTHORITY ]

Vol. XXXIV ] SATURDAY, DECEMBER 4. 1993 /AGRAHAYANA 13, 1915

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation


# PART - I
# SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

## જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭(૩) અન્વયેનો.

નંબર-પીઓએલ/વશી-૭૬૭૪.--ગત વર્ષના અયોધ્યા મુકામે બનેલા બનાવોના અનુસંધાને ચાલુ વર્ષે તારીખ ૬ઠ્ઠી ડિસેમ્બર ૧૯૯૩ના રોજ બંને કોમો દ્વારા થનાર વિવિધ કાર્યક્રમોના સંદર્ભમાં જિલ્લામાં કાયદા અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે અને કોઈપણ અનિચ્છનીય બનાવ ન બને તથા જિલ્લાના સંવેદનશીલ અને અતિ સંવેદનશીલ વિસ્તારોમાં તેના અનુસંધાને કોઈ અવળા પ્રત્યાઘાત ન પડે તે માટે મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭(૩) મુજબનું જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

વાસ્તે, હું, પી. પી. ગઢવી, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨ માં)ની કલમ-૩૭(૩) મુજબ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સમગ્ર ખેડા જિલ્લામાં તારીખ ૩જી ડિસેમ્બર ૧૯૯૩ થી તારીખ ૧૫મી ડિસેમ્બર ૧૯૯૩ સુધી ( બંને દિવસો સહિત ) ચાર કરતાં વધુ માણસોએ એકત્ર થવું નહીં, ચાર કરતા વધુ માણસોની કોઈ સભા ભરવી કે બોલાવવી નહી અથવા સરઘસ કાઢવું નહીં.

વિસ્તાર:—સમગ્ર ખેડા જિલ્લો.

ખુલાસો.—આ વિસ્તારમાં રસ્તાઓ/રસ્તાની ફુટપાથો તથા ગલીઓ તથા પેટા ગલીઓનો પણ સમાવેશ થાય છે.

અપવાદ.—આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય, હોમગાર્ડઝ હોય, જેઓ ફરજ ઉપર હોય તેમને તથા મરણોત્તર તેમજ લગ્ન અંગેના સરઘસને લાગુ પડશે નહિં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ ની કલમ-૧૩૫ હેઠળ અથવા ભારતના ફોજદારી અધિનિયમ-(સને ૧૮૬૦ના ૪૫માં અધિનિયમ) ની કલમ-૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૧લી ડિસેમ્બર ૧૯૯૩ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

પી. પી. ગઢવી,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા.



Supple. C. G. I.—Extra—167/1

સરકારીપ્રેસ, વડોદરા.

INDEX

Extra No. 168 REGISTERED No. G-BA-14-E

C

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIV ] SATURDAY, DECEMBER 4, 1993 / AGRAHAYANA 13, 1915

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

# PART I

# SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

## અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭(૧) અન્વયે.

નંબર પીઓએલ/વશી/૭૬૧૭.—જિલ્લા પોલીસ અધિકારીશ્રી, આણંદ (૬)એ તેઓની કચેરીના તારીખ ૩૦મી નવેમ્બર ૧૯૯૩ના વાયરલેસ મેસેજથી આગામી તારીખ ૬ઠ્ઠી ડિસેમ્બર ૧૯૯૩ના રોજના બન્ને કોમોના કાર્યક્રમોના અનુસંધાને કાયદો અને વ્યવસ્થા જાળવવાના હેતુસર બી. પી. એકટ કલમ - ૩૭ (૧) મુજબનુ જાહેરનામું તારીખ ૩જી ડીસેમ્બર ૧૯૯૩થી તારીખ ૧૫મી ડીસેમ્બર ૧૯૯૩ સુધી બહાર પાડવા વિનંતી કરેલ છે. આ દરમ્યાન સમગ્ર ખેડા જીલ્લામાં જાહેર શાંતિ અને સલામતિ જળવાઈ રહે તે માટે સાવચેતીના પગલા રૂપે નીચેનો હુકમ કરવો જરૂરી છે.

વાસ્તે, હું, જે. એમ. લુણી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા, સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની, કલમ ૩૭(૧) થી મને મળેલ અધિકારની રૂઈએ, સમગ્ર ખેડા જીલ્લામાં તારીખ ૩જી ડીસેમ્બર ૧૯૯૩ થી તારીખ ૧૫મી ડીસેમ્બર ૧૯૯૩ સુધી (બંને દિવસો સહીત)નીચેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

(૧) હથિયાર, તલવાર, ભાલા, ધોકા, બંદુક, છરા, લાકડી, કે લાઠી, સળગતી મશાલ અથવા બીજા હથિયારો કે જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું;

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું;

(૩) પત્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તે વસ્તુઓ ફેંકવાના કે ઘકેલવાના યંત્રો અથવા સાધનો સાથે લઈ એકઠા તથા તૈયાર કરવાનું;

(૪) મનુષ્યો અથવા શબ તેમજ પુતળા દેખાડવાનું;

(૫) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવાનું અથવા અશ્લીલ ગીતો ગાવાનું;

(૬) જેનાથી સુરુચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાનું તથા તેવા ચિત્રો, પ્રતિકો, કે પ્લેકાર્ડો અથવા બીજા કોઇપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાનું, બનાવવાનું અથવા ફેલાવા કરવાનું

વિસ્તાર.—સમગ્ર ખેડા જિલ્લો:

અપવાદ.—આ હુકમનો ખંડ (૧) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકર કે કામ કરતી કોઈ વ્યકિત કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય, અથવા કોઈ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય,

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સબ-ડીવીઝનલ મેજિસ્ટેટશ્રી. એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, જિલ્લા પોલીસ અધિકારીશ્રી અથવા તેમણે અધિકૃત કરેલા કોઈપણ પોલીસ અધિકારી જેને શારીરિક અશકિતના કારણે લાકડી કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની, કલમ ૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

ખેડા, તારીખ ૧લી ડીસેમ્બર ૧૯૯૩.

જે. એમ. લુણી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા.



PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA

INDEX

Extra No. 170 REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

[ PUBLISHED BY AUTHORITY ]

Vol. XXXIV ] MONDAY, DECEMBER 13, 1993 /AGRAHAYANA 22, 1915

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

# PART - I

# SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

કલેક્ટર દ્વારા

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનિજ ધારો, ૧૯૬૬.

ક્રમાંક ઉમક-૫/જજી-ક્યુએલ-રીગ્રાન્ટ-૧૨૮.—જે અર્થે કલેકટરશ્રી, પંચમહાલ તેમની કચેરીના આદેશ નંબર જજી-ક્યુએમસ્ટેની ૧૦૨૪, તારીખ ૨૨મી એપ્રિલ ૧૯૮૫ જે અન્વયે શ્રી જયેન્દ્રકુમાર એચ. પંડ્યાને મોજે સાંપા તાલુકો ગોધરાના સર્વે નંબર ૩૨૫ ને લાગુ કુણ નદી પટ્ટ પૈકી ૦૦ ૩૩ ૦ હેકટર વિસ્તારમાંથી સામાન્ય રેતી ખનીજ કાઢવા ત્રણ વરસ ની મુદતથી કવોરીલીઝ ગુજરાત ગૌણ ખનીજ ધારો, ૧૯૬૬ મુજબ તારીખ ૨૨મી એપ્રિલ ૧૯૮૫ થી મંજૂર કરી આપવામાં આવેલ હતું, જેનું કરારમત તારીખ ૩જી જુલાઈ ૧૯૮૬ની અસરથી ત્રણ વરસની મુદત માટે કરવામાં આવેલ હતું. જેની મુદત તારીખ ૨જી જુલાઈ ૧૯૯૯ના રોજ પુરી થયેલ છે.

"પટ્ટેદારશ્રીની કવોરીલીઝ રીન્યુઅલ અરજી નામંજુર કરેલ હોઈ"

જેથી હવે ગુજરાત ગૌણ ખનીજ ધારો, ૧૯૬૬ ના નિયમ-૧૮(૧)ની હેઠળ વિસ્તાર જાહેર કરવાનો થાત્રા થતો હોઈ નીચે પરિશિષ્ટ માં દર્શાવેલ વિગતનો વિસ્તાર આ જાહેરનામું પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ બાદ ખુલ્લો જાહેર કરવામાં આવે છે. જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસોની અંદર આવેલી અરજીઓ ધ્યાનમાં લેવામા આવશે.

પરિશિષ્ટ

| ગામ | તાલુકો | જિલ્લો | સર્વે નંબર | વિસ્તાર(હેકટરમા) |
|---|---|---|---|---|
| સાંપા | ગોધરા | પંચમહાલ | ૩૨૫ને લાગુ કુણ નદી પટ્ટ પૈકી | ૦૦ ૩૩ ૦૦ |

આઈ. એસ. ચુતરીયા, ( I. A. S. )
કલેકટર, પંચમહાલ,
ગોધરા.

ગોધરા, તારીખ ૩૦મી ઓકટોબર ૧૯૯૩.



PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.



INDEX

Extra No. 171 REGISTERED No. G—BA-14-E

C

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIV ] TUESDAY, DECEMBER 14, 1993 / AGRAHAYANA 23, 1915

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

# PART I
# (SUPPLEMENT TO THE CENTRAL GAZETTE)

## અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે.

નંબર પીઓએલ-જાહેરનામું-૩૭ (૧)-૯૩.—વર્તમાન સમયમાં શામળાજી તથા ખેડબ્રહ્મા મુકામે કાર્તિક પુનમના મેળા ભરાતા હોઈ તેમજ કિસાન સંઘ દ્વારા વિજ વધારો આંદોલન અંગે આકસ્મિક પ્રોગ્રામ આપવાની શકયતાઓ હોઈ તેમજ મુસ્લિમ પર્સનલ લો બોર્ડ તરફથી તારીખ ૩જી ડિસેમ્બર, ૧૯૯૩ થી બાબરી મસ્જીદ બાંધવા માટે તેમજ સંઘ પરિવારે પણ તારીખ ૬ઠ્ઠી ડિસેમ્બર, ૧૯૯૩ ના રોજ વિજયદિન તરીકે ઉજવવાનું એલાન કરેલ હોઈ સમગ્ર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે તકેદારીના પગલાં રૂપે નીચે મુજબનો હુકમ કરવો જરૂરી છે.

વાસ્તે, હું પી. કે. શાહ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો, હિંમતનગર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ કલમ-૩૭ (૧) થી મને મળેલ અધિકારની રૂએ તારીખ ૨૪મી નવેમ્બર, ૧૯૯૩ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૮મી ડિસેમ્બર, ૧૯૯૩ના કલાક ૨૪-૦૦ સુધી સમગ્ર જિલ્લામાં નીચેના કૃત્યોની મનાઈ ફરમાવું છું.

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, ટોટા, બંદુક ચપ્પુ, લાઠી કે લાકડી જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે ફરવાનું;

(૨) પથ્થરો, પદાર્થો અથવા સ્ફોટક પદાર્થો સાથે ફરવાનું;

(૩) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે ફેંકવાના કે નાંખવાના કે ધકેલવાના શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાનું, ફરવાનું કે એકઠા કરવાનું તથા તૈયાર કરવાનું;

(૪) કોઈ સરઘસમાં જલતી કે પેટાવેલી મશાલ લઈ જવાનું;

(૫) વ્યકિતઓ અથવા તેનું શબ, આકાર અથવા પુતળાં દેખાડવાનું, સુત્રો પોકારવાનું અથવા અશ્લીલ ગીતો ગાવાનું;

(૬) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવાનું, જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તથા હાવભાવ તથા ચેષ્ટા કરવાનું તથા પત્રો, પત્રિકાઓ, પ્લેકાર્ડો અથવા તેનો ફેલાવો કરવાનું.

અપવાદ.—આ હુકમનો ખંડ ૧ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં :

(૧) સરકારી નોકર કે કામ કરતી વ્યકિતઓ કે જેના ઉપરી અધિકારીએ આવું કોઈ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈ હથિયાર સરકારી ફરજ બજાવવા સાથે રાખવાનું આવશ્યક હોય,

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, અથવા તેઓએ અધિકૃત કરેલા કોઈપણ અધિકારીએ જે તે શારીરિક અશકિતના કારણે લાકડી કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓ,



INDEX

(૩) કોઈ ધાર્મિક તહેવારની ઉજવણી માટે આ જાહેરનામામાં ઉલ્લેખ કરેલ હથિયારો પૈકીના હથિયારો ધાર્મિક રીવાજોને અનુરૂપ ઉપયોગ કરવા માટે જિલ્લા પોલીસ અધિકારીશ્રી અથવા જે તે વિસ્તારના સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, કે એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રીએ અગાઉથી લેખિત મંજુરી આપી હોય તેવી સંસ્થાઓ કે વ્યકિતઓ.

આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર અથવા કરાવનાર શખ્સો ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ (૧) હેઠળ ઓછામાં ઓછી ચાર માસ કે વધુમાં વધુ એક વર્ષની કેદની સજા અને દંડને પાત્ર થશે.

આજ તારીખ ૨૩મી નવેમ્બર, ૧૯૯૩ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

પી. કે. શાહ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સાબરકાંઠા.

---

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયે.

નંબર પીઓએલ-જાહેરનામું-૩૭ (૩)-૯૩.—વર્તમાન સમયમાં શામળાજી તથા ખેડબ્રહ્મા મુકામે કાર્તિક પુનમના મેળા ભરાતા હોઈ તેમજ કિસાન સંઘ દ્વારા વિજ વધારો આંદોલન અંગે આકસ્મિક પ્રોગ્રામ આપવાની શકયતાઓ હોઈ તેમજ મુસ્લિમ પર્સનલ લો બોર્ડ તરફથી તારીખ ૩જી ડિસેમ્બર, ૧૯૯૩ થી બાબરી મસ્જીદ બાંધવા માટે તેમજ સંઘ પરિવારે પણ તારીખ ૬ઠ્ઠી ડિસેમ્બર, ૧૯૯૩ના રોજ વિજય દિન તરીકે ઉજવવાનું એલાન કરેલ હોઈ સમગ્ર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે તકેદારીના પગલાં રૂપે નીચે મુજબનો હુકમ કરવો જરૂરી છે.

વાસ્તે, હું, પી. કે. શાહ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા, હિમતનગર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૩) થી મને મળેલ અધિકારની રૂએ, આથી સાબરકાંઠા જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં તારીખ ૨૪મી નવેમ્બર, ૧૯૯૩ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૮મી ડિસેમ્બર, ૧૯૯૩ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહી અથવા કોઈ સભા ભરવી કે બોલાવવી નહી તેમજ સરઘસ કાઢવું નહીં.

ખુલાસો :

આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ કે જેઓ સરકારી ફરજ પર હોય તેને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ અથવા ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ના ૪૫માં અધિનિયમની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૨૩મી નવેમ્બર, ૧૯૯૩ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

પી. કે. શાહ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સાબરકાંઠા.

---

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે.

નંબર પીઓએલ-જાહેરનામું-૩૭ (૧)-૯૩.—તારીખ ૬ઠ્ઠી ડિસેમ્બર ૧૯૯૩ના રોજથી ભારતીય કિસાન સંઘ દ્વારા બીજા તબક્કાનું આંદોલન તેમજ ભા. જ. પ. તથા સંઘ પરિવાર દ્વારા વિજયદિન તથા મુસ્લીમો દ્વારા બાબરી મસ્જીદના ધ્વંસ અનુસંધાને "કાળોદિન" ઉજવવાના કાર્યક્રમો દરમિયાન સમગ્ર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે તકેદારીના પગલાં રૂપે નીચે મુજબનો હુકમ કરવો જરૂરી છે.

વાસ્તે, હું, પી. કે. શાહ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો, હિમતનગર, સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૧) થી ને મળેલ અધિકારની રૂએ, તારીખ ૯મી ડિસેમ્બર, ૧૯૯૩ના કલાક ૦૦-૦ થી તારીખ ૨૩મી ડિસેમ્બર, ૧૯૯૩ના કલાક ૨૪-૦૦ સુધી સમગ્ર જિલ્લામાં નીચેના કૃત્યોની મનાઈ ફરમાવું છું.—

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, ટોટા, બંદુક, ચપ્પુ, લાઠી કે લાકડી, જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે ફરવાનું;
(૨) પથ્થરો, પદાર્થો અથવા સ્ફોટક પદાર્થો સાથે ફરવાનું;
(૩) પથ્થરો, અથવા બીજા શસ્ત્રો અથવા તે ફેંકવાના કે નાંખવાના કે ધકેલવાના શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાનું, ફરવાનું કે એકઠા કરવાનું તથા તૈયાર કરવાનું;
(૪) કોઈ સરઘસમાં જલતી કે પેટાવેલી મશાલ લઈ જવાનું;
(૫) વ્યકિતઓ અથવા તેનું શબ, આકાર અથવા પુતળાં દેખાડવાનું, સુત્રો પોકારવાનું અથવા અશ્લીલ ગીતો ગાવાનું;
(૬) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવાનું, જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તથા હાવભાવ અથવા ચેષ્ટા કરવાનું તથા પત્રો, પત્રિકાઓ, પ્લેકાર્ડો અથવા તેનો ફેલાવો કરવાનું.

અપવાદ.—આ હુકમનો ખંડ-૧ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં:

(૧) સરકારી નોકર કે કામ કરતી વ્યકિતઓ કે જેના ઉપરી અધિકારીએ આવું કોઈ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈ હથિયાર સરકારી ફરજ બજાવવા સાથે રાખવાનું આવશ્યક હોય,
(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, અથવા તેઓએ અધિકૃત કરેલા કોઈપણ અધિકારીએ જે તે શારીરિક અશકિતના કારણે લાકડી કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓ,
(૩) કોઈ ધાર્મિક તહેવારની ઉજવણી માટે આ જાહેરનામામાં ઉલ્લેખ કરેલ હથિયારો પૈકીના હથિયારો ધાર્મિક રીવાજોને અનુરૂપ ઉપયોગ કરવા માટે જિલ્લા પોલીસ અધિકારીશ્રી અથવા જે તે વિસ્તારના સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી કે એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રીએ અગાઉથી લેખિત મંજૂરી આપી હોય તેવી સંસ્થાઓ કે વ્યકિતઓ.

આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર અથવા કરાવનાર શખ્સો સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ (૧) હેઠળ ઓછામાં ઓછી ચાર માસ કે વધુમાં વધુ એક વર્ષની કેદની સજા અને દંડને પાત્ર થશે.

આજ તારીખ ૮મી ડિસેમ્બર, ૧૯૯૩ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

પી. કે. શાહ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સાબરકાંઠા.

---

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 172 REGISTERED No. G-BA-14-E

C

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIV] WEDNESDAY, DECEMBER 15, 1993 / AGRAHAYANA 24, 1915

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

# PART I
# SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

## અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

### હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ના (મુંબઈના ૨૨મા) ની કલમ-૩૭

પેટા કલમ-૩ હેઠળ.

નંબર ડી/એમએજી. બી. પી. એ. ૩૮/૯૩/વશી/૭૨/૫/૭૩૨૫/૯૩.— તારીખ ૬ઠ્ઠી ડિસેમ્બર ૧૯૯૩ ના રોજ બાબરી મસ્જીદના ધ્વંશના કેસમાં ભાજપના ટોચના નેતાઓની ધરપકડ થયેલ હોઈ તેથી ભાજપ તથા તેના સાથેના સંગઠનો દ્વારા રસ્તા રોકો બંધનું એલાન તથા બીજા કાર્યક્રમો આપે તેવી પુરી શકયતા હોઈ સમગ્ર બનાસકાંઠા જિલ્લાના વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જાળવવાના હેતુ સારૂ સમગ્ર વિસ્તારમાં ચાર કે તેથી વધુ વ્યકિતઓની કોઈ મંડળી સરઘસની મનાઈ કરવાનું મને જરૂરી જણાયું છે.

તેથી હવે મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ના મુંબઈના ૨૨મા) ની કલમ-૩૭ ની પેટા કલમ-૩ થી મને મળેલ સત્તાની રૂએ હું, જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા આથી બનાસકાંઠા જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તારીખ ૯મી ડિસેમ્બર ૧૯૯૩ થી તારીખ ૩૧મી ડિસેમ્બર ૧૯૯૩ સુધીની (બંને દિવસો સહિત) મુદત માટે ચાર કરતા વધુ વ્યકિતઓની કોઈ મંડળીને સભા ભરવા કે બોલાવવા તેમજ સરઘસ માટે મનાઈ ફરમાવું છું.

વધુમાં હું આદેશ કરૂં છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહીં.

(૧) સરકારની નોકરીમાં તથા રોજગારમાં હોય તે વ્યકિતઓ,
(૨) ફરજ ઉપર હોય તેવી ગૃહ રક્ષક દળની વ્યકિતઓને,
(૩) કોઈ લગ્નના વરઘોડાને,
(૪) કોઈપણ સ્મશાનયાત્રાને.

આ હુકમનો કોઈ ભંગ અથવા ઉલંઘન કરવા બદલ સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ ની પેટા કલમ-૩ અને ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ (સને ૧૮૬૦ ના ૪૫ માંની) કલમ-૧૮૮ હેઠળ શિક્ષાપાત્ર થશે.

આજ રોજ તારીખ ૯મી ડિસેમ્બર, ૧૯૯૩ ના રોજ મારી સહી તથા સિક્કો કર્યો.

એમ. બી. ઝાલા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા.

———



PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

Ie. C. G. I-Extra—172/1

INDEX

Extra No. 173 REGISTERED No. G-BA-14-E

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

Vol. XXXIV ] THURSDAY, DECEMBER 16, 1993 / AGRAHAYANA 25, 1915

**Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation**


# PART I
# SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

## કલેકટર દ્વારા

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનિજ નિયમો, ૧૯૬૬.

નંબર ઉમકખ/એ.જી.કે./ક્યુએલ/૮૦-(૯૨) /૫૫૬ થી ૫૬૧.—શ્રી નરેશકુમાર જશુભાઈ ગઢવી રહે. વડોદરાની મોજે કહાનવાડી બોરસદના મહી નદી પટ વિસ્તાર પૈકી સર્વે નંબર ૨૨૪ થી ૨૨૭ ને અડીને (દક્ષીણ તરફ) આવેલ ૧-૫૦-૦૦ હેકટર વિસ્તાર રેતી/ગ્રેવલ ખનિજ માટે કવોરી લીઝ મંજુર કરવામાં આવેલ હતું.

સદરહુ બાબતે અરજદારશ્રીને મંજુર થયેલ કવોરી લીઝ અન્ય કામના રોકાણના લીધે સમય ફાળવી શકે તેમ ન હોવાથી માંગણ પાછી ખેંચે છે. અને થયેલ મંજુરી હુકમ રદ કરવા તારીખ ૨૬મી ઓગસ્ટ ૧૯૯૩ થી જણાવવામાં આવેલ છે. જેથી આ કચેરીના હુકમ નં. એ.જી.કે./ક્યુએલ/ ૮૦/ (૯૨) / ૨૦૦૪, તારીખ ૧૩મી ડિસેમ્બર ૧૯૯૩ થી રીવોકડ કરવામાં આવેલ છે.

આથી ગુજરાત ગૌણ ખનિજ નિયમો ૧૯૬૬ ના નિયમ-૧૮ (૧) (સી) હેઠળ પરિશિષ્ટમાં જણાવેલ વિસ્તાર તારીખ ૧લી જાન્યુઆરી ૧૯૯૪ ની અસરથી ખુલ્લો મુકવામાં આવે છે. તે અગાઉ આવેલ અરજીઓ અપરિપકવ ગણી નામંજુર કરવામાં આવશે.

પરિશિષ્ટ

| જિલ્લો | તાલુકો | ગામ | સર્વે નંબર | વિસ્તાર | ખનિજ |
|---|---|---|---|---|---|
| ખેડા | બોરસદ | કહાનવાડી | ૨૨૪ થી ૨૨૭ ને અડીને આવેલ મહી નદી પટ | ૧-૫૦-૦૦ હેકટર | રેતી/ગ્રેવલ |

ખેડા, તારીખ ૧લી ડિસેમ્બર ૧૯૯૩.

પી. પી. ગઢવી,
કલેકટર, ખેડા.



INDEX

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનિજ નિયમો, ૧૯૬૬.

નંબર ઉમકખ/એજીકે/ક્યુએલ/૬૭ (૯૨) / ૪૮૫ થી ૪૯૯.—શ્રીમતી શારદાબેન નરેશકુમાર ગઢવી રહે. વડોદરાની મોજે કહાનવાડ તા. બોરસદની મહી નદી પટ વિસ્તાર પૈકી સર્વે નંબર ૨૮૬ થી ૨૯૨ ને અડીને આવેલ ૯ ૦૦ ૦૦ હેક્ટર વિસ્તાર રેતી/ગ્રેવલ ખનિજ માટે ક્વોરી લીઝ મંજુર કરવામાં આવેલ હતું.

સદરહુ બાબતે અરજદારશ્રીને મંજૂર થયેલ ક્વોરી લીઝ અન્ય કામના રોકાણના લીધે સમય ફાળવી શકે તેમ ન હોવાથી માંગણી પાછી ખેંચે છે અને થયેલ મંજૂરી હુકમ રદ કરવા તારીખ ૨૬મી ઓગસ્ટ ૧૯૯૩થી જણાવવામાં આવેલ છે. જેથી આ કચેરીના હુકમ નં. એ. જી. કે./ક્યુએલ/૬૭ (૯૨)/ ૨૦૦૫, તારીખ ૧૩મી ડિસેમ્બર ૧૯૯૩ થી રીવોકડ કરવામાં આવેલ છે.

આથી ગુજરાત ગૌણ ખનિજ નિયમો, ૧૯૬૬ના નિયમ ૧૮ (૧) (સી) હેઠળ પરિશિષ્ટમાં જણાવેલ વિસ્તાર તારીખ ૧લી જાન્યુઆરી ૧૯૯૪ ની અસર થી ખુલ્લો મુકવામાં આવે છે. તે અગાઉ આવેલ અરજીઓ અપરિપકવ ગણી નામંજૂર કરવામાં આવશે.

પરિશિષ્ટ

| જિલ્લો | તાલુકો | ગામ | સર્વે નંબર | વિસ્તાર | ખનિજ |
|---|---|---|---|---|---|
| ખેડા | બોરસદ | કહાનવાડી | ૨૮૬ થી ૨૯૨ ને અડીને આવેલ મહી નદી પટ | ૯-૦૦-૦૦ હેક્ટર | રેતી/ગ્રેવલ |

ખેડા, તારીખ ૧લી ડિસેમ્બર ૧૯૯૩.

પી. પી. ગઢવી,
કલેકટર, ખેડા.

સરકારી પ્રેસ, વડોદરા.

INDEX

Extra No. 174 EGISTERED No. G—BA-14-E

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

[ PUBLISHED BY AUTHORITY ]

Vol. XXXIV] THURSDAY, DECEMBER 16, 1993 / AGRAHAYANA 25, 1915

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

# PART-I

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

### પોલીસ કમિશનર દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ના ૨૨ માં અધિનીયમની કલમ ૩૭(૧) અન્વયે કાઢેલ

ક્રમાંક એસબી/ઉગપક/જાહેરનામુ૬૦૬૦/૯૩.—મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ ૩૭ (૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ, હું, હીરાલાલ (આઈ.પી.એસ.) વડોદરા શહેર, વડોદરા શહેરની હાલની પરિસ્થિતિને લક્ષમાં રાખી જાહેર સુલેહ શાંતિ અને સલામતી જાળવવા સારૂ આથી હું ફરમાવું છું કે, વડોદ રા શહેર નો વિસ્તાર એટલે કે પોલીસ કમિશનર વિસ્તારમાં તારીખ ૧૬મી ડીસેમ્બર, ૧૯૯૩ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૩મી ડીસેમ્બર ૧૯૯૩ના કલાક ૨૪-૦૦ સુધી કોઈએ.

(ક) કોઈ પ્રકારનાં શસ્ત્રો, તલવાર, ભાલા, લાકડી, બંદૂક અને તેવા સાધનો કે ચીજથી હિંસા થઈ શકે તેવી કોઈ વસ્તુ લઈ જવી કે બજારમાં રાખવી નહીં;

(ખ) પથ્થરો અથવા ફેંકવાના સાધનો એકત્રિત કરવા કે તૈયાર કરવા નહીં;

(ગ) કોઈ ભયાનક પદાર્થ કે સ્ફોટક પદાર્થ લઈ જવો નહીં.

(ઘ) કોઈ શબ, આકૃતિ કે પૂતળા દેખાડવા નહીં;

(ચ) સરઘસમાં સળગતી મશાલ લઈ જવી નહીં;

(છ) અપમાન કરવાના ઈરાદાથી બદનામ કરવાના ઈરાદાથી જાહેરમાં સુત્રો પોકારવા નહીં, અથવા ટોળામાં ફરવું નહીં;

(જ) જેનાથી સુરૂચિ અથવા ભંગ થાય તેવી ચેષ્ટા કરવી નહીં તેવા ચિત્રો કે પ્લેકાર્ડો કે પત્રિકાઓ અથવા કોઈ ચીજ વસ્તુ કે પદાર્થ તૈયાર કરવા નહીં, અગર ફેલાવો કરવો નહીં;

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડતો નથી.

(૧) સરકારી નોકર કે તેવું કામ કરતી વ્યકિતઓ કે તેવું કામ ઉપરી અધિકારીઓએ આવું કોઈ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય અગર હથિયાર લઈ જવાની ફરજ હોય તેમજ પરવાનેદાર વ્યકિતને.

(૨) જિલ્લા મેજી. અથવા અધિકૃત કરેલ કોઈ અધિકારી જેને શારીરિક અશકિતને કારણે લાકડી લઈ જવાની પરવાનગી આપેલ હોય તે વ્યકિતને.

આ જાહેરનામાનો કોઈપણ ખંડ નો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઈ.પી. કો. કલમ-૧૮૮ મુજબ એક માસની સજા અથવા રૂા. ૨૦ દંડને પાત્ર થશે.

મેં આજ તારીખ ૧૫મી ડીસેમ્બર, ૧૯૯૩નાં રોજ મારી સહી કરી સિક્કો મારેલ છે.

હીરાલાલ,
પોલીસ કમિશનર, વડોદરા શહેર.



INDEX

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૧) (બી) મુજબ.

ક્રમાંક એસ. બી. / ઉગપક / જાહેરનામું / ૬૦૬૧ / ૯૩.—વડોદરા શહેરમાં ધાર્મિક તહેવારો આવતા હોય શહેરમાં કેટલાક ઈસમો, બાળકો, છોકરાંઓ કોમી સંવેદનશીલ વિસ્તારમાં સલામતી જોખમાય તે રીતે ક્રિકેટની રમત રમી, રમાડી શેરીઓ, ગલીઓમાં કે જાહેર-માર્ગો ઉપર ટ્રાફિકને અડચણ થાય તે રીતનો વ્યવહાર વર્તન કરતા હોય તેના કારણે સુલેહ શાંતી જોખમાય તે સંભવ હોય આથી આ કૃત્ય અટકાવવું ખુબ જ જરૂરી હોય, તેથી.,

હું, હીરાલાલ (આઈ.પી.એસ.), પોલીસ કમિશનર, વડોદરા શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ કલમ ૩૭ (૧) બી મુજબ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, શહેરના પોલીસ કમિશનર વિસ્તારમાં તારીખ ૧૬મી ડીસેમ્બર, ૧૯૯૩ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૩૧મી ડીસેમ્બર, ૧૯૯૩ના કલાક ૨૪-૦૦ સુધી કોઈપણ ઈસમ, બાળકો, છોકરાઓ વિગેરે સરીયામ રોડ, રસ્તા, કે જાહેરમાર્ગો ગલીઓમાં ક્રિકેટની રમત રમવી કે રમાડવી નહીં અથવા તેવી કોઈ પ્રવૃત્તિ કરવી નહીં.

મેં આજ તારીખ ૧૫મી ડીસેમ્બર, ૧૯૯૩ના રોજ મારી સહી કરી સિક્કો મારેલ છે.

હીરાલાલ,
પોલીસ કમિશનર, વડોદરા શહેર.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 175

REGISTERED No. G—BA-14-E

C

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIV ] FRIDAY, DECEMBER 17, 1993 / AGRAHAYANA 26, 1915

**Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation**

# PART–I
# SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

## કલેકટર દ્વારા

### જાહેરનામું

ગુજરાત ગૌણ ખનીજ ધારો, ૧૯૬૬.

નંબર ઉમક-૫-જીજી-ક્યુએલ-રીગ્રાન્ટ-૧૨૯.—જે અર્થે કલેકટરશ્રી, પંચમહાલ, તેમની કચેરીના આદેશ નંબર જીજી-ક્યુએલ-૨૬૭૬ તારીખ ૧લી એપ્રિલ ૧૯૮૭ જે અન્વયે શ્રી પ્રભુદાસ ખાતુભાઈ માછીને મોજે હાડોડ, તાલુકો લુણાવાડાના સર્વે નંબર ૧૯ ને લાગુ મહી નદી પટ પૈકી ૧-૧૫-૦૦ હેક્ટર વિસ્તારમાંથી ગ્રેવોલ ખનીજ કાઢવા ત્રણ વરસથી મુદતથી ક્વોરીલીઝ ગુજરાત ગૌણ ખનીજ ધારો, ૧૯૬૬ મુજબ તારીખ ૧લી એપ્રિલ, ૧૯૮૭થી મંજુર કરી આપવામાં આવેલ હતું. જેનું કરારખત તારીખ ૨૭મી એપ્રિલ, ૧૯૮૭ની અસરથી ત્રણ વરસની મુદત માટે કરવામાં આવેલ હતું. જેની મુદત તારીખ ૨૬મી એપ્રિલ, ૧૯૯૦ના રોજ પુરી થયેલ છે.

"પટ્ટેદારશ્રીની ક્વોરીલીઝ રીન્યુઅલ અરજી નામંજુર કરેલ ન હોવાથી."

જેથી હવે, ગુજરાત ગૌણ ખનીજ ધારો, ૧૯૬૬ના નિયમ ૧૮ (૧)ની હેઠળ વિસ્તાર જાહેર કરવાનો પાત્ર થતો હોઈ નીચે પરિશિષ્ટમાં દર્શાવેલ વિગતનો વિસ્તાર આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસો બાદ ખુલ્લો જાહેર કરવામાં આવે છે. જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસોની અંદર આવેલી અરજીઓ અપરિપકવ ગણવામાં આવશે.

પરિશિષ્ટ

| ગામ | તાલુકો | જિલ્લો | સર્વે નંબર | વિસ્તાર (હેક્ટરમાં) |
|---|---|---|---|---|
| હાડોડ | લુણાવાડા | પંચમહાલ | ૧૯, ને લાગુ મહી નદી પટ્ટ પૈકી. | ૧—૧૫—૦૦ |

ગોધરા, તારીખ ૧૦મી ડિસેમ્બર, ૧૯૯૩.

અરૂણ એસ. સુતરીયા,
આઈ. એ. એસ,
કલેકટર, પંચમહાલ,
ગોધરા.



INDEX

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનિજ ધારો, ૧૯૬૬.

ક્રમાંક ઉમક/૫/જીજી-/ક્યુએલ/ રીગ્રાન્ટ/૧૩૦.—જે અર્થે કલેકટરશ્રી, પંચમહાલ, તેમની કચેરીના આદેશ નંબર જીજી/ક્યુએલ/૫૫૦-૩૮૫૪ તારીખ ૧૦મી સપ્ટેમ્બર ૧૯૯૦, જે અન્વયે શ્રી સુરેશભાઈ અંબાલાલ પટેલ, મોજે રતનપુર (કાંટડી) તાલુકો ગોધરાના સર્વે નંબર ૫૭૧ ૫૮૮,૫૯૧,૫૯૩ ને લાગુ કુણ નદી પટ્ટ પૈકી ૧-૭૬-૦૦ હેકટર વિસ્તારમાંથી સામાન્ય રેતી ખનીજ કાઢવા ત્રણ વરસથી મુદતથી-ક્વોરીલીઝ ગુજરાત ગૌણ ખનિજ ધારો, ૧૯૬૬ મુજબ તારીખ ૧૦મી સપ્ટેમ્બર ૧૯૯૦થી મંજુર કરી આપવામાં આવેલ હતું. જેનું કરાર ખત તારીખ ૧૯મી ઓકટોબર ૧૯૯૦ની અસર થી ત્રણ વરસની મુદત માટે કરવામા આવેલ હતુ. જેની મુદત તારીખ ૧૮મી ઓકટોબર ૧૯૯૩ ના રોજ પુરી થયેલ છે.

" પટ્ટેદાર શ્રી એ નિયમોનુસાર રીન્યુઅલ અરજી કરેલ હોવાથી"

જેથી, હવે, ગુજરાત ગૌણ ખનિજ ધારો, ૧૯૬૬ના નિયમ ૧૮(૧)ની હેઠળ વિસ્તાર જાહેર કરવાનો પાત્ર થતો હોઈ નીચે પરિશિષ્ટમાં દર્શાવેલ વિગતનો વિસ્તાર આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખ થી ૩૦ દિવસો બાદ ખુલ્લો જાહેર કરવામાં આવે છે. જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસોની અંદર આવેલી અરજીઓ અપરિપકવ ગણવામાં આવશે.

પરિશિષ્ટ

| ગામ<br>૧ | તાલુકો<br>૨ | જિલ્લો<br>૩ | સર્વે નંબર<br>૪ | વિસ્તાર<br>૫ |
|---|---|---|---|---|
| | | | | (હેકટરમાં) |
| રતનપુર (કાંટડી) | ગોધરા | પંચમહાલ | ૫૭૧, ૫૮૮,૫૯૧,૫૯૩, ને લાગુ કુણ નદી પટ્ટપૈકી | ૧-૭૬-૦૦ |

ગોધરા, તારીખ ૧૦મી ડીસેમ્બર, ૧૯૯૩.

અરુણ એસ. સુતરીયા (I. A. S.)
કલેકટર, પંચમહાલ,
ગોધરા.

---

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનિજ ધારો, ૧૯૬૬.

નંબર ઉમક-૫-જીજી/ક્યુએલ/રીગ્રાન્ટ/૧૩૧.—જે અર્થે કલેકટરશ્રી, પંચમહાલ તેમની કચેરીના આદેશ નં. જીજી/ક્યુએલ/૧૯૪/૨૯૨૦ તારીખ ૨૯મી સપ્ટેમ્બર૧૯૮૯ જે અન્વયે શ્રીમતી મનકુવરબા વિક્રમસિંહ દરબારને મોજે ઓડીદ્રા, તાલુકો ગોધરાના સર્વે નં. ૧૨૭ ને લાગુ કુણ નદી પટ પૈકી ૧-૦૦-૦૦ હેકટર વિસ્તારમાંથી સામાન્ય રેતી ખનીજ કાઢવા ત્રણ વરસથી મુદતથી ક્વોરીલીઝ ગુજરાત ગૌણ ખનીજ ધારો, ૧૯૬૬ મુજબ તારીખ ૨૯મી સપ્ટેમ્બર ૮૯થી મંજૂર કરી આપવામાં આવેલ હતું. જેનું કરારખત તારીખ ૭મી નવેમ્બર ૧૯૮૯ અસરથી ત્રણ વરસની મુદત માટે કરવામાં આવેલ હતું જેની મુદત તારીખ ૬ઠ્ઠી નવેમ્બર ૧૯૮૯ના રોજ પુરી થયેલ છે.

"પટ્ટોદારશ્રીએ પટ્ટે રીન્યુ કરવા હેતુ રીન્યુઅલ અરજી કરેલ ન હોવાથી",

જેથી, હવે ગુજરાત ગૌણ ખનીજ ધારો, ૧૯૬૬ના નિયમ ૧૮ (૧)ની હેઠળ વિસ્તાર જાહેર કરવાનો પાત્ર થતો હોઈ નીચે પરિશિષ્ટમાં દર્શાવેલ વિગતનો વિસ્તાર આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસો બાદ ખુલ્લો જાહેર કરવામાં આવે છે. જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસોની અંદર આવેલી અરજીઓ અપરિપકવ ગણવામાં આવશે.

પરિશિષ્ટ

| ગામ | તાલુકો | જિલ્લો | સર્વે નંબર | વિસ્તાર<br>(હેકટરમાં) |
|---|---|---|---|---|
| ઓડીદ્રા | ગોધરા | પંચમહાલ | ૧૨૭ ને લાગુ કુણ નદી પટ પૈકી | ૧ ૦૦ ૦૦ |

ગોધરા, તારીખ ૧૦મી ડીસેમ્બર, ૧૯૯૩.

અરૂણ એસ. સુતરીયા, (I. A. S.)
કલેકટર, પંચમહાલ,
ગોધરા.

INDEX

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનીજ ધારો, ૧૯૬૬.

ક્રમાંક નં. ઉમક-૫/જીજી/ક્યુએલ/રીગ્રાન્ટ-૧૩૩.—જે અર્થે કલેકટરશ્રી, પંચમહાલ તેમની કચેરીના આદેશ નંબર જીજી/ક્યુએલ-૭૫૧-૧૨૮૬ તારીખ ૨૦ મી ફેબ્રુઆરી, ૧૯૯૧ જે અન્વયે શ્રી અખ્તમસિંહ ધમીરસિંહ પરમાર ને મોજે ધાણીત્રા, તાલુકો ગોધરાના સર્વે નંબર ૪૪૭ને લાગુ કુણ નદી પર પૈકી ૦૦–૮૦–૦૦ હેકટર વિસ્તારમાંથી સામાન્ય રેતી ખનીજ કાઢવા ત્રણ વરસની મુદતથી ક્વોરીલીઝ ગુજરાત ગૌણ ખનીજ ધારો, ૧૯૬૬ મુજબ તારીખ ૨૮મી ફેબ્રુઆરી ૧૯૯૨થી મંજૂર કરી આપવામાં આવેલ હતું.

"અરજદારશ્રી મંજૂરી હુકમ તારીખથી ૯૦ દિવસની અંદર કરારખત કરાવી લેવામાં નિષ્ફળ ગયેલ હોવાથી."

જેથી, હવે, ગુજરાત ગૌણ ખનીજ ધારો, ૧૯૬૬ના નિયમ ૧૮(૧)ની હેઠળ વિસ્તાર જાહેર કરવાને પાત્ર થતો હોઈ નીચે પારિશિષ્ટમ દર્શાવેલ વિગતનો વિસ્તાર આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસો બાદ ખુલ્લો જાહેર કરવામાં આવે છે. જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર આવેલી અરજીઓ અપરિપકવ ગણવામાં આવશે.

પરિશિષ્ટ

| ગામ | તાલુકો | જિલ્લો | સર્વે નંબર | વિસ્તાર (હેકટરમાં) |
|---|---|---|---|---|
| ધાણીત્રા | ગોધરા | પંચમહાલ | ૪૪૭, નેલાગુ કુણ નદી પટ્ટ પૈકી. | ૦ ૮૦ ૦૦ |

ગોધરા, તારીખ ૧૦મી ડીસેમ્બર ૧૯૯૩.

અરૂણ. એસ. સુતરીયા,
(આઈ. એ. એસ.)
કલેકટર પંચમહાલ, ગોધરા.

---

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનિજ ધારો, ૧૯૬૬.

ક્રમાંક ઉમક-૫-જીજી/ક્યુએલ/રીગ્રાન્ટ/૧૩૪.—જે અર્થે જિલ્લા વિકાસ અધિકારીશ્રી, પંચમહાલ તેમની કચેરીના આદેશ નં.બર જી.પં. ખનિજ વશી-૫૩૦ તારીખ ૧૫મી માર્ચ ૧૯૮૪ જે અન્વયે શ્રી નરવતસિંહ ખાતુસિંહ ચૌહાણ મોજે ધાણીત્રા તાલુકો ગોધરાના સર્વે નં. ૪૪૭ને લાગુ કુણ નદી પટ્ટ પૈકી ૨ ૦૦ ૦૦ હેકટર વિસ્તારમાંથી સામાન્ય રેતી ખનીજ કાઢવા એક વરસની મુદતથી ક્વોરીલીઝ ગુજરાત ગૌણ ખનિજ ધારો, ૧૯૬૬ મુજબ તારીખ ૧૫મી માર્ચ ૧૯૮૪ થી મંજૂર કરી આપવામાં આવેલ હતું. જેનુ કરારખત તારીખ ૩૦મી મે ૧૯૮૩ ની અસરથી ૧ (એક) વરસની મુદત માટે કરવામાં આવેલ હતું. જેની મુદત તારીખ ૨૯ મી મે ૧૯૮૪ ના રોજ પુરી થયેલ છે.

"પટ્ટેદાર શ્રી એ ક્વોરીલીઝ રીન્યુઅલ અરજી કરેલ ન હોઈ".

જેથી, હવે, ગુજરાત ગૌણ ખનિજ ધારો, ૧૯૬૬ના નિયમ ૧૮ (૧)ની હેઠળ વિસ્તાર જાહેર કરવાને પાત્ર થતો હોઈ નીચે પરિશિષ્ટમાં દર્શાવેલ વિગતનો વિસ્તાર આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસો બાદ ખુલ્લો જાહેર કરવામાં આવે છે. જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસોની અંદર આવેલી અરજીઓ અપરિપકવ ગણવામાં આવશે.

પરિશિષ્ટ

| ગામ | તાલુકો | જિલ્લો | સર્વે નંબર | વિસ્તાર (હેકટરમાં) |
|---|---|---|---|---|
| ધાણીત્રા | ગોધરા | પંચમહાલ | ૪૪૭ ને લાગુ કુણ નદી પટ્ટ પૈકી | ૨ ૦૦ ૦૦ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |

ગોધરા, તારીખ ૧૪મી ડિસેમ્બર ૧૯૯૩.

અરૂણ એસ. સુતરીયા,
આઈ. એ. અસ,
કલેકટર, પંચમહાલ
ગોધરા.

---

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 176 REGISTERED No. G-BA-M E

C

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIV] MONDAY, DECEMBER 20, 1993 / AGRAHAYANA 29, 1915

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

# PART I
# SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

## કલેકટર દ્વારા
### જાહેરનામું

ગુજરાત ગૌણ ખનિજ ધારો, ૧૯૬૬.

ક્રમાંક ઉમક-૫/જીજી/કયુએલ-૧૩૨.— જે અર્થે કલેકટરશ્રી, પંચમહાલ તેમની કચેરીના આદેશ નંબર જીજી-ક્યુએલ-૬૪-૨૧૫૫, તારીખ ૧૧મી ઓકટોબર ૧૯૮૫, જે અન્વયે શ્રી જેન્તિભાઈ માવસીંગભાઈ બારીયાને મોજે મેધરા, તાલુકો દેવગઢબારીયાના સર્વે નંબર ૪૯ ને લાગુ પાનમ નદી પટ્ટ પૈકી ૧-૦૦-૦૦ હેકટર વિસ્તારમાંથી સામાન્ય રેતી ખનીજ કાઢવા ત્રણ વરસથી મુદતથી કવોરીલીઝ ગુજરાત ગૌણ ખનિજ ધારો, ૧૯૬૬ મુજબ તારીખ તારીખ ૧૧મી ઓકટોબર ૧૯૮૫થી મંજુર કરી આપવામાં આવેલ હતું જેનું કરારખત તારીખ ૨૪મી એપ્રિલ ૧૯૮૬ની અસરથી ત્રણ વરસની મુદત માટે કરવામાં આવેલ હતું. જેની મુદત તારીખ ૨૩મી એપ્રિલ ૧૯૮૯ના રોજ પુરી થયેલ છે.

" પટ્ટેદાર શ્રીએ કવોરીલીઝ રીન્યુઅલ અરજી કરેલ ન હોવાથી."

જેથી હવે, ગુજરાત ગૌણ ખનિજ ધારો, ૧૯૬૬ના નિયમ ૧૮ (૧) ની હેઠળ વિસ્તાર જાહેર કરવાનો પાત્ર થતો હોઈ નીચે પરિશિષ્ટમાં દર્શાવેલ વિગતનો વિસ્તાર આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસો બાદ ખુલ્લો જાહેર કરવામાં આવે છે. જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસોની અંદર આવેલી અરજીઓ અપરિપકવ ગણવામાં આવશે.

પરિશિષ્ટ

| ગામ | તાલુકો | જિલ્લો | સર્વે નંબર | વિસ્તાર (હેકટરમાં) |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| મેધરા | દેવગઢબારીયા | પંચમહાલ | ૪૯ને લાગુ પાનમ નદી પટ્ટ પૈકી | ૧-૦૦-૦૦ |

ગોધરા, તારીખ ૧૦મી ડિસેમ્બર ૧૯૯૩.

અરૂણ એસ. સુતરીયા,
કલેકટર, પંચમહાલ,
ગોધરા.



PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 177 REGISTERED No. G—BA-14-E

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

[ PUBLISHED BY AUTHORITY ]

Vol. XXXIV] MONDAY, DECEMBER 20, 1993 / AGRAHAYANA 29, 1915

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

# PART–I

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

### અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા
જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે.

ક્રમાંક એમએજી/વશી-૭૫૦૮ થી ૪૦ / ૯૩.—મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (મુંબઈ ૨૨માં) અધિનિયમની કલમ-૩૭(૧)(ક) અન્વયે મળેલ સત્તાની રૂએ હું, જે. એન. અમીન, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા જિલ્લામાં કેન્દ્ર સરકારે બાબરી મસ્જીદ ધ્વંશ કરવાના કારણે ભારતીય જનતા પક્ષના ટોચના નેતાઓની અટકાયત કરેલ હોઈ તે કારણે ભારતીય જનતા પક્ષ તરફથી આ અંગે અવાર-નવાર કાર્યક્રમો જાહેર કરાય છે તે ધ્યાને લેતાં શાંતી અને સલામતી જાળવવા ફરમાવું છું કે, વડોદરા જિલ્લાના પોલીસ કમિશનરશ્રી, વડોદરા શહેરના હકુમત હેઠળ સિવાયના વિસ્તાર એટલે કે વડોદરા જિલ્લાના સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં તારીખ ૧૬મી ડિસેમ્બર, ૧૯૯૩ના રોજ ૦૦-૦૦ કલાકથી ૩૧મી ડિસેમ્બર, ૧૯૯૩ના રોજ ૨૪-૦૦ કલાક સુધી કોઈએ.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, બંદુક, છરા, લાકડી, કે લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું કોઈપણ સાધન લઈ જવું નહીં.

(ખ) કોઈ ક્ષયકારી પદાર્થ કે સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહી.

(ઘ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેર કરવાના બિભત્સ સુત્રો પોકારવા નહી, અશ્લીલ ગીતો ગાવા નહીં અથવા ટોળામાં ફરવું નહી.

(ડ) મનુષ્યો, શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહી.

(ચ) જેનાથી સુરૂચી નિતીનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી, તેવા હાવભાવ કરવા નહીં તથા તેવા ચિત્રો પત્રિકા, પ્લેકાર્ડ અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવી નહી, બનાવવી નહીં તેનો ફેલાવો કરવો નહી.

આ હુકમનો ખંડ (ક) નીચેના વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરીનું કામકાજ કરતી વ્યકિતને તેના ઉપરી અધિકારીએ આવું કોઈ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા તેવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, જિલ્લા પોલીસ અધિકારીશ્રી તેમણે અધિકૃત કરેલ કોઈ પોલીસ અધિકારી કે જેણે શારીરિક અશકિતના કારણે લાકડી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજાને પાત્ર થશે અને આ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫ (૧) દંડની પણ સજાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૧૫મી ડિસેમ્બર, ૧૯૯૩ના રોજ સહી સિક્કો કરી આપ્યો.

જે. એન. અમીન,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વડોદરા.



INDEX

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયે.

ક્રમાંક એમએજી / વશી / ૭૫૪૧ થી ૭૫૭૩ / ૯૩.—વડોદરા જિલ્લામાં કેન્દ્ર સરકારે બાબરી મસ્જીદ ધ્વંશ કરવાના કારણે ભાજપના ટોચના નેતાઓની અટકાયત કરેલ તે કારણે ભા. જ. પ. તરફથી આ અંગે અવારનવાર કાર્યક્રમો જાહેર કરાય છે. તે ધ્યાને લેતા જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે વડોદરા જિલ્લામાં પોલીસ કમિશનરશ્રી, વડોદરા (શહેર) ની હકુમત હેઠળ સિવાયના વિસ્તાર એટલે કે વડોદરા જિલ્લાના સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં સુલેહશાંતી અને સલામતી અત્યંત જરૂરી હોય વ્યકિતઓની મંડળી સરઘસની મનાઈ કરવાનું મને જરૂરી જણાયું છે.

તેથી હવે મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨મા) અધિનિયમની કલમ-૩૭ની પેટા કલમ (૩) થી મને મળેલ સત્તાની રૂએ હું જે. એન. અમીન, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા ઉપરોકત વિસ્તારમાં તારીખ ૧૬મી સેપ્ટેમ્બર, ૧૯૯૩ના રોજ ૦૦-૦૦ કલાકથી તારીખ ૩૧મી ડિસેમ્બર, ૧૯૯૩ના રોજ ૨૪-૦૦ કલાકના સમય દરમ્યાન

(૧) ચાર કરતાં વધુ વ્યકિતઓએ ભેગા થવું નહીં.

(૨) સભા ભરવી કે બોલાવવી નહીં.

વધુમાં હુંઆદેશ કરું છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરીમાં અથવા રોજી પર હોય તે વ્યકિતને,

(૨) કોઈ લગ્નના વરઘોડાને

(૩) ફરજ પર હોય તેવી ગુહ રક્ષક દળની વ્યકિતઓને

(૪) કોઈ પણ સ્મશાનયાત્રાને

(૫) કોઈ રાષ્ટ્રીય કાર્યક્રમને

આ હુકમનામાથી સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી તેઓના મુખ્ય મથક વિસ્તાર માટે તથા તાલુકા એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી તેઓના તાલુકા વિસ્તાર માટે મુકિત આપી શકે એટલે સભા તથા સરઘસ અંગેની પરવાનગી અંગે સ્થાનિક પરિસ્થિતિ તથા પોલીસ ખાતાનો અભિપ્રાય મેળવી આપવાની રહેશે.

આ હુકમનો કોઈપણ ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ ની પેટા કલમ (૩) મુજબ અને ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ (સને ૧૮૬૦ના ૪૫માં) ની કલમ-૧૮૮ મુજબ સજાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૧૫મી ડિસેમ્બર, ૧૯૯૩ના રોજ મારી સહી-સીક્કો કરી આપ્યો.

જે. એન. અમીન,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વડોદરા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 178 REGISTERED No. G-BA-14-E

C

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIV ] WEDNESDAY, DECEMBER 22, 1993 / PAUSA 1, 1915

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

# PART I

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

### પોલીસ કમિશનર દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમન, સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ ૩૭ (૧)(૩) મુજબ.

ક્રમાંક એસ. બી./ઉગપક/જાહેરનામું/૬૧૩૬/૯૩.—વડોદરા શહેરમાં પોલીસ કમિશનરની હકૂમત હેઠળ વડોદરા શહેરના નીચેના વિસ્તારોમાં જાહેર સુલેહ શાંતિ જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, હીરાલાલ (આઈ. પી. એસ.), પોલીસ કમિશનર, વડોદરા શહેરની મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માં) અધિનિયમની કલમ-૩૭ (૧) (૩) થી મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૨૨ મી ડિસેમ્બર ૧૯૯૩ ના ક. ૦૦-૦૦ થી તારીખ ૫મી જાન્યુઆરી ૧૯૯૩ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે વ્યકિતઓ ભેગા થવું નહી અગર સભા ભરવી કે બોલાવવી નહી. તેમજ કોઈ સરઘસ કાઢવું નહી.

વિસ્તાર.—વડોદરા શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

ખુલાસો.—રસ્તાની ફૂટપાથનો પણ આમાં સમાવેશ થાય છે.

અપવાદ.—આ હુકમમાંથી જેઓને અત્રેની કચેરીએથી ધાર્મિક વરઘોડાની પરવાનગી તેમજ જે માણસ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ લગ્નના વરઘોડા અને સ્મશાનયાત્રાને લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ની મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૨૧મી ડિસેમ્બર ૧૯૯૩ના રોજ મારી સહી કરી સીકકો મારેલ છે.

હીરાલાલ,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

———



Supple. C. G. I—Extra—178/1

સરકારી પ્રેસ, વડોદરા.

INDEX

Extra No. 179 REGISTERED No, G-BA-14-E

C

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIV ] MONDAY, DECEMBER 27, 1993 / PAUSA 6, 1915

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

## PART-I

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

### જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭ (૩) અન્વયે.

નંબર પીઓએલ / વશી / ૭૮૬૮.—તાજેતરમાં ભારતીય કિસાન સંઘ તરફથી તારીખ ૧૬મી ડિસેમ્બર ૧૯૯૩ના રોજ સાંજથી રસ્તા રોકો તથા ગામડા બંધ અને અન્ય કાર્યક્રમો આપેલ હોવાથી જાહેર સલામતી જાળવવા માટે તારીખ ૧૭મી ડિસેમ્બર ૧૯૯૩થી તારીખ ૩૦મી ડિસેમ્બર ૧૯૯૩ સુધી બોમ્બે પોલીસ એકટની કલમ-૩૭ (૩) મુજબનું જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

વાસ્તે, હું, પી. પી. ગઢવી, આઈ. એ. એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨માં) ની કલમ-૩૭ (૩) મુજબ મને મળેલ સત્તાની રૂઈએ ફરમાવું છું કે, સમગ્ર ખેડા જિલ્લામાં તારીખ ૧૬મી ડિસેમ્બર ૧૯૯૩થી તારીખ ૩૦મી ડિસેમ્બર ૧૯૯૩ સુધી (બંને દિવસો સુધ્ધાંત) ચાર કરતાં વધુ માણસોએ એકત્ર થવું નહીં. ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં અથવા સરઘસ કાઢવું નહીં.

વિસ્તાર :—સમગ્ર ખેડા જિલ્લો.

ખુલાસો :—આ વિસ્તારમાં રસ્તાઓ/રસ્તાની ફુટપાથો તથા ગલીઓ તથા પેટા-ગલીઓનો પણ સમાવેશ થાય છે.

અપવાદ :—આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય, હોમગાર્ડઝ હોય, જેઓ ફરજ ઉપર હોય તેમને તથા મરણોત્તર તેમજ લગ્ન અંગેના સરઘસને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫ હેઠળ અથવા ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ના ૪૫માં અધિનિયમ) ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૧૭મી ડિસેમ્બર ૧૯૯૩ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

પી. પી. ગઢવી,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા.



PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 180

REGISTERED No. G-BA-14-E

C

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIV ] MONDAY, DECEMBER 27, 1993 / PAUSA 6, 1915

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

# PART I

# SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

## અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭ (૧) અન્વયે.

નંબર પીઓએલ/વશી/૭૮૧૧.—તાજેતરમાં ભારતીય કિસાન સંઘ તરફથી તારીખ ૧૬મી ડિસેમ્બર ૧૯૯૩ના રોજ સાંજથી રસ્તા રોકો તથા ગામડા બંધ અને અન્ય કાર્યક્રમ આપેલ હોવાથી જાહેર સલામતી જાળવવા તારીખ ૧૭મી ડિસેમ્બર ૧૯૯૩થી તારીખ ૩૦મી ડિસેમ્બર ૧૯૯૩ સુધી બોમ્બે પોલીસ એક્ટની કલમ ૩૭ (૩) મુજબનું જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

વાસ્તે હું, જે. એમ. લુણી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા, સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૭ (૧) થી મને મળેલ અધિકારની રૂએ સમગ્ર ખેડા જિલ્લામાં તારીખ ૧૭મી ડિસેમ્બર ૧૯૯૩ થી તારીખ ૩૦મી ડિસેમ્બર ૧૯૯૩ સુધી (બંને દિવસો સુધ્ધાંત) નીચેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું:—

(૧) હથિયાર, તલવાર, ભાલા, ધોકા, બંદુક, છરા, લાકડી કે લાઠી શરત્રો, સળગતી મશાલ અથવા બીજા કોઈ હથિયાર કે જેનાથી શારીરિક ઈજાઓ કરી શકાય તે સાથે રાખી ફરવાનું;

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ સાથે રાખી ફરવાનું;

(૩) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી કોઈ વસ્તુઓ અથવા વસ્તુઓ ફેંકવાના કે ધકેલવાના યંત્રો અથવા સાધનો સાથે લઈ જવાનું, તથા તૈયાર કરવાનું;

(૪) મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ દેખાડવાનું;

(૫) અપમાન કરવાના અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાનું તથા તેવા ચિત્રો, પ્રતિકો પ્લેકાર્ડો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાનું, ચિત્રો બતાવવાનું અથવા તેનો ફેલાવો કરવાનું.

વિસ્તાર.—સમગ્ર ખેડા જિલ્લો.

અપવાદ.—આ હુકમનો ખંડ(૧) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં :—

(૧) સરકારી નોકર કે કામ કરતી કોઈ વ્યકિત કે જેને તેના ઉપરી અધિકારીએ બીજુ કોઈપણ હથિયાર લઈ જવાનું તેને ફરમાવ્યું હોય અથવા આવુ કોઈ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય;

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, એસ. ડી. એમ. શ્રી. જિલ્લા પોલીસ અધિકારીશ્રી અથવા તેમણે અધિકૃત કરેલા કોઈપણ પોલીસ અધિકારી કે જેને શારીરિક અશકિતને કારણે લાકડી કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોઈ તે વ્યકિતને.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૧૭મી ડિસેમ્બર, ૧૯૯૩ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

જે. એમ. લુણી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા.



PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 181 REGISTERED No. G-B 4-14 E

C

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIV] FRIDAY, DECEMBER 31, 1993 / PAUSA 10, 1915

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

# PART I
# SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

## કલેકટર દ્વારા

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનિજ ધારો, ૧૯૬૬.

નંબર યુએમકે-એસકે-૩૪૩૭.—અત્રેની કચેરીના હુકમ નંબર એજીએચ-કયુ-અચ-૧૫૧/૬૭૫૦, તારીખ ૨૮મી ઓકટોબર ૧૯૯૨ થી શ્રીમતી જયુબેન મુસ્તાકભાઈ મનચુરી રે. જાદરને નીચેની વિગતે સાબરકાંઠા જિલ્લામાં રેતી કંકર ખનીજની કચોરીચીઝ એક વર્ષ માટે મંજુર કરવામાં આવેલ.

| જિલ્લો | તાલુકો | ગામ | સર્વે નંબર | વિસ્તાર |
|---|---|---|---|---|
| | | | | હે. આરે. ચો.મી. |
| સાબરકાંઠા | ઈડર | જાદર | ડેભોડા નદી | ૧ ૦૦ ૦૦ |

ઉકત કચોરીચીઝ હુકમની શરત-૧ મુજબ કચોરીચીઝ કરારખત કરાવી દીધેલ છે. પરંતુ અરજદારે રીન્યુઅલ કરાવેલ નથી.

ગુજરાત ગૌણ ખનિજચારો; ૧૯૬૬ના નિયમ ૧૮(૧)-અ અન્વયે મળેલ સત્તાની રૂએ કલેકટર, સાબરકાંઠા અને સક્ષમ અધિકારીશ્રો ઉપરોકત પત્રકમાં જણાવેલ વિસ્તાર બેકેટમાં પ્રસિધ્ધ થયાની અખબારી ફી ખાતાકામ માટે ઉઘરાવવા આદેશ કરવામાં આવે છે.

હિંમતનગર, તારીખ ૨૯મી ડિસેમ્બર ૧૯૯૩.

ઓસ. સી. સનેહી,
કલેકટર, સાબરકાંઠા.



PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX